ભુક્તિ–મુક્તિપ્રદં નિત્યં, પઠતે મઙ્ગલપ્રદમ્ ॥ ૧૬ ॥
શ્રીમત્પરમકલ્યાણ,–સિદ્ધિદઃ શ્રેયસેઽસ્તુ વઃ ॥
પાર્શ્વનાથજિનઃ શ્રીમાન્, ભગવાન્ પરમઃ શિવઃ ॥ ૧૭ ॥
ધરણેન્દ્ર–ફણચ્છત્રા–લંકૃતો વઃ શ્રિયં પ્રભુઃ ॥
દદ્યાત્પદ્માવતીદેવ્યા, સમધિષ્ઠિત–શાસનઃ ॥ ૧૮ ॥
ધ્યાયેત્કમલમધ્યસ્થં, શ્રીપાર્શ્વજગદીશ્વરમ્ ॥
ॐ હ્રીં શ્રીં હૂઃ સમાયુક્તં, કેવલજ્ઞાનભાસ્કરમ્ ॥ ૧૯ ॥
પદ્માવત્યાન્વિતં વામે, ધરણેન્દ્રેણ દક્ષિણે ॥
પરિતોઽષ્ટદલસ્થેન, મન્ત્રરાજેન સંયુતમ્ ॥ ૨૦ ॥

અષ્ટપત્રસ્થિતૈઃ પંચ,—નમસ્કારૈસ્તથા ત્રિભિઃ ॥
જ્ઞાનાદ્યૈર્વેષ્ટિતં નાથં, ધર્માર્થકામમોક્ષદમ્ ॥ ૨૧ ॥
શતષોડશદલારૂઢં, વિદ્યાદેવીભિરન્વિતમ્ ॥
ચતુર્વિંશતિપત્રસ્થં, જિનં માતૃસમાવૃતમ્ ॥ ૨૨ ॥
માયાવેષ્ટ્ય ત્રયાગ્રસ્થં, ક્રૌંકારસહિતં પ્રભુમ્ ॥
નવગ્રહાવૃતં દેવં, દિક્પાલૈર્દશભિર્વૃતમ્ ॥ ૨૩ ॥
ચતુષ્કોણેષુ મન્ત્રાદ્યૈશ્ચતુર્બીજાન્વિતૈર્જિનૈઃ ॥
ચતુરષ્ટદશદ્વીતિ, —દ્વિધાંકસંજ્ઞકૈર્યુતમ્ ॥ ૨૪ ॥
દિક્ષુ ક્ષકારયુક્તેન, વિદિક્ષુ લાંકિતેન ચ ॥
ચતુરસ્રેણ વજ્રાંક, ક્ષિતિતત્ત્વે પ્રતિષ્ઠિતમ્ ॥ ૨૫ ॥
શ્રીપાર્શ્વનાથમિત્યેવં, યઃ સમારાધયેજ્જિનમ્ ॥
તં સર્વપાપ—નિર્મુક્તં, ભજતે શ્રીઃ શુભપ્રદા ॥ ૨૬ ॥
જિનેશઃ પૂજિતો ભક્ત્યા, સંસ્તુતઃ પ્રસ્તુતોઽથવા ॥
ધ્યાતસ્ત્વં યૈઃ ક્ષણં વાઽપિ, સિદ્ધિસ્તેષાં મહોદયા ॥૨૭॥
શ્રીપાર્શ્વમન્ત્રરાજાન્તે, ચિન્તામણિગુણાસ્પદમ્ ॥
શાન્તિપુષ્ટિકરં નિત્યં, ક્ષુદ્રોપદ્રવનાશનમ્ ॥ ૨૮ ॥
ઋદ્ધિ-સિદ્ધિ-મહાબુદ્ધિ,—ધૃતિ-શ્રી-કાન્તિ-કીર્ત્તિદમ્ ॥
મૃત્યુંજયં શિવાત્માનં, જપનાન્નન્દિતો જનઃ ॥ ૨૯ ॥
સર્વકલ્યાણપૂર્ણઃ સ્યાજ્જરા-મૃત્યુ-વિવર્જિતઃ ॥
અણિમાદિમહાસિદ્ધિં, લક્ષજાપેન ચાપ્નુયાત્ ॥ ૩૦ ॥
પ્રાણાયામમનોમન્ત્ર,—યોગાદમૃતમાત્મનિ ॥
ત્વામાત્માનં શિવં ધ્યાત્વા, સ્વામિન્! સિધ્યન્તિ જન્તવઃ

હર્ષદઃ કામદશ્ચેતિ, રિપુઘ્નઃ સર્વસૌખ્યદઃ ॥
પાતુ વઃ પરમાનન્દ-લક્ષણઃ સંસ્મૃતો જિનઃ ॥ ૩૨ ॥
તત્ત્વરૂપમિદં સ્તોત્રં, સર્વમંગલસિદ્ધિદમ્ ॥
ત્રિસન્ધ્યં યઃ પઠેન્નિત્યં, નિત્યં પ્રાપ્નોતિ સ શ્રિયમ્ ॥૩૩॥

॥ ઇતિ શ્રી પાર્શ્વનાથસ્ય મન્ત્રાધિરાજસ્તોત્રમ્ ॥

# શ્રી ઋષિમંડલ-સ્તોત્રમ્.

આદ્યંતાક્ષરસંલક્ષ્ય-મક્ષરં વ્યાપ્ય યત્ સ્થિતમ્ ॥
અગ્નિજ્વાલાસમં નાદબિંદુરેખાસમન્વિતમ્ ॥ ૧ ॥
અગ્નિજ્વાલાસમાક્રાંતં, મનોમલ-વિશોધકમ્ ॥
દેદીપ્યમાનં હૃત્પદ્મે, તત્પદં નૌમિ નિર્મલમ્ ॥ ૨ ॥
અર્હમિત્યક્ષરં બ્રહ્મ-વાચકં પરમેષ્ઠિનઃ ॥
સિદ્ધચક્રાદિમં બીજં, સર્વતઃ પ્રણિદધ્મહે ॥ ૩ ॥
ૐ નમોઽર્હદ્ભ્ય ઇશેભ્યઃ, ૐ સિદ્ધેભ્યો નમો નમઃ ॥
ૐ નમઃ સર્વસૂરિભ્યઃ, ઉપાધ્યાયેભ્ય ૐ નમઃ ॥ ૪ ॥
ૐ નમઃ સર્વસાધુભ્યઃ, ૐ જ્ઞાનેભ્યો નમો નમઃ ॥
ૐ નમસ્તત્ત્વદષ્ટિભ્ય-શ્ચારિત્રેભ્યસ્તુ ૐ નમઃ ॥ ૫ ॥
શ્રેયસેઽસ્તુ શ્રિયેસ્ત્વેત-દર્હદાદ્યષ્ટકં શુભમ્ ॥
સ્થાનેષ્વષ્ટસુ વિન્યસ્તં, પૃથગ્બીજ સમન્વિતમ્ ॥૬॥
આદ્યં પદં શિખાં રક્ષેત્, પરં રક્ષેત્તુ મસ્તકમ્ ॥
તૃતીયં રક્ષેન્નેત્રે દ્વે, તુર્યં રક્ષેચ્ચ નાસિકામ્ ॥ ૭ ॥

પંચમં તુ મુખં રક્ષેત્, ષષ્ઠં રક્ષેચ્ચ ઘંટિકામ્ ।
નાભ્યંતં સપ્તમં રક્ષેદ્, રક્ષેત્ પાદાન્તમષ્ટમમ્ ॥ ૮ ॥
પૂર્વં પ્રણવતઃ સાંતઃ, સરેફો દ્વિ ત્રિ પંચષાન્ ॥
સપ્તાષ્ટ-દશસૂર્યાંકાન્, શ્રિતો બિંદુસ્વરાન્ પૃથક્ ॥૯॥
પૂજ્યનામાક્ષરા આદ્યાઃ, પંચૈતે જ્ઞાનદર્શને ॥
ચારિત્રેભ્યો નમો મધ્યે, હ્રીં સાંતઃ સમલંકૃતઃ ॥ ૧૦ ॥
ૐ હ્રાં હ્રીં હ્રું હ્રૂં હ્રેં હ્રૈં હ્રૌં હ્રઃ ૐ અસિઆઉસા સમ્યગ્
જ્ઞાન-દર્શન ચારિત્રેભ્યો હ્રીં નમઃ ॥
જંબૂવૃક્ષધરો દ્વીપઃ, ક્ષારોદધિસમાવૃતઃ ॥
અર્હદાદ્યષ્ટકૈરષ્ટ-કાષ્ઠાધિષ્ઠૈરલંકૃતઃ ॥ ૧૧ ॥
તન્મધ્યે સંગતો મેરુઃ, કૂટલક્ષૈરલંકૃતઃ ॥
ઉચ્ચૈરુચ્ચૈસ્તરસ્તાર,-સ્તારામંડલમંડિતઃ ॥ ૧૨ ॥
તસ્યોપરિ સકારાંતં, બીજમધ્યાસ્ય સર્વગમ્ ॥
નમામિ બિંબમાર્હન્ત્યં, લલાટસ્થં નિરંજનમ્ ॥ ૧૩ ॥
અક્ષયં નિર્મલં શાંતં, બહુલં જાડયતોજ્ઝિતમ્ ॥
નિરીહં નિરહંકારં, સારં સારતરં ઘનમ્ ॥ ૧૪ ॥
અનુદ્ધતં શુભં સ્ફીતં, સાત્ત્વિકં રાજસં મતમ્ ॥
તામસં ચિરસંબુદ્ધં, તૈજસં શર્વરી-સમમ્ ॥ ૧૫ ॥
સાકારં ચ નિરાકારં, સરસં વિરસં પરમ્ ॥
પરાપરં પરાતીતં, પરં પરપરાપરમ્ ॥ ૧૬ ॥

એકવર્ણં દ્વિવર્ણં ચ, ત્રિવર્ણં તુર્યવર્ણકમ્ ॥
પંચવર્ણં મહાવર્ણં, સપરં ચ પરાપરમ્ ॥ ૧૭ ॥
સકલં નિષ્કલં તુષ્ટં, નિર્વૃત્તં ભ્રાંતિવર્જિતમ્ ॥
નિરંજનં નિરાકારં, નિર્લેપં વીતસંશયમ્ ॥ ૧૮ ॥
ઇશ્વરં બ્રહ્મ-સંબુદ્ધં, શુદ્ધં સિદ્ધં મતં ગુરૂમ્ ॥
જ્યોતીરૂપં મહાદેવં, લોકાલોકપ્રકાશકમ્ ॥ ૧૯ ॥
અર્હદાખ્યસ્તુ વર્ણાંતઃ, સરેફો બિંદુમંડિતઃ ॥
તુર્યસ્વરસમાયુક્તો, બહુધા નાદમાલિતઃ ॥ ૨૦ ॥
અસ્મિન્ બીજે સ્થિતાઃ સર્વે, ઋષભાદ્યા જિનોત્તમાઃ ॥
વર્ણૈર્નિજૈર્નિજૈર્યુક્તા, ધ્યાતવ્યાસ્તત્ર સંગતાઃ ॥૨૧॥
નાદશ્ચંદ્રસમાકારો, બિંદુર્નીલસમપ્રભઃ ॥
કલારૂણસમાસાંતઃ, સ્વર્ણાભઃ સર્વતોમુખઃ ॥ ૨૨ ॥
શિરઃસંલીન ઈકારો, વિનીલો વર્ણતઃ સ્મૃતઃ ॥
વર્ણાનુસ્વારસંલીનં, તીર્થકૃન્મંડલં સ્તુમઃ ॥ ૨૩ ॥
ચંદ્રપ્રભ-પુષ્પદંતૌ, નાદસ્થિતિ-સમાશ્રિતૌ ॥
બિંદુમધ્યગતૌ નેમિ-સુવ્રતૌ જિનસત્તમૌ ॥ ૨૪ ॥
પદ્મપ્રભ-વાસુપૂજ્યૌ, કલાપદમાધિષ્ઠિતૌ ॥
શિર-ઈસ્થિતિસંલીનૌ, પાર્શ્વ-મલ્લી જિનોત્તમૌ ॥૨૫॥
શેષાસ્તીર્થકૃતઃ સર્વે, હરસ્થાને નિયોજિતાઃ ॥
માયાબીજાક્ષરં પ્રાપ્તા-શ્ચતુર્વિંશતિરર્હતામ્ ॥ ૨૬ ॥
ગતરાગ-દ્વેષ-મોહાઃ, સર્વપાપ-વિવર્જિતાઃ ॥
સર્વદા સર્વકાલેષુ, તે ભવંતુ જિનોત્તમાઃ ॥ ૨૭ ॥

દેવદેવસ્ય યચ્ચક્રં, તસ્ય ચક્રસ્ય યા વિભા ॥
તયાચ્છાદિતસર્વાંગં, મા માં હિનસ્તુ ડાકિની ॥૨૮॥
દેવદેસ્ય યચ્ચક્રં, તસ્ય ચક્રસ્ય યા વિભા ॥
તયાચ્છાદિત-સર્વાંગં, મા માં હિનસ્તુ રાકિની ॥૨૯॥
દેવદેવ૦ ॥ મા માં હિનસ્તુ લાકિની ॥ ૩૦ ॥
દેવ૦ ॥ મા માં હિનસ્તુ કાકિની ॥ ૩૧ ॥
દેવ૦ ॥ મા માં હિનસ્તુ શાકિની ॥ ૩૨ ॥
દેવ૦ ॥ મા માં હિનસ્તુ હાકિની ॥ ૩૩ ॥
દેવ૦ ॥ મા માં હિનસ્તુ યાકિની ॥ ૩૪ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ પન્નગાઃ ॥ ૩૫ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ હસ્તિનઃ ॥ ૩૬ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ રાક્ષસાઃ ॥ ૩૭ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ વહ્નયઃ ॥ ૩૮ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ સિંહકાઃ ॥ ૩૯ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ દુર્જનાઃ ॥ ૪૦ ॥
દેવ૦ ॥ મા માં હિંસન્તુ ભૂમિપાઃ ॥ ૪૧ ॥
શ્રી ગૌતમસ્ય યા મુદ્રા, તસ્યા યા ભુવિ લબ્ધયઃ ॥
તાભિરભ્યધિકજ્યોતિ-રર્હન્ સર્વનિધીશ્વરઃ ॥ ૪૨ ॥
પાતાલવાસિનો દેવા, દેવા ભૂપીઠવાસિનઃ ॥
સ્વર્વાસિનોપિ યે દેવાઃ, સર્વે રક્ષન્તુ મામિતઃ ॥ ૪૩ ॥
યેઽવધિલબ્ધયો યે તુ, પરમાવધિલબ્ધયઃ ॥
તે સર્વે મુનયો દિવ્યાઃ, માં સંરક્ષંતુ સર્વદા ॥ ૪૪ ॥

દુર્જના ભૂત-વેતાલાઃ, પિશાચા મુદ્ગલાસ્તથા ॥
તે સર્વેપ્યુપશામ્યંતુ, દેવદેવપ્રભાવતઃ ॥ ૪૫ ॥
ૐ હ્રીં હ્રીઃ શ્રી ધૃતિર્લક્ષ્મી, ગૌરી ચંડી સરસ્વતી ॥
જયામ્બા વિજયા ક્લિન્ના, જિતા નિત્યા મદદ્રવા ॥૪૬ ॥
કામાંગા કામબાણા ચ, સાનંદા નંદમાલિની ॥
માયા માયાવિની રૌદ્રી, કલા કાલી કલિપ્રિયા ॥ ૪૭ ॥
એતાઃ સર્વા મહાદેવ્યો, વર્તંતે યા જગત્રયે ॥
મહ્યં સર્વાઃ પ્રયચ્છંતુ, કાંતિં કીર્તિં ધૃતિં મતિમ્ ॥ ૪૮ ॥
દિવ્યો ગોપ્યઃ સુદુષ્પ્રાપ્યઃ, શ્રીઋષિમંડલસ્તવઃ ॥
ભાષિતસ્તીર્થનાથેન, જગત્ત્રાણકૃતેઽનઘઃ ॥ ૪૯ ॥
રણે રાજકુલે વહ્નૌ, જલે દુર્ગે ગજે હરૌ ॥
શ્મશાને વિપિને ઘોરે, સ્મૃતો રક્ષતિ માનવમ્ ॥ ૫૦ ॥
રાજ્યભ્રષ્ટા નિજં રાજ્યં, પદભ્રષ્ટા નિજં પદમ્ ॥
લક્ષ્મીભ્રષ્ટા નિજાં લક્ષ્મીં, પ્રાપ્નુવંતિ ન સંશયઃ ॥૫૧॥
ભાર્યાર્થી લભતે ભાર્યાં, સુતાર્થી લભતે સુતમ્ ॥
વિત્તાર્થી લભતે વિત્તં, નરઃ સ્મરણમાત્રતઃ ॥ ૫૨ ॥
સ્વર્ણે રૂપ્યે પટે કાંસ્યે, લિખિત્વા યસ્તુ પૂજયેત્ ॥
તસ્યૈવાષ્ટ મહાસિદ્ધિ-ર્ગૃહે વસતિ શાશ્વતી ॥ ૫૩ ॥
ભૂર્જપત્રે લિખિત્વેદં, ગલકે મૂર્ધ્નિ વા ભુજે ॥
ધારિતં સર્વદા દિવ્યં, સર્વભીતિ-વિનાશકમ્ ॥ ૫૪ ॥
ભૂતૈઃ પ્રેતૈર્ગ્રહૈર્યક્ષૈઃ, પિશાચૈર્મુદ્ગલૈર્મલૈઃ ॥
વાતપિત્તકફોદ્રેકૈ-ર્મુચ્યતે નાત્ર સંશયઃ ॥ ૫૫ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીપીઠ-વર્તિનઃ શાશ્વતા જિનાઃ ॥
તૈઃ સ્તુતૈર્વન્દિતૈર્દૃષ્ટૈ- ર્યત્ ફલં તત્ ફલં શ્રુતૈ ॥૫૬॥
એતદ્ ગોપ્યં મહાસ્તોત્રં, ન દેયં યસ્ય કસ્યચિત્ ॥
મિથ્યાત્વવાસિને દત્તે, બાલહત્યા પદે પદે ॥૫૭॥
આચામ્લાદિ-તપઃ કૃત્વા, પૂજયિત્વા જિનાવલિમ્ ॥
અષ્ટસાહસ્રિકો જાપઃ, કાર્યસ્તત્સિદ્ધિહેતવે ॥૫૮॥
શતમષ્ટોત્તરં પ્રાત- ર્યે પઠન્તિ દિને દિને ॥
તેષાં ન વ્યાધયો દેહે, પ્રભવન્તિ ન ચાપદઃ ॥૫૯॥
અષ્ટમાસાવધિં યાવદ્, પ્રાતરુત્થાય યઃ પઠેત્ ॥
સ્તોત્રમેતન્મહાતેજો, જિનબિંબં સ પશ્યતિ ॥ ૬૦ ॥
દષ્ટે સત્યર્હતો બિંબે, ભવે સપ્તમકે ધ્રુવમ્ ॥
પદં પ્રાપ્નોતિ શુદ્ધાત્મા, પરમાનંદ-નંદિતઃ ॥ ૬૧ ॥
વિશ્વવંદ્યો ભવેદ્ ધ્યાતા, કલ્યાણાનિ ચ સોઽશ્નુતે ॥
ગત્વા સ્થાનં પરં સોપિ, ભૂયસ્તુ ન નિવર્તતે ॥૬૨॥
ઇદં સ્તોત્રં મહાસ્તોત્રં, સ્તુતીનામુત્તમં પદમ્ ॥
પઠનાત્ સ્મરણાજ્જાપાલ્લભતે પદમવ્યયમ્ ॥ ૬૩ ॥

# ॥ श्री चउसरण पयन्ना ॥

ત્રણ આયંબીલ કર્યા પછી આ સૂત્ર વાંચવું.

સાવજ્જજોગવિરઇ, ઉક્કિત્તણ ગુણવઓ અ પડિવત્તી ॥
ખલિયસ્સ નિંદણા વણ-તિગિચ્છ ગુણધારણા ચેવ ॥૧॥
ચારિત્તસ્સ વિસોહી, કીરઇ સામાઇએણ કિલ ઇહયં ॥
સાવજ્જેયરજોગાણ, વજ્જણા-સેવણત્તણઓ ॥ ૨ ॥
દંસણયારવિસોહી, ચઉવીસાયત્થએણ કિચ્ચઇ ય ॥
અચ્ચબ્ભુઅગુણકિત્તણ-રૂવેણં જિણવરિંદાણં ॥ ૩ ॥
નાણાઈઆ ઉ ગુણા, તસ્સંપન્નપડિવત્તિકરણાઓ ॥
વંદણએણં વિહિણા, કીરઇ સોહી ઉ તેસિં તુ ॥ ૪ ॥
ખલિઅસ્સ ય તેસિં પુણો, વિહિણા જં નિંદણાઈ પડિકમણં ॥ તેણ પડિક્કમણેણં, તેસિંપિ ય કીરએ સોહી ॥૫॥
ચરણાઇયાઇયાણં, જહક્કમં વણતિગિચ્છરૂવેણં ॥
પડિક્કમણાસુદ્ધાણં, સોહી તહ કાઉસ્સગ્ગેણં ॥ ૬ ॥
ગુણધારણરૂવેણં, પચ્ચક્ખાણેણ તવઇઆરસ્સ ॥
વિરિઆયારસ્સ પુણો, સવ્વેહિવિ કીરએ સોહી ॥ ૭ ॥
ગયવસહસીહઅભિસેઅ, દામસસિદિણયરં ઝયં કુંભં ॥
પઉમસર સાગરવિમાણ, ભવણરયણુચ્ચયસિહિં ચ ॥૮॥
અમરિંદનરિંદમુણિંદ-વંદિયં વંદિઉં મહાવીરં ॥
કુસલાણુબંધિબંધુર-મજ્ઝયણં કિત્તઇસ્સામિ ॥ ૯ ॥

ચઉસરણગમણ દુક્કડ-ગરિહા સુકડાણુમોયણા ચેવ ॥
એસ ગણો અણવરયં, કાયવ્વો કુસલહેઉત્તિ ॥ ૧૦ ॥
અરિહંતસિદ્ધસાહૂ, કેવલિ-કહિઓ સુહાવહો ધમ્મો ॥
એએ ચઉરો ચઉગઈ-હરણા સરણં લહઈ ધન્નો ॥૧૧॥
અહ સો જિણભત્તિભરૂ-ચ્છરંત રોમંચકંચુઅકરાલો ॥
પહરિસપણઉમ્મીસં, સીસંમિ કયંજલી ભણઈ ॥૧૨॥
રાગદ્દોસારીણં, હંતા કમ્મટ્ઠગાઈઅરિહંતા ॥
વિસયકસાયારીણં, અરિહંતા હુંતુ મે સરણં ॥ ૧૩ ॥
રાયસિરિમવકસિત્તા, તવચરણં દુચ્ચરં અણુચરિત્તા ॥
કેવલસિરિમરહંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥ ૧૪ ॥
થુઈવંદણમરહંતા, અમરિંદનરિંદપૂઅમરહંતા ॥
સાસયસુહમરહંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥ ૧૫ ॥
પર-મણગયં મુણંતા, જોઈંદમહિંદઝાણ મરહંતા ॥
ધમ્મકહં અરહંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥ ૧૬ ॥
સવ્વજિઆણમહિંસં, અરહંતા સચ્ચવયણમરહંતા ॥
બંભવ્વયમરહંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥ ૧૭ ॥
ઓસરણમવસરિત્તા, ચઉતીસં અઇસએ નિસેવિત્તા ॥
ધમ્મકહં ચ કહંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥૧૮॥
એગાઈ ગિરાણેગે, સંદેહે દેહિણં સમં છિત્તા ॥
તિહુઅણમણુસાસંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥૧૯॥
વયણામએણ ભુવણં, નિવ્વાવંતા ગુણેસુ ઠાવંતા ॥
જિઅલોઅમુદ્ધરંતા, અરિહંતા હુંતુ મે સરણં ॥ ૨૦ ॥

અચ્ચબ્ભુઅગુણવંતે, નિયજસસસહર
પહાસિઅ-દિઅંતે ॥
નિયયમણાઇઅણંતે, પડિવન્નો સરણમરિહંતે ॥ ૨૧ ॥
ઉજ્જિઝયજરમરણાણં, સમત્તદુક્ખત્તસત્તસરણાણં ॥
તિહુઅણજણસુહયાણં, અરિહંતાણં નમો તાણં ।૨૨।
અરિહંતસરણમલસુદ્ધિ-લદ્ધસુવિસુદ્ધસિદ્ધબહુમાણો ॥
પણયસિરરઇયકરકમલ-સેહરો સહરિસં ભણઇ ॥૨૩॥
કમ્મટ્ઠક્ખય સિદ્ધા, સાહાવિઅ નાણદંસણસમિદ્ધા ॥
સવ્વટ્ઠલદ્ધિસિદ્ધા, તે સિદ્ધા હુંતુ મે સરણં ॥ ૨૪ ॥
તિઅલોઅમત્થયત્થા, પરમપયત્થા અચિંતસામત્થા ॥
મંગલસિદ્ધપયત્થા, સિદ્ધા સરણં સુહપસત્થા ॥ ૨૫ ॥
મૂલક્ખયપડિવક્ખા, અમૂઢલક્ખા સજોગિપચ્ચક્ખા ॥
સાહાવિઅત્તસુક્ખા, સિદ્ધા સરણં પરમમુક્ખા ॥ ૨૬ ॥
પડિપિલ્લિઅપડિણીઆ, સમગ્ગઝાણગ્ગિદડ્ઢભવબીઆ ॥
જોઇસરસરણીઆ, સિદ્ધા સરણં સમરણીયા ॥ ૨૭ ॥
પાવિઅપરમાણંદા, ગુણનીસંદા વિદિન્નભવકંદા ॥
લહુઇકય-રવિચંદા, સિદ્ધા સરણં ખવિઅદંદા ॥ ૨૮ ॥
ઉવલદ્ધપરમબંભા, દુલ્લહલંભા વિમુક્કસંરંભા ॥
ભુવણઘરધરણખંભા, સિદ્ધા સરણં નિરારંભા ॥૨૯॥
સિદ્ધસરણેણ નયબંભ-હેઉસાહુગુણજણિઅઅણુરાઓ ॥
મેઇણિમિલંતસુપસત્થ-મત્થઓ તત્થિમં ભણઇ ॥ ૩૦ ॥
જિઅલોઅબંધુણો, કુગઇસિંધુણો પારગા મહાભાગા ॥

નાણાઈએહિં સિવસુક્ખ-સાહગા સાહુણો સરણં ॥૩૧॥
કેવલિણો પરમોહી, વિઉલમઈ સુઅહરા જિણમયંમિ ॥
આયરિય-ઉવજ્ઝાયા, તે સવ્વે સાહુણો સરણં ॥ ૩૨ ॥
ચઉદસ-દસ-નવપુવ્વી, દુવાલસિક્કારસંગિણો જે અ ॥
જિણકપ્પાહાલંદિઅ, પરિહારવિસુદ્ધિસાહૂ અ ॥ ૩૩ ॥
ખીરાસવ-મહુઆસવ, સંભિન્નસોઅ-કુટ્ઠબુદ્ધી અ ॥
ચારણવેઉવ્વિપયાણુ-સારિણો સાહુણો સરણં ॥ ૩૪ ॥
ઉજ્ઝિયવઇરવિરોહા, નિચ્ચમદોહા પસંતમુહસોહા ॥
અભિમયગુણસંદોહા, હયમોહા સાહુણો સરણં ॥ ૩૫ ॥
ખંડિઅસિણેહદામા, અકામધામા નિકામસુહકામા ॥
સુપુરિસમણાભિરામા, આયારામા મુણી સરણં ॥૩૬॥
મિલ્હિઅવિસયકસાયા, ઉજ્ઝિઅઘરઘરણિસંગસુહસાયા,
અકલિઅહરિસવિસાયા, સાહૂ સરણં ગયપમાયા ॥૩૭॥
હિંસાઇદોસસુન્ના, કયકારુન્ના સયંભુરૂપ્પન્ના ॥
અજરામરપહખુન્ના, સાહૂ સરણં સુકયપુન્ના ॥ ૩૮ ॥
કામ-વિડંબણ-ચુક્કા, કલિમલ-મુક્કા વિમુક્ક-ચોરિક્કા ॥
પાવરય-સુરય-રિક્કા સાહુગુણરયણચિચ્ચિક્કા ॥ ૩૯ ॥
સાહુત્તસુટ્ઠિઆ જં, આયરિયાઈ તઓ અ તે સાહૂ ॥
સાહુભણિએણ ગહિઆ, તમ્હા તે સાહૂણો સરણં ॥૪૦॥
પડિવન્નસાહુસરણો, સરણં કાઉં પુણોવિ જિણધમ્મં ॥
પહરિસરોમંચપવંચ, કંચુઅંચિઅતણૂ ભણઈ ॥ ૪૧ ॥
પવરસુકએહિ પત્તં, પત્તેહિ વિ નવરિ કેહિવિ ન પત્તં ॥

तं केवलि-पन्नत्तं, धम्मं सरणं पवन्नो हं ॥ ४२ ॥
पत्तेण अपत्तेण य, पत्ताणि य जेण नर-सुर-सुहाई ॥
मुक्खसुहं पुण पत्तेण, नवरि धम्मो स मे सरणं ।४३।
निद्दलिअकलुसकम्मो, कयसुहजम्मो खलीकय अहम्मो ॥
पमुहपरिणामरम्मो, सरणं मे होउ जिणधम्मो ॥ ४४ ॥
कालत्तएवि न मयं, जम्मणजरमरणवाहिसयसमयं ॥
अमयंव बहुमयं जिण-मयं च सरणं पवन्नोहं ।।४५।।
पसमिअ-कामपमोहं, दिट्ठादिट्ठेसु न कलिय-विरोहं ॥
सिवसुहफलयममोहं, धम्मं सरणं पवन्नोहं ॥ ४६ ॥
नरयगइ-गमणरोहं, गुणसंदोहं पवाइ-निक्खोहं ॥
निहणिय-वम्महजोहं, धम्मं सरणं पवन्नोहं ।।४७।।
भासुरसुवन्नसुंदर-रयणालंकार-गारव-महग्घं ॥
निहिमिव दोगच्चहरं, धम्मं जिणदेसिअं वंदे ।।४८।।
चउसरणगमणसंचिअ-सुचरिअरोमंचअंचिअसरीरो,
कयदुक्कडगरिहाअसुह, कम्मक्खयकंखिरो भणई ।।४९।।
इहभविअमन्नभविअं, मिच्छत्तपवत्तणं जमहिगरणं,
जिणपवयणपडिकुट्ठं, दुट्ठं गरिहामि तं पावं ॥ ५० ॥
मिच्छत्त-तमंधेणं, अरिहंताईसु अवन्नवयणं जं ॥
अन्नाणेण विरइअं, इण्हिं गरिहामि तं पावं ॥ ५१ ॥
सुअ-धम्म-संघ-साहुसु, पावं पडिणीअयाई जं रइअं,
अन्नेसु अ पावेसुं, इण्हिं गरिहामि तं पावं ॥ ५२ ॥
अन्नेसु अ जीवेसुं, मित्तीकरुणाइ-गोअरेसु कयं ॥

પરિઆવણાઈ દુક્ખં, ઇણ્હિં ગરિહામિ તં પાવં ॥૫૩॥
જં મણ-વય-કાએહિં, કયકારિઅઅણુમઇહિં આયરિઅં,
ધમ્મવિરૂદ્ધમસુદ્ધં, સવ્વં ગરિહામિ તં પાવં ॥ ૫૪ ॥
અહ સો દુક્કડગરિહા—દલિ—ઉક્કડ—દુક્કડો ફુડં ભણઈ ॥
સુકડાણુરાય—સમુઇન્ન,—પુન્નપુલયં કુર—કરાલો ॥ ૫૫ ॥
અરિહંતં અરિહંતેસુ, જં ચ સિદ્ધત્તણં ચ સિદ્ધેસુ ॥
આયારં આયરિએ, ઉવજ્ઝાયત્તં ઉવજ્ઝાએ ॥ ૫૬ ॥
સાહૂણ સાહુચરિઅં, દેસવિરઇં ચ સાવયજણાણં ॥
અણુમન્ને સવ્વેસિં, સમ્મત્તં સમ્મદિટ્ઠીણં ॥ ૫૭ ॥
અહવા સવ્વં ચિય, વીઅરાય-વયણાણુસારિ જં સુકડં ॥
કાલત્તએવિ તિવિહં, અણુમોએમો તયં સવ્વં ॥ ૫૮ ॥
સુહપરિણામો નિચ્ચં, ચઉસરણગમાઈ આયરં જીવો ॥
કુસલપયડીઉ બંધઈ, બદ્ધાઉ સુહાણુબંધાઉ ॥ ૫૯ ॥
મંદણુભાવા બદ્ધા, તિવ્વણુભાવાઉ કુણઈ તા ચેવ ॥
અસુહાઉ નિરણુબંધાઉ, કુણઇ તિવ્વાઉ મંદાઓ ॥૬૦॥
તા એયં કાયવ્વં, બુહેહિ નિચ્ચંપિ સંકિલેસંમિ ॥
હોઈ તિકાલં સમ્મં, અસંકિલેસંમિ સુકયફલં ॥ ૬૧ ॥
ચઉરંગો જિણધમ્મો, ન કઓ ચઉરંગસરણમવિ ન કયં,
ચઉરંગભવચ્છેઓ, ન કઓ હા હારિઓ જમ્મો ॥૬૨॥
ઇય જીવ પમાય-મહારિ,-વીરભદ્દંતમેયમજ્ઝયણં ॥
ઝાએસુ તિસંઝ-મવંઝ,-કારણં નિવ્વુઇ સુહાણં ॥૬૩॥

શ્રી ચઉસરણ પયન્ના સમાપ્ત.

## ।। आउर पच्चक्खाण पयन्ना ।।

( ત્રણ આયંબીલ કર્યા પછી આ સૂત્ર વાંચવું )

દેસિક્કદેસવિરઓ, સમ્મદ્દિટ્ઠી મરિજ્જ જો જીવો ॥
તં હોઈ બાલપંડિય- મરણં જિણસાસણે ભણિયં ॥૧॥
પંચ ય અણુવ્વયાઈં, સત્ત ઉ સિક્ખાઉ દેસ-જઇધમ્મો,
સવ્વેણ વ દેસેણ વ, તેણ જુઓ હોઇ દેસજઈ ॥ ૨ ॥
પાણવહ–મુસાવાએ, અદત્ત–પરદારનિયમણેહિં ચ ॥
અપરિમિઇચ્છાઓવિ ય, અણુવ્વયાઈં વિરમણાઈં ॥૩॥
જં ચ દિસાવેરમણં, અણત્થદંડાઓ જં ચ વેરમણં ॥
દેસાવગાસિયંપિ ય, ગુણવ્વયાઈં ભવે તાઈં ॥ ૪ ॥
ભોગાણં પરિસંખા, સામાઇય અતિહિ-સંવિભાગો ય ॥
પોસહવિહી ઉ સવ્વો, ચઉરો સિક્ખાઉ વુત્તાઓ ॥૫॥
આસુક્કારે મરણે, અચ્છિન્નાએ ય જીવિયાસાએ ॥
નાએહિ વા અમુક્કો, પચ્છિમસંલેહણમકિચ્ચા ॥ ૬ ॥
આલોઇય નિસ્સલ્લો, સઘરે ચેવારુહિત્તુ સંથારં ॥
જઈ મરઈ દેસવિરઓ, તં વુત્તં બાલપંડિઅયં ॥ ૭ ॥
જો ભત્તપરિન્નાએ, ઉવક્કમો વિત્થરેણ નિદ્દિટ્ઠો ॥
સો ચેવ બાલપંડિય–મરણે નેઓ જહાજુગ્ગં ॥ ૮ ॥
વેમાણિએસુ કપ્પો–વગેસુ નિયમેણ તસ્સ ઉવવાઓ ॥
નિયમા સિજ્ઝઈ ઉક્કો-સએણ સો સત્તમંમિ ભવે ॥૯॥
ઇય બાલપંડિયં હોઇ, મરણ–મરિહંત–સાસણે દિટ્ઠં ॥
ઇત્તો પંડિય! પંડિય–મરણં વુચ્છં સમાસેણં ॥ ૧૦ ॥

ઇચ્છામિ ભંતે ઉત્તમટ્ઠં પડિક્કમામિ ॥ અઇયં પડિક્કમામિ ॥ અણાગયં પડિક્કમામિ ॥ પચ્ચુપ્પન્નં પડિક્કમામિ ॥ કયં પડિક્કમામિ ॥ કારિયં પડિક્કમામિ ॥ અણુમોઇયં પડિક્કમામિ ॥ મિચ્છત્તં પડિક્કમામિ ॥ અસંજમં પડિક્કમામિ ॥ કસાયં પડિક્કમામિ ॥ પાવપઓગં પડિક્કમામિ ॥ મિચ્છાદંસણપરિણામેસુ વા, ॥ ઇહલોગેસુ વા ॥ પરલોગેસુ વા ॥ સચ્ચિત્તેસુ વા ॥ અચિત્તેસુ વા, પંચસુ ઇંદિયત્થેસુ વા ॥ અન્નાણં ઝાણે ॥ ૧ ॥ અણાયારં ઝાણે ॥ ૨ ॥ કુદંસણં ઝાણે ॥ ૩ ॥ કોહં ઝાણે ॥ ૪ ॥ માણં ઝાણે ॥ ૫ ॥ માયં ઝાણે ॥૬॥ લોહં ઝાણે ॥ ૭ ॥ રાગં ઝાણે ॥ ૮ ॥ દોસં ઝાણે ॥૯॥ મોહં ઝાણે ॥ ૧૦ ॥ ઇચ્છં ઝાણે ॥ ૧૧ ॥ મિચ્છં ઝાણે ॥ ૧૨ ॥ મુચ્છં ઝાણે ॥ ૧૩ ॥ સંકં ઝાણે ॥ ૧૪ ॥ કંખં ઝાણે ॥ ૧૫ ॥ ગેહિં ઝાણે ॥ ૧૬ ॥ આસં ઝાણે ॥ ૧૭ ॥ તણ્હં ઝાણે ॥ ૧૮ ॥ છુહં ઝાણે ॥ ૧૯ ॥ પંથં ઝાણે ॥ ૨૦ ॥ પંથાણં ઝાણે ॥ ૨૧ ॥ નિદ્દં ઝાણે ॥૨૨॥ નિયાણં ઝાણે ॥ ૨૩ ॥ નેહં ઝાણે ॥ ૨૪ ॥ કામં ઝાણે ॥ ૨૫ ॥ કલુસં ઝાણે ॥૨૬॥ કલહં ઝાણે ॥ ૨૭ ॥ જુજ્ઝં ઝાણે ॥ ૨૮ ॥ નિજુજ્ઝં ઝાણે ॥૨૯॥ સંગં ઝાણે ॥ ૩૦ ॥ સંગહં ઝાણે ॥ ૩૧ ॥ વવહારં ઝાણે ॥ ૩૨ ॥ કયવિક્કયં ઝાણે ॥ ૩૩ ॥ અણત્થદંડં ઝાણે ॥ ૩૪ ॥ આભોગં ઝાણે ॥ ૩૫ ॥ અણાભોગં ઝાણે

॥ ૩૬ ॥ આણાઇલ્લં ઝાણે ॥ ૩૭ ॥ વેરં ઝાણે ॥ ૩૮ ॥ વિયક્કં ઝાણે ॥ ૩૯ ॥ હિંસં ઝાણે ॥ ૪૦ ॥ હાસં ઝાણે ॥૪૧॥ પહાસં ઝાણે ॥ ૪૨ ॥ પઓસં ઝાણે ॥ ૪૩ ॥ ફરૂસં ઝાણે ॥ ૪૪ ॥ ભયં ઝાણે ॥ ૪૫ ॥ રૂવં ઝાણે ॥૪૬॥ અપ્પ-પસંસં ઝાણે ॥ ૪૭ ॥ પરનિંદં ઝાણે ॥ ૪૮ ॥ પરગરિહં ઝાણે ॥ ૪૯ ॥ પરિગ્ગહં ઝાણે ॥ ૫૦ ॥ પરપરિવાયં ઝાણે ॥૫૧॥ પરદૂસણં ઝાણે ॥૫૨॥ આરંભં ઝાણે ॥ ૫૩ ॥ સંરંભં ઝાણે ॥ ૫૪ ॥ પાવાણુમોયણં ઝાણે ॥૫૫॥ અહિગરણં ઝાણે ॥ ૫૬ ॥ અસમાહિમરણં ઝાણે ॥ ૫૭ ॥ કમ્મોદયપચ્ચયં ઝાણે ॥૫૮॥ ઇડ્ઢિગારવં ઝાણે ॥૫૯ ॥ રસગારવં ઝાણે ॥ ૬૦ ॥ સાયાગારવં ઝાણે ॥ ૬૧ ॥ અવેરમણં ઝાણે ॥ ૬૨ ॥ અમુત્તિમરણં ઝાણે ॥ ૬૩ ॥ પસુત્તસ્સ વા, પડિબુદ્ધસ્સ વા, જો મે કોઈ દેવસિઓ રાઈઓ ઉત્તમટ્ઠે અઇક્કમો વઇક્કમો અઇયારો અણાયારો તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

એસ કરેમિ પણામં, જિણવર-વસહસ્સ વદ્ધમાણસ્સ ॥
સેસાણં ચ જિણાણં, સગણહરાણં ચ સવ્વેસિં ॥૧૧॥
સવ્વં પાણારંભં, પચ્ચક્ખામિત્તિ અલિયવયણં ચ ॥
સવ્વમદિન્નાદાણં, મેહુન્ન–પરિગ્ગહં ચેવ ॥ ૧૨ ॥
સમ્મં મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥
આસાઓ વોસિરિત્તાણં, સમાહિમણુપાલએ ॥ ૧૩ ॥

સવ્વં ચાહારવિહિં, સન્નાઓ ગારવે કસાએ ય ॥
સવ્વં ચેવ મમત્તં, ચએમિ સવ્વં ખમાવેમિ ॥ ૧૪ ॥
હુજ્જા ઇમંમિ સમએ, ઉવક્કમો જીવિઅસ્સ જઇ મજ્ઝં
એયં પચ્ચક્ખાણં, વિઉલા આરાહણા હોઉ ॥ ૧૫ ॥
સવ્વદુખપહીણાણં, સિદ્ધાણં અરહઓ નમો ॥
સદ્દહે જિણપન્નત્તં, પચ્ચક્ખામિ ય પાવગં ॥ ૧૬ ॥
નમુત્થુ ધુઅપાવાણં, સિદ્ધાણં ચ મહેસિણં ॥
સંથારં પડિવજ્જામિ, જહા કેવલિ-દેસિયં ॥ ૧૭ ॥
જં કિંચિવિ દુચ્ચરિયં, તં સવ્વં વોસિરામિ તિવિહેણં,
સામાઇયં ચ તિવિહં, કરેમિ સવ્વં નિરાગારં ॥ ૧૮ ॥
બજ્ઝં અબ્ભિંતરં ઉવહિં, સરીરાઇ સભોયણં ॥
મણસા વય-કાએહિં, સવ્વં ભાવેણ વોસિરે ॥ ૧૯ ॥
સવ્વં પાણારંભં, પચ્ચક્ખામિત્તિ અલિયવયણં ચ ॥
સવ્વમદિન્નાદાણં, મેહુન્ન-પરિગ્ગહં ચેવ ॥ ૨૦ ॥
સમ્મં મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ ॥
આસાઓ વોસિરિત્તાણં, સમાહિમણુપાલએ ॥ ૨૧ ॥
રાગં બંધં પઓસં ચ, હરિસં દીણભાવયં ॥
ઉસ્સુગત્તં ભયં સોગં, રઇ અરઇં ચ વોસિરે ॥ ૨૨ ॥
મમત્તં પરિવજ્જામિ, નિમ્મમત્તં ઉવટ્ઠિઓ ॥
આલંબણં ચ મે આયા, અવસેસં ચ વોસિરે ॥ ૨૩ ॥
આયા હુ મહં નાણે, આયા મે દંસણે ચરિત્તે ય ॥
આયા પચ્ચક્ખાણે, આયા મે સંજમે જોગે ॥ ૨૪ ॥

એગો વચ્ચઈ જીવો, એગો ચેવુવવજ્જએ ॥
એગસ્સ ચેવ મરણં, એગો સિજ્ઝઈ નીરઓ ॥ ૨૫ ॥
એગો મે સાસઓ અપ્પા, નાણ–દંસણ–સંજુઓ ॥
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગ-લક્ખણા ॥૨૬॥
સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખ–પરંપરા ॥
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરે ॥૨૭॥
મૂલગુણે ઉત્તરગુણે, જે મે નારાહિયા પયત્તેણં ॥
તમહં સવ્વં નિંદે, પડિક્કમે આગમિસ્સાણં ॥ ૨૮ ॥
સત્ત ભએ અટ્ઠ મએ, સન્ના ચત્તારિ ગારવે તિન્નિ ॥
આસાયણ-તિત્તીસં, રાગં દોસં ચ ગરિહામિ ॥ ૨૯ ॥
અસંજમ-મન્નાણં, મિચ્છત્તં સવ્વમેવ ય મમત્તં ॥
જીવેસુ અજીવેસુ અ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૦॥
નિંદામિ નિંદણિજ્જં, ગરિહામિ અ જં ચ મે ગરહણિજ્જં
આલોએમિ અ સવ્વં, અબ્ભિંતર-બાહિરં ઉવહિં ।૩૧।
જહ બાલો જંપંતો, કજ્જમકજ્જં ચ ઉજ્જુઅં ભણઈ
તં તહ આલોઈજ્જા, માયા–મય–વિપ્પમુક્કો ય ॥૩૨॥
નાણંમિ દંસણંમિ ય, તવે ચરિત્તે ય ચઉસુવિ અકંપો॥
ધીરો આગમ–કુસલો, અપરિસ્સાવી રહસ્સાણં ॥૩૩॥
રાગેણ વ દોસેણ વ, જં મે અકયન્નુઆ–પમાએણં ॥
જો મે કિંચિવિ ભણિઓ, તમહં તિવિહેણ ખામેમિ ।૩૪।
તિવિહં ભણંતિ મરણં, બાલાણં બાલપંડિયાણં ચ ॥
તઇયં પંડિયમરણં, જં કેવલિણો અણુમરંતિ ॥ ૩૫ ॥

જે પુણ અટ્ટમઇયા, પયલિય-સન્ના ય વક્કભાવા ય ॥
અસમાહિણા મરંતિ, ન હુ તે આરાહગા ભણિયા ॥૩૬॥
મરણે વિરાહિએ દેવ-દુગ્ગઈ દુલ્લહા ય કિર બોહી ॥
સંસારો ય અણંતો, હવઈ પુણો આગમિસ્સાણં ॥૩૭॥
કા દેવદુગ્ગઈ? કા અબોહિ? કેણેવ વુજ્ઝઈ મરણં ?॥
કેણ અણંતં પારં, સંસારં હિંડઈ? જીવો ॥ ૩૮ ॥
કંદપ્પદેવ-કિબ્બિસ-અભિઓગા આસુરી ય સંમોહા ॥
તા દેવદુગ્ગઇઓ, મરણંમિ વિરાહિએ હુંતિ ॥ ૩૯ ॥
મિચ્છાદંસણરત્તા, સનિયાણા કિણ્હલેસ-મોગાઢા ॥
ઇહ જે મરંતિ જીવા, તેસિં દુલ્લહા ભવે બોહી ॥ ૪૦ ॥
સમ્મદંસણ-રત્તા, અનિયાણા સુક્કલેસ-મોગાઢા ॥
ઇહ જે મરંતિ જીવા, તેસિં સુલહા ભવે બોહી ॥૪૧॥
જે પુણ ગુરૂપડિણીયા, બહુમોહા સસબલા કુસીલા ય ॥
અસમાહિણા મરંતિ, તે હુંતિ અણંતસંસારી ॥ ૪૨ ॥
જિણવયણે અણુરત્તા, ગુરૂવયણં જે કરંતિ ભાવેણં ॥
અસમલ-અસંકિલિટ્ઠા, તે હુંતિ પરિત્તસંસારી ॥૪૩॥
બાલમરણાણિ બહુસો, બહુઆણિ અકામગાણિ મરણાણિ
મરિહંતિ તે વરાયા, જે જિણવયણં ન યાણંતિ ॥૪૪॥
સત્થગ્ગહણં વિસભક્ખણં ચ, જલણંચ જલપ્પવેસો અ,
અણાયાર-ભંડસેવી, જમ્મણ-મરણાણુબંધીણિ ॥૪૫॥
ઉડ્ઢમહે તિરિયંમિવિ, મયાણિ જીવેણ બાલમરણાણિ ॥
દંસણ-નાણ-સહગઓ, પંડિયમરણં અણુમરિસ્સં ॥૪૬॥

ઉવ્વેયણયં જાઈ–મરણં, નરએસુ વેઅણાઓ ય ॥
એઆણિ સંભરંતો, પંડિયમરણં મરસુ ઇણ્હિં ॥૪૭॥
જઈ ઉપ્પજ્જઈ દુક્ખં, તો દટ્ઠવ્વો સહાવઓ નવરં ॥
કિં કિં મએ ન પત્તં, સંસારં સંસરંતેણં ॥ ૪૮ ॥
સંસારચક્કવાલે, સવ્વેવિ ય પુગ્ગલા મએ બહુસો ॥
આહારિયા ય પરિણામિઆ ય, ન ય હં ગઓ તત્તિં. ૪૯
તણ–કટ્ઠેહિ વ અગ્ગી, લવણજલો વા નઇસહસ્સેહિં ॥
ન ઇમો જીવો સક્કો, તિપ્પેઉં કામ–ભોગેહિં ॥ ૫૦ ॥
આહારનિમિત્તેણં, મચ્છા ગચ્છંતિ સત્તમિં પુઢવિં ॥
સચ્ચિત્તો આહારો, ન ખમો મણસાવિ પત્થેઉં ।૫૧।
પુવ્વિં કયપરિકમ્મો, અનિયાણો ઊહિઊણ મઇબુદ્ધિ ॥
પચ્છા મલિઅ–કસાઓ, સજ્જો મરણં પડિચ્છામિ. ૫૨
અક્કંડે ચિરભાવિય, તે પુરિસા મરણદેસકાલંમિ ॥
પુવ્વકયકમ્મ–પરિભાવણાઈ પચ્છા પરિવડંતિ ॥ ૫૩ ॥
તમ્હા ચંદગવિજ્ઝં, સકારણં ઉજ્જુએણ પુરિસેણ ॥
જીવો અવિરહિયગુણો, કાયવ્વો મુક્ખમગ્ગંમિ ॥૫૪॥
બાહિરજોગવિરહિઓ, અબ્ભિંતરઝાણ–જોગમલ્લીણો ॥
જહ તમ્મિ દેસકાલે, અમૂઢસન્નો ચયઈ દેહં ॥ ૫૫ ॥
હંતૂણ રાગદોસં, છિત્તૂણ ય અટ્ઠકમ્મસંઘાયં ॥
જમ્મણ–મરણરહટ્ટં, છિત્તૂણ ભવા વિમુચ્ચિહિસિ. ૫૬
એવં સવ્વુવએસં, જિણદિટ્ઠં સદ્દહામિ તિવિહેણં ॥
તસ–થાવર–ખેમકરં, પારં નિવ્વાણ–મગ્ગસ્સ ॥૫૭ ॥

ન હિ તંમિ દેસકાલે, સક્કો બારસવિહો સુઅક્ખંધો ॥
સવ્વો અણુચિંતેઉં, ધણિયંપિ સમત્થચિત્તેણં ॥ ૫૮ ॥
એગંમિવિ જંમિ પએ, સંવેગં વીઅરાય–મગ્ગંમિ ॥
ગચ્છઈ નરો અભિક્ખં, તં મરણં તેણ મરિયવ્વં. ૫૯
તા એગંપિ સિલોગં, જો પુરિસો મરણ–દેસકાલંમિ ॥
આરાહણોવઉત્તો, ચિંતંતો–ऽऽરાહગો હોઈ ॥ ૬૦ ॥
આરાહણોવઉત્તો, કાલં કાઊણ સુવિહિઓ સમ્મં ॥
ઉક્કોસં તિન્નિ ભવે, ગંતૂણં લહઈ નિવ્વાણં ॥ ૬૧ ॥
સમણુત્તિ અહં પઢમં, બીયં સવ્વત્થ સંજઓમિત્તિ ॥
સવ્વં ચ વોસિરામિ, એયં ભણિયં સમાસેણં ॥ ૬૨ ॥
લદ્ધં અલદ્ધપુવ્વં, જિણવયણ–સુભાસિયં અમયભૂઅં ॥
ગહિઓ સુગ્ગઇમગ્ગો, નાહં મરણસ્સ બીહેમિ ॥૬૩॥
ધીરેણવિ મરિયવ્વં, કાઉરિસેણવિ અવસ્સ મરિયવ્વં ॥
દુણ્હંપિ હુ મરિઅવ્વે, વરં ખુ ધીરત્તણે મરિઉં ॥૬૪॥
સીલેણવિ મરિયવ્વં, નિસ્સીલેણવિ અવસ્સ મરિયવ્વં
દુણ્હંપિ હુ મરિઅવ્વે, વરં ખુ સીલત્તણે મરિઉં ॥૬૫॥
નાણસ્સ દંસણસ્સ ય, સમ્મત્તસ્સ ય ચરિત્તજુત્તસ્સ ॥
જો કાહી ઉવઓગં, સંસારા સો વિમુચ્ચિહિસિ ॥૬૬॥
ચિર–ઉસિય–બંભયારી, પપ્ફોડેઊણ સેસયં કમ્મં ॥
અણુપુવ્વીઇ વિસુદ્ધો, ગચ્છઈ સિદ્ધિં ધુયકિલેસો ।૬૭
નિક્કસાયસ્સ દંતસ્સ, સૂરસ્સ વવસાઇણો ॥
સંસારપરિભીઅસ્સ, પચ્ચક્ખાણં સુહં ભવે ॥૬૮॥

એયં પચ્ચક્ખાણં, જો કાહી મરણદેસકાલંમિ ॥
ધીરો અમૂઢસન્નો, સો ગચ્છઈ ઉત્તમં ઠાણં ॥ ૬૯ ॥
ધીરો જર-મરણ-વિઊ, ધીરો વિન્નાણ-નાણ-સંપન્નો ॥
લોગસ્સુજ્જોઅગરો, દિસઉ ખયં સવ્વદુક્ખાણં ॥૭૦॥

## ॥ श्री शत्रुंजय लघुकल्प ॥

અઇમુત્તય-કેવલિણા, કહિઅં સેત્તુંજતિત્થ-માહપ્પં ॥
નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ. ૧
સેત્તુંજે પુંડરીઓ, સિદ્ધો મુણિકોડિપંચસંજુત્તો ॥
ચિત્તસ્સ પુણ્ણિમાએ, સો ભણ્ણઇ તેણ પુંડરિઓ ॥૨॥
નમિ વિનમિ રાયાણો, સિદ્ધા કોડિહિં દોહિં સાહૂણં ॥
તહ દવિડ વાલિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડીઓ ॥૩॥
પજ્જુન્ન સંબ પમુહા, અદ્ધુટ્ઠાઓ કુમાર-કોડીઓ ॥
તહ પંડવા વિ પંચ ય, સિદ્ધિં ગયા નારયરિસી ય ॥૪॥
થાવચ્ચા સુય સેલગા ય, મુણિણો વિ તહ રામમુણી ॥
ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે ॥ ૫ ॥
અન્ને વિ ખવિયમોહા, ઉસભાઇ-વિસાલ-વંસ-સંભૂઆ ॥
જે સિદ્ધા સેત્તુંજે, તં નમહ મુણી અસંખિજ્જા ॥ ૬ ॥
પન્નાસ જોયણાઈ, આસી સેત્તુંજ-વિત્થરો મૂલે ॥
દસ જોયણ સિહરતલે, ઉચ્ચત્તં જોયણા અટ્ઠ ॥ ૭ ॥
જં લહઇ અન્નતિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ ॥
તં લહઈ પયત્તેણં, સેત્તુંજગિરિમ્મિ નિવસંતો ॥ ૮ ॥

જં કોડિએ પુણ્ણં, કામિય-આહાર-ભોઇયા જે ઉ ॥
તં લહઇ તત્થ પુણ્ણં, એગોવાસેણ સેત્તુંજે ॥ ૯ ॥
જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ॥
તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વંદિએ સંતે ॥ ૧૦ ॥
પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે ॥
કોડિગુણં ચ અદિટ્ઠે, દિટ્ઠે અ અણંતયં હોઈ ॥ ૧૧ ॥
કેવલનાણુપ્પત્તી, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં ॥
પુંડરિએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ ॥ ૧૨ ॥
અટ્ઠાવય સમ્મેએ, પાવા ચંપાઈ ઉજ્જંતનગે ય ॥
વંદિત્તા પુણ્ણફલં, સયગુણં તં પિ પુંડરીએ ॥ ૧૩ ॥
પૂઆકરણે પુણ્ણં, એગગુણં સયગુણં ચ પડિમાએ ॥
જિણભવણેણ સહસ્સં,-ણંતગુણં પાલણે હોઈ ॥૧૪॥
પડિમં ચેઈહરં વા, સિત્તુંજગિરિસ્સ મત્થએ કુણઈ ॥
ભુત્તૂણ ભરહવાસં, વસઈ સગ્ગેણ નિરુવસગ્ગે ॥૧૫॥
નવકાર પોરિસીએ, પુરિમડ્ઢે--ગાસણં ચ આયામં ॥
પુંડરીયં ચ સરંતો, ફલકંખી કુણઈ અભત્તટ્ઠં ॥૧૬॥
છટ્ઠ-ડ્ટ્ઠમ-દસમ-દુવાલસાણં, માસ-ડ્દ્ધમાસખવણાણં ॥
તિગરણસુદ્ધો લહઈ, સિત્તુંજં સંભરંતો અ ॥ ૧૭ ॥
છટ્ઠેણં ભત્તેણં, અપાણેણં તુ સત્ત જત્તાઇં ॥
જો કુણઈ સેત્તુંજે, તઇયભવે લહઇ સો મુક્ખં ॥ ૧૮ ॥
અજ્જ વિ દીસઈ લોએ, ભત્તં ચઇઊણ પુંડરીયનગે ॥
સગ્ગે સુહેણ વચ્ચઈ, સીલવિહૂણો વિ હોઊણં ॥ ૧૯ ॥

છત્તં ઝયં પડાગં, ચામર-ભિંગાર-થાલ-દાણેણં ॥
વિજ્જાહરો અ હવઇ, તહ ચક્કી હોઈ રહદાણા ॥૨૦॥
દસ વીસ તીસ ચત્તાલ, પન્નાસા પુપ્ફદામ-દાણેણ ॥
લહઈ ચઉત્થ- છટ્ઠ-ડ્ઢમ,-દસમ-દુવાલસ-ફલાઈં ॥૨૧॥
ધૂવે પક્ખુવવાસો, માસક્ખમણં કપૂરધૂવમ્મિ ॥
કિત્તિય માસક્ખમણં, સાહૂ પડિલાભિએ લહઈ ॥૨૨॥
ન વિ તં સુવન્નભૂમિ-ભૂસણદાણેણ અન્નતિત્થેસુ ॥
જં પાવઇ પુણ્ણફલં, પૂઆ-ન્હવણેણ સિત્તુંજે ॥૨૩॥
કંતાર-ચોર-સાવય,-સમુદ્દ-દારિદ્દ-રોગ-રિઉ-રુદ્દા ॥
મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરન્તિ મણે ॥ ૨૪ ॥
સારાવલીપયન્નગ--ગાહાઓ સુઅહરેણ ભણિઆઓ ॥
જો પઢઈ ગુણઈ નિસુણઈ,સો લહઇ સિત્તુંજ-જત્તફલં.૨૫

## ॥ શ્રી ઘંટાકર્ણ મહામંત્ર ॥

ૐ ઘંટાકર્ણો મહાવીરઃ, સર્વવ્યાધિ-વિનાશકઃ ॥
વિસ્ફોટકભયે પ્રાપ્તે, રક્ષ રક્ષ મહાબલ ॥ ૧ ॥
યત્ર ત્વં તિષ્ઠસે દેવ, લિખિતોડક્ષરપંક્તિભિઃ ॥
રોગાસ્તત્ર પ્રણશ્યન્તિ, વાતપિત્તકફોદ્ભવાઃ ॥ ૨ ॥
તત્ર રાજભયં નાસ્તિ, યાન્તિ કર્ણેજપાઃ ક્ષયમ્ ॥
શાકિની ભૂત વેતાલા, રાક્ષસાઃ પ્રભવન્તિ ન ॥ ૩ ॥
નાડકાલે મરણં તસ્ય, ન ચ સર્પેણ દશ્યતે ॥
અગ્નિ-ચૌરભયં નાસ્તિ, ૐ હ્રીઁ ઘંટાકર્ણો નમોડસ્તુ તે ॥૪॥
ઠઃ ઠઃ ઠઃ સ્વાહા

# શ્રીગ્રહશાન્તિ સ્તોત્રમ્ ॥

જગદ્ગુરું નમસ્કૃત્ય, શ્રુત્વા સદ્ગુરુ-ભાષિતમ્ ॥
ગ્રહશાન્તિં પ્રવક્ષ્યામિ, ભવ્યાનાં સુખહેતવે ॥ ૧ ॥
જીનેંદ્રઃ ખેચરા જ્ઞેયાઃ, પૂજનીયા વિધિ ક્રમાત્ ॥
પુષ્પૈ વિંલેપને ધૂંપૈ, નૈંવેદ્યૈસ્તુષ્ટિ હેતવે ॥ ૨ ॥
પદ્મપ્રભસ્ય માર્તંડ-શ્ચન્દ્રશ્ચન્દ્રપ્રભસ્ય ચ ॥
વાસુપૂજ્યસ્ય ભૂપુત્રો, બુધસ્યાઽષ્ટૌ જિનેશ્વરાઃ ॥ ૩ ॥
વિમલાનન્તધર્માઽરાઃ શાન્તિઃ કુન્થુર્નમિસ્તથા ॥
વર્દ્ધમાનો જિનેન્દ્રાણાં, પાદપદ્મે બુધો ન્યસેત્ ॥ ૪ ॥
ઋષભાજિતસુપાર્શ્વા-શ્ચાભિનન્દનશીતલૌ ॥
સુમતિઃ સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિઃ ॥ ૫ ॥
સુવિધેઃ કથિતઃ શુક્રઃ, સુવ્રતસ્ય શનૈશ્ચરઃ ॥
નેમિનાથસ્ય રાહુઃ સ્યાત્, કેતુઃ શ્રીમલ્લિપાર્શ્વયોઃ ॥ ૬ ॥
જન્મલગ્ને ચ રાશૌ ચ, યદા પીડન્તિ ખેચરાઃ ।
તદા સંપૂજયેદ્ધીમાન્, ખેચરૈઃ સહિતાન્ જિનાન્ ॥ ૭ ॥
પુષ્પ-ગંધાદિભિ ધૂંપૈ, નૈંવેદ્યૈઃ ફલ સંયુતૈઃ ॥
વર્ણસદશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ ॥ ૮ ॥

ૐ આદિત્ય-સોમ-મંગલ-બુધ-ગુરુ-શુક્ર-શનૈશ્ચર રાહુ-કેતુ-સહિતાઃ ખેટા જિનપતિ-પુરતોઽવતિષ્ઠન્તુ

જિનાનામગ્રતઃ સ્થિત્વા, ગ્રહાણાં શાન્તિહેતવે ॥
નમસ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ॥ ૯ ॥

ભદ્રબાહુરવાચૈવં, પંચમઃ શ્રુતકેવલી ॥
વિદ્યાપ્રવાદતઃ પૂર્વાદ્, ગ્રહશાન્તિવિધિ--શ્રુતમ્ ॥૧૦॥

---

જિનેંદ્ર-ભક્ત્યા જિન-ભક્તિભાજાં, યેષાં ચ પૂજા બલિપુષ્પધૂપૈઃ ॥ ગ્રહા ગતા યે પ્રતિકુલતાં ચ, તે સાનુકુલા વરદા ભવંતુ ॥ ૧ ॥
નામજિણા જિણનામા, ઠવણ જિણા પુણ જિણંદ-પડિમાઓ ॥ દવ્વ જિણા જિણજીવા, ભાવ જિણા સમવસરણત્થા ॥ ૨ ॥

## રોગાદિકની શાન્તિને માટે.

રોગ શોકાદિભિ ર્દોષૈ, રજિતાય જિતારયે ॥
નમઃ શ્રી શાંતયે તસ્મૈ, વિહિતાનંતશાંતયે ॥ ૧ ॥
શ્રી શાંતિજિન-ભક્તાય, ભવ્યાય સુખસંપદમ્
શ્રી શાંતિદેવતા દેયા,-દશાંતિ-મપનીયતે ॥ ૨ ॥
અંબા નિહિત-ડિંભા મે, સિદ્ધ-બુદ્ધ-સમન્વિતા ॥
સિતે સિંહે સ્થિતા ગૌરી, વિતનોતુ સમીહિતમ્ ॥૩॥
ધરાધિપતિ-પત્ની યા, દેવી પદ્માવતી સદા ॥
ક્ષુદ્રોપદ્રવતઃ સા માં, પાતુ ફુલ્લત્ફણાવલી ॥ ૪ ॥
ચંચચ્ચક્રધરા ચારૂ, પ્રવાલ-દલ-દીધિતિઃ ॥
ચિરં ચક્રેશ્વરી દેવી, નંદતા-દવતાચ્ચ માં ॥ ૫ ॥
ખડ્ગ-ખેટક-કોદંડ,-બાણ-પાણિ સ્તડિદ્યુતિઃ ॥
તુરંગ-ગમનાચ્છુપ્તા, કલ્યાણાનિ કરોતુ મે ॥ ૬ ॥

મથુરાયાં સુપાર્શ્વ-શ્રીઃ, સુપાર્શ્વ-સ્તુપ-રક્ષિકા ॥
શ્રી કુબેરા નરારૂઢા. સુતાંકાઽવતુ વો ભયાત્ ॥ ૭ ॥
બ્રહ્મશાન્તિઃ સ માં પાયા,-દપાયાદ્ વીર સેવકઃ ॥
શ્રીમદ્ વીરપુરે સત્યા, યેન કીર્તિઃ કૃતા નિજા ॥ ૮ ॥
શ્રી શક્ર-પ્રમુખા યક્ષા, જિન-શાસન-સંસ્થિતાઃ ॥
દેવ દેવ્ય સ્તદન્યેપિ, સંઘં રક્ષંત્વપાયતઃ ॥ ૯ ॥
શ્રીમદ્ વિમાન-મારૂઢા, યક્ષ માતંગ-સંગતા ॥
સા માં સિદ્ધાયિકા પાતુ, ચક્રચાપેષુ-ધારિણી ॥ ૧૦ ॥

ૐ નમો તુહ દંસણેણ સામિય, પણાસએ રોગ-સોગ-દોહગ્ગં ॥ કપ્પદુમેવ જાયઈ, તુહ દંસણં પસમ-ફલહેઉ ॥ ૧ ॥ હ્રીઁ સ્વાહા ॥ ૐ નમ એવ પણવ-સહિયં, માયાબીએણ ધરણ-નાગિંદં ॥ સિરિ કામરાય-કલિયં, પાસજિણિંદં નમંસામિ ॥ ૨ ॥ હ્રીઁ સ્વાહા ॥ ૐ અટ્ઠેવ ય અટ્ઠસયા, અટ્ઠસહસ્સા ય અટ્ઠ કોડીઓ ॥ રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા ॥ ૩ ॥ હ્રીઁ સ્વાહા ॥ ૐ થંભેઈ જલ-જલણં, ચિંતિયમિત્તો ય પંચ નમુક્કારો ॥ અરિ મારિ ચોર રાઉલ, ઘોરૂવસગ્ગં નિવારેઈ ॥ ૪ ॥ હ્રીઁ સ્વાહા ॥ ૐ ક્ષેમં ભવતુ સુભિક્ષં, સસ્યં નિષ્પદ્યતાં જયતુ ધર્મઃ ॥ શામ્યંતુ સર્વ રોગા, યે કેચિદુપદ્રવા લોકે ॥ ૫ ॥ હ્રીઁ સ્વાહા ॥

# ॥ અથ લઘુશાન્તિસ્તવઃ ॥

શાન્તિં શાન્તિનિશાન્તં, શાન્તં શાન્તાશિવં નમસ્કૃત્ય;
સ્તોતુઃ શાન્તિનિમિત્તં, મન્ત્રપદૈઃ શાન્તયે સ્તૌમિ. ૧
ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો ભગવતેઽર્હતે પૂજામ્;
શાન્તિજિનાય જયવતે,યશસ્વિને સ્વામિને દમિનામ્. ૨
સકલાતિશેષકમહા–સંપત્તિસમન્વિતાય શસ્યાય;
ત્રૈલોક્યપૂજિતાય ચ, નમો નમઃ શાન્તિદેવાય. ૩
સર્વામરસુસમૂહસ્વામિકસંપુજિતાય નિજિતાય;
ભુવનજનપાલનોદ્યતતમાય સતતં નમસ્તસ્મૈ. ૪
સર્વદુરિતૌઘનાશનકરાય સર્વાશિવપ્રશમનાય;
દુષ્ટગ્રહભૂતપિશાચશાકિનીનાં પ્રમથનાય. ૫
યસ્યેતિ નામમન્ત્રપ્રધાનવાક્યોપયોગકૃતતોષા;
વિજયા કુરૂતે જન હિત-મિતિ ચ નુતા નમત તં શાન્તિમ્. ૬
ભવતુ નમસ્તે ભગવતિ ! વિજયે ! સુજયે ! પરાપરૈરજિતે;
અપરાજિતે ! જગત્યાં, જયતીતિ જયાવહે ભવતિ. ૭
સર્વસ્યાપિ ચ સઙ્ઘસ્ય, ભદ્રકલ્યાણમઙ્ગલપ્રદદે;
સાધૂનાં ચ સદા શિવ-સુતુષ્ટિપુષ્ટિપ્રદે જીયાઃ ૮
ભવ્યાનાં કૃતસિદ્ધે !, નિવૃત્તિનિર્વાણજનનિ ! સત્ત્વાનામ્;
અભયપ્રદાનનિરતે !, નમોઽસ્તુ સ્વસ્તિપ્રદે ! તુભ્યમ્. ૯

---

૧. ન જીતાય ઇતિ પાંઠાંતરે.

ભક્તાનાં જન્તૂનાં, શુભાવહે નિત્યમુદ્યતે દેવિ !;
સમ્યગ્દૃષ્ટીનાં ધૃતિરતિમતિબુદ્ધિપ્રદાનાય. ૧૦
જિનશાસનનિરતાનાં,શાન્તિનતાનાંચ જગતિજનતાનાં;
શ્રી સંપત્કીર્તિયશો-વર્દ્ધનિ! જય દેવિ ! વિજયસ્વ. ૧૧
સલિલાનલવિષવિષધર-દુષ્ટગ્રહરાજરોગરણભયતઃ;
રાક્ષસરિપુગણમારી-ચૌરેતિશ્વાપદાદિભ્યઃ. ૧૨
અથ રક્ષ રક્ષ સુશિવં, કુરૂ કુરૂ શાન્તિં ચ કુરૂ કુરૂ સદેતિ;
તુષ્ટિં કુરૂ કુરૂ પુષ્ટિં, કુરૂ કુરૂ સ્વસ્તિં ચ કુરૂ કુરૂ ત્વં ૧૩
ભગવતિ ! ગુણવતિ !, શિવશાન્તિ તુષ્ટિપુષ્ટિસ્વસ્તીહ
કુરૂ કુરૂ જનાનામ્;
ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃયઃ ક્ષઃ હ્રીં ફુટ્ ફુટ્*સ્વાહા.
એવં યન્નામાક્ષરપુરસ્સરં સંસ્તુતા જયાદેવી;
કુરૂતે શાન્તિં નમતાં, નમો નમઃ શાન્તયે તસ્મૈ. ૧૫
ઇતિ પૂર્વસૂરિદર્શિત-મન્ત્રપદવિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ;
સલિલાદિભયવિનાશી, શાન્ત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ૧૬
યશ્ચૈનં પઠતિ સદા, શૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્,
સ હિ શાન્તિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ. ૧૭
ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ;
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૧૮
સર્વ મઙ્ગલમાઙ્ગલ્યં, સર્વકલ્યાણકારણમ્,
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૧૯
॥ ઇતિ લઘુશાન્તિસ્તવઃ ॥

* ફુટ્ ફુટ્ ફટ્ ફટ્ સ્વાહા ઇતિ પાઠાંતરે.

# શ્રી નવકાર મંત્રનો છંદ.

॥ દુહા ॥

વાંછિત પૂરે વિવિધપરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર. ૧
અડસઠ અક્ષર અધિકફલ, નવપદ નવે નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચપરમેષ્ઠિ પ્રધાન. ૨
એકજઅક્ષર એકચિત્ત, સમરે સંપત્તિ થાય;
સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય. ૩
સકલમંત્રશિરમુકુટમણિ, સદ્ગુરુભાષિતસાર;
સો ભાવિયાં મનશુદ્ધ શું, નિત્ય જપીયેં નવકાર. ૪

॥ છંદ ॥

નવકાર થકી શ્રીપાલ નરેશ્વર, પામ્યા રાજ્ય પ્રસિદ્ધ;
શ્મશાન વિષે શિવનામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ;
નવલાખ જપંતા નરકનિવારે, પામે ભવનો પાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ૫
બાંધી વડશાખા શિંકે બેસી, હેઠળ કુંડ હુતાશ;
તસ્કરને ચિત્તે મંત્ર સમર્પ્યો, ઉડચો તે આકાશ;
વિધિ રીતે જપતાં અહિ વિષ ટાલે, ઢાલે અમૃતધાર. સો૦ ૬
બીજોરા કારણ રાયમહાબલ, વ્યંતરદુષ્ટવિરોધ;
જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો યક્ષ પ્રતિબોધ;
નવલાખ જપંતાં થાયે જિનવર, ધર્યો છે અધિકાર. સો૦ ૭

પલ્લીપતિ શિખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ;
પરભવ તે રાજસિંહ પૃથિવીપતિ, પામ્યો પરિગલ ઋદ્ધ;
એ મંત્રથકી અમરાપુર પહોતો. ચારૂદત્ત સુવિચાર. સો. ૮
સંન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાલે;
દીઠો શ્રી પાસકુમારે પન્નગ, અધબલતો તે ટાળે,
સંભળાવ્યો શ્રી નવકાર સ્વયંમુખ,ઇંદ્રભુવન અવતાર.સો.૯
મન શુદ્ધે જપતાં મયણાસુંદરી, પામી પ્રિયસંયોગ;
ઇણે ધ્યાન થકી ટલ્યો કુષ્ઠ ઊંબરનો, રક્તપિત્તનો રોગ,
નિશ્ચેશું જપતાં નવનિધિ થાયે, ધર્મતણો આધાર.સો.૧૦
ઘટમાંહિ કૃષ્ણભુજંગમઘાલ્યો, ગૃહિણીકરવા ઘાત;
પરમેષ્ઠિપ્રભાવે હારફુલનો, વસુધા માંહિ વિખ્યાત;
કમલાવતીએ પિંગલકીધો,
પાપતણોપરિહાર. સો૦ ૧૧
ગયણાંગણ જાતિ રાખી ગ્રહીને, પાડી બાણ પ્રહાર;
પદપંચ સુણંતાં પાંડુપતિ ઘર, તે થઇ કુંતા નાર;
એ મંત્ર અમુલખ મહિમા મંદિર,ભવદુઃખભંજણહાર.સો.૧૨
કંબલ સંબલે કાદવ કાઢયાં, શકટ પાંચસેં માન;
દીધે નવકારે ગયા દેવલોકે, વિલસે અમર વિમાન,
એ મંત્ર થકી સંપત્તિ વસુધા લહી,વિલસે જૈનવિહાર.સો.૧૩
આગે ચોવીશી હુઇ અનંતી, હોશે વાર અનંત;
નવકારતણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત,
પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે,સમર્યા સંપતિ થાય.સો.૧૪

પરમેષ્ઠિ સુરપદ તે પણ પામે, જે કૃતકર્મ કઠોર;
પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખ્યો, મણિધર ને એક મોર,
સદ્ગુરૂ સન્મુખ વિધિયે સમરંતા, સફળ જનમ સંસાર. સો૦ ૧૫
શુલિકારોપણ તસ્કર કીધો, લોહખુરો પરસિદ્ધ;
તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિદ્ધ,
શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર. સો. ૧૬
પંચપરમેષ્ઠિ જ્ઞાનજ પંચહ, પંચદાન ચારિત્ર;
પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત,
પંચ પ્રમાદ વિષય તજો પંચહ, પાલો પંચાચાર. સો૦ ૧૭

॥ કલશ-છપ્પય ॥

નિત્ય જપીયે નવકાર, સાર સંપત્તિ સુખદાયક,
સિદ્ધમંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જયનાયક,
શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે;
શ્રી ઉવજ્ઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠિ થુણીજે,
નવકાર સારસંસાર છે, કુશલ લાભવાચક કહે;
એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વાંછિતલહે. ૧૮

## સંસ્કૃત તીર્થવંદના.

સ્રગ્ધરા વૃત્તમ્.

સદ્ભક્ત્યા દેવલોકે રવિશશિભવને, વ્યંતરાણાં નિકાયે,
નક્ષત્રાણાં નિવાસે, ગ્રહગણપટલે, તારકાણાં વિમાને;

પાતાલે પન્નગેન્દ્રે, સ્ફુટમણિકિરણે, ધ્વસ્તસાન્દ્રાન્ધકારે,
શ્રીમત્ તીર્થંકરાણાં પ્રતિદિવસમહં તત્ર ચૈત્યાનિ વન્દે. ૧

વૈતાઢયે મેરુશ્રૃંગે, રુચકગિરિવરે, કુંડલે હસ્તિદંતે,
વક્ષારે કૂટનંદીશ્વર-કનકગિરૌ, નૈષધે નીલવંતે;
ચિત્રે શૈલે વિચિત્રે, યમકગિરિવરે, ચક્રવાલે હિમાદ્રૌ. શ્રી૦ ૨

શ્રીશૈલે વિંધ્યશ્રૃંગે, વિમલગિરિવરે, હ્યર્બુદે પાવકે વા,
સમ્મેતે તારકે વા, કુલગિરિશિખરેડષ્ટાપદે સ્વર્ણશૈલે;
સહ્યાદ્રૌ વૈજયંતે, વિપુલગિરિવરે, ગુર્જરેરોહણાદ્રૌ. શ્રી૦ ૩

આઘાટે મેદપાટે, ક્ષિતતટમુકુટે, ચિત્રકૂટે ત્રિકૂટે;
લાટે નાટે ચ ઘાટે, વિટપિ-ઘનતટે, દેવકૂટે વિરાટે;
કર્ણાટે હેમકૂટે, વિકટતરકટે, ચક્રકૂટે ચ ભોટે. શ્રી૦ ૪

શ્રીમાલે માલવે વા, મલયિનિ નિષધે, મેખલે પિચ્છલે વા,
નેપાલે નાહલે વા, કુવલયતિલકે સિંહલે કેરલે વા;
ડાહાલે કોશલે વા, વિગલિતસલિલે, જંગલે વા તમાલે. શ્રી૦ ૫

અંગે વંગે કલિંગે, સુગતજનપદે, સત્પ્રયાગે તિલંગે;
ગૌડે ચૌડે મુરંડે, વરતરદ્રવિડે, ઉદ્રિયાણે ચ પૌંડ્રે;
આદ્રે માદ્રે પુલિન્દ્રે, દ્રવિડકુવલયે, કાન્યકુબ્જે સુરાષ્ટ્રે. શ્રી૦ ૬

ચંપાયાં ચંદ્રમુખ્યાં, ગજપુરમથુરા પત્તને ચોજ્ઝયિન્યામ્;
કૌશાંબ્યાં કૌશલાયાં, કનકપુરવરે, દેવગિર્યાં ચ કાશ્યામ્,
નાશિકયે રાજગેહે, દશપુરનગરે, ભદ્દિલે તામ્રલિપ્ત્યામ્. શ્રી. ૭

સ્વર્ગે મર્ત્યેન્તરિક્ષે, ગિરિશિખરહ્રદે, સ્વર્ણદી નીરતીરે;
શૈલાગ્રે નાગલોકે, જલનિધિપુલિને, ભૂરુહાણાં નિકુંજે;
ગ્રામ્યેડરણ્યે વને વા, સ્થલજલવિષમે,
દુર્ગમધ્યે ત્રિસંધ્યમ્; શ્રો૦ ૮
શ્રીમત્ મેરૌ કુલાદ્રૌ, રૂચકનગવરે શાલ્મલૌ જંબુવૃક્ષે;
ચોધાને ચૈત્યનંદી, રતિકરરૂચકે, કૌંડલે માનુષાંકે;
ઇક્ષુકારે જિનાદ્રૌ, ચ દધિમુખગિરૌ, વ્યંતરે સ્વર્ગલોકે.
જ્યોતિર્લોકે ભવન્તિ, ત્રિભુવનવલયે, યાનિ ચૈત્યાલયાનિ ૯
ઇત્થં શ્રીજૈનચૈત્યે, સ્તવનમનુદિનં, યે પઠન્તિ પ્રવીણાઃ;
પ્રોદ્યત્ કલ્યાણહેતું, કલિમલહરણં, ભક્તિભાજસ્ત્રિ-
સંધ્યમ્;
તેષાં શ્રી તીર્થયાત્રા, ફલમતુલમલં, જાયતે માનવાનામ્;
કાર્યાણાં સિદ્ધિરુચ્ચૈઃ પ્રમુદિતમનસાં, ચિત્તમાનંદકારિ. ૧૦

---

# અથ શ્રી વાર્ષિક બારે માસના પર્વોનો પ્રારંભ.

## પ્રથમ દીવાળી પર્વ

આ પર્વનો આસો વદિ અમાવાસ્યાથી આરંભ થાય છે. આ પર્વ કેવી રીતે ઉત્પન્ન થયું અને તે પર્વમાં લૌકિક તથા લોકોત્તર સુખ મેળવવા માટે શું શું કરવું જોઇએ તેની

ટુંકી હકીકત આ નીચે મુકવામાં આવેલી છે, પરમપૂજ્ય ચોવીસમા તીર્થંકર શ્રીમાન મહાવીર સ્વામીનું અમાવાસ્યાની રાત્રિએ નિર્વાણ થયેલું છે, અને તેજ રાત્રે ગુરુમહારાજશ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલું છે વિગેરે કારણોથી આ મહાન પર્વ પ્રવર્તેલું છે. તેની ઘણી હકિકત દીવાલીકલ્પ આદિ બીજા ગ્રંથાંતરોથી જાણી લેવી. અહીં તો માત્ર તે પર્વમાં શું શું વિધાન કરવું તે તે કાર્યો કરવાથી શું શું ફલ પ્રાપ્ત થાય છે વિગેરે ટુંકામાં જણાવવામાં આવ્યું છે. તેમાં પ્રથમ દરેક જૈન બંધુઓ વિશેષે કરીને વેપારી વર્ગવાળા હોવાથી નામાઠામા માટે વહીપૂજન એટલે ચોપડાનું પૂજન કરે છે. વાસ્તવિક રીતે તો જ્ઞાનપૂજનજ કરે છે પરંતુ મિથ્યા દર્શનીયોના સંસર્ગથી અને જૈનવિધિ નહિં જાણવાથી બ્રાહ્મણો પાસે મિથ્યાત્વવિધિથી સરસ્વતી પૂજન કરાવે છે. પરંતુ તેમ કરવું જોઇએ નહિં. પણ જૈન વિધિ પ્રમાણે જ શારદાપૂજન કરવું જોઇએ તેટલા માટે આ વિધિ પ્રથમ મુકવામાં આવી છે.

## અથ દીવાળી પુજન

શુભમુહૂર્તે પ્રથમ ચોપડો શુદ્ધ બાજોઠ ઉપર પૂર્વ અગર ઉત્તર દિશા તરફ જમણે પડખે ઘીનો દીપક તથા ધૂપ રાખવો, પૂજા કરનારે પોતાના જમણા હાથે નાડાછડી બાંધવી, અને પછી મનોહર લેખણ લઇ નીચે લખ્યા મુજબ નવીન ચોપડામાં લખવું.

શ્રીપરમાત્મને નમઃ, શ્રી ગુરુભ્યો નમઃ, શ્રી સરસ્વત્યૈ નમઃ, શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હોજો, શ્રી કેસરીઆ-

જીનો ભંડાર ભરપૂર હોજો: શ્રી ભરતચક્રવર્તીની ઋદ્ધિ હોજો, શ્રી બાહુબલીનું બલ હોજો, શ્રી અભયકુમારની બુદ્ધિ હોજો, શ્રી કયવન્નાશેઠનું સૌભાગ્ય હોજો, શ્રી ધન્નાશાલિભદ્રની સંપત્તિ હોજો. શ્રી જિનશાસનની પ્રભાવના હોજો આટલું લખ્યા પછી નવી સાલ, મહિનો દીવસ વગેરેથી પૂર્ણ કરવું.

આટલું કર્યા બાદ તેની નીચે, નીચે મુજબ એકથી નવ સુધી 'શ્રી' દેરા આકારે કરવી.

શ્રી
શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

અને ચોપડો સાંકડો હોય તો સાત કે પાંચ 'શ્રી' કરવી ત્યાર પછી તેની નીચે સાથીઓ કુંકુમથી કરવો અને સ્વસ્તિક ઉપર અખંડ નાગરવેલનું પાન મૂકવું અને તે પાન ઉપર સોપારી, એલચી, લવીંગ અને રૂપાનાણું મુકવું, પછી ચોપડાને ફરતી જલધારા દઇને વાસક્ષેપ, અક્ષત અને પુષ્પની કુસુમાંજલિ હાથમાં લઇ નીચેનો શ્લોક બોલી ચોપડા ઉપર કુસુમાંજલિ ચઢાવવી.

**મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈનધર્મોઽસ્તુ મંગલમ્.**

# અથ શ્રી મંત્રસ્તવનપ્રારંભ.

સ્વઃશ્રિયં શ્રિમદર્હન્તઃ, સિદ્ધાઃ સિદ્ધિપુરીપદં;
આચાર્યાઃ પંચધાચારં, વાચકા વાચનાં વરામ્. ૧
સાધવઃ સિદ્ધિસાહાય્યં, વિતન્વન્તુ વિવેકિનાં;
મંગલાનાં ચ સર્વેષામાદ્યં ભવતિ મંગલમ્. ૨
અર્હમિત્યક્ષરં માયા-બીજં ચ પ્રણવાક્ષરં;
એનં નાનાસ્વરૂપં ચ ધ્યેયં ધ્યાયન્તિ યોગિનઃ ૩
હૃત્પદ્મષોડશદલ-સ્થાપિતં ષોડશાક્ષરં;
પરમેષ્ઠિસ્તુતેર્બીજં, ધ્યાયેદક્ષરદં મુદા. ૪
મંત્રાણામાદિમં મંત્રં, મંત્રં વિઘ્નૌઘનિગ્રહે;
યે સ્મરંતિ સદૈવૈનં, તે ભવંતિ જિનપ્રભાઃ. ૫

ત્યાર પછી નીચે લખેલ મંત્ર બોલતા જવું અને દરેક દ્રવ્યથી શારદાપૂજન કરતા જવું.

**मंत्र. ॐ ह्रीँ श्री भगवत्यै केवलज्ञानस्वरूपायै लोकालोकप्रकाशिकायै सरस्वत्यै जलं समर्पयामि स्वाहा--इति जलपूजा**

એવી રીતે મંત્ર બોલતા જવું અને જલં સમર્પયામિને બદલે જે દ્રવ્યની પૂજા અનુક્રમે આવતી જાય તે દ્રવ્ય સમર્પયામિ એમ બોલતા જવું.

(૧) [૧]જલપૂજા પછી (૨)[૨]ચંદન (૩) પુષ્પ (૪) ધૂપ (૫) દીપ (૬) અક્ષત (૭) નૈવેદ્ય (૮) ફલ એમ આઠ

---

૧ જલપૂજા એટલે સૂક્ષ્મ છાંટણાં અથવા ફરતી ધારા દેવી.
૨ આ ચંદન પૂજામાં કેસરયુક્ત સુખડ અથવા એકલું સુખડ વાપરવું.

દ્રવ્યથી પૂજા કર્યા પછી બે હાથ જોડી નીચેનું સ્તોત્ર બોલવું અથવા સાંભળવું.

# [1]અથ શ્રી શારદાસ્તવન પ્રારંભઃ

વાગ્દેવતે ! ભક્તિમતાં સ્વશક્તિકલાપવિત્રા સિતવિગ્રહા મેઃ
બોધં વિશુદ્ધં ભવતી વિધત્તાં કલાપવિત્રા સિતવિગ્રહા મે. ૧
અંકપ્રવીણા કલહંસપત્રા કૃતસ્મરેણાનમતાં નિહંતું;
અંકપ્રવીણા કલહંસપત્રા સરસ્વતી શશ્વદપોહતાહઃ [તાં વઃ] ૨
બ્રાહ્મી વિજેષીષ્ઠ વિનિદ્રકુંદપ્રભાવદાતા ઘનગર્જિતસ્ય;
સ્વરેણ જૈત્રી ઋતૂનાં સ્વકીયપ્રભાવદાતા ઘનગર્જિતસ્ય. ૩
મુક્તાક્ષમાલા લસદોષધીશાડભિશુજ્વલા ભાતિ કરે ત્વદીયે;
મુક્તાક્ષમાલા લસદોષધીશા યાં પ્રેક્ષ્ય ભેજે મુનયોડપિ હર્ષ. ૪
જ્ઞાનં પ્રદાતું પ્રવણા મમાતિશયાલુનાનાભવપાતકાનિ;
ત્વં નેમુષાં ભારતિ ! પુંડરિકશયાલુનાનાભવપાતકાનિ. ૫
પ્રૌઢપ્રભાવા સમપુસ્તકેન ધ્યાતાડસિ યેનાંબ વિરાજિહસ્તા;
પ્રૌઢપ્રભાવા સમપુસ્તકેન વિદ્યાસુધાપૂરમહ્રદઃખાઃ ૬
તુભ્યં પ્રણામઃ ક્રિયતે [ન યેન] ગ્રયેન મરાલયેન પ્રમદેન માતઃ !
કીર્તિપ્રતાપૌ ભુવિ તસ્ય નમ્ર–મરાલયેન પ્રમદેન વાતઃ ૭
રૂચ્યારવિંદભ્રમદં કરોતિ, વેલં યદીયોડર્ચતિ તેંડઘ્રિયુગ્મં;
રૂચ્યારવિંદભ્રમદં કરોતિ સ સ્વસ્ય ગોષ્ઠી વિદુષાં પ્રવિશ્ય. ૮
પાદપ્રસાદાત્તવ રૂપસંપત્ લેખાભિરામોદિતમાનવેશઃ;
અવેશ્વરઃ સૂક્તિભિરંબ ચિત્રોલ્લેખાભિરામોદિતમાનવેશઃ ૯

---

૧ આ સ્તોત્ર અશુદ્ધિવાળું લાગે છે પણ બીજેથી નહિ મળી શકવાથી તેમનું તેમ મુકયું છે. ત્રણ ચાર પ્રતોમાં જોયું તો સર્વ ઠેકાણે તો શુદ્ધ લાગ્યું નથી.

સિતાંશુકાંતે નયનાભિરામાં મૂર્ત્તિં સમારાધ્ય ભવેન્ મનુષ્યઃ;
સિતાંશુકાંતે નયનાભિરામાંધકારસૂર્યં ક્ષિતિપાવતંસઃ. ૧૦
ચેન સ્થિતં ત્વામનુસર્વતીર્થ્યૈઃ, સભાજિતામાનતમસ્તકેન;
દુર્વાદિનાં નિર્દલિતં નરેંદ્ર–સભાજિતામાનતમસ્તકેન. ૧૧
સર્વજ્ઞવક્રવરતામરસાંકલીના માલીંધ્રતી પ્રચણુમંથરયા દશૈવ;
સર્વજ્ઞવક્રવરતામરસાંકલીના પ્રીણાતુ વિશ્રતયશાઃ શ્રુતદેવતા નઃ.૧૨
કૃપ્તસ્તુતિનિબિડભક્તિજડપ્રૃક્તૈર્ગુંફૈર્ગિરામિતિગિરામધિદેવતા સા;
આલોડનુકંપ્ય ઇતિ રોપયતુ પ્રસાદસ્મેરાં દશાં મયિ જિન-
પ્રભસૂરિવર્ણ્યાઃ ૧૩

ત્યાર પછી આરાત્રિક ( આરતી ) ઉતારવી.

**જય જય આરતી દેવી તમારી,**
**આશા પુરો હે માત અમારી. જય ૧**
**વીણા પુસ્તક કર ધરનારી,**
**અમને આપો બુદ્ધિ સારી. જય ૨**
**જ્ઞાન અનંત હૃદય ધરનારી,**
**તમને વંદે સહુ નરનારી. જય ૩**
**માત સરસ્વતી સ્તુતિ તમારી,**
**કરતાં જગમાં જયજયકારો. જય ૪**

અને પછી નીચે પ્રમાણે ગૌતમાષ્ટક બોલી દાન દેવું.

# અથ ગૌતમાષ્ટકમ્

શ્રીઇંદ્રભૂતિં વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગોતમગોત્રરત્નં;
સ્તુવંતિ દેવઃ સુરમાનવેંદ્રાઃ, સ ગોતમો યચ્છતુ વાંછિતં મે;

શ્રી વર્દ્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન.
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૨
શ્રીવીરનાથેન પુરા પ્રણીતં, મંત્રં મહાનંદસુખાય યસ્ય;
ધ્યાયંત્યમી સૂરિવરા સમગ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૩
યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષાભ્રમણસ્ય કાલે;
મિષ્ટાન્નપાનાંબરપૂર્ણકામા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૪
અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદવંદનાય;
નિશમ્ય તિર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે.૫
ત્રિપંચસંખ્યાશતતાપસાનાં, તપઃકૃશાનામપુનર્ભવાય;
અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે.
સદક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિકં સંઘસપર્યયેતિ;
કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૭
શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા;
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૮
ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સજ્ઞાનબીજં જિનરાજબીજં;
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૯
શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવા યે;
પઠંતિ તે સૂરિપદં સદૈવાનંદં, લભંતે સુતરાં ક્રમેણ. ૧૦

**॥ ઇતિ શ્રી ગૌતમાષ્ટકં સંપૂર્ણમ્ ॥**

* અથવા નીચે પ્રમાણે કહેવું;—

**અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;**
**તે ગુરુ ગૌતમ સમરીએ, વંછિત ફળ દાતાર. ૧**
**પ્રભુ વચને ત્રીપદી લહી, સુત્ર રચે તેણીવાર;**
**ચઉદે પૂરવમાં રચે, લોકાલોક વિચાર. ૨**

ભગવતી સુત્રે કર નમી, બંભી લીપી જયકાર;
લોક લોકોત્તર સુખભણી, ભાખી લીપી અઢાર. ૩
વીર પ્રભુ સુખીયા થયા, દીવાળી દીન સાર;
અંતર મુહૂરત તતક્ષીણે, સુખીઓ બહુ સંસાર. ૪
કેવલજ્ઞાન લહે તદા, શ્રી ગૌતમ ગણધાર;
સુરનર હરખ ધરી પ્રભુ, કરે અભિષેક ઉદાર. ૫
સુરનર પરષદા આગળે, ભાખે શ્રી શ્રુતજાણ;
નાણ થકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચોઠાણ. ૬
તે શ્રુત જ્ઞાનને પુજીએ, દીપ ધુપ મનોહાર;
વીર આગમ અવિચળ રહો, વરસ એકવીશહજાર. ૭

---

આ દીવાલી નામનું ઉત્તમ પર્વ આસો વદ અમાવાસ્યાને દીવસે ચરમ તીર્થંકર શ્રી વીર ભગવાન (૧૬) પહોરની દેશના દેતાં અને પ્રધાનક નામનું ભલું અધ્યયન પ્રરૂપતાં પાંચમી મોક્ષ ગતિને પામ્યા. જ્યારે શ્રી વીરરૂપી જ્ઞાનનો ભાવ દીવો દૂર થયો ત્યારે દેવોએ દીવાઓની (દ્રવ્ય દીપકની ) શ્રેણી કરી અને તેવી રીતે ચારે વરણના લોકોએ પણ દીવા કર્યા તે કારણથી દીવાલી પર્વ પ્રગટ થયું. તેજ રાત્રિમાં ગુરૂ ગૌતમ સ્વામીને પ્રભુ ઉપર અત્યંત રાગ હતો તે દૂર થઇ જવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તેનો પડવાને દીવસે મહોત્સવ કરવાથી અને ઇન્દ્રે પણ ગુરુગૌતમસ્વામીને શ્રીવીરભગવાનને પદે સ્થાપ્યા. શ્રીગૌતમસ્વામી

ભટ્ટારકને ઇંદ્રે જુહાર્યા તે ઉપરથી ચારે વર્ણમાં જુહાર કરવાનું પ્રવર્ત્યું અને પડવાને દીવસે આનંદ માનવા લાગ્યા. બીજને દીવસે નંદીવર્ધનનો શોક ટાલવા માટે નંદીવર્ધનની બ્હેને ભાઇને જમવા નોતર્યા તેથી સર્વ જગતમાં ભાવડ બીજ (ભાઇબીજ) નામનું પર્વ પ્રવત્તર્યું આ પ્રમાણે સંક્ષેપથી તેનું વર્ણન છે. એ પર્વ સર્વને આનંદદાયી અને ધર્મ કરવાથીજ સુખરૂપ થાય છે.

પરંતુ તે દિવસોમાં તો આ મહાન ભાગ્યશાલીઓએ ધર્મારાધન કરી ઉત્તમ કેવલજ્ઞાન અને નીર્વાણ એટલે (મોક્ષ પદ) પ્રાપ્ત કર્યું તેમને પંથે ચાલી આપણે પણ ધર્મારાધન કરવું તેજ શ્રેષ્ઠ છે તો તે કેવીરીતે કરવું તેનો વિધિ નીચે પ્રમાણે આસો વદ ૧૪ અને અમાવાસ્યાનો છઠનો તપ કરીને નીચે પ્રમાણે ગરણું ગણવું તથા દીવાલીના દેવ વાંદવા.

## દીવાલીનું ગરણું

૧ શ્રી મહાવીરસ્વામિસર્વજ્ઞાય નમ :

૨ શ્રી મહાવીરસ્વામિપારંગતાય નમ:

૩ શ્રી ગૌતમસ્વામિસર્વજ્ઞાય નમઃ

એ ત્રણે પદની નવકારવાલી વીશ વીશ ગણવી.

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુઃ
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલમ્

* * * *

સર્વારિષ્ટપ્રણાશાય, સર્વાભીષ્ઠાર્થદાયિને;
સર્વલબ્ધિનિધાનાય, ગૌતમસ્વામિને નમઃ

*          *          *          *

એક જંબૂ જગ જાણીએ, બીજા નેમિકુમાર;
ત્રીજા વયર વખાણીએ, ચોથા ગૌતમસ્વામ.

*          *          *          *

અંગુઠે અમૃત વસે, લબ્ધિતણો ભંડાર;
તે ગુરૂ ગોયમ સમરિયે, વાંછિત ફળ દાતાર.

*          *          *          *

અક્ષીણમહાનસી લબ્ધિ, કેવલશ્રી કરાંબુજે ॥
નામ લક્ષ્મીર્મુખે વાણી, તં ચ શ્રી ગોતમં સ્તુવે ॥

## ૨ ગૌતમસ્વામીનું પ્રભાતીયું

શ્રી ગાતમ ગુરૂ સમરીએ; ઉઠી ઉગમતે [૧] સૂર
લબ્ધિનો લીલો ગુણ નીલો, દેખી સુખ ભરપૂર. શ્રી૦ ૧

ગૌતમ ગોત્ર તણો ધણી, રૂપ અતીવ ભંડાર;
અઠ્ઠાવીશ લબ્ધિનો ધણી, શ્રી ગાતમ ગણધાર. શ્રી૦ ૨

અમૃતમય અંગુઠડો, [૨] ઠવીઓ પાત્ર [૩] મોઝાર;
ખીર ખાંડ ધૃત પૂરીયો, મુનિવર દોઢ હજાર. શ્રી૦ ૩

પહેલું મંગળ શ્રી વીરનું, બીજું ગાતમ સ્વામ;
ત્રીજે મંગળ સ્થૂળભદ્રનું, ચોથું ધર્મનું ધ્યાન. શ્રી૦ ૪

પ્રહ ઉઠી પ્રણમું સદા, જિહાં જિનવર ભાણ;
માનવિજય ઉવજ્ઝાયનું, હોજો કુશળ કલ્યાણ શ્રી૦ ૫

---

૧ સૂર્ય, ૨ સ્થાપ્યો, ૩ મધ્યે.

## ગૌતમસ્વામી છંદ

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો [૧]નિશદિશ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧
ગૌતમ નામે [૨]ગયવર ચઢે, મન વાંછિત [૩]હેલા સાંપડે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ. ૨
જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ. ૩
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર;
શાલ દાલ [૪]સુરહા ધૃત ગોળ, મન વાંછિત કાપડ તંબોલ;
ઘરે [૫]સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫
ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ;
મોટાં મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ. ૬
ઘર [૬]મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ;
[૭]મહિયલ માને મોટા રાય, જો [૮]તુઠે ગૌતમના પાય. ૭
ગૌતમ પ્રણમ્યાં [૯]પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે [૧૦]વાન. ૮
પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્ય સમય કર જોડ. ગૌતમ તુઠે સંપત્તિ કોડ. ૯.

## શ્રી ગૌતમસ્વામીનો છંદ.

### રાગ પ્રભાતિ,

માત પૃથ્વી[૧૧]સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ [૧૨]ગેલે,
પ્રહસમે પ્રેમશું જેહ ધ્યાતા સદા,
ચઢતી કળા હોય વંશ વેલે. મા૦ ૧

---

૧ રાત્રિ દિવસ. ૨ હાથી. ૩ સહેજે. ૪ સુગંધી. ૫ સુલક્ષણી સ્ત્રી. ૬ હાથી. ૭ પૃથ્વીતલ ૮ તુષ્ટમાન–પ્રસન્ન. ૯ પાપ. ૧૦ રૂપ.
૧૧ પુત્ર, ૧૨ ગેલ–આનંદ.

વસુભૂતિ નંદન વિશ્વજન વંદન,[1] દુરિત નિકંદન નામ જેહનું;
અભેદ બુદ્ધે કરી ભવિજન જે ભજે,
પૂર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું. મા૦ ૨

સુરમણિ જેહ ચિંતામણિ સુરતરૂ, [2]કામિત પૂરણ કામધેનુ;
એહ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો,
જેહ થકી અધિક નહી મહાત્મ્ય કેહનું. મા૦ ૩

જ્ઞાન બલ તેજ ને સકલ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં,
સુર નર જેહને શીશ નામે. મા૦ ૪

[3]પ્રણવ આદે ધરી માયા[4]બીજે કરી, શ્રીમુખે ગૌતમ નામ ધ્યાયે;
કોડી મનકામના સફળ વેગે ફળે,
વિઘન વેરી સવે દૂર જાયે. મા૦ ૫

દુષ્ટ દૂરે ટળે સ્વજન મેળો મળે, આધિ ઉપાધિને વ્યાધિ નાસે;
ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વળી,
ગૌતમ નામ જપતાં ઉલ્લાસે. મા૦ ૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઇ, પનરશેં ત્રણને દિખ્ખ દીધી;
અઠમને પારણે તાપસ કારણે,
ક્ષીર લબ્ધે કરી અખુટ કીધી. મા૦ ૭

વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વળી ત્રીશ કરી વીરસેવા;
બાર વરસાં લગે કેવળ ભોગવ્યું.
ભકિત જેહની કરે નિત્ય દેવા. મા૦ ૮

મહિયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ,
ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિ દાઇ;
ઉદય જસ નામથી અધિક લીલા લહે,
સુજસ સૌભાગ્ય દોલત સવાઇ. મા૦ ૯

૧ પાપનો નાશ. ૨ ધાર્ચ્છત. ૩ ઓંકાર. ૪ હ્રીંકાર.

## ॥ અથ દીવાળીનું સ્તવન ॥

મારે દીવાળી રે થઇ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને. એ આંકણી॥
મહાવીર સ્વામી મુક્તે પોહોંતા ને, ગોતમ કેવળ જ્ઞાનરે;
ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી મારે, વીર પ્રભુ નિરવાણ.
જિન મુખ૦ ૧

ચારિત્ર પાળ્યાં નિરમળાંને, ટાળ્યાં તે વિષય કષાયરે;
એવા મુનિને વાંદીએં તો, ઉતારે ભવ પાર. જિન મુખ૦ ૨

બાકુળ વોહોર્યાં વીરજી ને, તારી ચંદન બાળા રે;
કેવળ લઇ પ્રભુ મુક્તે પોંહોતા, પામ્યા ભવનો પાર. જિન મુખ૦૩

એવા મુનિને વાંદીએ જે, પંચ જ્ઞાનને ધરતારે;
સમવસરણ દઇ દેશનારે, પ્રભુ તાર્યાં નર ને નાર.જિન મુખ૦૪

ચોવીશમો જિનેશ્વરૂ ને, મુક્તિ તણા દાતારરે;
કરજોડી કવિયણ એમ ભણેરે, પ્રભુ ભવનો ફેરો ટાળ.
જિન મુખ૦૫

## ॥ અથ શ્રી દીવાલીનું સ્તવન ॥

[ બાલ્હાજીની વાટડી અમેં જોતાં રે : એ દેશી ]

જય જિનવર જગ હિતકારીરે, કરે સેવા સુર અવતારીરે,
ગોતમ પમુહા ગણધારી, સનેહી વીરજી જયકારીરે ॥ ૧ ॥

અંતરંગ રિપુને ત્રાસેરે, તપ કોપાટોપેં વાસેરે;
લહ્યું કેવલનાણ ઉલ્લાસેં. સ૦ ॥ ૨ ॥

કટિલંકે વાદ વદાયરે, પણ જીનસાથેં ન ઘટાયરેં;
તેણેં હરિલંછન પ્રભુ પાય. સ૦ ॥ ૩ ॥

સવિ સુરવહુ ચેઈ થૈકારારે, જલપંકજની પરેં ન્યારારે;
તજી તૃષ્ણા ભોગ વિકારા. સ૦ ॥ ૪ ॥
પ્રભુ દેશના અમૃત ધારારે, જિનધર્મ વિષે રથકારારે;
જેણે તાર્યા મેઘ કુમારા. સ૦. ॥ ૫ ॥
ગૌતમને કેવલ આલીરે, વર્યા સ્વાતિયે શિવ વરમાલીરે;
કરે ઉત્તમ લોક દીવાલી. સ૦ ॥ ૬ ॥
અંતરંગ અલચ્છ નિવારીરે, શુભ સજ્જનને ઉપગારીરે;
કહે વીર પ્રભુ હિતકારી. સ૦ ॥ ૭ ॥ ઇતિ

## અથ શ્રી વીરપ્રભુનું દીવાલીનું સ્તવન.

મારગ દેશક મોક્ષનોરે, કેવલ જ્ઞાનનિધાન;
ભાવ દયાસાગર પ્રભુરે, પર ઉપગારી પ્રધાનોરે. ॥ ૧ ॥
વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકલ આધારોરે;
હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારોરે. વીર૦ ॥ ૨ ॥
નાથ વિહુણું સૈન્ય જયુંરે, વીર વિહુણારે જીવ;
સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે. વીર૦ ॥ ૩ ॥
માત તાત વિહૂણોજયૂં રે. અરહો પરહો અથડાય;
વીર વિહૂણા જીવડારે, આકુલ વ્યાકુલ થાયરે. વીર૦ ॥ ૪ ॥
સંશય છેદક વીરનોરે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાયોરે. વીર૦ ॥૫॥
નિર્યામક ભવ સમુદ્રનો રે, ભવ અડવિસથ્થવાહ;
તે પરમેશ્વર વિણામલેરે, કેમ વાધે ઉત્સાહોરે. વીર૦ ॥ ૬ ॥
વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર;
હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સારેરે. વીર૦॥૭॥

ત્રણુ કાલે સવિજીવનેરે. આગમથી આણુંદ;
સેવો ધ્યાવો ભવિજનારે, જિન પડિમા સુખકંદોરે. વીર૦ ॥૮॥
ગણુધર આચારજ મુનિરે, સહુને એણીપરેં સિદ્ધિ;
ભવ ભવ આગમ સંગથીરે, દેવચંદ્ર પદ લીધરે. વીર૦ ॥૯॥ઇતિ॥

## અથ દીવાળીનું સ્તવન

[ અલબેલાની–દેશી. ]

દુઃખ હરણી દીપાલિકારે લાલ,
પરવ થયું જગ માંહિ; ભવિપ્રાણી રે,
વીર નિર્વાણુથી થાપનારે લાલ, આજ લગે ઉચ્છાહિ. ભવિ૦ ૧,
સમક્તિ દૃષ્ટિ સાંભલો રે લાલ. એ આંકણી–
સ્યાદ્વાદ ઘર ધોલીયે રે, દર્શનની કરી શુદ્ધિ. ભવિ૦
ચરિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ,
ટાલો રજ દુઃકર્મ બુદ્ધિ. ભવિ૦ સમ૦ ૨
સેવા કરો જિનરાયની રે લાલ, દીલ દીઠાં મીઠાશ. ભવિ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ,
તે પકવાનની રાશિ. ભવિ૦ સમ૦ ૩
ગુણિજન પદની નામનારે લાલ, તેહિજ જુહાર ભટ્ટાર. ભવિ૦
વિવેક રતન મેરાઇયાં રે લાલ,
ઉચિત તે દીપ સંભાર. ભવિ૦ સમ૦ ૪.
સુમતિ સુવનિતા હેજ શું રે લાલ, મન ઘરમાં કરો વાસ. ભવિ૦
વિરતિ સાહેલી સાથશું રે લાલ,
અવિરતિ અલચ્છી નિકાસ. ભવિ૦ સમ૦ ૫.
મૈત્ર્યાદિકની ચિંતનારે લાલ,તેહ મલ્યા શણુગાર. ભવિ૦
દર્શન ગુણુ વાઘા બન્યા રે લાલ,
પરિમલ ઉપગાર. ભવિ૦ સમ૦ ૬

પુર્વ સિદ્ધ કન્યા પખે રે લાલ, જાનઇયા અણુગાર. ભવિ૦
સિદ્ધશિલા પર વેદિકારે લાલ,
કન્યા નિવૃત્તિ સાર. ભવિ૦ સમ૦ ૭.
અનંત ચતુષ્ટય દાયજોરે લાલ, શુદ્ધાયોગ નિરોધ. ભવિ૦
પાણિ ગ્રહણ પ્રભુજી કરે રે લાલ,
સહુને હરખ વિબોધ. ભવિ૦ સમ૦ ૮.
ઈણિપરે પર્વ દીપાલીકારે લાલ, કરતા કોડી કલ્યાણ. ભવિ૦
જ્ઞાન વિમલ પ્રભુ ભક્તિ શું રે લાલ,
પ્રગટે સકલ ગુણખાણ. ભવિ૦ સમ૦ ૯

## ॥ અથ દીવાલીનું સ્તવન. ॥

[ પ્રભુ કંઠે ઠવિ ફુલની માલા એ : એ દેશી ]

રમતી ગમતી હમુને સાહેલી, બેહુ મલી લીજીયેં એકતાલીરે
સખિ આજ અનોપમ દીવાલી ॥
લીલ વિલાસેં પુરણમાસે,
પોષ દશમ નિશિ રઢીયાલીરે ॥ સ૦ ॥૧॥
પશુ પંખી વસીઆં વનવાસેં, તે પણ સુખીયાં સમકાલીરે. સ૦
એણી રાત્રે ઘેર ઘેર ઓચ્છવ હોશે,
સુખીયાં જગતમાં નર નારીરે. સ૦ ॥૨॥
ઉત્તમ ગ્રહ વિશાખા જોગેં, જન્મ્યા પ્રભુજી જયકારીરે. સ૦ ॥
સાતે નર્કે થયાં અજુવાલાં,
થાવરને પણ સુખકારીરે. સ૦ ॥ ૩ ॥
માતા નમી આઠે દિગકુમરી, અધોલોકની વસનારીરે. સ૦ ॥
સૂતી ઘર ઈશાને કરતી,
જોજન એક અશુચિ ટાલીરે. સ૦ ॥ ૪ ॥

ઉર્ધ્વ લોકની આઠ જ કુમરી, વરસાવે જલ કુસુમાલીરે. સ૦॥
પૂરવ રૂચક આઠ દર્પણુ ધરતી,
દક્ષિણુની અડ કલશાલીરે. સ૦ ॥ ૫ ॥
અડ પચ્છિમની પંખા ધરતી, ઉત્તર આઠ ચમર ઢાલીરે. સ૦॥
વિદિશીની ચઉ દીપક ધરતી,
રૂચક દીપની ચઉ બાલીરે. સ૦ ॥ ૬ ॥
કેલતણા ઘર ત્રણુ કરીને, મર્દન સ્નાન અલંકારીરે. સ૦॥
રક્ષા પોટલી બાંધી બેહુને,
મંદિર મેહેલ્યાં શણુગારીરે. સ૦ ॥ ૭ ॥
પ્રભુ મુખ કમલે અમરી ભમરી, રાસ રમંતી લટકાલીરે. સ૦॥
પ્રભુ માતા તું જગતની માતા,
જગ દીપકની ધરનારીરે. સ૦ ॥ ૮ ॥
માજી તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપગારીરે. સ૦॥
છપ્પન દિગ કુમરી ગુણુ ગાતી,
શ્રી શુભવીર વચન ટંક શાલીરે. સખિ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

# શ્રી જ્ઞાનપંચમી પર્વ.

"જ્ઞાનના" આરાધન માટે એટલે આત્માનો જ્ઞાનગુણુ જે અનાદિ કાળથી જ્ઞાનાવરણીય કર્મના સંયોગે અવરાયેલો છે તેને પ્રગટ કરવા માટે અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય (ક્ષયોપશમ) કરવા માટે "જ્ઞાન પંચમી" નો તપ અતિ ઉત્કૃષ્ટ સાધનભૂત છે. જ્ઞાનના આરાધન માટે શાસ્ત્રકારે બીજ, પંચમ ને અગ્યારશ એ ત્રણુ તિથિઓ બતાવી છે. પરંતુ તેમાં મુખ્યતા પાંચમની છે. પ્રાયઃ પ્રવૃત્તિ પણુ

પંચમી તપ કરવાની વિશેષ છે. આ તપ કોઈપણ વર્ષના કાર્તિક માસની શુકલ પંચમીથી શરૂ કરવામાં આવે છે. આ પંચમી "સૌભાગ્ય પંચમી" ના નામથી ઓળખાય છે. જ્ઞાન મેળવવાના ઉત્સુક શ્રાવક શ્રાવિકાઓ અને સાધુ સાધ્વીઓ આ તપ વિશેષે કરે છે. આ તપ પાંચ વર્ષ ને પાંચ માસ પર્યંત કરવાનો છે. તે એકાસણાથી, આયંબીલથી અથવા ઉપવાસથી કરવામાં આવે છે. શારીરિક શક્તિવાળા તો પ્રાયે ઉપવાસથીજ કરે છે. બાર માસ ઉપવાસ ન કરી શકે તે પણ કાર્તિક શુદિ ૫ મે તો અવશ્ય ઉપવાસ કરે છે. અને તે દિવસે બનતાં સુધી ચાર કે આઠ પહોરનો પૌષધ પણ કરે છે. એ તપના આરાધન માટે સંપૂર્ણ વિધિ કરવાના ઈચ્છકે નીચે પ્રમાણે વિધિ દરેક માસની શુકલ પંચમીએ કરવો.

## તપ કરવાનો વિધિ.

૧ એકાસણું, આયંબીલ કે ઉપવાસ યથાશક્તિ કરવો.

૨ બંને ટંક પ્રતિક્રમણ કરવું.

૩ ત્રણ કાળ આઠ સ્તુતિ ને પાંચ શક્રસ્તવાદિ વડે દેવ વાંદવા.[1]

૪ બે ટંક પડિલેહણ કરવી.[2]

૫ ત્રણ કાળ જિનપૂજા કરવી. તેમાં પ્રાતઃકાળે વાસક્ષેપાદિવડે, મધ્યાન્હે અષ્ટ પ્રકારી અને સાયંકાળે ધૂપ દિપાદિવડે કરવી.

૧–૨ દેવવંદનને પડિલેહણની વિધિ પ્રસિદ્ધ હોવાથી બતાવવામાં આવેલ નથી.

૬ બે હજાર જાપ કરવો. અર્થાત્ "નમો નાણુસ્સ" એ પદની વીશ નવકારવાળી એકાગ્ર ચિત્તે ગણવી.

૭ બને તો પૌષધ કરવો અથવા દિવસનો ઘણો ભાગ જ્ઞાન ધ્યાનાદિમાં વ્યતીત કરવો.

૮ જ્ઞાન અને જ્ઞાનીની યથાશક્તિ ભક્તિ કરવી.

૯ જ્ઞાનનો અભ્યાસ કરવો અને તેની આશાતના ટાળવી.

૧૦ પ્રભુ પાસે અથવા જ્ઞાન પાસે પાંચ દીવેટનો દીવો કરવો પાંચ સ્વસ્તિક કરવા, યથાશક્તિ ફળ નૈવેદ્યાદિ પદાર્થો પાંચ પાંચ ચડાવવા.

૧૧ પાંચ અથવા એકાવન લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

જ્ઞાન પંચમીને દિવસે તો આ બધાં વાનાં સવિશેષે કરવાં. અર્થાત્ જિનેશ્વરની આંગી પૂજાદિવડે વિશેષ ભકિત કરવી, ફળ નૈવેદ્યાદિ વિશેષે ચડાવવાં, જ્ઞાન પંચમીના દેવ વાંદવા*, તદંતર્ગત એકાવન ખમાસમણ દેવાં, ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, બનતા સુધી પૌષધ અવશ્ય કરવો, આખો દિવસ જ્ઞાન ધ્યાનમાંજ વ્યતિત કરવો. જ્ઞાનના બહુમાન માટે યોગ્ય સ્થળે સુશોભિત ચંદરવા પુંઠીઆ વિગેરે બંધાવી જ્ઞાન પધરાવવું અને અનેક ભવ્ય જીવો દર્શન નિમિત્તે આવે તેવો આકર્ષક દેખાવ કરી જ્ઞાનની ભકિત જયણાપૂર્વક કરવી. જ્ઞાન સમીપે ગાનતાન કરવું-કરાવવું. જ્ઞાનની પૂજા ભણાવવી. ઈત્યાદિ કરીને અનેક ઉત્તમ જીવો જ્ઞાનના આરાધનમાં તત્પર થાય તેમ કરવું.

---

* જ્ઞાનપંચમીના દેવ આગળ આપવામાં આવ્યા છે.

આત્માના સર્વ લક્ષણોમાં "જ્ઞાન" પ્રથમ પદ ધરાવે છે, તેના વડેજ આ જીવ "ચેતન" ગણાયેલો છે. તે લક્ષણ અથવા ગુણને પ્રકટ કરવા માટે જેમ બને તેમ વધારે પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

### પંડિત શ્રી રૂપવિજયજી કૃત.

# શ્રી પંચજ્ઞાનની પૂજા.

## પૂજા ૧ લી.

દુહા.

સકળ કુશલ કમલાવલી, ભાષક ભાણુ સમાન;
શ્રીશંખેશ્વર પાસના, ચરણ નમી ધરી ધ્યાન. ૧
કર્મતિમિરભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સૂર;
જ્ઞાની જ્ઞાનબળે લહે, સ્વપર સ્વભાવ પડૂર. ૨
શ્રદ્ધામૂળ ક્રિયા કહી, તેહનું મૂળ તે જ્ઞાન;
તેહથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એક તાન. ૩
અસંખ્ય ભેદ કિરીયાતણા, ભાખ્યા શ્રી અરિહંત;
જ્ઞાનમૂળ સફળા સવે, પંચ ભેદ તસ તંત. ૪
મઇ સુઅ ઉહિ મણપજ્જવા, પંચમ કેવળ જાણ;
પૂજા કરતાં તેહની, લહીએ પંચમ નાણ. ૫
જાણે કેવળે કેવળી, શ્રુતથી કરે વખાણ;
ચઉ મુંગા શ્રુત બોલતું, ભાખે ત્રિભુવનભાણ. ૬
પંચ જ્ઞાન અનુક્રમે લહી, જેહ થયા અરિહંત;
અષ્ટપ્રકારે પૂજતાં, લહીએ જ્ઞાન અનંત. ૭

## ઢાલ.

### ઝુમખડાની દેશી.

પરમપુરૂષ પરમાતમારે, પુરસાદાણી પાસ;
જિનેસર પૂજીએ.
જળ ચંદન કુસુમે કરીરે, પૂજો ધરી ઉલ્લાસ. જી૦ ૧

જાસ પસાયે નિરમળું રે, પ્રગટ હોયે મઇનાણુ; જી૦
ભેદ અઠ્ઠાવીશ તેહનારે, સમજો ચતુર સુજાણ. જી૦ ૨
દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથીરે. ચઉહા છે મઇનાણ; જી૦
દ્રવ્યથી મઇનાણી લહેરે, દ્રવ્ય છક્ક પરિમાણ. જી૦ ૩
ક્ષેત્રથી લોકાલોકનેરે, કાળથી તિવિહા કાળ; જી૦
ભાવથી પાંચે ભાવનેરે, જાણે આદેશે રસાળ. જી૦ ૪
જીન ઉત્તમ મુખપદ્મનીરે, વાણિ સુણી લહે બોધ; જી૦
શુદ્ધ ચિદાનંદ રુપથારે, કરી નિજ આતમશોધ. જી૦ ૬

### કાવ્યમ્

અષ્ટાવિંશતિધા મતિશ્રુતમપિ પ્રોક્તં મનુસમ્મિતમ્।
ષોઢા ચાવધિ રૂપિદ્રવ્યવિષયજ્ઞાનં નિદાનં શ્રિયાઃ ॥
શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં કૈવલ્યમધ્યેતિકમ્ ।
જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સિદ્ધચંગનારાધનમ્ ॥૧॥

ૐનમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય, અનંતદ્રવ્યગુણપર્યાયમયાય, મતિશ્રુતાવધિમનઃપર્યવકેવલ-

જ્ઞાનાય, જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮ યજામહે સ્વાહા ॥

**આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજાએ કહેવા.**

## ગીત ( દુહા. )

એક જીવ અંગીકરી, છાસઠ સાગર ઠાણ;
અંતરમુહૂર્ત જઘન્યથી, વરતે થિર મઇનાણ. ૧

ઢાલ

[ ચંદજસા જિનરાજિયા, મનમોહન મેરે—એ દેશી ]

શ્રી જીનરાજની પૂજના, મનમોહન મેરે,
કરી થીર મન કરી સાર; મન૦
ધૂપ દીપ અક્ષત ધરી, મન૦ નૈવેદ્ય ફળ મનોહાર. મન૦ ૧
શ્રુતવાસિત [નિશ્રિત] મતિજ્ઞાનના, મન૦
ભેદ અઠ્ઠાવીશ જોય; મન૦
અસ્સુયનિસ્સિય મઇતણી, મન૦
ચઉહા બુદ્ધિ હોય. મન૦ ૨
શ્રોત ઘ્રાણ રસ ફરસથી, મન૦ વ્યંજનાવગ્રહ ચાર; મન૦
અથ્થુગહ ઇહા વળી, મન૦ અપાય ધારણા સાર. મન૦ ૩
પંચ ઇંદ્રી મન મેળતાં, મન૦ ચોવીશ ભેદ સુહાય; મન૦
અડવિસ ભેદ ઉભય મળી, મન૦
ભાખે શ્રીજીનરાય. મન૦ ૪

ત્રણસેં છત્રીશ પણ કહ્યા, મન૦
શ્રુતનિશ્રિત મઈ ભેદ; મન૦
શ્રી જીનવર સેવાથકી, મન૦ પાપ તાપ હોય છેદ. મન૦ ૫
સમકિત મઈ સુઅ સંપજે, મન૦ ત્રણ્યે એકે કાળ; મન૦
જિન ઉત્તમ પદ પદ્મની, મન૦ સેવના રૂપ રસાળ. મન૦ ૬

ઇતિ શ્રીમતિજ્ઞાનપૂજા. ૧

પૂજા ૨ જી.

દુહા.

શ્રુતઅક્ષર એકેકના, સ્વપર ભાગ વિચાર;
કરતાં પજ્જવની કહી, રાશિ અનંતી સાર. ૧
સરધાવંત સુસંયમી, ગુરૂકુળવાસી સાધ;
શ્રુત અભ્યાસ કરી ભજે, તરે સંસાર અગાધ. ૨

ઢાળ.

[ નલિનાવતિ વિજયે જયકારી. ]

જિનવર જગગુરૂ જગઉપગારી, પૂજો ભાવે નરનારીરે;
શ્રુતના અધિકારી.
જિનવર ભગતે સરધા આવે,
તેહથી શ્રુતરસ બહુ પાવેરે. શ્રુ૦ ૧
છાસઠ સાગર સુઅથિતિ જાણો,
એક જીવ ઉત્કૃષ્ટ પ્રમાણોરે. શ્રુ૦

અનાદિ અનંત પ્રવાહથી જાણો,
સેવો શ્રુત અનુભવ આણોરે. શ્રુ૦ ૨
ચઉ ભેદ સુઅનાણના સાર,
ભાખે જીનવર ગણધારરે. શ્રુ૦
અહવા વીશ ભેદ પણ જાણો,
થિર સરધા હિઅડે આણોરે. શ્રુ૦ ૩
અર્થથી શ્રી અરિહંતે વખાણ્યું,
સૂત્રે ગણધર વિરચાણુંરે. શ્રુ૦
એ શ્રુત ભાવધર્મ દાતાર,
પૂજી લહો ભવજળ પારરે. શ્રુ૦ ૪
શ્રુતદાયક જિનરાજને ધ્યાવો,
જીમ અતિશય જ્ઞાનને પાવોરે; શ્રુ૦
શ્રુતફળ વિરતિ વિરતિફળ ધ્યાન,
ધ્યાને લહે સમયીક જ્ઞાનરે. શ્રુ૦ ૫
ખિમાવિજય જીન ઉત્તમજ્ઞાને,
શિવસુંદરી વરે એકતાનેરે; શ્રુ૦
શ્રી ગુરૂ પદપદ્મે દિલ રાખે,
ચિદ્‌રુપવિજય સુખ ચાખેરે. શ્રુ૦ ૬

કાવ્ય તથા મંત્ર પૂર્વવત્ બોલવાં.

## ગીત ( દૂહા. )

શ્રુતથી સરધા થિર રહે, સરધાથી વ્રત સાર;
વ્રતથી શિવસુખ પામીએ, તિણે શ્રુત જગદાધાર. ૧

શ્રુતવિણ જે કિરિયા કરે, તે સંસારનું મૂળ;
શ્રુતઉપયોગે જે ક્રિયા, તે શિવપદ અનુકૂળ. ૨

## ઢાળ.

[ મુને કાંઇક કામણ કીધું રે, પાછા વળજો સામળીયા,
મારૂં ચિતડું ચોરી લીધું રે, પાછા૦ એ દેશી. ]

તુમે આગમ પૂજા કરજોરે,
હો મનમાન્યા મોહનીયા; હો.
તુમે ભવસાયરને તરજોરે, હો.
એ આગમ અમૃતદરીઓરે. હો.
એ તો સ્યાદ્વાદ રસ ભરીયોરે. હો. ૧

સુઅ અંગ અનંગ પ્રકારેરે, હો.
તિમ બદ્ધ અબદ્ધ વિચારેરે; હો.
કાલિક ઉત્કાલિક જાણોરે, હો.
દોય ભેદ કહે જિનભાણોરે. હો. ૨

અગ્યાર અંગ મનરંગેરે, હો.
શ્રુત પૂજો અધિક ઉમંગેરે; હો.
વળી બાર ઉપાંગ રસાળારે, હો.
પૂજી લહો મંગળમાળારે. હો. ૩

પયન્ના દશ ગુણખાણીરે, હો.
પ્રત્યેકબુદ્ધ મુનિ વાણીરે; હો.

ખટ છેદસૂત્ર ગુણભરીયારે, હો.
એ તો ચરણ કરણ ગુણ દરીયારે. હો. ૪
મૂળસૂત્ર ચાર અનુસરજોરે, હો.
સંસારસમુદ્રને તરજોરે; હો.
નંદી ને અનુયોગદ્વારોરે, હો.
પૂજી લહો ભવજળપારોરે. હો. ૫
ભાવપૂજા પંચ પ્રકારોરે, હો.
દ્રવ્યપૂજા ભેદ અપારોરે; હો.
પ્રભુવદનપદ્મની વાણીરે, હો.
ચિદ્રુપ સુધારસ ખાણીરે. હો. ૫

ઇતિ શ્રુતજ્ઞાનપૂજા ૨.

પૂજા ૩ જી.

અવધિજ્ઞાન આરાધતાં, કરજો ત્રિકરણ જોગ;
ભાવવિશુદ્ધિ ચિત્ત ધરી, ટાળો કર્મના રોગ. ૧
ત્રણજ્ઞાનધર જિનવરા, ત્રિભુવનને હિતકાર;
પુજી પદકજ તેહના, પામો ભવજળપાર. ૨

## ઢાળ.

[ ઘેર આવોને નેમ વરણાગિયારે—એ દેશી ]

હાંરે વાલા ભાવભગતિ મનમાં ધરી, જિન પુજા કરો
મન સંવરીજીરે; ભાવે પૂજોરે મનમોહના.

હાંરે વાલા ખય ઉપશમ ભાવે કરી,
પરણુતિ કરી જ્ઞાનરસે ભરીજીરે. ભા૦ ૧
ત્રણજ્ઞાની જિનરાજીયા,
વિલસે નિજ ગુણ સત્તા ભરીજીરે; ભા૦
અનુગામી પમુહા લહો,
ખટ ભેદ ઓહિના દિલ ધરીજીરે. ભા૦ ૨
જનમ સમે જિનરાજને,
ચળે આસન સુરના થરહરીજીરે; ભા૦
ચોસઠ સુરપતિ અવધિએ,
જિનજનમ્યા લહી જઈ સુરગિરિજીરે. ભા૦ ૩
રજત કનક ને રત્નના,
કળશા ખીરોદકથી ભરીજીરે; ભા૦
ન્હવણ ઉચ્છવ જિનનો કરે,
સમકિત ગુણ નિર્મળતા કરીજીરે. ભા૦ ૪
મિથ્યાસુર અવધિ લહે,
જે પુજે જિન ભગતે ખરીજીરે; ભા૦
જિન ઉત્તમ પદ પદ્મની,
પુજા ચિદ્દરુપવિજયે કરીજીરે. ભા૦ ૫
કાવ્ય તથા મંત્ર પૂર્વવત્ કહેવાં.

## ગીત ( દુહા. )

દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી, ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન;
મનુજ ગતિમાં પામીએ, વધતે શુચિ પ્રણિધાન. ૧

લોકાવધિ અવધિલગે, પડિવાઈ પણ હોય;
તદુપરિ અવાધ જે હોયે, અપડિવાઈ તે જોય. ૨

## ઢાળ.

[ મોહનવીરા મોકલોને મોસાળું રે—એ દેશી ]

નિર્મળ કરી મન વચ કાયા, છંડિ સવિ મમતા માયા;
પરમાતમ ધ્યાન સુહાયા, ઓહિજિન પૂજીએ મનરંગે,
જીમ રમીએ સમકિત સંગે. ઓ૦ ૧
ક્ષેત્ર કાલથી ઓહિનાણી, ચઉહા લહે વુઢી ને હાણી;
ઇમ કહે જિન કેવલનાણી. ઓ૦ ૨
દ્રવ્યથી દુગ વુડ્ઢિ વખાણી, ભાવથી ખટ્ વૃદ્ધિ જાણી;
સમુદાઇ ચઉહા કહાણી. ઓ૦ ૩
જિનવર નાણી ગુણખાણી, પૂજો મન ઉલટ આણી;
વરીએ જેમ શિવ પટરાણી. ઓ૦ ૪
જિનવર ઉત્તમ ગુણ ગાવો, પ્રભુના પદ પદ્મ વધાવો;
જીમ રૂપવિજય પદ પાવો. ઓ૦ ૫

ઇતિ શ્રી અવધિજ્ઞાનપૂજા.

---

## પૂજા ૪ થી.

દૂહા.

અપ્રમત મુનિવર ગુણી, નિર્મળ ચારિત્રવંત;
ચઢતે સંજમ થાનકે, લહે મનપજ્જવ તંત. ૧

જિનવર જગગુરૂ જગધણી, જબ સંયમ ગ્રહે સાર;
મણપજ્જવ તવ ઉપજે, ચોથું જ્ઞાન ઉદાર. ૨

## ઢાળ.

[ મન મોહનારે લોલ—એ દેશી ]

અપ્રમત્ત ગુણઠાણમાંરે, મનમોહનારે લોલ,
વર્તતા શ્રી અરિહંતરે, જગસોહનારે લોલ.
સંયમઠાંણ વિશોધતારે, મ૰
લહે મનપજ્જવ તંતરે. જ૰ ૧
ઋજુમતિ વિપુળમતિ તથારે, મ૰
મણપજ્જવ દોય ભેદરે, જ૰
દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથીરે, મ૰
ચઉહા કહે ગતખેદરે. જ૰ ૨
સન્નિ પણિંદીના લહેરે, મ૰ મનનતણા પરજાયરે; જ૰
નરક્ષેત્રે મણનાણથીરે, મ૰ જાણે જે નિરમાયરે, જ૰ ૩
અઢી અંગુલ ન્યૂનાધિકારે, મ૰ ક્ષેત્રથી જાણે દોયરે; જ૰
પલ્ય અસંખ્ય ભાગ કાળથીરે, મ૰
ગતિ આગતિ લહે સોયરે જ૰ ૪
ખમણ દમણ ગુણસાગરૂરે, મ૰
જિન ઉત્તમ મહારાજરે; જ૰
તસ પદપદ્મને પૂજતાંરે, મ૰
લહો ચિદ્રૂપસમાજરે. જ૰ ૫

કાવ્ય તથા મંત્ર પૂર્વવત્ બોલવાં.

## ગીત (દુહા)

અલખ અસંગ અભંગ જસ, જોગારાધન ખાસ;
સંયમતણી વિશુદ્ધતા, કરી તોડે ભવપાસ, ૧
ચરણ કરણ ગુણઆગરા, સરધાવંત સુધીર;
મણપજ્જવનાણી મુણિ, નમતાં ટળે ભવપીર. ૨

## ઢાળ.

[ અનેહાંરે ગોકુળ ગોંદરેરે—એ દેશી. ]

અનેહાંરે સંયમઠાણ વિશુદ્ધતારે, અપ્રમત્ત ગુણઠાણ;
ફરસી પાસપ્રભુ લહ્યારે, મણપજ્જવ વરનાણ.
પુજા કરો જિનરાજનીરે—એ ટેક. ૧

અનેહાંરે સંજમઠાણ અનંતારે, ઉલંઘી અહિઠાણ;
ફરસતા શુદ્ધ સંયમગુણેરે, ધ્યાયે ધર્મનું ઝાણ. પૂ૦ ૨
અનેહાંરે આણા અપાય વિપાકથીરે, સંઠાણ વિચય પ્રકાર;
ધ્યાતા ધ્યાન સોહામણુંરે, સાધ્યપદે મનોહાર. પૂ૦ ૩
અનેહાંરે અપ્રમત્તગુણ ભૂમિકારે, આલંબન ગ્રહી ચાર;
દશધા સંયમ પાલતારે, ભાવદયા ભંડાર. પૂ૦ ૪
અનેહાંરે ભાવથકી મનોદ્રવ્યનારે, લહે પરજાય અનંત;
ગુણશ્રેણી પગથાળીએરે, નિત ચઢતા ભગવંત. પૂ૦ ૫
અનેહાંરે ખિમાવિજય જિનરાજનારે, ઉત્તમ એ અવદાત;
તસ પદપદ્મ પુજા કરીરે, લહો ચિદ્રૂપ વિખ્યાત. પૂ૦ ૬

ઇતિ મનઃપર્યવજ્ઞાનપૂજા ૪.

## પૂજા ૫ મી.

દુહા.

સકલ વિભાવ ઉપાધિના, કારક ઘાતિ ચાર;
ક્ષય કરી કેવળ પામિયા, જિનવર જગદાધાર. ૧
પૂજો ધ્યાવો ધ્યાનમાં, સોહંપદ કરો જાપ;
ચિદાનંદ પદ સંપજે, હોય ધ્યેયપદ આપ. ૨

## ઢાળ.

[ચક્રી ભરત નરેસરૂરે, સાંભળી દેશના તાત, સલુણા—એ દેશી.]

વીતરાગ પરમાતમારે, ખીણમોહી અરિહંત; સલુણા.
ખપક શ્રેણિ અંગીકરીરે, કરી ઘાતિ ચઉ અંત. સ૦
પંચમ જ્ઞાનને પૂજીએરે, પંચમ ગતિ દાતાર. સ૦ ૧.
એ આંકણી.
કેવળ કમળાને વર્યારે, કેવળ દરિસણ સાથ; સ૦
લોકાલોક પ્રકાશતારે, જે થયા ત્રિભુવન નાથ. સ૦ ૨
ચારે જ્ઞાનતણી પ્રભારે, એહમાં સયલ સમાય; સ૦
તારા ઉડુ÷ ગ્રહ ચંદ્રનીરે, ભા+ રવિમાં લય થાય. સ૦ ૩
એક સમે અરિહા મુણેરે, ખટ દ્રવ્ય ગુણ પરજાય; સ૦
અનંત વિરજની શક્તિએરે, વ્યાપકતા તે ઠરાય. સ૦ ૪
જ્ઞેય પ્રમાણે જ્ઞાનનારે, અહવા છે પરજાય; સ૦
બૃહત્કલ્પના ભાષ્યમાંરે, કહે સોહમ ગણરાય. સ૦ ૫

÷ નક્ષત્ર + કાંતિ.

કેવળજ્ઞાનકળા ભર્યારે, જિન ઉત્તમ મહારાજ; સ૦
તસ પદપદ્મની પૂજનારે, કરતાં ચિદ્દરૂપરાજ. સ૦ ૬

કાવ્ય તથા મંત્ર પૂર્વવત્ કહેવાં.

## ગીત ( દુહા. )

શમ ૧ દમ ૨ ઉપરતિ ૩ નિત કરે, ચોથી તિતિક્ષા ૪ સાર;
સમાધાન ૫ શ્રદ્ધા ૬ કરી, લહે કેવળ ચિદ્દ ફાર. ૧
પરમજ્યોતિ પાવનકરણ, પરમાતમ પરધાન;
કેવળજ્ઞાન પૂજા કરી, પામો કેવળજ્ઞાન. ૨

## ઢાળ.

[ વારી જાઉં શ્રી અરિહંતની—એ દેશી. ]

પૂજા શ્રી અરિહંતની, કરીએ ધરીએ એકતાન; મોહન.
નાગકેતુપરે નિરમલી, પામો કેવળજ્ઞાન. મોહન પૂ૦ ૧
પૂજકપૂજ્યની પૂજના, કરતા પૂજ્ય તે થાય; મો૦
કેવળકમળા પામીને, અજરામર પદ ઠાય. મો૦ પૂ૦ ૨
બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મ ખપાય; મો૦
સિદ્ધ બુદ્ધ પરમાતમા, અકળ અસંગ અમાય. મો૦ પૂ૦ ૩
જ્ઞાનાનંદી આતમા, પામી મહોદય ઠાય; મો૦
સાદિ અનંત સુખ અનુભવે, વાચ્ય અગમ્ય કહાય. મો૦ પૂ૦ ૪

અનંત ગુણી કેવળી પ્રભુ, શ્રીશંખેશ્વર પાસ મો૦
તસ પદપદ્મ પૂજન કરી, લહો ચિદ્રૂપ ઉલ્લાસ. મો૦ પૂ૦ ૫

ઇતિ કેવળજ્ઞાન પૂજા ૫.

## કળશ.

રાગ ધનાશ્રી.

પૂજો પૂજો રે ભવિ પંચ જ્ઞાન નિત પૂજો;
પંચ જ્ઞાન પૂજન સમ ઘટમાં, ઓર ન સાધન દૂજોરે.
ભવિ૦ ૧

મઈ સુઅ ઓહિ ને મનપર્યંવ, કેવળ પંચમ જાણો,
અઠાવીશ ચઉદસ ખટ દુગ ઇગ,
ભેદ પ્રણામ વખાણોરે. ભ૦ ૨

જ્ઞાન આરાધન સાધન સિદ્ધિનું, સાધી કર્મ ખપાયા;
કેવળકમળા પામી અનંતી,
સિદ્ધિએ સિદ્ધ સુહાયારે, ભ૦ ૩

જ્ઞાન જ્ઞાનીની સેવા કરતાં, ચિર સંચિત અઘ જાય;
પુન્ય મહોદય કમળા વિમળા,
ઘટમાં પરગટ થાયરે. ભ૦ ૪

શ્રી વિજયદેવ સૂરીશ્વર પાટે, વિજયસિંહ સૂરિરાયા;
તાસ શિષ્ય શ્રી સત્યવિજય ગણિ,
સંવેગ મારગ ધ્યાયારે. ભ૦ ૫

શિષ્ય કપૂર ખિમા જિન ઉત્તમ, વિજયપદે સોહાયા;
શ્રી ગુરૂ પદ્મવિજય પદપંકજ,
નમતાં શ્રુત બહુ પાયારે. ભ૦ ૬
ઋષિ ગજ દિગ્ગજ ચંદ સંવત્સર,
જ્ઞાન ભગતિ મન લાયા,
નેમીશ્વર કલ્યાણક દિવસે, પંચજ્ઞાન ગુણગાયારે. ભ૦ ૭
તપગચ્છ વિજયદિણેંદ્ર સૂરીશ્વર, દીપે તેજ સવાયા;
તસ રાજ્યે ભવિજન હિતકાજે,
રુપવિજય ગુણગાયારે. ભ૦ ૮

કાવ્યમ્.

જ્ઞાનં સ્યાત્ કુમતાંધકારતરણિર્જ્ઞાનં જગલ્લોચનં ।
જ્ઞાનં નીતિતરંગિણીકુલગિરિર્જ્ઞાનં કષાયાપહમ્ ॥
જ્ઞાનં નિર્વૃતિવશ્યમંત્રમમલં જ્ઞાનં મનઃપાવનં ।
જ્ઞાનં પંચવિધં યજેઽહમનિશં સ્વર્ગાપવર્ગપ્રદમ્ ॥૧॥
ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય૦

જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નવેદ્યં ૭, ફલં ૮ યજામહે સ્વાહા.

અથ વિધિ.

એક પીઠ ઉપર પવિત્રપણે કુંકુમના ૫૧ સાથીયા કરીએ, તે ઉપર અક્ષત પુરીએ, તે ઉપર નાગરવેલનાં પત્ર એકેક મૂકીએ, તે ઉપર સોપારી બદામ પૈસો ફલ ફુલ નૈવેદ્ય મૂકીએ, ૫૧ દીવા કરીએ, ૫ નાળીએર મૂકીએ, ઘી ખાંડ સહિત પંચ ગોલક થાપીએ, ત્રિવેદિકા પીઠ થાપી સ્વસ્તિક

કરી અક્ષત ફલ ધરીએ, પંચતીર્થીની પ્રતિમા થાપીએ, પછી સ્નાત્ર ભણાવીએ, પછી પૂજા ભણાવીએ, પહેલી પૂજાના ૨૮ સાથીઆ, બીજીના ૧૪, ત્રીજીના ૬, ચોથીના ૨, પાંચમીનો ૧ સાથીઓ નંદાવર્તનો કરીએ. શ્રીફળ મૂકીએ, એની પાંચ પીઠ થાપીએ. ન હોય તો એક મોટા પીઠ ઉપર ભેળા પાંચ થાપીએ.

ગાથા ૮૯, ઢાળો ૧૧, શ્લોક ૧૫૦.

ઇતિ શ્રી પંચજ્ઞાન પૂજાવિધિ સંપૂર્ણ.

# શ્રી યશોવિજયોપાધ્યાયાદિ વિરચિત નવપદની પૂજામાંથી.

॥ સમ્યગ્ જ્ઞાનપદ પૂજા. ॥

॥ કાવ્યં, ઇંદ્રવજ્રા વૃત્તમ્ ॥

અન્નાણ સંમોહ તમોહરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે,
યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે ॥
જેણે જાણીએ વસ્તુ ષડ્દ્રવ્ય ભાવા,
ન હુયે વિતત્થા (વાદ) નીજેચ્છા સ્વભાવા ॥ ૧ ॥
હોયે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે,
ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે ॥
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે,
લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે ॥ ૨ ॥

## ॥ ઢાલ ॥

( ઉલાલાની દેશી )

ભવ્ય ! નમો ગુણ જ્ઞાનને. સ્વપર પ્રકાશક ભાવેજી ॥
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી ॥ ૧ ॥

## ॥ ઉલાલો ॥

જે મુખ્ય પરિણતિ, સકલ જ્ઞાયક, બોધભાવ વિલચ્છના॥
મતિ આદિ પંચ, પ્રકાર નિર્મલ, સિદ્ધસાધન લચ્છના ॥
સ્યાદ્વાદ સંગી, તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા ॥
સવિકલ્પ ને, અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥૨॥

## ॥ ઢાલ. ॥

[ શ્રીપાલના રાસની દેશી ]

ભક્ષાઽભક્ષ ન જે વિણ લહિયે, પેય અપેય વિચાર;
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહિયે,
 જ્ઞાન તે સકલ આધારરે ॥ ભ૦ ॥ સિ૦ ૩૧ ॥
પ્રથમ જ્ઞાન ને પછે અહિંસા, શ્રી સિધ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો,
 જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે ॥ ભ૦ સિ૦ ૩૨ ॥
સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે,
 તે વિણ કહો કિમ રહિયેરે ॥ ભ૦ ॥ સિ૦ ૩૩ ॥
પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ ॥

દીપકપરે ત્રિભુવન ઉપગારી,
વલી જિમ રવિ શશી મેહરે ॥ ભ૦ સિ૦ ૩૪ ॥
લોક ઉરધ અધ તિર્યંગ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ ॥
લોકાલોક પ્રગટ સવિ જેહથી,
તેહ જ્ઞાને મુજ શુદ્ધિરે ॥ ભ૦ સિ૦ ૩૫ ॥

## ॥ ઢાલ. ॥

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષયઉપશમ તસ થાયરે ॥
તો હોયે એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે
॥ વી૦ ॥ ૮ ॥

॥ ઇતિ સપ્તમ સમ્યગ્‌જ્ઞાનપદ પૂજા સમાપ્તા ॥

# શ્રી પદ્મવિજયજીકૃત નવપદજીની પૂજા-માંથી ॥ જ્ઞાનપદ પૂજા ॥

॥ દૂહા. ॥

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક જેહ ॥
તેહ નાણ દીપક સમું. પ્રણમો ધર્મ સનેહ ॥ ૧ ॥

## ॥ ઢાલ ॥

[ નારાયણાની દેશી ॥ જીમ મધુકર મન માલતીરે ॥ એ દેશી ]

નાણ પદારાધન કરોરે, જિમ લહો નિર્મળ નાણરે ॥ભ૦

શ્રદ્ધા પણ થીર તો રહેરે,
જો નવતત્ત્વ વિનાણરે ॥ ભવિ૰ ॥ ના૦ ॥ ૧ ॥
અજ્ઞાની કરશે કિશ્યુંરે, શું લહેશે પુણ્ય પાપરે ॥ભવિ૰॥
પુણ્ય પાપ નાણી લહેરે,
કરે નિજ નિર્મળ આપરે ॥ ભવિ૰ ॥ ના૦ ૨ ॥
પ્રથમ જ્ઞાન પછી દયારે, દશવૈકાલિક વાણરે ॥ભવિ૰॥
ભેદ એકાવન તેહનારે, સમજો ચતુર સુજાણરે
॥ ભવિ૰ ॥ ના૦ ॥ ૩ ॥

॥ દુહા ॥

બહુ કોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ. ॥ ૧ ॥

## ॥ ઢાલ ॥

[ હો મતવાલે સાજના ॥ એ દેશી ]

નાણ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્યભાવ ॥મેરે લાલ॥
જાણે જ્ઞાન ક્રિયા વલી, તિમ ચેતન ને જડભાવ
॥ મેરે લાલ ॥ નાણ નમો૰ ॥ ૧ ॥
નરગ સરગ જાણે વળી, જાણે વલી મોક્ષ સંસાર ॥ મે૰ ॥
હેય જ્ઞેય ઉપાદેય લહે, વલી નિશ્ચય ને વ્યવહાર
॥ મે૰ ॥ ના૰ ॥ ૨ ॥
નામ ઠવણ દ્રવ્ય ભાવ જે, વલી સગ નય ને સપ્ત ભંગ ॥મે૰॥

જિનમુખ પદ્મદ્રહથકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ
॥ મે૦ ॥ ના૦ ॥ ૩ ॥

॥ ઇતિ સપ્તમ જ્ઞાનપદ પૂજા સમાપ્તા ॥

# પંડિતશ્રી વીરવિજયજીકૃત પીસ્તાલીશ આગમની પૂજામાંથી સાતમી પૂજાનું ગીત.

॥ રાગ વસંત ફાગ ॥

[ વીરકુમરની વાતડી, કેને કહિયે ॥ એ દશી ]

આગમની આશાતના નવિ કરિયે, નવિ કરિયે રે નવિ કરિયે;
શ્રુત ભક્તિ સદા અનુસરિયે, શક્તિ અનુસાર ॥ આગ૦ ॥૧॥
જ્ઞાન વિરાધક પ્રાણીઆ મતિહીના, તે તો પરભવ દુઃખિયા;
દીના ॥ ભરે પેટ તે પર આધીના, નીચ કુલ અવતાર ॥ આ૦
અંધા લૂલા પાંગુળા પિંડરોગી, જનમ્યા ને માતવિયોગી ॥
સંતાપ ઘણો ને શોગી, યોગી અવતાર ॥ આ૦ ॥ ૩ ॥
મૂંગા ને વલી બોબડા ધનહીના, પ્રિયા પુત્ર વિયોગે લીના ॥
મૂરખ અવિવેકે ભીના, જાણે રણનું રોઝ ॥ આ૦ ॥ ૪ ॥
જ્ઞાનતણી આશાતના કરી દૂરે, જિન ભક્તિ કરો ભરપૂરે ॥
રહો શ્રી શુભવીર હજુરે, સુખમાંહે મગન્ન ॥ આ૦ ॥ ૫ ॥

॥ ઇતિ સપ્તમી નૈવેદ્ય પૂજા સમાપ્તા ॥ ૭ ॥

---

# ૧ શ્રીજ્ઞાનપંચમીનું ચૈત્યવંદન.

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે ॥
ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે ॥ ૧ ॥

આરાધો ભલિ ભાતસેં, પાંચમ અજુવાલી;
જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાલી ॥ ૨ ॥
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદ સુખ શ્રીકાર ॥ ૩ ॥

જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન ॥ ૪ ॥
જ્ઞાની સાસોસાસમેં, કરે કર્મનો ખેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાને કરે તેહ ॥ ૫ ॥

દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન ॥ ૬ ॥
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભદૃષ્ટિ ॥ ૭ ॥

એકાવનહી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો ॥ ૮ ॥
એણી પેરે પંચમી આરાધીયેએ, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર ॥ ૯ ॥

ઇતિ શ્રી પંચમીનું ચૈત્યવંદન સંપૂર્ણ.

---

# શ્રી જ્ઞાનપંચમીનું મોટું સ્તવન.

[પુણ્ય પ્રશંસીયે, એ દેશી.]

સુત સિદ્ધનાથ ભૂપનોરે, સિદ્ધારથ ભગવાન ॥
બારહ પરખદા આગલેરે, ભાખે શ્રી વર્દ્ધમાનરે ॥ ૧ ॥
ભવિયણ ચિત્ત ધરો, મન વચ કાય અમાયેરે ॥

જ્ઞાન ભગતિ કરો ॥ એ આંકણી ॥

ગુણ અનંત આતમતણારે, મુખ્યપણે તિહાં દોય ॥
તેમાં પણ જ્ઞાનજ વડુંરે, જિણથી દંસણ હોયરે ॥ભ૦ ૨ ॥
જ્ઞાને ચારિત્ર ગુણ વધેરે, જ્ઞાને ઉદ્યોત સહાય ॥
જ્ઞાને થિવિરપણું લહેરે, આચારજ ઉવઝાયરે ॥ ભ૦ ૩ ॥
જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કઠિણ કરમ કરે નાશ ॥
વન્હિ જેમ ઇંધણ દહેરે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશરે ॥ ભ૦ ૪ ॥
પ્રથમ જ્ઞાન પછે દયારે, સંવર મોહ વિનાશ ॥
ગુણઠાણગ પગથાલીયેરે, જેમ ચઢે મોક્ષ આવાસોરે ॥ ભ૦ ૫ ॥
મઇ સુઅ ઓહિ મણપજ્જવારે, પંચમ કેવળજ્ઞાન ॥
ચઉ મુંગા શ્રુત એક છેરે, સ્વપર પ્રકાશ નિદાનરે ॥ ભ૦ ૬ ॥
તેહનાં સાધન જે કહ્યાંરે, પાટી પુસ્તક આદિ ॥
લખે લખાવે સાચવેરે, ધર્મી ધરી અપ્રમાદોરે ॥ ભ૦ ૭ ॥
ત્રિવિધ આશાતના જે કરેરે, ભણતાં કરે અંતરાય ॥
અંધા બેહેરા બોબડારે, મુંગા પાંગુલા થાયરે ॥ ભ૦ ૮ ॥
ભણતાં ગણતાં ન આવડેરે, ન મળે વલ્લભ ચીજ ॥
ગુણમંજરી વરદત્ત પરેરે, જ્ઞાન વિરાધન બીજરે ॥ ભ૦ ૯ ॥
પ્રેમે પૂછે પરખદારે, પ્રણમી જગગુરૂ પાય ॥
ગુણમંજરી વરદત્તનોરે, કરો અધિકાર પસાયોરે ॥ ભ૦ ૧૦ ॥

---

## ॥ ઢાલ બીજી. ॥

[ કપૂર હોયે અતિ ઉજળોરે—એ દેશી. ]

જંબૂદ્વીપના ભરતમાંરે, નયર પદમપુર ખાસ ॥

અજિતસેન રાજા તિહાંરે, રાણી યશોમતિ તાસરે. પ્રાણી ॥
આરાધો વર જ્ઞાન, એહજ મુક્તિ નિદાનરે પ્રાણી૦ ॥ ૧ ॥
વરદત્ત કુંવર તેહનોરે, વિનયાદિક ગુણવંત ॥
પિતાએ ભણવા મૂકીઓરે, આઠ વરસ જબ હુતરે ॥ પ્રા૦ ૨ ॥
પંડિત યત્ન કરે ઘણોરે, છાત્ર ભણાવણ હેત ॥
અક્ષર એક ન આવડેરે, ગ્રંથતણી શી ચેતરે ॥ પ્રા૦ ૩ ॥
કોઢે વ્યાપી દેહડીરે, રાજા રાણી સચિંત ॥
શ્રેષ્ઠી તેહીજ નયરમાંરે, સિંહદાસ ધનવંતરે ॥ પ્રા૦ ૪ ॥
કપૂરતિલકા ગેહિનીરે, શીલે શોભિત અંગ ॥
ગુણમંજરી તસ બેટડીરે, મુંગી રોગે વ્યંગરે ॥ પ્રા૦ ૫ ॥
સોળ વરસની સા થઈરે, પામી યૌવન વેશ ॥
દુર્ભગ પણ પરણે નહીંરે, માત પિતા ધરે ખેદરે ॥ પ્રા૦ ૬ ॥
તેણે અવસરે ઉદ્યાનમાંરે, વિજયસેન ગણધાર ॥
જ્ઞાન ચરણ રયણાયરૂરે, ચરણ કરણ વ્રતધારરે ॥ પ્રા૦ ૭ ॥
વનપાલકે ભૂપાલનેરે, દીધ વધાઇ જામ ॥
ચતુરંગી સેના સજીરે, વંદન જાવે તામરે ॥ પ્રા૦ ૮ ॥
ધર્મદેશના સાંભલેરે, પુરજન સહિત નરેશ ॥
વિકસિત નયણ વદન મુદારે, નહિ પ્રમાદ પ્રવેશરે ॥ પ્રા૦ ૯ ॥
જ્ઞાન વિરાધન પરભવેરે, મૂરખ પર આધીન ॥
રોગે પીડ્યા ટળવળેરે, દીસે દુઃખીયા દીનરે ॥ પ્રા૦ ૧૦ ॥
જ્ઞાન સાર સંસારમાંરે, જ્ઞાન પરમ સુખ હેત ॥
જ્ઞાન વિના જગ જીવડારે. ન લહે તત્વ સંકેતરે ॥પ્રા૦॥૧૧॥
શ્રેષ્ઠી પૂછે મુણીંદનેરે; ભાખો કરૂણાવંત ॥
ગુણમંજરી મુજ અંગજારે, કવણ કર્મ વિરતંતરે ॥પ્રા૦॥૧૨॥

## ઢાળ ત્રીજી

[ સુરતી મહિનાની દેશી. ]

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ;
વ્યવહારી જિનદેવ છે, ઘરણી સુંદરી નામ. ॥ ૧ ॥
અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શીખવા, તાતે મૂકયા કુમાર ॥ ૨ ॥
બાળ સ્વભાવે રમત, કરતાં દહાડા જાય;
પંડિત મારે ત્યારે, મા આગલ કહે આય. ॥ ૩ ॥
સુંદરી શંખિણી શીખવે, ભણવાનું નહીં કામ;
પંડયો આવે તેડવા, તો તસ હણજો તામ. ॥ ૪ ॥
પાટી ખડિયા લેખણ, બાળી કીધાં રાખ;
શઠને વિદ્યા નવિ રુચે, જેમ કરહાને દ્રાખ. ॥ ૫ ॥
પાડાપરે મહોટા થયા, કન્યા ન દીયે કોય;
શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ॥ ૬ ॥
ત્રટકી ભાખે ભામિની, બેટા બાપના હોય;
પુત્રી હોયે માતની, જાણે છે સૌ કોય. ॥ ૭ ॥
રે રે પાપિણી સાપિણી, સામા બોલ મ બોલ;
રીસાળી કહે તાહરો, પાપી બાપ નિટોલ. ॥ ૮ ॥
શેઠે મારી સુંદરી, કાલ કરી તતખેવ;
એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ. ॥ ૯ ॥
મૂર્છાગત ગુણમંજરી, જાતિસમરણ પામી;
જ્ઞાન દીવાકર સાચો, ગુરૂને કેહે શિર નામી. ॥ ૧૦ ॥
શેઠ કહે સુણો સ્વામી, કેમ જાએ એ રોગ;

ગુરૂ કહે જ્ઞાન આરાધો, સાધો વંછિત યોગ. ॥ ૧૧ ॥
ઉજ્વલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ;
નમો નાણુસ્સ ગણણું ગણો, ચોવિહાર ઉપવાસ. ॥ ૧૨ ॥
પૂરવ ઉત્તર સન્મુખ, જપિયે દોય હજાર;
પુસ્તક આગળ ઢોઇએ, ધાન્ય ફળાદિ ઉદાર. ॥ ૧૩ ॥
દીવો પંચ દીવટતણો, સાથિઓ મંગલ ગેહ;
પોસહમાં ન કરી શકે, તેણે વિધિ પારણે એહ. ॥ ૧૪ ॥
અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્વલ કાર્ત્તિક માસ;
જાવજ્જીવ લગે સેવીએ, ઉજમણા વિધિ ખાસ. ॥ ૧૫ ॥

## ઢાળ ચોથો

[ એકવીશાની દેશી.

ઢાળ–પાંચ પોથીરે; ઠવણી પાઠાં વિટાંગણાં,
ચાબખી દોરારે, પાટી પાટલા વરતણાં;
મસી કાગલરે, કાંબી ખડિઆ લેખણી,
કવલી ડાબલીરે, ચંદુઆ ઝરમર પુંજણી. ॥ ૧ ॥
ત્રુટક–પ્રાસાદ પ્રતિમા તાસ ભૂષણ, કેસર ચંદન ડાબલી,
વાસકુંપી બાલાકુંચી, અંગલુહણા છાબડી;
કલશ થાલી મંગલ દીવો, આરતિ ને ધુપણાં,
ચરવલા મુહપત્તિ સામીવચ્છલ, નોકારવાલી થાપના. ॥૨॥
ઢાળ–જ્ઞાન દરિસણરે, ચરણનાં સાધન જે કહ્યાં,
તપ સંયુતરે, ગુણમંજરીએ સદ્દહ્યાં;
નૃપ પૂછેરે, વરદત્ત કુંઅરને અંગરે,
રોગ ઉપનોરે, કવણ કરમના ભંગરે. ॥ ૩ ॥

ત્રુટક-મુનિરાજ ભાખે જંબુદ્વીપે, ભરત સિંહપુર ગામ એ,
વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ;
વનમાંહે રમતાં દોય બંધવ, પુણ્યયોગે ગુરૂ મલ્યા,
વૈરાગ્ય પામો ભોગ વામી, ધર્મ ધામી સંચર્યા. ॥૪॥

ઢાલ-લઘુ બાંધવરે, ગુણવંત ગુરૂ પદવી લહે,
પણસય મુનિનેરે, સારણ વારણ નિતુ દિએ;
કર્મયોગેરે, અશુભ ઉદય થયો અન્યદા,
સંથારેરે, પોરિસી ભણી પોઢયા યદા. ॥ ૫ ॥

ત્રુટક-સર્વઘાતિ નિંદવ્યાપી, સાધુ માગે વાયણા,
ઉંઘમાં અંતરાય થાતાં, સૂરિ હુઆ દૂમણા;
જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યા ભૂતડો,
પુણ્ય અમૃત ઢોળી નાંખ્યું, ભર્યો પાપતણો ઘડો. ॥૬॥

ઢાલ-મન ચિંતવેરે, કાં મુજ લાગ્યું પાપરે,
શ્રુત અભ્યાસોરે, તો એવડો સંતાપરે;
મુજ બાંધવરે, ભોયણ સયણ સુખે કરે,
મૂરખનારે, આઠ ગુણ મુખ ઉચ્ચરે. ॥ ૭ ॥

ત્રુટક--બાર વાસર કોઇ મુનિને, વાયણા દીધી નહીં,
અશુભ ધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી;
જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદન લહી,
વૃદ્ધ બાંધવ માન સરવર, હંસગતિ પામ્યો સહી. ॥૮॥

ઢાલ-વરદત્તનેરે, જાતિ સમરણ ઉપન્યું,
ભવ દીઠોરે, ગુરૂ પ્રણમી કહે શુભ મનો;
ધન્ય ગુરૂજીરે, જ્ઞાન જગત્રય દીવડો,
ગુણ અવગુણરે, ભાસન જે જગ પરવડો. ॥ ૯ ॥

ત્રુટક—જ્ઞાનપાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે,
ગુરૂ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ઘન તાવડે;
ભૂપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી,
ગુરૂ કહે પંચમી તપ આરાધો, સંપદા લ્યો એવડી. ॥૧૦॥

## ઢાળ પાંચમી

[ મેંદી રંગ લાગ્યો—એ દેશી ]

સદ્‌ગુરૂ વયણ સુધારસેરે, ભેદી સાતે ધાત ॥ તપશું રંગ લાગ્યો ॥
ગુણમંજરી વરદત્તનોરે, નાઠો રોગ મિથ્યાત. ॥ ત૦ ॥ ૧ ॥
પંચમી તપ મહિમા ઘણોરે, પ્રસર્યો મહીયલમાંહી; ॥ ત૦ ॥
કન્યા સહસ સયંવરારે, વરદત્ત પરણ્યો ત્યાંહી. ॥ ત૦ ॥ ૨ ॥
ભૂપે કીધો પાટવીરે, આપ થયો મુનિભૂપ; ॥ ત૦ ॥
ભીમ કાંત ગુણે કરીરે, વરદત્ત રવિ શશિ રૂપ. ॥ ત૦ ॥ ૩ ॥
રાજરમા રમણીતણારે, ભોગવે ભોગ અખંડ; ॥ ત૦ ॥
વરસે વરસે ઉજવેરે, પંચમી તેજ પ્રચંડ. ॥ ત૦ ॥ ૪ ॥
ભુક્તયોગી થયા સંજમીરે, પાલે વ્રત ખટ્‌કાય; ॥ ત૦ ॥
ગુણમંજરી જિનચંદ્રનેરે, પરણાવે નિજ તાય. ॥ ત૦ ॥ ૫ ॥
સુખ વિલસી થઇ સાધવીરે, વૈજયંતે દોય દેવ; ॥ ત૦ ॥
વરદત્ત પણ ઉપનોરે, જિહાં સીમંધર દેવ. ॥ ત૦ ॥ ૬ ॥
અમરસેન રાજા ઘરેરે, ગુણવંત નારી પેટ; ॥ ત૦ ॥
લક્ષણ લક્ષિત રાયનેરે, પુણ્યે કીધો ભેટ. ॥ ત૦ ॥ ૭ ॥
સુરસેન રાજા થયોરે, સો કન્યા ભરતાર; ॥ ત૦ ॥
સીમંધર સામી કનેરે, સુણી પંચમી અધિકાર. ॥ ત૦ ॥ ૮ ॥
તિહાં પણ તે તપ આદર્યુંરે, લોકસહિત ભૂપાલ; ॥ ત૦ ॥

દશ હજાર વરસાં લગેરે, પાળે સંજમ ઉદાર. ॥ ત૦ ॥ ૯ ॥
ચાર મહાવ્રત ચોંપશુંરે, શ્રી જિનવરની પાસ; ॥ ત૦ ॥
કેવલધર મુક્તિ ગયારે, સાદિ અનંત નિવાસ. ॥ ત૦ ॥ ૧૦ ॥
રમણી વિજય શુભાપુરીરે, જંબુ વિદેહ મઝાર; ॥ ત૦ ॥
અમરસિંહ મહીપાળનેરે, અમરાવતી ઘરનાર. ॥ ત૦ ॥ ૧૧ ॥
વૈજયંત થકી ચવીરે, ગુણમંજરીનો જીવ; ॥ ત૦ ॥
માનસ સર જેમ હંસલોરે, નામ ધર્યું સુગ્રીવ. ॥ ત૦ ॥ ૧૨ ॥
વીસે વરસે રાજવીરે, સહસ ચોરાસી પુત્ર; ॥ ત૦ ॥
લાખ પૂરવ સમતા ધરેરે, કેવલજ્ઞાન પવિત્ર. ॥ ત૦ ॥ ૧૩ ॥
પંચમી તપ મહિમા વિષેરે, ભાખે નિજ અધિકાર ॥ ત૦ ॥
જેણે જેહથી શિવપદ લહ્યુંરે, તેને તસ ઉપકાર. ॥ ત૦ ॥ ૧૪ ॥

## ઢાળ છઠ્ઠી

[ કરકંડુને કરૂં વંદણા—એ દેશી. ]

ચોવીસ દંડક વારવા ॥ હું વારી લાલ ॥
ચોવીસમો જિનચંદરે ॥ હું વારી લાલ;
પ્રગટયો પ્રાણત સ્વર્ગથી ॥ ॥ હું ॥
ત્રિશલા ઉર સુખકંદરે. ॥ હું૦ ॥૧॥
મહાવીરને કરૂં વંદના, ॥ હું૦ ॥ એ આંકણી ॥
પંચમી ગતિને સાધવા ॥ હું૦ ॥ પંચમ નાણ વિલાસરે ॥હું૦॥
મહાનિશીથ સિદ્ધાંતમાં ॥ હું૦ ॥ પંચમી તપ પ્રકાશરે ॥હું૦॥૨॥
અપરાધી પણ ઉદ્ધર્યો ॥ હું૦ ॥ ચંડકોશિઓ સાપરે ॥ હું૦ ॥
યજ્ઞ કરંતા બાંભણાં ॥ હું૦ ॥ સરખા કીધા આપરે ॥હું૦॥૩॥
દેવાનંદ બ્રાહ્મણી ॥ હું૦ ॥ રિષભદત્ત વળી વિપ્રરે ॥ હું૦ ॥

ખ્યાસી દિવસ સંબંધથી ॥હું૦॥ કામિત પૂર્યો ક્ષિપ્રરે ॥હું૦॥૪॥
કર્મ રોગને ટાલવા ॥ હું૦ ॥ સવિ ઔષધનો જાણરે ॥ હું૦ ॥
આદર્યા મેં આશા ધરી ॥હું૦॥ મુજ ઉપર હિત આણરે ॥હું૦॥૫॥
શ્રી વિજયસિંહ સૂરીશનો ॥ હું૦ ॥ સત્યવિજય પંન્યાસરે ॥હું૦॥
શિષ્ય કપૂરવિજય કવિ ॥ હું૦ ॥ ચંદકિરણ જસ જાસરે ॥હું૦॥૬॥
પાસ પંચાસરા સાંનિધે ॥હું૦॥ ખિમાવિજય ગુરૂ નામરે ॥હું૦॥
જિનવિજય કહે મુજ હજો ॥હું૦॥ પંચમી તપ પરિણામરે ॥હું૦॥૭

## કળશ.

ઇમ વીર લાયક વિશ્વનાયક, સિદ્ધિદાયક સંસ્તવ્યો ॥
પંચમી તપ સંસ્તવન ટોડર, ગુંથી જિનકંઠે ઠવ્યો ॥
પુણ્ય પાટણ ક્ષેત્રમાંહે, સત્તર ત્રાણું સંવત્સરે ॥
શ્રીપાર્શ્વ જન્મકલ્યાણદિવસે, સકલ ભવિ મંગલ કરે ॥ઇતિ॥

## શ્રી પંચમીની સ્તુતિ

શ્રાવણ શુદિ દિન પંચમી એ, જનમ્યા નેમિજિણંદ તો ॥
શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો ॥
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો ॥
અષ્ટ કરમ હેલે હણીએ. પહોતા મુક્તિ મહંત તો ॥ ॥ ૧ ॥
અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતા મુક્તિ મોઝાર તો ॥
વાસુપૂજ્ય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો ॥
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો ॥
સમેતશિખર વીશ સિદ્ધ હુઆ એ, શિર વહું તેહની આણતો ॥૨॥
નેમિનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો ॥
જીવદયા ગુણ વેલડીએ, કીજે તાસ જતન તો ॥

મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો ॥
અનંત તીર્થંકરે એમ કહે એ, પરહરિએ પરનાર તો ॥૩॥
ગોમેદ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો ॥
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો ॥
તપગચ્છ નાયક ગુણનિલો એ, શ્રી વિજયસેન સૂરિરાય તો ॥
રિષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતાર તો ॥

ઇતિ શ્રીપંચમીની સ્તુતિ સંપૂર્ણ.

## શ્રી જ્ઞાનપંચમીનું લઘુ સ્તવન.

પંચમી તપ તુમે કરોરે પ્રાણી! જેમ પામો નિર્મળ નાણરે;
પહેલું જ્ઞાન ને પછી કિરિયા, નહીં કોઈ જ્ઞાન સમાનરે ॥ પં૦ ॥૧॥
નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પંચ પ્રકારરે;
મતિ શ્રુત અવધિ ને મનપર્યવ, કેવલજ્ઞાન શ્રીકારરે ॥ પં૦ ॥૨॥
મતિ અઠ્ઠાવીશ શ્રુત ચૌદ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકારરે;
દોય ભેદે મનપર્યવ દાખ્યું, કેવલ એક ઉદારરે ॥ પં૦ ॥૩॥
ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, જેહવો તેજ આકાશરે;
કેવલજ્ઞાન ઉદ્યોત ભયો તવ, લોકાલોકપ્રકાશરે ॥ પં૦ ॥ ૪ ॥
પાર્શ્વનાથ પસાય કરીને, પૂરો મારા મનના ઉમેદરે;
સમયસુંદર કહે હું પણ માગું, જ્ઞાનનો પંચમો ભેદરે ॥ પં૦ ॥૫॥

## શ્રી જ્ઞાનપંચમીની સ્તુતિ.

श्रीनेमिः पंचरूपत्रिदशपतिकृतप्राज्यजन्माभीषेक-
श्चंचत्पंचाक्षमत्तद्विरदमदभिदा पंचवक्त्रोपमानः ॥
निर्मुक्तः पंचदेह्याः परमसुखमयः प्रास्तकर्मप्रपंचः ।
कल्याणं पंचमीसत्तपसि वितनुतां पंचमज्ञानवान् वः ॥ १ ॥

संप्रीणन् सच्चकोरान् शिवतिलकसमः कौशिकानंदमूर्तिः ।
पुण्याब्धिप्रीतिदायी सितरुचिरिवयः स्वीयगोभिस्तमांसि ॥
सांद्राणि ध्वंसमानः सकलकुवलयोल्लासमुच्चैश्चकार ।
ज्ञानं पुष्याज्जिनौघः सुतपसि भविनां पंचमीवासरस्य ॥२॥
पीत्वा नानाभिधार्थाऽमृतरसमसमं यांति यास्यंति जग्मु-
र्जीवा यस्मादनेके विधिवदमरतां प्राज्यनिर्वाणपुर्याम् ॥
यात्वा देवाधिदेवागमदशमसुधाकुंडमानंदहेतु-
स्तत्पंचम्यास्तपस्युद्यतविशदधियां भाविनामस्तु नित्यम् ३
स्वर्णालंकारवल्गन्मणिकिरणध्वस्तनित्यांधकारा ।
हुंकारारावदूरीकृतसुकृतजनव्रातविघ्नप्रचारा ॥
देवी श्री अंबिकाख्या जिनवरचरणांभोजभृंगीसमाना,
पंचम्यह्नस्तपोर्थं वितरतु कुशलं धीमतां सावधाना ॥४॥

## શ્રીવિજયલક્ષ્મીસૂરિકૃત પાંચમની સજઝાય.

### ઢાળ ૧ લી.

[ મારૂં મન મોહ્યુંરે સુંદર શામળીયારે—એ દેશી ]

શ્રી વાસુપૂજ્ય જિનેસર વયણથીરે, રૂપકુંભ વચનકુંભ મુનિ દોય;
રોહિણીમંદીર સુંદર આવીયારે, નમી ભવ પૂછે દંપતી સોય
ચઉનાણી વયણે દંપતિ મોહિયારે ॥ એ આંકણી ॥
રાજા રાણી નિજ સુત આઠનું રે, તપફળ નીજ ભવધારી સંબંધ;
વિનય કરી પૂછે મહારાજને રે, ચાર સુતાના ભવ પરબંધ ॥ચ૦॥૨
રૂપવતી[૧] શીલવતી[૨] ને ગુણવતી[૩], સરસતી[૪] જ્ઞાન કળા ભંડાર;
જન્મથી રોગ સોગ દીઠો નથી રે, કુણ પુન્ય લીધોરે એહ અવતાર.
॥ ચ૦ ॥ ૩ ॥

## ઢાળ ૨ જી.

[ વાલ્હો મારો વાયે છે વાંસળીરે–એ દેશી ॥ ]

ગુરૂ કહે વૈતાઢય ગિરિવરેરે, પુત્રી વિદ્યાધર ચાર;
નિજ આયુ જ્ઞાનીને પૂછીયુંરે, કરવા સફળ અવતાર.
અવધારો અમ વિનતિ રે ॥ એ આંકણી ॥૧॥
થોડા આયુમાં કારજ ધર્મનાં રે, કિમ કરીએ મુનિરાજ;
ગુરૂ કહે ધર્મના યોગ અસંખ્ય છે રે; જ્ઞાનપંચમી તુમ કાજ
॥ અ૦ ॥ ૨ ॥
ક્ષિણુ અર્ધે સવિ અઘ ટળે રે, શુદ્ધ પરિણામે સાધ્ય;
કલ્યાણક નેવું જિનતણાં રે, પંચમી દિવસે આરાધ્ય ॥અ૦॥૩॥

## ઢાળ ૩ જી

[ જઈને કહેજો મારા વાલાજીરે–એ દેશી ]

ચૈત્ર વદી પંચમી દિને, સુણો પ્રાણીજીરે,
ચવિયા ચંદ્રપ્રભુ સ્વામી, લહિ સુખ ઠામ; સુ૦
અજિત સંભવ અનંતજી, સુ૦
ચૈત્ર શુદી પંચમી શિવધામ, શુભ પરિણામ. સુ૦ ॥ ૧ ॥
વૈશાખ વદી પંચમી દિને, સુ૦
સંજય લીયે કુંથુનાથ, બહુ નર સાથ; સુ૦
જ્યેષ્ઠ શુદી પંચમી વાસરે, સુ૦
મુગતિ પામ્યા ધર્મનાથ, શિવપુર સાથ. સુ૦ ॥ ૨ ॥
શ્રાવણ શુદિ પંચમી દિને, સુ૦
જનમ્યા નમિ સુરંગ, અતિ ઉછરંગ; સુ૦
માગશર વદિ પંચમી દિને, સુ૦
સુવિધિ જન્મ સુખ સંગ, પુન્ય અભંગ. સુ૦ ॥ ૩ ॥

કાર્તિક વદી પંચમી દિને, સુ૰
સંભવ કેવળ જ્ઞાન, કરો બહુ માન; સુ૰
દશ ક્ષેત્રે નેવું જિણ સુણો. સુ૰
પંચમી દિનનાં કલ્યાણ, સુખનાં નિધાન. સુ૰ ॥ ૪ ॥

## ઢાળ ૪ થી

[હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચારજો,
નાણુંરે મળશે પણ ટાણું નહી મળેરે લોલ. એ દેશી ॥]

હાંરે મારે જ્ઞાની ગુરૂનાં વયણ સુખી હિતકારજો,
ચાર વિદ્યાધરી પંચમી વિધિએ આચરેરે લોલ;
હાંરે મારે શાસનદેવ ને પંચ જ્ઞાન મનોહારજો,
ટાળીરે આશાતના દેવવંદન સદારે લોલ. ॥ ૧ ॥

હાંરે મારે તપ પૂરણથી ઉજમણાનો ભાવજો,
એહવે વિદ્યુત્ યોગે સુર પદવી વર્યારે લોલ;
હાં રે મારે ધર્મ મનોરથ આળસ તજતાં હોયજો,
ધન્ય તે આતમ અવિલંબે કારજ કર્યાંરે લોલ. ॥ ૨ ॥

હાં રે મારે દેવથકી તુમ કુક્ષે લીયો અવતારજો,
સાંભળી રોહિણી જ્ઞાન આરાધન ફળ ઘણાંરે લોલ;
હાંરે મારે ચાર ચતુરા વિનય વિવેક વિચારજો,
ગુણ કેટલાં લખાયે તુમ પુત્રીતણાંરે લોલ. ॥ ૩ ॥

## ઢાળ ૫ મી.

[ આસણુરા હો જોગી—એ દેશી ]

જ્ઞાનીના વયણથી ચારે બહેની, જાતિસમરણ પામીરે, જ્ઞાની ગુણવંતા,
ત્રીજા ભવમાં ધારણા કીધી, સિધ્યાં મનનાં કામો રે. જ્ઞા૰ ॥૧॥

શ્રી જિનમંદિર પંચ મનોહર, પંચ વરણા જિનપડિમારે; જ્ઞા૦
જિનવર આગમને અનુસારે, કરી ઉજમણાનો મહિમારે. જ્ઞા૦ ॥૨॥
પંચમી તિથિ આરાધન પંચમ, કેવળનાણી તે થાય રે; જ્ઞા૦
શ્રીવિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણે,સંઘ સકળ સુખદાયરે. જ્ઞા૦ ॥૩॥

ઈતિ શ્રી પાંચમની સજ્ઝાય સમ્પૂર્ણ.

### આચાર્ય વિજય લક્ષ્મિસૂરિકૃત—

# ॥ અથ શ્રી જ્ઞાનપંચમી દેવવંદન પ્રારંભઃ॥

## ॥ પ્રથમ વિધિ ॥

પ્રથમ બાજોઠ અથવા ઠવણી ઉપર રૂમાલ ઢાંકી પાંચ પુસ્તકો મૂકીને વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરીયે વલી પાંચ દીવેટનો દીવો કરીયે, તે દીવો જયણા પૂર્વક પુસ્તકને જમણે પાસે સ્થાપીયે અને ધુપધાણું ડાબે પાસે મૂકીયે, પુસ્તક આગલ પાંચ અથવા એકાવન સાથીઆ કરી ઉપર શ્રીફલ તથા સોપારી મૂકીયે, યથાશક્તિ જ્ઞાનની દ્રવ્ય પૂજા કરીયે, પછી દેવ વાંદીયે. અને સામાયિક તથા પોસહ મધ્યે વાસ-પૂજાએ પુસ્તક પૂજીને દેવ વાંદીએ, અથવા દેહેરા મધ્યે બાજોઠ ત્રણ ઉપરા ઉપર માંડી, તે ઉપર પાંચ શ્રી જિન-મૂર્તિ સ્થાપીયે, તથા મહાઉત્સવથી પોતાને ઠામે સ્નાત્ર ભણાવીયે, પ્રભુ આગળ જમણી તરફ પુસ્તક માંડયું હોય, તેની પણ વાસક્ષેપ પ્રમુખે પૂજા કરીયે; તથા ઉજમણું માંડયું હોય ત્યાં પણ યથાશકતે કરી જિનબિંબ આગળ લઘુ સ્નાત્ર ભણાવીને અથવા સત્તરભેદી પૂજા ભણાવીને પછી શ્રી સૌભાગ્યપંચમીના દેવ વાંદીયે. ॥

# હવે દેવ વાંદવાનો વિધિ કહે છે.

પ્રથમ પ્રગટ નવકાર કહી ઇરિયાવહી પડિક્કમી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ ? મતિજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? એમ કહી પછી યોગમુદ્રાએ ચૈત્યવંદન કરીયે, તે કહે છે.

# અથ શ્રી મતિજ્ઞાનનું ચૈત્યવંદન

શ્રી સૌભાગ્યપંચમી તણો, સયલ દિવસ સિણગાર ॥ પાંચે જ્ઞાનને પૂજીયે, થાય સફલ અવતાર ॥ ૧ ॥ સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર ॥ સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર ॥ ૨ ॥ પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર ॥ પંચ વરણ જિન બિંબને. સ્થાપીજે સુખકાર ॥ પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ ॥ પંચ વરણ કલશા ભરી, હરીયે દુઃખ ઉપભોગ ॥ ૪ ॥ યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે ॥ પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે ॥ ૫ ॥ મતિ શ્રુત વિણ હોવે નહિ એ, અવધિ પ્રમુખ મહા જ્ઞાન ॥ તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિમાન ॥ ૬ ॥ ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાલે ॥ સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાલે

॥ ૭ ॥ લક્ષણ ભેદે ભેદ છે; કારણ કારજ યોગે ॥ મતિ સાધન શ્રુત સાધ્ય છે. કંચન કલશ સંયોગે ॥ ૮ ॥ પરમાતમ પરમેસરૂ એ, સિદ્ધ સયલ ભગવાન ॥ મતિ જ્ઞાન પામી કરી, કેવલ લક્ષ્મી નિધાન ॥ ૯ ॥ ઇતિ ચૈત્યવંદન ॥ ૧ ॥

જંકિંચિ૦ નમુત્થુ૦ જાવંતિ જાવંત૦ ॥ નમોર્હત૦ કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે—

## ॥ અથ શ્રી મતિજ્ઞાનનું સ્તવન ॥

### ॥ રસિયાની દેશી. ॥

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને, ગાજે જગમાં રે જેહ ॥ સુજ્ઞાની ॥ શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જરે રે, મિથ્યા સંચિત ખેહ ॥ સુ૦ ॥૧॥ પ્રણ૦ ॥ સંતપદાદિક નવ દ્વારે કરી, મતિ અનુયોગ પ્રકાશ ॥ સુ૦ ॥ નય વ્યવહારે આવરણ ક્ષય કરી, અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ ॥ સુ૦ ॥ ૨ ॥ પ્રણ૦ ॥ જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે, દો નય પ્રભુજીને સત્ય ॥ સુ૦ ॥ અંતરમુહૂર્ત્ત રહે ઉપયોગથી, એ સર્વ પ્રાણીને નિત્ય ॥ સુ૦ ॥ ૩ ॥ પ્રણ૦ ॥ લબ્ધિ અંતરમુહૂર્ત્ત લઘુ-પણે, છાશઠ સાગર જિટ્ઠ ॥ સુ૦ ॥ અધિકો નરભવ બહુ વિધ જીવને, અંતર કદિયે ન દિટ્ઠ ॥ સુ૦ ॥ ૪ ॥ પ્રણ૦ ॥ સંપ્રતિ સમયે એક બે પામતા, હોય અથવા નવિ હોય ॥ સુ૦ ॥ ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં, પ્રદેશ માને

બહુ જોય ॥ સુ૦ ॥ ૫ ॥ પ્રણ૦ । મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે, કહ્યા પડિવાઈ અનંત ॥સુ૦॥ સર્વ આશાતન વરજો જ્ઞાનની, વિજયલક્ષ્મી લહો સંત ॥ સુ૦ ॥ ॥ ૬ ॥ પ્રણ૦ ॥

## ઇતિ શ્રી મતિજ્ઞાનસ્તવનમ્ ॥

પછી જયવીયરાય કહી, ખમાસમણ દેઈ, ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્! શ્રીમતિજ્ઞાનઆરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં! મતિજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ અને અન્નત્થ ઉસસિએણં. કહી એક લોગસ્સને। ચંદેસુનિમ્મલયરા સુધીને। અને ન આવડે તો ચાર નવકારને। કાઉસ્સગ્ગ કરી કાઉસ્સગ્ગ પારી નમોડર્હંત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી પછી થુઇ કહેવી, તે નીચે પ્રમાણે.

## ॥ અથ થુઇ ॥

### [ શ્રી સંખેશ્વર પાસ જિનેસર.–એ દેશી. ]

શ્રીમતિજ્ઞાનની તત્ત્વ ભેદથી, પર્યાયે કરી વ્યાખ્યાજી ॥ ચઉવિહ દ્રવ્યાદિકને જાણે, આદેશે કરી દાખ્યા જી ॥ માને વસ્તુ ધર્મ અનંતા, નહી અજ્ઞાન વિવક્ષા જી ॥ તે મતિજ્ઞાનને વંદો પૂજો, વિજયલક્ષ્મી ગુણ કાંક્ષાજી ॥ ૧ ॥ ઈતિ સ્તુતિ ॥

પછી ખમાસમણ દેઇ એક ગુણને। દુહો કહી, પછી

બીજું ખમાસમણ દેઇ બીજો ગુણ વરણવવો ॥ એ રીતે મતિજ્ઞાન સંબંધી અઠ્ઠાવીશ ખમાસમણ દેવાં. તેની પીઠિકાના દુહા પ્રથમ કહેવાના તે આ પ્રમાણે—

## ॥ દુહા ॥

શ્રી શ્રુતદેવી ભગવતી; જે બ્રાહ્મી લીપીરૂપ ॥ પ્રણમે જેહને ગોયમા, હું વંદૂ સુખરૂપ ॥ ૧ ॥ જ્ઞેય અનંતે જ્ઞાનના, ભેદ અનેક વિલાસ ॥ તેહમાં એકાવન કહ્યું, આતમધર્મ પ્રકાશ ॥ ૨ ॥ ખમાસમણ એક એકથી, સ્તવીયે જ્ઞાન ગુણ એક ॥ એમ એકાવન દીજીએ, ખમાસમણ સુવિવેક ॥ ૩ ॥ શ્રી સૌભાગ્યપંચમી દિને, આરાધો મતિજ્ઞાન ॥ ભેદ અઠ્ઠાવીશ એહના, સ્તવીયે કરી બહુમાન ॥ ૪ ॥ ઇંદ્રિય વસ્તુ પુગ્ગલા, મલવે અવત્તવ નાણ ॥ લોચન મન વિણુ અક્ષને, વ્યંજનાવગ્રહ જાણ ॥ ૫ ॥ ભાગ અસંખ્ય આવલિ લઘુ, સાસ પહુત ઠિઈ જિ । પ્રાપ્યકારી ચઉ ઇંદ્રિયા, અપ્રાપ્યકારો દુગ દિઠ્ઠ ॥ ૬ ॥ ઇતિ ॥

## ॥ અથ ખમાસમણના દુહા ॥

સમક્તિ શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ ॥ પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ ॥ ૧ ॥

અહીં પહેલું ખમાસમણ દેવું ને એ પ્રમાણે એ દુહો ગુણ ગુણ દીઠ કહેવો અને કહ્યા પછી ખમાસમણ આપવું ખમા૦ ॥ ૧ ॥

॥ દુહા ॥

નહી વર્ણાદિક યોજના, અર્થાવગ્રહ હોય ॥
નોઈંદ્રિય પંચ ઇંદ્રિયે, વસ્તુગ્રહણ કાંઈ જોય ॥ સમ૦ ॥૨॥
॥ અન્વય વ્યતિરેકે કરી, અંતરમુહૂર્ત પ્રમાણ
પંચેંદ્રિય મનથી હોયે, ઇહા વિચારણા જ્ઞાન ॥ સમ૦ ॥
॥ ૩ ॥ વર્ણાદિક નિશ્ચય વસે, સુર નર એહિ જ વસ્ત ॥
પંચેંદ્રિય મનથી હોયે, ભેદ અપાય પ્રશસ્ત ॥ સમ૦ ॥
॥ ૪ ॥ નિર્ણીત વસ્તુ સ્થિર ગ્રહે, કાલાંતર પણ સાચ ॥
પંચેદ્રિય મનથી હોયે, ધારણા અર્થ ઉવાચ ॥ સમ૦ ॥
૫ ॥ નિશ્ચય વસ્તુ ગ્રહે છતે, સંતત ધ્યાન પ્રકામ૦ ॥
અપાયથી અધિકે ગુણે, અવિચ્યુતિ ધારણા ઠામ ॥
સમ૦ ॥ ૬ ॥ અવિચ્યુતિ સ્મૃતિતણું, કારજ કારણ
જેહ ॥ સંખ્ય અસંખ્ય કાલજ સુધી, વાસના ધારણા
તેહ ॥ સમ૦ ॥ ૭ ॥ પૂર્વોત્તર દર્શન દ્વય. વસ્તુ અપ્રાપ્ત
એકત્વ ॥ અસંખ્ય કાલે એ તેહ છે, જાતિસ્મરણ તત્ત્વ
॥સમ૦॥ ૮ ॥ વાજિંત્ર નાદ લહી ગ્રહે, એ તો દુંદુભિ
નાદ ॥ અવગ્રહાદિક જાણે બહુ, ભેદ એ મતિ આલ્હાદ
॥સમ૦॥ ૯ ॥ દેશ સામાન્યે વસ્તુ છે, ગ્રહે તદપિ
સામાન્ય॥ શબ્દ એ નવ નવ જાતિનો, એ અબહુ
મતિમાન ॥ સમ૦ ॥ ૧૦ ॥ એકજ તુરિયના નાદમાં,
મધુર તરૂણાદિક જાતિ ॥ જાણે બહુ વિધ ધર્મશું,
ક્ષય ઉપશમની ભાતિ ॥ સમ૦ ॥ ૧૧ ॥ મધુરતાદિક
ધર્મમાં, ગ્રહવો અલ્પ સુવિચાર ॥ અબહુવિધ મતિ

ભેદનો, કીધો અર્થ વિસ્તાર ॥ સમ૦ ॥ ૧૨॥ શીઘ્રમેવ જાણે સહી, નવી હોય બહુ વિલંબ ॥ ક્ષિપ્ર ભેદ એ જ્ઞાનનો, જાણે મતિ અવલંબ ॥ સ૦ ॥ ૧૩॥ બહુ વિચાર કરી જાણીએ, એ અક્ષિપ્રહ ભેદ ॥ ક્ષયોપશમ વિચિત્રતા, કહે મહાજ્ઞાની સંવેદ ॥ સમ૦ ॥૧૪॥ અનુમાને કરી કો ગ્રહે, ધ્વજથી જિનવર ચૈત્ય ॥ પૂર્વ પ્રબંધ સંભારીને, નિશ્ચિત ભેદ સંકેત ॥ સ૦ ॥ ૧૫ ॥ બાહિર ચિન્હ ગ્રહે નહી, જાણે વસ્તુ વિવેક ॥ અનિશ્ચિત ભેદ એ ધારીએ, અભિનિબોધિક ટેક ॥ સ૦ ॥ ૧૬ ॥ નિઃસંદેહ નિશ્ચયપણે, જાણે વસ્તુ અધિકાર ॥ નિશ્ચિત અર્થ એ ચિંતવો. મતિજ્ઞાન પ્રકાર ॥ સ૦ ॥ ૧૭ ॥ એમ હોવે વા અન્યથા, એમ સંદેહે જુત્ત ॥ ધરે અનિશ્ચિત ભાવથી, વસ્તુ ગ્રહણ ઉપયુત્ત ॥ સ૦ ॥ ૧૮ ॥ બહુ પ્રમુખ ભેદે ગ્રહ્યું, જિમ એકદા તિમ નિત્ય ॥ બુદ્ધિ થાયે જેહને, એ ધ્રુવભેદનું ચિત્ત ॥ સ૦ ॥ ૧૯ ॥ બહુ પ્રમુખ રૂપે કદા, કદા અબહ્વાદિક રૂપ ॥ એ રીતે જાણે તદા, ભેદ અધ્રુવ સ્વરૂપ ॥ સ૦ ॥ ૨૦ ॥ અવગ્રહાદિક ચઉભેદમાં, જાણવા યોગ્ય તે જ્ઞેય ॥ તે ચઉભેદે ભાંખીયો, દ્રવ્યાદિકથી ગણેય ॥ જાણે આદેશે કરી, કેટલા પર્યાય વિશિષ્ટ ॥ ધર્માદિક સર્વ દ્રવ્યને, સામાન્ય વિશેષ ગરિષ્ઠ સમ૦ ॥ ૨૧ ॥ સામાન્યાદેશે કરી. લોકાલોક સ્વરૂપ ॥ ક્ષેત્રથી જાણે સર્વને તત્ત્વ

પ્રતીત અનુરૂપ ॥ સમ૦ ॥ ૨૨ ॥ અતીત અનાગત વર્તના. અદ્ધા સમય વિશેષ ॥ આદેશે જાણે સહુ વિતથ નહિ લવલેશ ॥ સમ૦ ॥ ૨૩ ॥ ભાવથી સવિહું ભાવનો, જાણે ભાગ અનંત ॥ ઉદયિકાદિક ભાવ જે, પંચ સામાન્યે લહંત ॥ સમ૦ ૨૪ ॥ અશ્રુતનિશ્રિત માનિયે, મતિના ચાર પ્રકાર ॥ શીઘ્ર સમય રોહા પરે, અકલ ઉત્પાતકી સાર ॥ સમ૦ ॥ ૨૫ ॥ વિનય કરતાં ગુરૂતણો, પામે મતિ વિસ્તાર ॥ તે વિનયિકી મતિ કહી, સઘલા ગુણ શિરદાર ॥ સમ૦ ૨૬ ॥ કરતાં કાર્ય અભ્યાસથી, ઉપજે મતિ સુવિચાર ॥ તે બુદ્ધિ કહી કાર્મકી, નંદીસૂત્ર મઝાર ॥ સ૦ ॥ ૨૭ ॥ જે વયના પરિ-પાકથી, લહે બુદ્ધિ ભરપૂર ॥ કમલ વને મહા હંસને, પારિણામિકી એ સનૂર ॥ અડવીશ બત્રીશ દુગ ચઉ, ત્રણશેં ચાલીશ જેહ ॥ દર્શનથી મતિ ભેદ તે, વિજય-લક્ષ્મી ગુણગેહ ॥ સ૦ ॥ ૨૮ ॥ ઇતિ મતિજ્ઞાન સંપૂર્ણમ્ ॥

## ॥ અથ શ્રુતજ્ઞાન ॥

પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રીશ્રુતજ્ઞાનઆરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઇચ્છં! કહી ચૈત્યવંદન કહેવું તે નીચે પ્રમાણે—

## ॥ દ્વિતીય શ્રુતજ્ઞાન ચૈત્યવંદન ॥

શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો; સ્વપર પ્રકાશ જેહ ॥ જાણે દેખે જ્ઞાનથી, શ્રતથી ટલે સંદેહ ॥ અનભિલાપ્ય અનંત ભાવ, વચન અગોચર દાખ્યા ॥ તેહનો ભાગ

અનંતમો, વચન પર્યાયે આખ્યા ॥ વલી કથનીય પદાર્થનો એ, ભાગ અનંતમો જેહ ॥ ચઉદે પૂરવમાં રચ્યો, ગણધર ગુણ સસનેહ ॥ ૧ ॥ માંહોમાંહે પૂરવધરા, અક્ષર લાભે સરિખા ॥ છઠાણવડીયા ભાવથી, તે શ્રુત મતિય વિશેષા ॥ તેહિજ માટે અનંતમે, ભાગ નિબદ્ધા વાચા ॥ સમકિત શ્રુતના માનીયે, સર્વ પદારથ સાચા ॥ દ્રવ્ય ગુણ પર્યાયે કરી, જાણે એક પ્રદેશ ॥ જાણે તે સવિ વસ્તુને નંદીસૂત્ર ઉપદેશ ॥ ૨ ॥ ચોવીશ જિનના જાણીએ, ચઉદ પૂરવધર સાધ ॥ નવશત તેત્રીશ સહસ છે, અઠ્ઠાણું નિરુપાધ ॥ પરમત એકાંતવાદીનાં,શાસ્ત્ર સકલ સમુદાય ॥ તે સમક્તિવંતે ગ્રહ્યાં, અર્થ યથારથ થાય ॥ અરિહંત શ્રુત કેવલી કહે એ, જ્ઞાનાચાર ચરિત્ત ॥ શ્રુતપંચમી આરાધવા, વિજયલક્ષ્મીસૂરિ ચિત્ત ॥ ૩ ॥ ઇતિ ચૈત્યવંદન ॥

પછી નમુથ્થુણું૦ જાવંતિ૦ જાવંત૦ ॥ નમોઽર્હત્૦ ॥ કહી સ્તવન કહીએ તે આ પ્રમાણે—

## ॥ શ્રી શ્રુતજ્ઞાનનું સ્તવન ॥

### ॥ હરીયા મન લાગ્યોઃ ॥ એ દેશી ॥

શ્રી શ્રુત ચઉદ ભેદે કરી, વરણવે શ્રી જિનરાજરે ॥ ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજરે ॥ શ્રુત-

શું દિલ માન્યો ॥ દિલ માન્યો રે, મન માન્યો, પ્રભુ આગમ સુખકાર રે શ્રુત૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંત રે ॥ સ્વ-પર પર્યાયે એક અક્ષરો, ગુણ પર્યાય અનંતરે ॥ શ્રુત૦ ॥ ૨ ॥ અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્ય રે ॥ તે તો અવરાએ નહી, જિવ સૂક્ષ્મનું એ ચિત્તરે ॥ શ્રુત૦ ॥ ૩ ॥ ઇચ્છે[1] સાંભલવા[2] ફરી[3] પૂછે. નિસુણિ[4] ગ્રહે[5] વિચારંત[6] રે ॥ નિશ્ચય[7] ધારણા[8] તિમકરે, ધીગુણ આઠ એ ગણંત રે ॥ શ્રુત૦ ॥ ૪ ॥ વાદી ચોવીશ જિનતણા, એક લાખ છત્રીશ હજાર રે ॥ બશેં સયલ સભામાંહે, પ્રવચન મહિમા અપાર રે ॥ શ્રુત૦ ॥ ૫ ॥ ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે ॥ તસ અવતાર વખાણીયે, વિજયલક્ષ્મી ગુણગેહ રે ॥ શ્રુત૦ ॥ ૬ ॥ ઇતિ સ્તવન ॥

પછી જયવીયરાય કહી, ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શ્રુતજ્ઞાનઆરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં ! કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ૦ અન્નત્થ૦ કહી લોગસ્સનો, અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને થોય કહેવી, તે કહે છે—

## ॥ શ્રી શ્રુતજ્ઞાનની થુઈ ॥

॥ ગોયમ બોલે ગ્રંથ સંભાલી ॥ એ દેશી ॥

ત્રિગડે બેસી શ્રી જિનભાણ, બોલે ભાષા અમીય

સમાણુ ॥ મત અનેકાંત પ્રમાણુ ॥ અરિહંત શાસન સફરી સુખાણુ, ચઉ અનુયોગ જિહાં ગુણ ખાણુ આતમ અનુભવ ઠાણુ ॥ સકલ પદારથ ત્રિપદી જાણુ, જોજન ભૂમિ પસરે વખાણુ ॥ દોષ બત્રીશ પરિહાણ ॥ કેવલી ભાષિત તે શ્રુત નાણુ, વિજયલક્ષ્મી સૂરિ કહે બહુમાન ॥ ચિત્ત ધરજો તે સયાણુ ॥ ૧ ॥ ઈતિ સ્તુતિઃ ॥

પછી ખમાસમણ દેઈ શ્રુતજ્ઞાનના ચઉદ ગુણ વર્ણવવાને અર્થે દુહા કહેવા તે આ પ્રમાણે તેમાં પહેલા બે દુહા પીઠિકાના છે અને તે પછીનો દૂહો દરેક ગુણદીઠ કહેવો.

## ॥ શ્રી શ્રુતજ્ઞાનના દોહા ॥

વંદો શ્રી શ્રુતજ્ઞાનને, ભેદ ચતુર્દશ વીશ ॥ તેહમાં ચઉદશ વરણવું, શ્રુતકેવલી શ્રુત ઈશ ॥ ૧ ॥ ભેદ અઢાર પ્રકારના, એમ સવિ અક્ષરમાન ॥ લબ્ધિસંજ્ઞા વ્યંજન વિધિ, અક્ષર શ્રુત અવધાન ॥ ૨ ॥ પીઠિકા ॥ પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ ॥ પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ ॥ ૧ ॥ આ દુહો ગુણ ગુણ દીઠ કહેવો. કરપલ્લવ ચેષ્ટાદિકે, લખે અંતર્ગત વાચ ॥ એહ અનક્ષર શ્રુતતણો, અર્થ પ્રકાશક સાચ ॥ પવ૦ ॥ ૨ ॥ સંજ્ઞા જે દીહકાલિકી, તેણે સન્નિયા જાણ ॥ મન ઇંદ્રિયથી ઉપન્યું, સંજ્ઞી શ્રુત અભિ-

ઠાણુ ॥ ૫૧૦ ॥ ૩ ॥ મન રહિત ઇંદ્રિય થકી, નિપન્યું જેહને જ્ઞાન ॥ ક્ષય ઉપશમ આવરણથી, શ્રુત અસંજ્ઞી વખાણ ॥ ૫૧૦ ॥ ૪ ॥ જે દર્શન દર્શન વિના, દર્શન તે પ્રતિપક્ષ. ॥ દર્શન દર્શન હોય જિહાં, તે દર્શન પ્રત્યક્ષ ॥ લલિત ત્રિભંગી ભંગભર નૈગમાદિ નય ભૂર ॥ શુદ્ધ શુદ્ધતર વચનથી, સમકિત શ્રુત વડનૂર ॥ ૫૧૦ ॥ ॥૫॥ ભંગજાલ નર બાલ [બલ્રી] મતિ રચે વિવિધ આયાસ ॥ તિહાં દર્શન દર્શનતણો, નહીં નિદર્શનભાસ.॥સદ્ અસદ્ વેહેંચણ વિના, ગ્રહે એકાંતે પક્ષ ॥ જ્ઞાન ફલ પામે નહી, એ મિથ્યા શ્રુત લક્ષ ॥ ૫૧૦ ૬ ॥ ભરતાદિક દશ ક્ષેત્રમાં, આદિ સહિત શ્રુતધાર ॥ નિજ નિજ ગણધર વિરચિયો, પામી પ્રભુ આધાર ॥ ૫૧૦ ॥ ૭ ॥ દુપ્પસહ સૂરીશ્વર સુધી, વર્તશે શ્રુત આચાર ॥ એક જીવને આશરી ॥ સાદિ સાંત સુવિચાર ॥ ૫૧૦ ॥ ૮ ॥ શ્રુત અનાદિ દ્રવ્ય નય થકી, શાશ્વત ભાવ છે એહ ॥ મહાવિદેહમાં તે સદા, આગમ રયણ અછેહ ॥ ૯ ॥ અનેક જીવને આશરી, શ્રુત છે અનાદિ અનંત ॥ દ્રવ્યાદિક ચઉ ભેદમાં, સાદિ અનાદિ વિરતંત ॥ ૫૧૦ ॥૧૦॥ સરિખા પાઠ છે સૂત્રમાં, તે શ્રુત ગમિક સિદ્ધાંત ॥ પ્રાયે દષ્ટિવાદમાં, શોભિત ગુણ અનેકાંત ॥ ૫૧૦ ॥ ૧૧ ॥ સરિખા આલાવા નહી, તે કાલિક શ્રુતવંત ॥ આગમિક

શ્રુત એ પૂજીયે, ત્રિકરણ યોગ હસંત ॥ ૫૧૦ ॥ ૧૨ ॥ અઢાર હજાર પદે કરી, આચારાંગ વખાણ॥ તે આગલ દુગુણા પદે, અંગપ્રવિષ્ટ સુઅનાણ ॥ ૫૧૦ ॥૧૩॥ બાર ઉપાંગહ જેહ છે, અંગ બાહિર શ્રુત તેહ ॥ અનંગપ્રવિષ્ટ વખાણીયે, શ્રુત લક્ષ્મીસૂરિ ગેહ ॥ ૫૧૦ ॥ ૧૪ ॥ ઇતિ શ્રુતજ્ઞાનમ્ ॥

## ॥ અથ અવધિજ્ઞાન ॥

પછી ખમા૦ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી અવધિજ્ઞાનઆરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્ય-વંદન કહેવું તે આ પ્રમાણે—

## ॥ તૃતીય શ્રી અવધિજ્ઞાન ચૈત્યવંદન ॥

અવધિજ્ઞાન ત્રીજું કહ્યું, પ્રગટે આત્મ પ્રત્યક્ષ ॥ ક્ષય ઉપશમ આવરણનો, નવિ ઇંદ્રિય આપેક્ષ ॥ દેવ નિરય ભવ પામતાં. હોય તેહને અવશ્ય ॥ શ્રદ્ધાવંત સમય [ અવાધ ] લહે, મિથ્યાત વિભંગ વશ્ય ॥ નર તરિય ગુણથી લહે, શુભ પરિણામ સંયોગ, કાઉસ્સ-ગ્ગમા મુનિહાસ્યથી, વિઘટયો તે ઉપયોગ ॥ ૧ ॥ જઘ-ન્યથી જાણે જુએ, રૂપીદ્રવ્ય અનંતા ॥ ઉત્કૃષ્ટા સવિ પુગ્ગલા, મૂર્તિ વસ્તુ મુણંતા ॥ ક્ષેત્રથી લઘુ અંગુલતણો,

ભાગ અસંખિત દેખે ॥ તેહમાં પુદ્ગલ ખંધ જે, તેહને જાણે પેખે ॥ લોક પ્રમાણે અલોકમાં એ, ખંડ અસંખ્ય ઉક્કિટ્ઠ ॥ ભાગ અસંખ્ય આવલિતણો, અદ્ધા લઘુપણે દિટ્ઠ ॥ ૨ ॥ ઉત્સર્પિણી અવસર્પિણી એ, અતીત અનાગત અદ્ધા ॥ અતિશય સંખ્યાતિગપણે, સાંભલો ભાવ પ્રબંધા ॥ એક એક દ્રવ્યમાં ચાર ભાવ, જઘન્યથી તે નિરખે ॥ અસંખ્યાતા દ્રવ્ય દીઠ, પર્યવ ગુરુથી પરખે ॥ ચાર ભેદ સંક્ષેપથી એ, નંદીસૂત્ર પ્રકાશે ॥ વિજયલક્ષ્મીસૂરિ તે લહે, જ્ઞાન ભક્તિ સુવિલાસે ॥ ૩ ॥

પછી નમુત્થુણં૰ જાવંતિ નમોઽર્હત્૰ કહી સ્તવન કહેવું, તે આ પ્રમાણે—

## ॥ શ્રી અવધિજ્ઞાનનું સ્તવન ॥

### ॥ કુમર ગભારો નજરે દેખતાં જી ॥ એ દેશી ॥

પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયારે, સમકિતવંતને એ ગુણ હોય રે ॥ સવિ જિનવર એ જ્ઞાને અવતરી રે, માનવ મહોદય જોય રે ॥ પૂજો૰ ॥ ૧ ॥ શિવરાજ ઋષિ વિપર્યય દેખતો રે, દ્વીપ સાગર સાત સાત રે ॥ વીર પસાયે દોષ વિભંગ ગયો રે, પ્રગટયો અવધિ ગુણ વિખ્યાત રે ॥ પૂજો૰ ॥ ૨ ॥ ગુરૂ સ્થિતિ સાધિક છાસઠ સાગર રે, કોઇને એક સમય લઘુ જાણ રે ॥ ભેદ અસં-

ખ્ય છે તરતમ યોગથી રે, વિશેષાવશ્યકમાં એહ વખાણ રે ॥ પૂજો૦ ॥ ૩ ॥ ચારશેં એક લાખ તેત્રીશ સહસ છે રે, ઓહીનાણી મુણિંદ રે ॥ ઋષભાદિક ચઉવીશ જિણંદનાં રે, નમે પ્રભુ પદ અરવિંદ રે ॥ પૂજો ॥ ૪ ॥ અવધિજ્ઞાની આણંદને દીએ રે, મિચ્છામિદુક્કડં ગોયમ સ્વામિ રે ॥ વરજો આશાતના જ્ઞાન જ્ઞાનીતણી રે, વિજયલક્ષ્મી સુખ ધામ રે. ॥ પૂજો૦ ॥ ૫ ॥

પછી જયવીયરાય કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! અવધિજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં? ઇચ્છં? કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય કહેવી, તે આ પ્રમાણે—

## ॥ શ્રી અવધિજ્ઞાનની થુઈ ॥

### ॥ શંખેશ્વર સાહિબ જે સમરે ॥ એ દેશી ॥

ઉહો નાણુસહિત સવિ જિનવરૂ, ચવિ જનની કુખે અવતરૂ ॥ જસ નામે લહીયે સુખતરૂ, સવિ ઇતિ ઉપદ્રવ સંહરૂ ॥ હરિ પાઠક સંશય સંહરૂ વીર મહિમા જ્ઞાન ગુણાયરૂ ॥ તે માટે પ્રભુજી વિશ્વંભરૂ, વિજયાંકિત લક્ષ્મી સુહંકરુ ॥ ૧ ॥

પછી ખમાસમણ દેઈ ઉભા થઇ અવધિજ્ઞાનના ગુણ વર્ણવવાને અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે—

## ॥ શ્રી અવધિજ્ઞાનના દુહા ॥

અસંખ્ય ભેદ અવધિ તણા, ષટ્ તેહમાં સામાન્ય ॥
ક્ષેત્ર પનક લઘુથી ગુરૂ, લોક અસંખ્ય પ્રમાણ ॥ ૧ ॥
લોચન પરે સાથે રહે, તે અનુગામિક ધામ ॥
છાશઠ સાગર અધિક છે, એક જીવ આશરી ઠામ ॥૨॥
ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર ।,
વંદના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર ॥ ૩ ॥

॥ આ દુહો સર્વત્ર ખમાસમણે કહેવો ॥

જે ક્ષેત્રે ઓહી ઊપન્યું, તિહાં રહ્યો વસ્તુ દેખંત ॥
થિર દીપકની ઊપમા, અનનુગામી લહંત ॥ ઉપ૦ ॥૨॥
અંગુલ અસંખ્યેય ભાગથી. વધતું લોક અસંખ્ય ॥
લોકાવધિ પરમાવધિ, વર્દ્ધમાન ગુણ કંખ્ય ॥ ઉપ૦ ॥
॥ ૩ ॥ યોગ્ય સામગ્રી અભાવથી. હીયમાન પરિણામ ॥
અધઅધ પૂરવ યોગથી, એહવો મનનો કામ ॥ ઉપ૦ ॥
૪ ॥ સંખ્ય અસંખ્ય જોજન સુધી, ઉત્કૃષ્ટો લોકાંત ॥
દેખી પ્રતિપાતિ હોય, પુદ્‌ગલ દ્રવ્ય એકાંત ॥ ઉપ૦ ॥
॥ ૫ ॥ એક પ્રદેશ અલોકનો, પેખે જે અવધિનાણ ॥
અપડિવાઇ અનુક્રમે, આપે કેવલનાણ ॥ ઉપ૦ ॥ ૬ ॥
॥ ઇતિ અવધિજ્ઞાન ॥

## ॥ અથ મનઃપર્યવજ્ઞાન ॥

પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રીમનઃપર્યવજ્ઞાનઆરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે.

## ॥ શ્રી ચતુર્થમનઃપર્યવજ્ઞાન ચૈત્યવંદન ॥

શ્રી મનઃપર્યવજ્ઞાન છે, ગુણપ્રત્યયી એ જાણો ॥ અપ્રમાદિ ઋદ્ધિવંતને, હોયે સંયમ ગુણઠાણો ॥ કોઇક ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે ॥ મનના ભાવ જાણે સહી, સાકાર ઉપયોગ ઠામે ॥ ચિંતવતા મનોદ્રવ્યના એ, જાણે ખંધ અનંતા ॥ આકાશે મનોવર્ગણા, રહ્યા તે નવિ મુણંતા ॥ ૧ ॥ સંજ્ઞી પંચેંદ્રિય પ્રાણીયે, તનુ યોગે કરી ગ્રહીયા ॥ મનયોગે ॥ કરી મનપણે, પરિણમે તે દ્રવ્ય મુણીયા ॥ તિર્છું માણુસક્ષેત્રમાં, અઢી દ્વીપ સહિ વિલોકે ॥ તિર્છાલોકના મધ્યથી, સહસ જોયણ અધોલોકે ॥ ઉરધ (ઉર્ધ્વ) જાણે જ્યોતિષી લગે એ, પલિયનો ભાગ અસંખ્ય ॥ કાલથો ભાવ થયા થશે, અતીત અનાગત સંખ્ય ॥ ૨ ॥ ભાવથી ચિંતિત દ્રવ્યના, અસંખ્ય પર્યાય જાણે ॥ ઋજુમતિથી વિપુલમતિ, અધિકા ભાવ વખાણે ॥ મનના પુદ્‌ગલ દેખીને, અનુમાને ગ્રહે સાચું ॥ વિતથપણું પામે નહી, તે જ્ઞાને ચિત્ત રાચું

॥ અમૂર્ત ભાવ પ્રગટપણે એ જાણે શ્રીભગવંત ॥ ચરણ કમલ નમુ તેહનાં, વિજયલક્ષ્મી ગુણવંત ॥ ૩ ॥

પછી નમુથ્થુણું૦ ॥ જાવંતિ૦ જાવંત૦ ॥ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે--

## ॥ ચતુર્થ શ્રીમનઃપર્યવજ્ઞાન સ્તવન ॥

॥ જી રે જી ॥ એ દેશી ॥

જી રે મારે શ્રી જિનવર ભગવાન, અરિહંત નિજ નિજ જ્ઞાનથી ॥ જી રે જી ॥ જી૦ ॥ સંયમ સમય જાણંત, તવ લોકાંતિક માનથી ॥ જી રે જી ॥ ૧ ॥ જી૦ ॥ તીર્થ વર્તાવો નાથ, ઇમ કહી પ્રણમે તે સુરા ॥ જી રે જી ॥ જી૦ ॥ ષટ અતિશયવંત દાન, લેઇ હરખે સુરનરા ॥ જી રે જી ॥ ૨ ॥ જી૦ ॥ ઇણ વિધ સવિ અરિહંત સર્વવિરતિ જબ ઉચ્ચરે ॥ જી રે જી ॥ જી૦ ॥ મનઃપર્યવ તવ નાણ, નિર્મલ આતમ અનુસરે ॥ જી રે જી ॥ ૩ ॥ ॥ જી૦ ॥ જેહને વિપુલમતિ તેહ, અપ્રતિપાતીપણે ઊપજે ॥ જી રે જી ॥ જી૦ ॥ અપ્રમાદિ ઋદ્ધિવંત, ગુણઠાણે ગુણ નીપજે ॥ જી રે જી ॥ ૪ ॥ જી૦ ॥ એક લક્ષ પીસ્તાલીશ હજાર, પાંચશે એકાણું જાણીયે ॥ જી રે જી ॥ જી૦ ॥ મનનાણી મુનિરાજ, ચોવીશ જિનના વખાણીયે ॥ જી રે જી ॥ ૫ ॥ જી૦ ॥ હું વંદુ ધરી નેહ, સવિ સંશય હરે મનતણા । જી રે જી ॥ જી૦ ॥ વિજયલક્ષ્મી શુભ ભાવ, અનુભવજ્ઞાનના ગુણ ઘણા ॥ જી રે જી ॥ ૬ ॥

પછી જયવીયરાય કહી, ખમાસમણુ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચોથું મનઃપર્યવજ્ઞાનઆરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં ! કરેમિ કાઉસ્સગ્ગં વંદણુ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય કહેવી તે આ પ્રમાણે--

## ॥ શ્રી મનઃપર્યવજ્ઞાનની થોય ॥

### ॥ શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર ॥ એ દેશી ॥

પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે, સિદ્ધ નમી મદવારી જી ॥ છદ્મસ્થ અવસ્થા રહે છે જિહાં લગે, યોગાસન તપ ધારી જી ॥ ચોથું મનઃપર્યવ તવ પામે, મનુજ લોક વિસ્તારી જી ॥ તે પ્રભુને પ્રણમો ભવિ પ્રાણી, વિજયલક્ષ્મી સુખકારીજી ॥

પછી ખમાસમણુ દેઈ ઉભા રહી મનઃપર્યવજ્ઞાનના ગુણ સ્તવવા અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે--

### ॥ દુહા ॥

મનઃપર્યવ દુગ ભેદથી, સંયમ ગુણ લહી શુદ્ધ ॥ ભાવ મનોગત સંજ્ઞીના, જાણે પ્રગટ વિશુદ્ધ ॥ ૧ ॥ ઘટ એ પુરૂષે ધારીયો, ઇમ સામાન્ય ગ્રહંત ॥ પ્રાયે વિશેષ વિમુખ લહે; ઋજુમતિ મનહ મુણંત ॥ ૨ ॥ એ ગુણ જેહને ઊપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ ॥ પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ ॥ ૧ ॥ ખમા-

સમણ દેઇ–નગર જાતિ કંચન તણો ધાર્યો ઘટ એહ રૂપ ॥ ઈમ વિશેષ મન જાણતો વિપુલમતિ અનુરૂપ ॥ ૨ ॥ એ ગુણ જેહનેο એ આંકણી ॥ ખમાસમણ ઇતિ મનઃ-પર્યવજ્ઞાન સંપૂર્ણમ્ ॥

## ॥ અથ કેવળજ્ઞાન ॥

પ્રથમ ખમાસમણ દેઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પંચમ કેવલજ્ઞાનઆરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં! કહી પંચમ શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન કરવું, તે આ પ્રમાણે–

## ॥ પંચમ શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન ॥

શ્રી જિન ચઉનાણી થઈ, શુકલધ્યાન અભ્યાસે ॥ અતિશય અતિશય આત્મરૂપ, ક્ષણ ક્ષણ પ્રકાશે ॥ નિદ્રા સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂરે હોવે ॥ ચોથી ઉજાગર દશા, તેહનો અનુભવ જોવે ॥ ક્ષપકશ્રેણી આરોહિયા એ, અપૂર્વ શક્તિ સંયોગે ॥ લહી ગુણઠાણું બારમું, તુરીય કષાય વિયોગે ॥ ૧ ॥ નાણ દંસણ આવરણ મોહ, અંતરાય ઘનઘાતી ॥ કર્મ દુષ્ટ ઉચ્છેદીને, થયા પરમાતમ જાતી ॥ દોય ધરમ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ ॥ પ્રથમ વિશેષપણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ ॥ સાદિ અનંત ભાંગે કરી, દર્શન જ્ઞાન અનંત ॥ ગુણઠાણું લહી તેરમું, ભાવ જિણંદ જયવંત ॥ ૨ ॥ મૂલ પયડિમાં એક

બંધ, સત્તા ઉદયે ચાર ॥ ઉત્તર પયડીનો એક બંધ, તિમ ઉદયે રહે બાયાલ ॥ સત્તા પંચાસી તણી, કર્મ જેહવાં રજ્જુ છાર ॥ મન વચ કાયા યોગ જાસ, અવિચલ અવિકાર ॥ સયોગી કેવલી તણી એ; પામી દશાયે વિચરે ॥ અક્ષય કેવલજ્ઞાનના, વિજયલક્ષ્મી ગુણ ઉચ્ચરે ॥ ૩ ॥

પછી નમુત્થુ૦ ॥ જાવંતિ૦ નમોઽર્હત્‌૦ ॥ કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે—

## ॥ પંચમ શ્રીકેવલજ્ઞાનનું સ્તવન ॥

॥ કપૂર હોયે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષયિકભાવે જ્ઞાન ॥ દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે ॥ ભવિયા; વંદો કેવલજ્ઞાન ॥ ૧ ॥ પંચમી દિન ગુણ ખાણ રે ॥ ભવિયા વંદો૦ એ આંકણી ॥ અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય ॥ એ તો મધ્યમા વૈખરીરે વચન ઉલ્લેખ ઠરાય રે ॥ ભવિ૦ ૨ ॥ વંદો૦ ॥ ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રૂપ ॥ પરા પશ્યંતિ પામીને રે, કાંઇ પ્રમાણે મુનિરૂપ રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ વંદો૦ ॥ છતી પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય ॥ જ્ઞેયની નવ નવી વર્તના રે, સમયમાં સર્વ

જણાય રે ॥ ભવિ૦ ૪॥ વંદો૦ ॥ બીજા જ્ઞાન તણો પ્રભા રે, એહમાં સર્વ સમાય ॥ રવિ પ્રભાથી અધિક નહી રે, નક્ષત્ર ગણ સમુદાય રે ॥ ભવિ૦ ॥ ૫ ॥ વંદો૦ ॥ ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ ॥ વિજયલક્ષ્મી સુરિ તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ રે ॥ ભવિ૦ ॥ ૬ ॥ ॥ વંદો ॥

પછી જયવીયરાય કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ શ્રીકેવલજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગં કરૂં ? ઇચ્છં ? કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ અન્નત્થ કહી એક લોગસ્સનો અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્૦ કહી થોય કહેવી, તે આ પ્રમાણે--

થોય—॥ પ્રહ ઉઠી વંદૂ ॥ એ દેશી ॥

છત્રત્રય ચામર, તરૂ અશોક સુખકાર ॥ દિવ્ય ધ્વનિ દુદુંભિ, ભામંડલ ઝલકાર ॥ વરસે સુર કુસુમે, સિંહાસન જિન સાર ॥ વંદે લક્ષ્મીસુરિ કેવલ જ્ઞાન ઉદાર ॥

પછી ખમાસમણ દેઈ ઉભા રહી કેવલજ્ઞાનના ગુણ સ્તવવા અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે—

## ॥ પંચમ શ્રી કેવલજ્ઞાનના દુહા ॥

બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રૂપ ॥ અનુભવિ જે પરમાતમા, ભેદ એકજ ચિદ્રૂપ ॥ ૧ ॥ પુરૂષોત્તમ પરમેશ્વરૂ, પરમાનંદ ઉપયોગ ॥ જાણે દેખે સર્વને,

સ્વરૂપ રમણ સુખ ભોગ ॥ ૨ ॥ ગુણ પર્યાય અનંતતા, જાણે સઘલા દ્રવ્ય ॥ કાલત્રય વેદી જિણંદ, ભાષિત ભવ્યાભવ્ય ॥ ૩ ॥ અલોક અનંતો લોકમાં, થાવે જેહ સમથ્થ ॥ આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસથ્થ ॥ ૪ ॥ કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ ॥ જ્ઞાન પંચમી દિન પૂજીયે, વિજયલક્ષ્મી શુભ હોય. ॥ ૫ ॥

શ્રી વિજયલક્ષ્મીસૂરિવિરચિત વિધિ સહિત

શ્રીજ્ઞાનપંચમી દેવવંદન સંપૂણ

# ॥ ઉજમણાનો વિધિ. ॥

કોઇપણ પ્રકારના તપ સંબંધી ફળની વૃદ્ધિમાટે ઉદ્યાપન કરવાની આવશ્યક્તા છે. ઉદ્યાપન (ઉજમણું) કરવાથી તપનું ફળ વૃદ્ધિ પામે છે. અન્ય દર્શનોમાં પણ તપનું ઉદ્યાપન કરવાની પ્રવૃત્તિ છે. ઉજમણું તપ પૂર્ણ થયા પછી કરવામાં આવે છે, તેમજ તપના મધ્યમાં પણ કરી શકાય છે. તપ પૂર્ણ થયા પછી પણ જ્યાં સુધી ઉજમણું કરવાની જોગવાઇ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેટલાક ભવ્યો તપ કરવાનું ચાલુ રાખે છે અને પહેલી જોગવાઇએ અવશ્ય ઉજમણું કરે છે.

ઉજમણું કરવામાં સારા શક્તિવાળા-શ્રીમંત ગૃહસ્થ તો પોતે એકલાજ કરે છે. અને તે પ્રસંગે કોઇપણ તીર્થની કે સમવસરણની રચના કરી અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. અને સ્વામીવાત્સલ્યાદિ પણ પોતેજ કરે છે. બીજા સામાન્ય સ્થિતિવાળાઓ તે પ્રસંગનો લાભ લઇને પોતે કરવા ધારેલા એક બે કે પાંચ છોડ તેની સાથેની વસ્તુઓ સહિત તે મંડપની અંદરજ પધરાવે છે.

ઉજમણું કરવામાં મુખ્ય તો ચંદરવો, પુંઠીયું, તોરણ ને રૂમાલ, અતલસ, સાટમ, કીનખાબ, લપેટો, અથવા ઝીંક ચળક વિગેરેના ભરાવીને કરાવવામાં આવે છે. ઉપરાંત બીજી જે જે વસ્તુઓ મુકવામાં આવે છે તેમાં જ્ઞાન, દર્શન ને ચારિત્રના ઉપકરણો મુકવામાં આવે છે. તેની અંદર જો જ્ઞાનના આરાધક નિમિત્તનું ઉજમણું હોય છે તો જ્ઞાનના

ઉપકરણો, દર્શનના આરાધન નિમિત્તનું હોય તો દર્શનના ઉપકરણો અને ચારિત્રના આરાધન નિમિત્તનું હોય તો ચારિત્રના ઉપકરણો વિશેષ મુકવામાં આવે છે. દર્શન એટલે સમકિત તેના આરાધનમાં પ્રબળ કારણભૂત જિનચૈત્ય ને જિનબિંબ સમજવા. એટલે તે સંબંધી ઉજમણામાં દેરાસરમાં વપરાતાં ઉપકરણો વિશેષ મુકવાં.

જ્ઞાનપંચમીના ઉજમણામાં છોડ તેમજ વસ્તુઓની સંખ્યા જઘન્યે પાંચ, મધ્યમે પચીશ ને ઉત્કૃષ્ટે એકાવન મુકવામાં આવે છે. અથવા તો કિંમતના પ્રમાણમાં વધારે કિંમતવાળી પાંચ મધ્ય કિંમતવાળી પચવીશ અને સામાન્ય કિંમતવાળી એકાવન મુકવામાં આવે છે.

---

## ।ઉજમણા નિમિત્તે મુખ્ય કરવાના કાર્યો.।।

૧ પાંચ નવાં ચૈત્યો કરાવવાં.

૨ પાંચ પાંચ રત્નની, સુવર્ણની, ધાતુની, હીરાની, માણેકની, મોતીની, નીલમની, પરવાળાની, સ્ફટિકની, આરસની એમ ઉત્તમ ઉત્તમ અને કિંમતી વસ્તુઓની પ્રતિમાઓ નવી ભરાવવી.

૩ પાંચ અંજનશલાકાઓ કરાવવી.

૪ પાંચ પોસહશાળાઓ (ઉપાશ્રય) કરાવવી.

૫ પાંચ દીક્ષા મહોત્સવ કરવા.

૬ પાંચ વડી દીક્ષાના, પન્યાસ પદવીના અને આચાર્ય પદવીના મહોત્સવો કરવા.

૭ પાંચ વખત સંઘ કાઢી તીર્થયાત્રા કરવી-કરાવવી.

૮ પાંચ મહાતીર્થોની યાત્રા કરવી.

૯ પાંચ મોટા સ્વામીવાત્સલ્ય (નવકારશી) કરવાં.

૧૦ પાંચ જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરાવનારી જૈન વિદ્યાશાળાઓ સ્થાપવી.

૧૧ પાંચ ચૈત્યોપર ધ્વજારોપણ દંડકળશારોપણ કરવાં.

૧૨ શ્રી સંઘને ( શ્રાવક શ્રાવિકાઓને ) પહેરામણી કરવી.

૧૩ શ્રીફળાદિ ઉત્તમ ઉત્તમ વસ્તુઓની પ્રભાવનાઓ કરવી.

ઉપર બતાવેલી સર્વ કરણી શ્રીમંત ગૃહસ્થે તેમજ રાજા અને દીવાન વિગેરે જો એ તપ કરતા હોય તો તેમણે ઉજમણાના પ્રસંગે કરવાની આવશ્યકતા છે. તેમજ ઉજમણામાં મુકવાની વસ્તુઓમાં પણ શક્તિ અનુસાર સોનાની, ચાંદીની, જર્મન સીલ્વરની તેમજ અન્ય ધાતુની[1] વસ્તુઓ મુકવી; તેમજ વસ્ત્રાદિ પણ કિંમત અનુસાર કશબી, રેશમી તેમજ સુતરૂ મુકવાં.

---

# ॥ ઉજમણામાં મુકવાની વસ્તુઓ. ॥

## [ જ્ઞાનનાં ઉપકરણો. ]

૧ પુસ્તક ( જૈન સિદ્ધાંતો, પંચાંગી, ગ્રંથો વિગેરે લખાવીને મુકવા અથવા છપાવેલી ઉપયોગી બુકો મુકવી.)

૨ ઠવણી, ( સોનાની, રુપાની, રસેલી કે ચંદનાદિ

---

૧ લોઢાની કોઈપણ વસ્તુ ન મુકવી.

કાષ્ઠની કરાવવી)૩ કવળી,[1] ૪ સાપડી, ૫ સાપડા, ૬ લેખણ, (કાંઠા, વતરણા) ૭ છરી, ૮ કાતર, ૯ પુસ્તક રાખવાના ડાબલા, ૧૦ ડાબલી, (નવકારવાળી રાખવાની) ૧૧ ખડીઆ, ૧૨ પાટી, (શાસ્ત્રી પાંચ કક્કા લખેલી) ૧૩ ચાબખી, (પાઠાંમાં નાખવામાં આવે છે તે) ૧૪ કાગળ, ૧૫ કાંબી, ૧૬ સ્લેટ, ૧૭ પેન્સીલ હોલ્ડર વિગેરે, ૧૮ પાઠાં, (ભરેલાં અથવા સાદાં) ૧૯ પાટલીઓ, ૨૦ પુસ્તક બાંધવાના રુમાલો.

## ( દર્શનનાં ઉપકરણો. )

૧ સિદ્ધચક્ર (સોનાના, રુપાના અથવા ધાતુના), ૨ અષ્ટ મંગળિક, ૩ સિંહાસન (મોટાં અથવા નાનાં) ૪ બાજોઠનું ત્રાગડું (ત્રણ ત્રણ નાના મોટા બાજોઠ-રુપે કે જર્મને મઢેલા, પીતળના અથવા કાષ્ઠના રંગેલા), ૫ કળશ, ૬ ધ્વજા, ૭ છત્રના ત્રીક રુપાના, ૮ ચામ્મર, ૯ થાળ, ૧૦ રકાબી, ૧૧ ખુમચા, ૧૨ વાટકા (કેશર ભરવાના પ્યાલા), ૧૩ વાટકી, ૧૪ કળશા, ૧૫ ટબુડી, ૧૬ ફુલછાબડી, ૧૭ ધૂપધાણા, ૧૮ આરતી, ૧૯ મંગલદીવા, ૨૦ ડાબડા, કેશર ભરવાના, ૨૧ વાસકુંપી (ધૂપ ભરવાના ડાબલા) ૨૨ દીવી, ૨૩ કંકાવટી, ૨૪ ફાનસ, ૨૫ ત્રાંબાકુંડી, ૨૬ નાની કુંડી, ૨૭ આચમની, ૨૮ ચમચા, ૨૯ થાળી, ૩૦ હાંડા, ૩૧ બોઘડા, ૩૨ ઘંટ, ૩૩ ઝાલર, ૩૪ ઘંટડી, ૩૫ બાજોઠી, ૩૬ પાટલા, ૩૭ દર્પણ (કાચ), ૩૮ સિદ્ધચક્રના અને ચોવીશીના રંગીત ગટાઓ, ૩૯ પાટલુણા, ૪૦ અંગલુહણા,

---

૧ પુસ્તક ફરતી વીંટાય છે.

૪૧ વાળાકુંચી, ૪૨ ઓરશીઆ, ૪૩ સુખડના કકડા, ૪૪ કેશરના અને બરાસનાં પડીકાં, ૪૫ ધુપનાં-અગરબત્તીનાં પડીકાં, ૪૬ ડંડાસણ, ૪૭ મોરપીંછી, ૪૮ પુંજણી, ૪૯ રેશમ સાવરણી, ૫૦ નરઘાં અથવા મૃદંગ, ૫૧ કાંશી જોડા, ૫૨ ઉત્તમ જાતિના વાજીંત્રો, ૫૩ પુરૂષને પહેરવાના પૂજાના વસ્ત્રોની જોડ (ધોતીયું, ઉત્તરાસણ, રૂમાલ), ૫૪ સ્ત્રીઓના પૂજાના વસ્ત્રો, ૫૫ કામળી, ૫૬ તોરણ (ગર્ભગૃહે બાંધવાના-ચાંદી સોના વિગેરેના). ૫૭ મુગટ, કુંડલ, બાજુબંધ, કડલી, સાંકળાં, કંદોરા, બીજોરા, કંઠી (અંશ), હાર, કલગી વિગેરે જિનબિંબના આભૂષણો, ૫૮ ચક્ષુ, તિલક, ચાંડલા વિગેરે, ૫૯ સોના ચાંદીના વરખ, કટોરા, બાડલું વિગેરે, ૬૦ હિંગળોકનાં પડીકાં[1]

# (ચારિત્રનાં ઉપકરણો.)

સાધુ મુનિરાજના ઉપયોગમાં આવે તેવાં-૧ ઓઘા (પાઠા, દશી, દાંડી, નિશીથીયા, ઓઘારીયા સહિત તૈયાર કરેલા), ૨ મુહપત્તિ, ૩ ચોળપટ્ટા ૪ કપડા, ૫ ખભે નાખવાની કામળી. ૬ ઓઢવાની કામળી. ૭ ઝોળી. ૮ પલ્લાં. ૯ કટાસણાં (સંથારીયાં). ૧૦ ડાંડા. ૧૧ પાત્રાની જોડ. ૧૨ તરપણી. ૧૩ ચેતના. ૧૪ લોટ (મોટો કાષ્ટનો પાણી ભરવાનો). ૧૫ નાની સુપડી, ૧૬ નાની પાટલી. ૧૭ નાની ચરવળી. ૧૮ ડંડાસણ (પગ લુંછવાનાં ને રાત્રે વાપરવાનાં). ૧૯ સ્થાપનાચાર્ય. ૨૦ સ્થાપનાચાર્યની મુહપત્તિઓ વિગેરે.

---

૧ તંબોળાદિ માટે રાળ તૈયાર કરવા.

૨૧ ગુચ્છા. ૨૨ વાસક્ષેપના વાવટા. ૨૩ કંદોરા વિગેરે કરવાના દોરા.

શ્રાવકના ઉપયોગમાં આવે તેવાં–૧ ચરવળા. ૨ મુહપત્તિ. ૩ કટાસણું. ૪ નવકારવાળી (સોનાની, ચાંદીની, પરવાળાની, સ્ફટિકની, અકલબેરની, સુખડની, સુતરની, અગરની, કેરબાની, રૂદ્રાક્ષની વિગેરે.) ૫ ધોતીઆં. ૬ ઉત્તરાસણ. ૭ ઘડી. ૮ ઘડીયાળ. ૯ પાંચપદની ટીપ. ૧૦ નવપદની ટીપ. ૧૧ દેરે લઈ જવાના વાવટા. ૧૨ ઝોરણી, ૧૩ નવકારવાળીની ખલેચી.

# ત્રણેનાં મિશ્ર ઉપકરણો.

જ્ઞાનની પાછળ, પ્રભુની પાછળ તેમજ ગુરૂની પાછળ બંધાય તેવા તેમજ તેની સાથેજ કરાવવામાં આવે છે તેવા ઉપકરણોને મિશ્ર ઉપકરણો ગણવામાં આવ્યા છે.

૧ પુંઠીયું. ૨ ઝરમર ચંદુઓ. ૩ તોરણ. ૪ રૂમાલ.

આ ચાર વાનાંની સાથેજ પાઠાં, પાટલી, વાવટા, ઝોરણ, ખલેચી, કવળી, ચાબખી, દેરે લઈ જવાની કોથળી વિગેરે કરાવવામાં આવે છે ને ઠવણી બંધાવવામાં આવે છે.

આ સઘળી ચીજોની સંખ્યા જ્ઞાનપંચમી તપના ઉજમણા માટે ઉપર જણાવી છે. ઉપરાંત નવપદનું ઉજમણું હોય તો નવ નવ, મૌન અગ્યારશનું હોય તો અગ્યાર અગ્યાર ને વીશ સ્થાનક તપનું હોય તો વીશ વીશ, કર્મસૂદન તપનું હોય તો આઠ આઠ અથવા ચોસઠ ચોસઠ એ પ્રમાણે સમજવી.

ઉજમણું કરવાથી તપના ફલની વૃદ્ધિ થવા સંબંધી શ્રી પ્રવચન સારોદ્ધારાદિ ગ્રંથોમાં કહ્યું છે. તેમજ શ્રી પદ્મવિજયજી મહારાજે નવ પદની પૂજામાં અને શ્રી વીરવિજયજીએ ચોસઠ પ્રકારી પૂજાના કળશમાં લાવ્યા છે. માટે તપસ્યાને પ્રાંતે અવશ્ય યથાશક્તિ ઉજમણું કરવું.

## જ્ઞાનપંચમી તપના ત્રણ પ્રકાર.

આ તપ કેટલી મુદત સુધી કરવો તેના પ્રમાણને અંગે તેના ત્રણ પ્રકાર છે. લઘુ પંચમી તપ, મધ્યમ પંચમી તપ ઉત્કૃષ્ટ પંચમી તપ.

૧ લઘુપંચમી તપ—આ તપ પોસ અને ચૈત્ર માસ વર્જીને બીજા કોઇપણ માસની શુકલપંચમીથી શરૂ કરવો. અને દરેક માસના શુકલ ને કૃષ્ણ બંને પક્ષમાં પંચમીને દિવસે ઉપવાસ કરવો. એ પ્રમાણે એક વર્ષ પર્યંત ૨૫ ઉપવાસ કરવા. બીજી વિધિ અને ઉજમણું વિગેરે જ્ઞાનપંચમીના તપ પ્રમાણે કરવું.

૨ જ્ઞાનપંચમી તપ—આ તપ માગશર, માઘ, ફાલ્ગુન, વૈશાખ, જ્યેષ્ઠ અને અસાડ એ છ માસમાંથી કોઇપણ માસની શુકલપંચમીએ ગ્રહણ કરવો અને પાંચ વર્ષ ને પાંચ માસ પર્યંત કરવો. એટલે ૬૫ ઉપવાસે આ તપ પૂર્ણ થાય છે. આ તપજ પ્રાયે વિશેષ કરવામાં આવે છે. તે દર માસની શુકલપંચમીએજ કરવામાં આવે છે. તેની વિધિ આ બુકના પ્રારંભમાં જ લખવામાં આવી છે. જો એ ઉપવાસને દિવસે પોસહ કરવામાં ન આવે તો જિનભક્તિ સવિશેષે કરવી.

પંચજ્ઞાનની પૂજા ભણાવવી. ફુલ નૈવેદ્ય અનેક પ્રકારના ઉત્તમ ઉત્તમ પ્રભુ પાસે ઢોવવાં અને પછી ચૈત્યવંદન સ્તવનાદિ વડે ભાવ પુજા કરવી.

૩ ઉત્કૃષ્ટ પંચમી તપ-આ તપ યાવજ્જિવિત કરવામાં આવે છે. અને દરેક શુકલપંચમીએ ઉપવાસ કરવામાં આવે છે. તેનો વિધિ પૂર્વે બતાવ્યા પ્રમાણેજ છે.

# કાર્તીક સુદ ૧૪ ચૌમાસી ચૌદસ.

બાર માસની અંદર ત્રણ ચોમાસી આવે છે કાર્તિક સુદ ૧૪ ફાગણ સુદ ૧૪ અષાડ સુદ ૧૪ તથા ૬ અઠ્ઠાઇઓ આવે છે. તેમાં ત્રણ ચોમાસાની ત્રણ અઠ્ઠાઇ તે એક કાર્તિક સુદ ૭ થી ૧૫, બીજી ફાગણ સુદ ૭ થી ૧૫, ત્રીજી અસાડ સુદ ૭ થી ૧૫, ચોથી પર્યુષણ પર્વની અઠ્ઠાઇ, શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા વદ ૪, પાંચમી, ચૈત્ર સુદ ૭ થી ૧૫, છઠી આસો સુદ ૭ થી ૧૫, ચૈત્રી તથા આસોની બે અઠ્ઠાઇઓ તો શાશ્વતી છે એમ છ અઠ્ઠાઇ કહી છે તે દિવસોમાં સચિત્તનો ત્યાગ વનસ્પતિનો ત્યાગ. બ્રહ્મચર્ય અમારી પડહ. તપ. જીન પૂજા ગુરૂવંદન વ્યાખ્યાનશ્રવણ સામાયિક. પૌષધ અતિથિસંવિભાગાદિક નિયમો વિગેરે ધર્મ કરણી અવશ્ય વિશેષે કરીને કરવી જોઇયે. અષાડ ચોમાસું બેઠું કે સાધુ આદિકનો વિહાર બંધ થઈ એક ઠેકાણે સ્થીત

રહેવામાં આવે છે અને તે કાર્તીક સુદ ૧૪ પૂર્ણ થયા પછી વિહાર કરવાની છુટી થાય છે તથા તેનો કાળ આ પ્રમાણે છે.

પાણીનો કાળ ચાર પહોરનો થાય છે. સુખડીનો કાળ એક માસનો. કામળીનો કાળ ચાર ઘડીનો, પલ્લા પાત્રા ઉપરના ચાર જોઇએ તેમ ચૌમાસામાં સાધુઓએ જે જે વસ્તુ પાટ પાટલા વિગેરે ગૃહસ્થો પાસેથી લીધેલું હોય તે પાછું સોંપી દેવામાં આવે છે વિગેરે હવે તેમાં પ્રથમ કાર્તિક સુદ ૧૪ ઉપવાસાદિક તપ કરી પૌષધાદિક અંગીકાર કરીને ચૌમાસી દેવ વાંદવા જોઇએ તે દેવવંદનમાળામાંથી જાણી લેવા. બીજી બધી વિધિ પ્રસિદ્ધ છે.

# કાર્તિક સુદ ૧૫ નો મહિમા અને શ્રી સિદ્ધાચળજીની તીર્થયાત્રાનું વર્ણ

સદા પ્રાયઃ શાશ્વત તરણ તારણ પૂજ્ય પવિત્ર શત્રુંજયના સિદ્ધાચળ, વિમળાચળ આદિ ઉત્તમ ૨૧ નામ છે તથા ઉત્કૃષ્ટ ૧૦૮ નામ છે. કે જે તીર્થના ઉપર અનંતા જીવ મોક્ષ પામ્યા ને પામશે. કોઇ જીવો તર્યા તરે છે અને તરશે. તેવા સર્વોત્કૃષ્ટ તીર્થનો વિદ્યમાન કાળે મોટા વાર્ષિક ચાર મેળાઓથી મહિમા વિસ્તારને પામ્યો છે, ને દરેક મેળા વખતે હજારો યાત્રાળુ તીર્થસ્પર્શ કરે છે ને લાભ મેળવે છે.

મેળો ૧ લો–કાર્તકી પુનમનો તે દિવસે દ્રાવિડને

વારિખિલ્ય મુનિઓ દશ ક્રોડથી મુક્તિ પદને પામ્યા, જેની દહેરી તળીયામાં છે.

મેળો ૨ જો–ફાગણ સુદ ૮—પ્રથમ તિર્થંકર ઋષભદેવ એક પૂર્વમાં પૂર્વ નવાણું વાર આ દિવસે આવ્યા ને રાયણ પાઉ ધર્યો. ફાગણ સુદ ૧૩–કૃષ્ણ વાસુદેવના સાંબ ને પ્રદ્યુમ્ન પુત્રો સાડીઆઠ ક્રોડ સાથે 'ભાડવા શિખરે' મુક્તિ વર્યા. તે મહિમાનો મેળો આદપર સિદ્ધવડમાં ભરાય છે.

મેળો ૩ જો–ચૈત્રી પુનમનો—પ્રથમ તિર્થંકરના પૌત્ર પુંડરિક ગણધર પાંચ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા, તે કાળથી પુંડરગિરી નામ પણ પ્રસિદ્ધિમાં છે. પુંડરિકજીને દહેરે તે દિવસ સારી આંગીઓ રચાય છે.

મેળો ૪ થો–અષાડી ચૌદશનો–વર્ષાઋતુમાં એક ઠેકાણે રહેવાનું શાસ્ત્ર ફરમાન હોવાથી ચાર મહીના દર્શનનો લાભ ન પામી શકાય તેથી વરસનો છેલ્લો મેળો અને ચાતુર્માસ રહેવા આવનારાઓનો સમુહ થવાથી મેળો સારો ભરાય છે.

વળી આ તીર્થ ઉપર–આસો સુદ ૧૫ ના રોજ પાંચ પાંડવો વીસ ક્રોડ મુનિ સાથે, નમિ અને વીનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિ સાથે, નારદજી એકાણુ લાખ, રામ ભરત ત્રણ ક્રોડ સાથે, વિગેરે અસંખ્યાતા પ્રસિદ્ધ માણસો મુક્તિ વર્યા છે. તેમજ ગઇ ચોવીસીના અજિતસેન આદી તીર્થંકર મોક્ષે ગયા છે. અને વર્તમાન ત્રેવીસ તીર્થંકરો (નેમનાથ સિવાય) એ યાત્રા કરી છે ને અજિતનાથ તથા શાંતિનાથ ભગવાને

ચોમાસું કર્યું છે. સર્પ મયુરાદિ પ્રાણીઓને તાર્યાં છે. તેમજ પ્રાણીઓની ભવ્યપણાની ખાત્રીનો તેમનું દર્શન મોટો ગુણ ધરાવે છે. વગેરે અનંતા ગુણથી આ તીર્થ મહિમાવંત જયવંત વર્તે છે.

# ભગવાને ઇંદ્રમહારાજને શત્રુંજય મહાત્મ્યનું કીધેલું ફળ.

હે ઇંદ્ર ! ફક્ત શત્રુંજયનું નામ સાંભળવાથી જે પુણ્ય થાય તેનાથી ક્રોડગણું પુણ્ય તેમની સમીપ ગયાથી થાય છે અને અનંતગણું પુણ્ય નજરે જોયાથી થાય છે. હવે આ તીર્થને જોતાં યા ન જોતાં પણ જે માણસો ત્યાં જતા સંઘની ભક્તિ યા સન્માનમાં તત્પર રહે તેઓ મોક્ષપર્યંત મહા સુખને મેળવે છે.

આ તીર્થના મહાત્મ્યાદિકના સંબંધમાં જેટલી હકીકત લખીએ તેટલી લખી શકાય તેમ છે છે અનેક શાસ્ત્રોમાં તેનું વર્ણન આવે છે શ્રી શત્રુંજય મહાત્મ્યમાં ભરત ચક્રીના ઉદ્ધારની હકીકત બહુજ વિસ્તારથી આપવામાં આવી છે; તેની અંદર ભરતચક્રીએ કરેલી ગિરિરાજની, શ્રીઋષભદેવજીની અને નેમિનાથ ભગવંતની સ્તુતિઓ ખાસ વાંચવા લાયક છે. સંસ્કૃતના અભ્યાસીઓએ તો તે કંઠે કરવા લાયક છે.

આ તીર્થે શુભ ભાવથી યાત્રા કરનાર પ્રાણીનાં અનેક પ્રકારનાં પૂર્વે કરેલાં પાપો નાશ પામી જાય છે. દાન શિયળ

તપ ને ભાવ એ ચારે પ્રકારનાં ધર્મનું અહીં બહુ સહેલાઇએ આરાધન થઇ શકે છે. તે આ પ્રમાણે અત્યુતમ તીર્થ હોવાથી મુનિવર્ગનું આગમન રહ્યાજ કરે છે તેથી તેમને દાન આપવાની જોગવાઇ સહેજે મળી આવે છે. ઉત્તમ શ્રાવકો પણ અનેક આવતા હોવાથી બંને પ્રકારનું સુપાત્ર દાન અહીં દઇ શકાય છે, બ્રહ્મચર્ય સહેજે પળે છે, યથાશકિત તપસ્યા પણ થઈ શકે છે અને શુભ ભાવની વૃદ્ધિને માટે તો આ તીર્થ પરમ આલંબન–સાધનભૂત છે. માટે જ્યારે જ્યારે સાંસારિક વ્યવસાયમાંથી અવકાશ મળે ત્યારે ત્યારે અથવા તો અવકાશ મેળવીને પણ અવશ્ય આ તીર્થની યાત્રાનો પરમ લાભ મેળવવો.

હવે કાર્તકી પુનમને દિવસે ઘણા ભવ્ય જીવોશ્રી શત્રુંજય તીર્થની જાત્રાએ જાય છે, પરંતુ જે નથી જઇ શકતા તેઓ પોતાના શહેર અગર ગામમાં કોઈ મુકરર કરેલી જગ્યાઓએ તીર્થાધિરાજનો પટબાંધીને પણ જાત્રા કરીને તે દિવસનો વિધિ સાચવે છે તે વિધિ નીચે પ્રમાણે. ઉપવાસાદિક યથાશકિત તપ કરી મન. વચન, કાયાદિની શુદ્ધિસહિત જ્યાં પટઆદિક બાંધ્યા હોય તે સ્થળે જઇ પટાદિક દેખતા પ્રથમ મસ્તકે નમસ્કાર કરી પછી ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રભુ સન્મુખ ઉભા રહી ત્રણ ખમાસમણાં દઈ ચૈત્યવંદન સ્તવનાદિ કરવાં તે ચૈત્યવંદનાદિ જણાવીએ છીએ.

## ॥ અથ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન ॥

વિમલ કેવલ જ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં,
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં ૧
વિમલ ગિરિવર શ્રૃંગ મંડણ, પ્રવર ગુણગણ ભુધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત. નમો૦ ॥ ૨ ॥
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિન ગુણ મનહરં;
નિર્જરાવલિ નમે અહોનિશ. નમો૦ ॥ ૩ ॥
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિ, કોડિપણ મુનિ મનહરં;
શ્રી વિમલ ગિરિવર શ્રૃંગ સિદ્ધા. નમો૦ ॥ ૪ ॥
નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંતએ ગિરિવરં;
મુક્તિ રમણી વર્યા રંગે. નમો૦ ॥ ૫ ॥
પાતાલ નર સુરલોકમાંહી, વિમલ ગિરિવર તોપરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે. નમો૦ ॥ ૬ ॥
એમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઇયે
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિનીપાઇયે,
જિતમોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદસ્થિતજયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મ વિજય સુહિતકરં ૭

## ॥ અથ શ્રી શત્રુંજય ચૈત્યવંદન ॥

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિવારે; ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે, અનંત સિદ્ધનો એહ ઠામ;

સકલ તિર્થનો રાય, પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિ યા પ્રભુ પ્રાય. ॥૨॥ સૂરજ કુંડ સુહામણો, કવડજક્ષ અભિરામ; નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ ૩

## ॥ શ્રી આદિજિન ચૈત્યવંદન ॥

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સાચો ॥ આદિસર જિનરાયનો, જિહાં મહિમા જાચો ॥ ૧ ॥ ઇહાં અનંત ગુણવંત સાધુ, પામ્યા શિવ વાસ ॥ એહગિરિ સેવાથી અધિક, હોય લીલ વિલાસ ॥ ૨ ॥ દુષ્કૃત સવિ દૂરે હરે એ, બહુ ભવ સંચિત જેહ ॥ સકલ તીર્થ શિર સેહરો, દાન નમે ધરી નેહ ॥ ૩ ॥

## ॥ શ્રી સિદ્ધાચળજીનું ચૈત્યવંદન ॥

સકલ સુહંકર સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચળ સુણિયે; સુરનર નરપતિ અસુર ખેચર, નિકરે જે થુણીએ ॥ ૧ ॥ સકલ તીરથ અવતાર સાર, બહુ ગુણ ભંડાર, પુંડરિક ગણધર જબ પામ્યા ભવપાર ॥ ૨ ॥ ચૈત્રી પુનમને દિને એ, કર્મ મર્મ કરી દૂર, તે તીરથ આરાહીએ, દાન સુયશ ભરપુર ॥ ૩ ॥

## ॥ શ્રી સિદ્ધાચળ ચૈત્યવંદન ॥

તે તિરથ ઉપર અનંત, તીર્થંકર આવ્યા; વલી અનંતા આવશે, સમતા રસ ભાવ્યા ॥ ૧ ॥ આ ચોવી-

સી માંહી એક, નેમીશ્વર પાખે ॥ જિન ત્રેવીશ સમો-સર્યા, એમ આગમ ભાખે ॥ ૨ ॥ ગણધર મુનિવર કેવલી, સમોસર્યા ગુણવંત ॥ પ્રેમે તે ગિરિ પ્રણમતાં હરખે દાન હસંત ॥ ૩ ॥

## ॥ શ્રી સિદ્ધચળ ચૈત્યવંદન ॥

એ તીરથના ઉપરે, થયા ઉદ્ધાર અસંખ્ય, તિમ પ્રતિમા જીનરાયની, થઇ તાસ ન સંખ્ય ॥ ૧ ॥ અ-જિત શાંતિ જિનરાજ દ્દથ્થ, રહ્યા ચોમાસી ॥ એ તીરથે મુનિ અનંત, હુવા શિવપુર વાસી ॥ ૨ ॥ ચૈત્રી પુનમને દિને એ, મહિમા જાસ મહાન ॥ એ તીરથ સેવન થકી, દાન વધે બહુમાન ॥ ૩ ॥

## ॥ શ્રી સિદ્ધાચળ ચૈત્યવંદન ॥

અષ્ટાપદ આદિ અનેક, જગ તીરથ મોટાં ॥ તેહથી અધિકું સિદ્ધક્ષેત્ર, એહ વચન ન ખોટાં ॥ ૧ ॥ જે માટે એ તીર્થસાર, સાસય પ્રતિ રૂપ ॥ જેહ અનાદિ અનંત શુદ્ધ, ઇમ કહે જિન ભૂપ ॥ ૨ ॥ કલિકાલે પણ જેહનો એ, મહિમા પ્રબલ પડુર ॥ શ્રી વિજયરાજ સૂરિંદથી, દાન વધે બહુનૂર ॥ ૩ ॥

## ॥ શ્રી સિદ્ધચળજીનું સ્તવન ॥

સિદ્ધાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં; વિમલાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં, એ ગિરિ-

વરનો મહિમા મહોટો, કહેતાં નાવે પાર ॥ રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારારે ॥ધ૦॥૧॥ મૂલ નાયક શ્રીઆદિજિનેશ્વર; ચઉમુખ પ્રતિમા ચાર ॥ અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારારે॥ ધ૦ ॥ ૨ ॥ ભાવ ભગતિશું પ્રભુ ગુણગાવે, અપણા જનમ સુધારા ॥ યાત્રા કરી ભવિજન શુભ ભાવેં, નરકતિર્યંચ ગતિવારારે ॥ ધ૦ ॥ ૩ ॥ દૂરદેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા ॥ પતિત ઉદ્ધારણ બિરૂદ તમારૂં એ તીરથ જગ સારારે ॥ ધ૦ ॥ ૪ ॥ સંવત અઢાર બ્યાસી એ માસ આષાઢો, વદિ આઠમ ભોમવારા ॥ પ્રભુજીકે ચરણ પ્રતાપસેં સંઘમેં, ખેમા રતન પ્રભુ પ્યારા રે ॥ ધ૦ ॥ ૫ ॥

## ॥ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન ॥

મહારૂં મન મોહ્યુંરે શ્રી સિદ્ધાચલેરે, દેખીને હરખિત થાય ॥ વિધિશું કીજેરે યાત્રા એહનીરે, ભવ ભવનાં દુઃખ જાય ॥ મહા૦ ॥ ૧ ॥ પાંચમે આરેરે પાવન કારણેરે, એ સમું તીરથ ન કોય ॥ મોટો મહિમા રે મહિયલ એહનોરે, આ ભરતે ઇહાં જોય ॥ મહા૦ ॥ ૨ ॥ એણે ગિરિ આવ્યા રે, જિનવર ગણધરારે, સિદ્ધા સાધુ અનંત ॥ કઠિન કરમ પણ ઇણ ગિરિ ફરસતાં રે, હોયે કર્મ નીશાંત ॥ મહા૦ ॥૩॥ જૈન ધરમ તે સાચો જાણી-

ચેરે, માનવ તીર્થ એ થંભ ॥ સુરનર કિન્નર નૃપ વિદ્યાધરારે, કરતા નાટારંભ ॥ મહા૦ ॥ ૪ ॥ ધન ધન દહાડો રે, ધન ધન એ ઘડીરે, ધરીયે હૃદય મઝાર ॥ જ્ઞાન વિમલ પ્રભુ એહના ગુણ ઘણારે, કહેતાં નાવેરે પાર ॥ મહા૦ ॥ ૫ ॥

## શ્રી સિદ્ધાચળજીનું સ્તવન ॥ ૨ ॥

આંખડીયેરે મેં આજ શેત્રુંજો દીઠોરે, સવા લાખ ટકાનો દહાડોરે, લાગે મને મીઠોરે ॥ એ આંકણી ॥ સફલ થયોરે મહારા મનનો ઉમાહો, વાહાલા મારા ભવનો સાંસો ભાગ્યોરે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યોરે ॥ શેત્રુંજો દીઠોરે ॥ ૧ ॥ માનવ ભવનો લ્હાવો લીજે ॥ વા૦ ॥ દેહડી પાવન કીજેરે ॥ ॥ સોના રૂપાના ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજેરે ॥ શેત્રું૦ ॥ ૨ ॥ દુધડે પખાલીને કેશરે ઘોલી ॥ વા૦ ॥ શ્રી આદીસર પૂજ્યારે ॥ શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાશી ધ્રુજ્યારે ॥ શેત્રું ॥ ૩ ॥ શ્રીમુખ સૌધર્મા સુરપતિ આગે ॥ વા૦ ॥ વીર જીણંદ ઇમ બોલેરે ॥ ત્રણ્ય ભુવનમાં તીરથ મહોટું, નહિં કોઇ શેત્રુંજા તોલેરે ॥ શેત્રું૦ ॥ ૪ ॥ ઇંદ્ર સરિખા એ તીરથની ॥ વા૦ ॥ ચાકરી ચિત્તમાં ચાહેરે ॥ કાયાની તો કાસલ કાઢી, સુરજકુંડમાં નાહેરે ॥ શેત્રું ॥ ૫ ॥ કાંકરે કાંકરે શ્રી

સિદ્ધક્ષેત્રે ॥ વા૦ ॥ સાધુ અનંતા સીધ્યારે ॥ તે માટે એ તીરથ મ્હોટું, ઉદ્ધાર અનંતા કીધારે ॥ શેત્રું૦ ॥ ૬ ॥ નાભિરાયા સુત નયણે જોતાં ॥ વા૦ ॥ મેહ અમીરસ વુઠયારે ॥ ઉદયરતન કહે આજ મ્હારે, પોતે શ્રી આદિશ્વર તૂઠારે શેત્રું૦ ॥ સવા૦ ૭ ॥

## ॥ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન ॥

ચાલો સખી સિદ્ધાચલ જઇએ, ચાલો સખી વિમલાચલ જઇએ, કે ગિરિવર દેખી સુખ લઇએ, કે પાલીતાણે જઇ રહિયેં ॥ ચાલો૦ ॥ ૧ ॥ કે એ ગિરિયાત્રાયેં જે આવે, કે ભવ ત્રીજે સિદ્ધિ જાવે, કે અજરામર પદવી પાવે ॥ ચાલો૦ ॥ ૨ ॥ કે યાત્રા નવાણું કરીએ, કે નવકાર લાખ ખરા ગણિયેં, કે ભવસાગર સહેજે તરિયેં ॥ચાલો૦॥૩॥ કે છઠ અઠમ કાયા કસીયે, કે મોહરાજા સામે ધસિયે, કે વેગે શિવપુરમાં વસિયે ॥ચા૦॥ ॥ ૪ ॥ કે સર્વ તીરથનો એ રાજા, કે સૂરજકુંડમાં એ જલતાજા, કે રોગીયા નર હોય તે સાજા ॥ ચાલો૦ ॥ ॥ ૫ ॥ કે કેસર ચંદન ઘસી ઘોલી, કે કસ્તુરી બરાસ મેલી, કે પૂજો સર્વ મળી ટોળી ॥ ચાલો ॥ ૬ ॥ કે પૂજીને ભાવના ભાવો, કે કેવલ જ્ઞાનયુગલ પાવો, કે જો હોયે શિવપુરમાં જાવો ॥ ચાલો૦ ॥ ૭ ॥ કે અઢાર અહોત્તેરા

વરસે, કે મહાવદી પંચમીને દિવસે, કે ભેટચા શ્રી આદીસર ઉલટે ॥ ચાલો૦ ॥ ૮ ॥ કે એહ ઉત્તમ પદની સેવા, કે દેજો મુને દેવાધિદેવા; કે શિવરૂપી લખમીને સુખ મેવા ॥ ચાલો૦ ॥ ૯ ॥

## ॥ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન ॥

વિમલાચલ વિમલા પાણી, શીતલ તરૂ છાયા ઠરાણી; રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી ॥ સનેહી સંત એ ગિરિ સેવો, ચૌદ ક્ષેત્રમાં તીરથ ન એહવો ॥ સનેહી સંત એ ગિરિ સેવો ॥ ૧ ॥ એ આંકણી ॥ છહરીપાલીને ઉલ્લસીયેં, છઠ અઠમે કાયા કસીયેં, મોહમલ્લને સામા ધસીયે, વિમલાચલ વેગે વસિયેં ॥ સનેહી ॥ ૨ ॥ અન્ય સ્થાનક કર્મ જે કરીયેં, તે હેમગિરિ હેઠા હરીયેં, પાછળ પ્રદક્ષિણા ફરીયેં, ભવ જલધિ હેલા તરીયેં ॥ સનેહી૦ ॥ ૩ ॥ શિવ મંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે, ચઢતાં દૃઢ સમકિતિ છાજે, દુર્ભવ્ય અભવ્ય તે લાજે ॥ સનેહી૦ ॥ ૪ ॥ પાંડવ પમુહા કેઇ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા, પરમાતમ ભાવેં ભજંતા, સિદ્ધાચલ સીદ્ધા અનંતા ॥ સનેહી૦ ॥ ૫ ॥ ષટમાસી ધ્યાન ધરાવે, શુકરાજાનું રાજ્ય નિપાવે, બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે ॥

સનેહી૦ ॥ ૬ ॥ પ્રણિધાને ભજો એ ગિરિ સાચો, તીર્થંકર નામ નિકાચો, મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ સાચો ॥ સનેહી૦ ॥ ૭ ॥

## ॥ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન ॥

વીરજી આવ્યારે વિમલાચલકે મેદાન, સુરપતિ પાયારે, સમવસરણ મંડાણ ॥ એ આંકણી ॥ દેશના દેવે વીરજી સ્વામ, શત્રુંજય મહિમા વરણવે તામ ॥ ભાખે આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યુંરે, પુંડરગિરિ અભિધાન ॥ સોહમ ઇંદારે, તવ પૂછે બહુ માન ॥ કિમ થયું સ્વામિરે, ભાખો તાસ નિદાન ॥ વીર૦ ॥ ૧ ॥ પ્રભુજી ભાંખે સાંભળ ઇંદ્ર, પ્રથમ જે હુઆ રિષભજીણંદ, તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆરે રૂષભસેન પુંડરીક ॥ રૂષભજી પાસેરે, દેશના સુણી તે ઉત્તંગ ॥ દીક્ષા લીધીરે, ત્રિપદી જ્ઞાન અધિક ॥ વીર૦ ॥ ૨ ॥ ગણધર પદવી પામ્યા જામ, દ્વાદશ અંગી ગુંથી અભિરામ ॥ વિચર્યા મહિયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યારે શ્રીસિદ્ધાચલ સાર ॥ મુનિવર કોડિરે, પાંચ તણો પરિવાર ॥ અનશન કીધુંરે, નિજ આતમને ઉપગાર ॥ વી૦ ॥૩॥ તેણે એ પ્રગટ પુંડરિક ગિરિ નામ, સાંભળ સોહમ દેવલોક સ્વામ, એહનો મહિમા અતિહિ ઉદામ, ઇણે

દિન કીજેરે, તપ જપ પૂજાને દાન ॥ વ્રત વલી પોસોરે, જેહ કરે નિદાન ॥ ફલ તસ પામેરે, પંચ કોડી ગુણમાન ॥વીર૦॥ ૪ ॥ ચૈત્રી પૂનમ દિવસે જેહ, પામ્યા કેવલ જ્ઞાન અછેહ ॥ શિવસુખ વરિયા અમલ અદેહ ॥ પૂર્ણાનંદીરે અગુરૂલઘુ અવગાહ ॥ અજ અવિનાશીરે, નિજ ગુણ ભોગી અબાહ ॥ નિજ ગુણ કરતારે, પરપુદ્ગલ નહિં ચાહ ॥ વીર૦ ॥ ૫ ॥ ભકતેં ભવ્ય જીવ જે હોય, પંચ ભવેં મુક્તિ લહે સોય ॥ એહમાં બાધક છે નહીં કોય, વ્યવહાર કેરીરે, મધ્યમ ફલની એ વાત ॥ ઉત્કૃષ્ટે યોગેરે, અંતરમુહૂર્ત વિખ્યાત ॥ શિવસુખ સાધેરે, આતમને અવદાત ॥ વીર૦ ॥ ૬ ॥ ચૈત્રી પૂનમમહિમા દેખ, પુજા પંચ પ્રકાર વિશેષ ॥ તેહમાં ઉણિમ નહી કાંઈ રેષ, ઇણી પરે ભાંખેરે, જીનવર ઉત્તમ વાણ ॥ સાંભળી બુઝયારે, કેઇક ભવિક સુજાણ ॥ ઇણિપરેં ગાયારે, પદ્મવિજય સુપ્રમાણ ॥ વીર૦ ॥ ૭ ॥

## ॥ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન. ॥

સિદ્ધાચલ શિખરે દીવોરે, આદીશ્વર અલબેલો છે; જાણે દર્શન અમૃત પીવોરે, આદીશ્વર અલબેલો છે. શિવ સોમજશાની લ્હારોરે. આ૦ સિ૦ ॥ ૧ ॥ કરે શિવ સુંદરીનું આણું રે, આ૦ નારદજી લાખ એકાણું રે, આ૦

વસુદેવની નારી પ્રસિદ્ધિરે, આ૦ પાંત્રીસ હજારે તે સિદ્ધિરે, આ. સિ૦ ॥ ૨ ॥ લાખ બાવન એક કોડીરે, આ. પંચાવન સહસને જોડીરે, આ૦ સાતસેં સીત્યોતેર સાધુરે, આ. પ્રભુશાંતિ ચોમાસું કીધુંરે. આ. સિ૦ ॥ ૩ ॥ તવ એ વરિયા શિવનારીરે, આ. ચૌદ સહસ મુનિ દમિતારીરે, આ. પ્રદ્યુમ્ન પ્રિયા અચંભીરે, આ. ચૌંઆલીસસેં વૈદરભીરે, આ૦ સિ૦ ॥૪॥ થાવચ્ચા પુત્ર હજારારે, આ. શુક પરિવ્રાજક ધારરે, આ. શેલગ પણ સત્ય વિખ્યાતેરે, આ. સુભદ્ર મુનિ શત સાતેરે. આ. સિ૦ ॥ ૫ ॥ ભવ તરિયા તિણે ભવ તારણરે, આ. ગજચંદ્ર મહોદય કારણરે, આ. સુરકાંત અચળ અભિનંદોરે, આ. સુમતિ શ્રેષ્ઠ ભય કંદોરે, આ. સિ૦ ॥ ૬ ॥ ઈહાં મોક્ષ ગયા કેઇ કોટીરે, આ. અમને પણ આશા મોટીરે, આ. શ્રદ્ધાસંવેગે ભરીયોરે. આ. મેં મોટો દરિયો તરીયોરે. આ. સિ૦ ॥ ૭ ॥ શ્રદ્ધા વિણ કોણ ઈહાં આવેરે, આ. લઘુ જળમાં કિમ તે નાવેરે, આ. તિણે હાથ હવે પ્રભુ જાલોરે, આ. શુભવીરને હૈડે વ્હાલોરે. આ. સિ. ॥ ૮ ॥

## ॥ અથ શત્રુંજય તીર્થની થોયો ॥

(૧)

પુંડરિક મંડન પાય પ્રણમીજે, આદીશ્વર જિન-

ચંદાજી. નેમિ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિઆ આનંદાજી; આગમમાંહિ પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન જિનંદાજી, ચૈત્રી પૂનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી.

( ૨ )

વિમલાચળ મંડન, જિનવર આદિ જિણંદ, નિર્મમ નિર્મોહી, કેવલ જ્ઞાન દિણંદ; જે પૂર્વ નવાણું, આવ્યા ધરી આણંદ, શત્રુંજય શિખરે, સમવસર્યા સુખકંદ.

( ૩ )

શ્રી સિદ્ધાચલ મંડન, ઋષભ જિણંદ દયાળ; મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાળ, એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર, આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર.

## ॥ અથ શ્રી સિદ્ધગિરિ સ્તુતિના દુહા (૧૦૮) ॥

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ,
પરમાતમ પરમેસરૂ, પ્રણમું પરમ મુનીશ. ૧
જય જય જગતપતિ જ્ઞાન ભાણ, ભાસિત લોકાલોક;
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક. ૨
શ્રી સિદ્ધાચલ મંડણો નાભિ નરેસર નંદ;
મિથ્યામતિ મત ભંજણો, ભવિ કુમુદાકરચંદ. ૩

પુરવ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમીએ, ભકતે જોડી હાથ. ૪
અનંત જીવઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચળ પ્રણમીયે, લહિયે મંગલ માલ. ૫
જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમીએ, ઋદ્ધિ સદા સુખ વૃંદ. ૬
મહિમા જેહનો દાખવા, સુરગુરૂ પણ મતિ મંદ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે સહજાનંદ. ૭
સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડુર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, નાશે અઘ સવિ દૂર. ૮
કર્મ કાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામીજે સુખવાસ. ૯
પરમાનંદ દશા લહે. જસ ધ્યાને મુનિરાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતક દૂર પલાય. ૧૦
શ્રદ્ધા ભાષણ રમણતા, રત્નત્રયીનું હેતુ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવ મકરાકર સેતુ. ૧૧
મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન [સ]સુહાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સુરનર જસ ગુણ ગાય. ૧૨
પુંડરિક ગણધર પ્રમુખ, સિધ્યા સાધુ અનેક;
તે તીર્થેશ્વર પ્રણમીએ, આણી હૃદય વિવેક. ૧૩
ચંદ્ર શેખર સ્વસા પતિ, જેહને સંગ સિદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જે પામી નિજ ઋદ્ધ. ૧૪

જલચર ખેચર તિરિય સેવે, પામ્યા આતમ ભાવ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવજલ તારણ નાવ. ૧૫
સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, છેદીજે ગતિ ચાર. ૧૬
પુષ્ટિ શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, મિથ્યામતિ સર્વ જાય. ૧૭
સુરતરૂ સુરમણિ સુરગવિ, સુરઘટ સમ જસ ધ્યાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે શુદ્ધ સ્વભાવ. ૧૮
સુરલોકે સુર સુંદરી, મલી મલી થોકેથોક;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ગાવે જેના શ્લોક. ૧૯
યોગીશ્વર જસ દર્શને, ધ્યાને સમાધિ લીન;
તે તીર્થેશ્વર પ્રણમીએ, હુવા અનુભવ રસ લીન. ૨૦
માનુ ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, મહિમા દેખણ ચિત્ત. ૨૧
સુર અસુર નર કિન્નરા, રહે છે જેહને પાસ;
તે તાર્થેશ્વર પ્રણમીએ, પામે લીલ વિલાસ. ૨૨
મંગળકારી જેહની, મૃતિકા હરિ ભેટ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, કુમતિ કદાગ્રહ મેટ. ૨૩
કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખા થાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિ તસ મહિમા ગાય. ૨૪
સૂરજકુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ન કહાય. ૨૫

સુંદર ટુંક સોહામણો, મેરૂસમ પ્રાસાદ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, દૂર ટલે વિખાદ. ૨૬
દ્રવ્ય ભાવ વૈરી તણી, જિહાં આવે હોય શાંતિ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જાયે ભવની ભ્રાંતિ. ૨૭
જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ઉદ્દામ. ૨૮
નદી શત્રુંજી સ્નાનથી, મિથ્યા મલ ધોવાય,
તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિજનને સુખદાય. ૨૯
આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જિહાં નવિ આવે કાક. ૩૦
સિદ્ધ શિલા તપનીયમય, રત્ન સ્ફાટિક ખાણુ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા કેવલ નાણ. ૩૧
સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક,
તે તીર્થેશ્વર પ્રણમીએ, ન રહે પાતક એક. ૩૨
સંયમ ધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, દેવા નિર્મલ નેત્ર. ૩૩
શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઓચ્છવ પૂજા સ્નાત્ર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પોષે પાત્ર સુપાત્ર. ૩૪
સ્વામિવત્સલ પુણ્ય જિહાં, અનંત ગુણ કહેવાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સોવન ફુલ વધાય. ૩૫
સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ત્રિભુવન માંહે વિદિત. ૩૬

પાલીતાણું પુર ભલું, સરોવર સુંદરપાલ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જાએ સકલ જંજાળ. ૩૭
મન મોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખવાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ગુણ ગુણી ભાવ લખાય. ૩૮
જેણે ગિરિ રૂખ સોહામણાં, કુંડે નિર્મળ નીર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ઉતારે ભવ તીર. ૩૯
મુક્તિ મંદિર સોપાન સમ, સુંદર ગિરિવરપાજ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, લહિએ શિવપુર રાજ. ૪૦
કર્મ કોટિ અઘવિકટ ભટ, દેખી ધ્રુજે અંગ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, દિન દિન ચઢતે રંગ. ૪૧
ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સુખે શાસન રીત. ૪૨
કવડ યક્ષ રખવાલ જસ, અહનીશ રહે હજુર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અસૂરાં રાખે દૂર. ૪૩
ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન વિનાસણહાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સંઘ તણી કરે સાર. ૪૪
સુરવરમાં મઘવા યથા, ગ્રહ ગણમાં જિમચંદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, તિમ સવિ તીરથ ઇંદ. ૪૫
દીઠે દુર્ગતિ વારણો, સમર્યો સારે કાજ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિ તીર્થ શિરતાજ. ૪૬
પુંડરિક પંચ કોડિશું, પામ્યા કેવલ નાણ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, કર્મ તણી હોઈ હાણ. ૪૭

મુનિવર કોડિ દસ સહિત, દ્રાવિડ અને વારિખેણ;
તે તીર્થેશ્વર પ્રણમીયે; ચઢિયા શિવ નિશ્રેણ. ૪૮
નમિ વિનમી વિદ્યાધરા, દોય કોડિ મુનિ સાથ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર આથ. ૪૯
રૂષભવંશી નરપતિ ઘણા, ઇણે ગિરિ પહોંત્યા મોક્ષ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાળ્યા ઘાતિક દોષ. ૫૦
રામ ભરત બિહુ બંધવા, ત્રણ કોડિ મુનિ યુત;
તે તીર્થેશ્વર પ્રણમીયે. ઇણે ગિરિ શિવ સંપત્ત. ૫૧
નારદ મુનિવર નિર્મળો, સાધુ એકાણું લાખ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ. ૫૨
સાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાઢી આઠે કોડિ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂર્વકર્મ વિછોડી. ૫૩
થાવચ્ચા સુત સહસશું, અણસણ રંગે કીધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, વેગે શીવપદ લીધ. ૫૪
શુક પરમાચારજ વળી, એક સહસ અણગાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર દ્વાર. ૫૫
શૈલ સૂરિ મુનિ પાંચસેં, સહિત હુઆ શિવનાહ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અંગે ધરી ઉત્સાહ. ૫૬
ઇમ બહુ સિદ્ધા ઇણે ગિરે, કહેતાં નાવે પાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, શાસ્ત્ર માંહે અધિકાર. ૫૭
બીજ ઇહાં સમકિત તણું, રોપે આતમ ભોમ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ટાળે પાતક સ્તોમ. ૫૮

બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગો–હત્યા, પાપે ભારિત જેહ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પોહોંત્યા શિવપૂર છેહ. ૫૯
જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, તીર્થ માંહે ઉક્કિટ્ઠ. ૬૦
ધન ધન સોરઠ દેશ જિહાં, તીરથ માંહે સાર,
તે તીર્થેશ્વર પ્રણમીએ, જનપદમાં શિરદાર. ૬૧
અહનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા શિવ વધુ રંગ. ૬૨
વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા નિર્મલ બુદ્ધ. ૬૩
મહા મ્લેચ્છ શાસન રિપુ, તે પણ હુવા ઉપસંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહિમા દેખી અનંત. ૬૪
મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુવે જિણ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતકહારી નામ. ૬૫
સુમતિ સુધારસ વરસતે, કર્મ દાવાનલ સંત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ઉપસમ તસ ઉલ્લસંત. ૬૬
શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્વાતત્વ વિચાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ગ્રહે ગુણયુત શ્રોતાર. ૬૭
પ્રિય મેલક ગુણગણતણું, કીર્તિ કમલા સિંધુ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, કલિકાલે જગબંધુ. ૬૮
શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, દિન દિન મંગળ માળ. ૬૯

શ્વેત ધજા જસ લહકતી, ભાખે ભવિને એમ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભ્રમણ કરો છો કેમ. ૭૦
સાધક સિદ્ધ દિશા ભણી, આરાધે એક ચિત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સાધન પરમ પવિત્ત. ૭૧
સંઘપતિ થઇ એહનો, જે કરે ભાવે યાત્ર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, તસ હોય નિર્મળ ગાત્ર. ૭૨
શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જેહનો જસ અભંગ. ૭૩
રાયણ વૃક્ષ સોહામણો, જિહાં જિનેશ્વર પાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સેવે સુરનર રાય. ૭૪
પગલાં પૂજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સમતા પાવન અંગ. ૭૫
વિદ્યાધરજ મલે બહુ, વિચરે ગિરિવર શ્રૃંગ,
તે તીર્થેશ્વર પ્રણમીએ, ચઢતે નવરસ રંગ. ૭૬
માલતી મોગર કેતકી, પરિમળ મોહે ભૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પૂજે ભવિ એકંગ. ૭૭
અજિત જીનેશ્વર જિહાં રહ્યા, ચોમાસું ગુણ ગેહ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, આણી અવિહડ નેહ. ૭૮
શાંતિ જિનેસર સોળમા, સોળ કષાય કરી અંત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ચતુર માસ રહંત. ૭૯
નેમિ વિના જિનવર સર્વે, આવ્યા જેણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, શુદ્ધ કરે પરિણામ. ૮૦

નમિ નેમ જીન અંતરે, અજીત શાંતિ સ્તવ કીધ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, નંદીષેણુ પ્રસિદ્ધ. ૮૧
ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કેઈ લાખ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, જ્ઞાન અમૃત રસ ચાખ. ૮૨
નિત્ય ઘંટા ટંકારવે, રણુજણે ઝલ્લરીનાદ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, દુંદુંભિ માદૅલવાદ. ૮૩
જિણે ગિરે ભરત નરેશ્વરે, કીધો પ્રથમ ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, મણિમય મૂરતિ સાર. ૮૪
ચોમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, અક્ષય સુખ દાતાર. ૮૫
ઇત્યાદિક મોટા કહ્યા, સોળ ઉદ્ધાર સફાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, લઘુ અસંખ્ય વિચાર. ૮૬
દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, શત્રુંજય સમરંત. ૮૭
પુંડરિક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પુંડરિક ગિરિ નામ. ૮૮
કાંકરે કાંકરે ઇણે ગિરિ; સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સિદ્ધક્ષેત્ર સમચિત્ત. ૮૯
મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાએ દૂર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, વિમલાચલ સુખ પૂર. ૯૦
સુરવરા બહુ જે ગિરિ, નિવસે નિર્મળ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, સુરગિરિ નામ પ્રમાણ. ૯૧

પરવત સહુ માંહે વડો, મહાગિરિ તેણે કહંત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, દર્શન લહે પુણ્યવંત. ૯૨
પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, નામ ભલું પુણ્ય રાસ. ૯૩
લક્ષ્મ દેવી જે ભણ્યો, કુંડે કમલ નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પદ્મ નામ સુવાસ. ૯૪
સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પર્વત ઇંદ્ર વિખ્યાત. ૯૫
ત્રિભુવનમાં તીરથ સવે, તેમાં મહોં એહ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, મહાતીર્થ જસ રેહ. ૯૬
આદિ અંત નહિં જેહની, કોઇ કાળે ન વિલાય;
તે તીર્થેશ્વર પ્રણમીએ, શાશ્વત ગિરિ કહેવાય. ૯૭
ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, નામ સુભદ્ર સંભાળ. ૯૮
વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, નામે જે દ્રઢ શક્તિ. ૯૯
શિવગતિ સાધે જે ગિરે, માટે તે અભિધાન;
તે તીર્થેશ્વર પ્રણમીએ, મુક્તિ નિલય ગુણ ખાણ. ૧૦૦
ચંદ્ર સૂરજ સમકિત ધરી, સેવ કરે શુભ ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પુષ્પદંત વિદિત્ત. ૧૦૧
ભીતિ ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, મહાપદ્મ સુવિલાસ. ૧૦૨

ભુમિ ધરિ જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ;
તે તીર્થેશ્વર પ્રણમીએ. પૃથ્વી પીઠ અનીહ. ૧૦૩

મંગળ સવિ મળવાતણું, પીઠ એહ અભિરામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભદ્ર પીઠ જસ નામ. ૧૦૪

મૂળ જસ પાતાલમેં, રત્નમય મનોહાર;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતાળ મૂળ વિચાર. ૧૦૫

કર્મ ક્ષય હોયે જિહાં, હોય સિદ્ધ સુખ કેલ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, અકર્મ કરે મન મેલ. ૧૦૬

કામિત સવિ પૂરણ હોય, જેહનું દરિસણ પામ;
તે તીર્થેશ્વર પ્રણમીએ. સર્વ કામ મન ઠામ. ૧૦૭

ઇત્યાદિક એકવીસ ભલાં, નિરૂપમ નામ ઉદાર.
જે સમર્યા જે પાતક હરે, આતમ શક્તિ અનુસાર. ૧૦૮

## કળશ.

ઇમ તીર્થ નાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધગિરિ; અઠ્ઠોત્તર સય ગાહ સ્તવને, પ્રેમ ભકતે મને ધરી, શ્રી કલ્યાણસાગરસુરિશિષ્યે, શુભ જગીશે સુખ કરી; પુણ્ય મહોદય સકળ મંગળ, વેલિ સુજશે જય સિરિ. ॥ ૧૦૯ ॥

# શ્રી સિદ્ધાચલના ૨૧ નામના ૩૯ દૂહા

૧ સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મઝાર;
મનુષ્ય જન્મ પામી, કરી, વંદું વાર હજાર. ૧
અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨
કાર્તિક શુદિ પૂનમ દિને, દશ કોટિ પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિકે દિને, સંઘ સકલ પરિવાર;
આદિજિન સનમુખ રહી, ખમાસમણ બહુવાર. ૪
એકવીસ નામે વરણવ્યું, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુ માન. ૫
અહિંઆં "સિદ્ધાચલ સમરૂં સદા" એ દુહો પ્ર-
ત્યેક ખમાસમણ દીઠ કહેવો.

૨ સમોસર્યા સિદ્ધાચળે, પુંડરિક ગણધાર;
લાખ સવા માહાત્તમ કહ્યું, સુરનર સભા મઝાર. ૬
ચૈત્રી પુનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથસું, મુક્તિ નિલયમાં વાસ. ૭
તિણે કારણ પુંડરિક ગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત. ૮ સિ.
૩ વીસ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
ઇમ અનંત મુકતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. ૯ સિ.

૪ અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક;
તુંબી જલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલધામ;
અચલપદે વિમલા થયા,તિણેવિમલાચલનામ.૧૧સિ.
૫ પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨
અથવા ચઉદે ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણેસુરગિરિ નામેનમું,જિહાંસુરવાસઅનેક.૧૩સિ.
૬ એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીસ;
મહિમા એ મોટો ગિરિ, મહાગિરિનામ નમીશ.૧૪સિ.
૭ ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનીક;
જેહવો તેહવો સંયમી, વિમલાચલ પૂજનીક. ૧૫
વિપ્રલોક વિખધર સમા, દુઃખીઆ ભૂતલ માન;
દ્રવ્ય લિંગી કણ ક્ષેત્રસમ, મુનિવર છીપ સમાન.૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી,તેણે પુણ્યરાશિ નામ.૧૭સિ.
૮ સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામિઆ, કેવલ લક્ષ્મી નિધાન. ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તેણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર.૧૯સિ.
૯ શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઈંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ ઈંદ્રપ્રકાશ. ૨૦

૧૦ દશ કોટિ અણુવ્રત ધરા, ભકતે જમાડે સાર;
જૈન તીર્થ યાત્રા કરી, લાભ તણો નહિ પાર. ૨૧
તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહાતીર્થ અભિધાન. ૨૨ સિ.
૧૧ પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત;
શત્રુંજયમહાતમસુણી,નમોશાશ્વતગિરિસંત.૨૩સિ.
૧૨ ગૌ નારી બાળક મુનિ, ચઉહત્યા કરનાર;
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારાલંપટી, ચોરીના કરનાર,
દેવ દ્રવ્ય ગુરૂ દ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાતિક પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગલે, તિણે દઢશક્તિ નામ.૨૬ સિ.
૧૩ ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ્સમુનિશું શિવવર્યા,મુક્તિનિલયગિરિતેહ.૨૭સિ.
૧૪ ચંદાસૂરજ બિહુ જણા, ઉભા ઇણે ગિરિ શ્રૃંગ;
કરી વર્ણનને વધાવીયો, પુષ્પદંત ગિરિ રંગ.૨૮સિ.
૧૫ કર્મ[કઠણ]કલણુ ભવ જલ તજી,ઇહાં પામ્યા શિવ સદ્મ,
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ. ૨૯સિ.
૧૬ શિવ વહુ વિવાહ ઉત્સવે, મંડપ રચીયો સાર;
મુનીવર વર બેઠકભણી,પૃથ્વી પીઠ મનોહાર.૩૦સિ.
૧૭ શ્રી સુભદ્ર ગિરિ નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલતરૂરજ ગિરિવર તણી, શીસ ચઢાવે ભૂપ.૩૧સિ.

૧૮ વિદ્યાધર સુર અપચ્છરા, નદી શત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીયે ભવિ કૈલાસ. ૩૨ સિ.

૧૯ બીજા નીરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મઝાર;
તસ ગણધર મુનીમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ. ૩૪ સિ.

૨૦ પાતાલે જશ મૂલ છે, ઉજ્વલ ગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોયે સંસાર. ૩૫ સિ.

૨૧ તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ;
જે વંછે તે સંપજે, શીવ રમણી સંયોગ. ૩૬
વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ખટ માસ;
તેજ અપુરવ વિસ્તરે, પુગે સઘળી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મૂહુર્ત સાચ. ૩૮
સર્વ કામ દાયક નમો, નામ કરી ઓલખાણ;
શ્રીશુભવીર વીજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. ૩૦ સિ.

# અથ શ્રી મૌન એકાદશીનું મહાત્મ્ય.

આ પર્વ માગશર સુદ ૧૧ ને દીવસે આવે છે, બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાનને શ્રી કૃષ્ણજીએ પુછ્યું કે વર્ષના ૩૬૦ દિવસમાં એવો કયો ઉત્તમ દિવસ છે કે જે દિવસમાં અલ્પ વ્રત તપ પ્રમુખ કરે થકે પણ બહુ

ફલ આપનારો થાય. તે વખતે ભગવાને માગશર સુદ ૧૧ નો દિવસ અલ્પ વ્રતાદિક કરે થકે પણ બહુ પુન્ય થાય તેમ જણાવેલું છે. અને તે કૃષ્ણ વાસુદેવ આદિ ઘણા ભવ્ય જીવોએ તે પર્વને આરાધી આત્મકલ્યાણ કરેલું છે. વળી સુવ્રત શેઠ પણ તે પર્વને આરાધી મોક્ષે પહોંચેલા છે. તે દીવસે વર્તમાન ચોવીસીમાંથી આ ભરતક્ષેત્રમાં અઢારમા અરનાથજીએ દીક્ષા લીધી છે એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથજીને કેવલજ્ઞાન ઉપન્યું છે. તથા ઓગણીશમા શ્રી મલ્લિનાથજીનો એ દિવસે જન્મ થયો છે, વલી દીક્ષા પણ એજ દિવસે લીધી છે, તથા કેવલજ્ઞાન પણ એજ દીવસે ઉપન્યું છે એમ પાંચ કલ્યાણક થયાં છે એવીજ રીતે પાંચ ભરત અને પાંચ ઐરાવતના મલી વર્તમાનના ૫૦ કલ્યાણક સમજવાં તેવીજ રીતે અતીત અને અનાગતના પચાસ પચાસ ગણતાં તેજતીથીએ ૧૫૦ કલ્યાણક થયાં છે જેથી તે પર્વ મહત્ પુન્યવાલું થાય છે. તે દીવસે ભવિજીવોએ ઉપવાસ કરી પૌષધ વ્રત અંગીકાર કરવું અને સાવદ્ય વેપારનો ત્યાગ કરી મોન ધારણ કરવું. ૧૫૦ કલ્યાણકનું ગણણું ગણવું, દેવ વાંદવા વિગેરે શુભ ધ્યાનમાં અને જ્ઞાનાદિક અભ્યાસમાં દીવસ વ્યતીત કરવો તેની કથા વિગેરે તથા તે તિથિનું માહાત્મ્ય ઘણું જ છે તે અન્ય ગ્રંથોથી જાણી લેવું.

## ॥ શ્રી મૌન એકાદશીનું ગણણું ॥

૧ જંબુદ્વીપે ભરત અતીત ચોવીશી.

**૪ શ્રી મહાયશઃ સર્વજ્ઞાય નમઃ**

૬ શ્રી સર્વાનુભૂતિ અર્હતે નમઃ
૬ શ્રી સર્વાનુભૂતિનાથાય નમઃ
૬ શ્રી સર્વાનુભૂતિ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી શ્રીધરનાથાય નમઃ

૨ જંબુદ્વીપે ભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી નમિનાથ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી મલ્લિનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી મલ્લિનાથ નાથાય નમઃ
૧૯ શ્રી મલ્લિનાથ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી અરનાથ નાથાય નમઃ

૩ જંબુદ્વીપે ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સ્વયંપ્રભ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી દેવશ્રુત અર્હતે નમઃ
૬ શ્રી દેવશ્રુત નાથાય નમઃ
૬ શ્રી દેવશ્રુત સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી ઉદયનાથ નાથાય નમઃ

૪ ધાતકીખંડે પૂર્વભરતે અતીત ચોવીશી.

૪ શ્રી અકલંક સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી શુભંકરનાથાય અર્હતે નમઃ

૬ શ્રી શુભંકરનાથ નાથાય નમઃ
૬ શ્રી શુભંકરનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી સપ્તનાથ નાથાય નમઃ

૫ ધાતકીખંડે પૂર્વભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી બ્રહ્મેન્દ્રનાથ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી ગુણનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી ગુણનાથ નાથાય નમઃ
૧૯ શ્રી ગુણનાથ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી ગાંગિકનાથ નાથાય નમઃ

૬ ધાતકીખંડે પૂર્વભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સાંપ્રત સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી મુનિનાથ અર્હતે નમઃ
૬ શ્રી મુનિનાથ નાથાય નમઃ
શ્રી મુનિનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી વિશિષ્ટનાથ નાથાય નમઃ

૭ પુષ્કરવરદ્વીપે પૂર્વભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સુમૃદુનાથ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી વ્યક્તનાથ અર્હતે નમઃ
૬ શ્રી વ્યક્તનાથ નાથાય નમઃ
૬ શ્રી વ્યક્તનાથ સર્વજ્ઞાય નમઃ

૭ શ્રી કલાશત નાથાય નમઃ

૮ પુષ્કરવરદ્વીપે પૂર્વભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી અરણ્યવાસ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી યોગનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી યોગનાથ નાથાય નમઃ
૧૯ શ્રી યોગનાથ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી અયોગનાથ નાથાય નમઃ

૯ પુષ્કરવરદ્વીપે પૂર્વભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી પરમ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથ અર્હતે નમઃ
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથનાથાય નમઃ
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથસર્વજ્ઞાય નમઃ
૭ શ્રી નિઃકેશનાથ નાથાય નમઃ

૧૦ ધાતકીખંડે પશ્ચિમભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સર્વાર્થ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી હરિભદ્ર અર્હતે નમઃ
૬ શ્રી હરિભદ્ર નાથાય નમઃ
૬ શ્રી હરિભદ્ર સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી મગધાધિપ નાથાય નમઃ

૧૧ ધાતકીખંડે પશ્ચિમભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી પ્રયચ્છ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી અક્ષોભનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી અક્ષોભનાથ નાથાય નમઃ
૧૯ શ્રી અક્ષોભનાથ સર્વજ્ઞાય નમઃ
૮ શ્રી મલયસિંહ નાથાય નમઃ

૧૨ ધાતકીખંડે પશ્ચિમભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી દિનરુક્ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી ધનદનાથ અર્હતે નમઃ
૬ શ્રી ધનદનાથ નાથાય નમઃ
૬ શ્રી ધનદનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી પૌષધનાથ નાથાય નમઃ

૧૩ પુષ્કરવરદ્વીપે પશ્ચિમભરતે અતીત ચોવીશી.

૪ શ્રી પ્રલંબસર્વજ્ઞાય નમઃ
૬ શ્રી ચારિત્રિનિધિ અર્હતે નમઃ
૬ શ્રી ચારિત્રનિધિ નાથાય નમઃ
૬ શ્રી ચારિત્રનિધિ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી પ્રશમરાજિત નાથાય નમઃ

૧૪ પુષ્કરવરદ્વીપે પશ્ચિમભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી સ્વામી સર્વજ્ઞાય નમઃ

૧૯ શ્રી વિપરીતનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી વિપરીતનાથ નાથાય નમઃ
૧૯ શ્રી વિપરીતનાથ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી પ્રસાદનાથ નાથાય નમઃ

૧૫ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી અઘટિતનાથ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ અર્હતે નમઃ
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ નાથાય નમઃ
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ સર્વજ્ઞાય નનઃ
૭ શ્રી ઋષભચંદ્ર નાથાય નમઃ

૧૬ જંબુદ્વીપે ઐરાવતે અતીત ચોવીશી.

૪ શ્રી દયાંત સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી અભિનંદનનાથ અર્હતે નમઃ
૬ શ્રી અભિનંદનનાથ નાથાય નમઃ
૬ શ્રી અભિનંદનનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી રત્નેશનાથ નાથાય નમઃ

૧૭ જંબુદ્વીપે ઐરાવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી શ્યામકોષ્ટ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી મરૂદેવનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી મરૂદેવનાથ નાથાય નમઃ

૧૯ શ્રી મરૂદેવનાથ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી અતિપાર્શ્વનાથ નાથાય નમઃ

૧૮ જંબુદ્વીપે ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી નંદિષેણ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી વ્રતધરનાથ અર્હતે નમઃ
૬ શ્રી વ્રતધરનાથ નાથાય નમઃ
૬ શ્રી વ્રતધરનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી નિર્વાણનાથ નાથાય નમઃ

૧૯ ધાતકીખંડે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી સૌંદર્યસર્વજ્ઞાય નમઃ
૬ શ્રી ત્રિવિક્રમનાથ અર્હતે નમઃ
૬ શ્રી ત્રિવિક્રમનાથ નાથાય નમઃ
૬ શ્રી ત્રિવિક્રમનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી નરસિંહનાથ નાથાય નમઃ

૨૦ ધાતકીખંડે પૂર્વ ઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી ખેમંત સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી સંતોષિતનાથ અર્હતે નમઃ
૧૯ શ્રી સંતોષિતનાથ નાથાય નમઃ
૧૯ શ્રી સંતોષિતનાથ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી કામનાથ નાથાય નમઃ

૨૧ ધાતકીખંડે પૂર્વ અરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મુનિનાથ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી ચંદ્રદાહ અર્હતે નમઃ
૬ શ્રી ચંદ્રદાહ નાથાય નમઃ
૬ શ્રી ચંદ્રદાહ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી દિલાદિત્ય નાથાય નમઃ

૨૨ પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી અષ્ટાહિત સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી વણિક્નાથ અર્હતે નમઃ
૬ શ્રી વણિક્નાથ નાથાય નમઃ
૬ શ્રી વણિક્નાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી ઉદયજ્ઞાન નાથાય નમઃ

૨૩ પુષ્કરાર્દ્ધે પૂર્વઐરાવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી તમોકંદ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી સાયકાક્ષ અર્હતે નમઃ
૧૯ શ્રી સાયકાક્ષ નાથાય નમઃ
૧૯ શ્રી સાયકાક્ષ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી ક્ષેમંતનાથ નાથાય નમઃ

૨૪ પુષ્કરાર્દ્ધે પૂર્વઐરવતે અનાગત ચોવીશી,

૪ શ્રી નિર્વાણિક સર્વજ્ઞાય નમઃ

૬ શ્રી રવિરાજ અર્હતે નમઃ
૬ શ્રી રવિરાજ નાથાય નમઃ
૬ શ્રી રવિરાજ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી પ્રથમનાથ નાથાય નમઃ

૨૫ ધાતકીખંડે પશ્ચિમઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી પૂરૂરવા સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી અવબોધ અર્હતે નમઃ
૬ શ્રી અવબોધ નાથાય નમઃ
૬ શ્રી અવબોધ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી વિક્રમેંદ્ર નાથાય નમઃ

૨૬ ધાતકીખંડે પશ્ચિમઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી સુશાંતિ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી હરદેવ અર્હતે નમઃ
૧૯ શ્રી હરદેવ નાથાય નમઃ
૧૯ શ્રી હરદેવ સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી નંદિકેશ નાથાય નમઃ

૨૭ ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મહામૃગેંદ્ર સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી અશોચિત અર્હતે નમઃ
૬ શ્રી અશોચિત નાથાય નમઃ

૬ શ્રી અશોચિત સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી ધર્મેન્દ્રનાથ નાથાય નમઃ

૨૮ પુષ્કવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી અશ્વવૃંદ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી કુટિલક અર્હતે નમઃ
૬ શ્રી કુટિલક નાથાય નમઃ
૬ શ્રી કુટિલક સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી વર્દ્ધમાન નાથાય નમઃ

૨૯ પુષ્કરવરદ્વીપે પશ્ચિ ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી નંદિકેશ સર્વજ્ઞાય નમઃ
૧૯ શ્રી ધર્મચંદ્ર અર્હતે નમઃ
૧૯ શ્રી ધર્મચંદ્ર નાથાય નમઃ
૧૯ શ્રી ધર્મચંદ્ર સર્વજ્ઞાય નમઃ
૧૮ શ્રી વિવેકનાથ નાથાય નમઃ

૩૦ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી કલાપક સવજ્ઞાય નમઃ
૬ શ્રી વિશોમનાથ અર્હતે નમઃ
૬ શ્રી વિશોમનાથ નાથાય નમઃ
૬ શ્રી વિશોમનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી અરણ્યનાથ નાથાય નમઃ

## અથ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત—
## મૌન એકાદશીના દોઢસો કલ્યાણકનું સ્તવન

ઢાળ પહેલી.

[ છઠી ભાવના મન ધરો, એ દેશી ]

ધુરિ પ્રણમું જિન મહરિસી; સમરૂં સરસતી ઉલ્લસી;
ધસમસી મુજમતિ જિન ગુણ ગાયવાએ. ॥ ૧ ॥
હરિ પૂછી જિન ઊપદિસી, પરવ તે મૌનએકાદસી;
મનવસી અહનિસિ તે ભવિલોકને એ. ॥ ૨ ॥
તરીઆ ને ભવજલ તરસી, એહ પરવ પૌષધ કરસી;
મનહરસી અવસર જે આરાહસીએ. ॥ ૩ ॥
ઊજમણે જે ધારસી, વસ્તુ ઈગ્યાર ઇગ્યારસી;
વારસી તે દુરગતિનાં બારણાં એ. ॥ ૪ ॥
એ દિન અતિહિ સુહામણો, દોઢસો કલ્યાણક તણો;
મન ઘણું ગણણું કરતાં સુખ હોયે એ. ॥ ૫ ॥

ઢાળ બીજી

પાડે પાડે ત્રણ્ય ચોવીશી, દ્વીપ ક્ષેત્ર જિન નામે;
પાડે પાડે પંચ કલ્યાણક, ધારો શુભ પરિણામે. ૧
જિનવર ધ્યાઇયે રે, મોક્ષ મારગના દાતા.—એ આંકણી.
સર્વજ્ઞાય નમો ઇમ પહિલે, નમો અર્હતે એ બીજે;
ત્રીજે નમો નાથાય તે ચોથે, સર્વજ્ઞાય કહીજે. જિન૦ ૨
પાંચમે નમો નાથાય કહીજે, પાડે પાડે જાણો;
ત્રણ્ય નામ તીર્થંકર કેરાં, ગણણાં પાંચ વખાણો. જિન૦ ૩
ત્રણ્ય ચોવીસી એક એક ઢાલે, ત્રણ્ય નામ જિન કહીશું;
કોડી તપ કરી જે ફલ લહિયે, તે જિન ભક્તે લહીશું. જિન૦ ૪

કામસવે સિઝે જિન નામેં, સફલ હોય નિજ જિહા;
જે જિભેં જિન ગુણ સમરંતાં, સફલ જનમ તે દિહા. જિન૦ ૫

## ઢાળ ત્રીજી.

જંબુદ્વીપ ભરત ભલું, અતીત ચોવીશી સાર મેરે લાલ;
ચોથા મહાજસ કેવલી, છઠ્ઠા સર્વાનુભૂતિ ઉદાર મેરે લાલ. ૧
જિનવર નામે જય હુએ. ॥ એ આંકણી. ॥
શ્રી શ્રીધર જિન સાતમા, હવે ચોવીશી વર્તમાન મેરે લાલ;
શ્રી નમિજિન એકવીશમા, ઓગણીસમા મલ્લિપ્રધાન મેરે લાલ.
જિનવર૦ ૨
શ્રી અરનાથ અઢારમા, હવે ભાવિ ચોવીશી ભાવ મેરે લાલ;
શ્રી સ્વયંપ્રભ ચોથાનમું, છઠ્ઠા દેવશ્રુત મન લ્યાવ મેરે લાલ.
જિનવર૦ ૩
ઉદયનાથ જિન સાતમા, તેહને નામે મંગલમાલ મેરે લાલ;
ઓચ્છવ રંગ વધામણાં, વળી લહીયેં પ્રેમ રસાલ મેરે લાલ.
જિનવર૦ ૪
અલિય વિઘન દુરેં ટલે, દુરજન ચિંત્યું નવી થાય મેરે લાલ;
મહિમા મોટાઇ વધે, વળી જગમાં સુજસ ગવાય મેરે લાલ.
જિનવર૦ ૫

## ઢાળ ચોથી.

પૂરવ ભરતેંત ધાતકી ખંડેરે, અતીત ચોવીશી ગુણ અખંડેરે;
ચોથા શ્રી અકલંક સોભાગીરે, છઠ્ઠા દેવ શુભંકર ત્યાગીરે. ૧
સપ્તનાથ સપ્તમ જિન રાયારે, સુરપતિ પ્રણમે જેહના પાયારે;
વર્તમાન ચોવીશી જાણો રે, એકવીસમા બ્રહ્મેન્દ્ર વખાણોરે. ૨
ઓગણીસમા ગુણનાથ સમરીયે રે, અઢારમા ગાંગિક મન ધરીયે રે;

કહું અનાગત હવે ચોવીશીરે, ધાતકી ખંડે હિયડે હીસીરે. ૩
શ્રી સાંનત ચોથા સુખદાયીરે, છઠ્ઠા શ્રી મુનિનાથ અમાયીરે;
શ્રી વિશિષ્ટ સપ્તમ સુખકારારે, તે તો લાગે મુજ મન પ્યારારે. ૪
શ્રી જિન સમરણ જેહવું મીઠું રે, એહવું અમૃત જગમાં ન દીઠું રે;
સુજસ મહોદય શ્રી જિન નામેરે, વિજય લહીજે ઠામો ઠામેરે. ૫

ઢાળ પાંચમી.

પુખ્ખર અર્દ્ધ પૂરવ હુઆ, જિન વંદીએરે;
ભરત અતીત ચોવીશી કે, પાપનિકંદીએરે.
ચોથા સુમૃદુ સુહંકરૂં, જિન૦ છઠ્ઠા વ્યકત જગદીશ કે. પા૦ ૧
શ્રી કલાશત સપ્તમ ગુણભર્યા, જિન૦ હવે ચોવીશી વર્તમાન કે;પાપ૦
કલ્યાણક એ દિન હુવા, જિન૦ લીજીયે તેહના અભિધાનકે. પા૦ ૨
અરણ્યવાસ એકવીસમા, જિન૦ ઓગણીસમા શ્રીયોગ કે; પાપ૦
શ્રીઅયોગ તે અઢારમા, જિન૦ દિયે શિવરમણી સંયોગ કે. પાપ૦ ૩
ચોવીસી અનાગત ભલી, જિન૦ તીહાં ચોથા પરમ જિનેશકે;પાપ૦
સુધારતિ છઠ્ઠા નમું, જિન૦ સાતમા શ્રી નિ:કેશ કે. પાપ૦ ૪
પ્રિયમેલક પરમેશ્વરૂ, જિન૦ એહનું નામ તે પરમનિધાન કે; પાપ૦
મહોટાનો જે આસરો,જિન૦ તેહથી લહીયે જશ બહુમાનકે. પા૦ ૫

ઢાલ છઠ્ઠી.

ધાતકી ખંડેરે પશ્ચિમ ભરતમાં, અતીત ચોવીશી સંભાર;
શ્રી સર્વારથ ચોથા જિનવરૂ, છઠ્ઠા હરિભદ્ર ધાર. ૧
જિનવર નામેરે મુજ આનંદ ઘણો. ॥ એ આંકણી ॥
શ્રીમગધાધિપ વંદુ સાતમા, હવે ચોવીશી વર્ત્તમાન;
શ્રી પ્રયચ્છ પ્રણમું એકવીસમા, જેહનું જગમાં નહી ઉપમાન. જિ. ૨
શ્રીઅક્ષોભ જિનવર ઓગણીસમા, અઢારમા મલયસિંહ નાથ;
હવે અનાગત ચોવીશી નમું, ચોથા દિનરૂક સિવ સાથ. જિ. ૩

છઠ્ઠા શ્રીજિન ધનદ સંભારીયે, સાતમા પૌષધ દેવ;
હરખે તેહના ચરણ કમલ તણી, સુરનર સારેરે સેવ. જિ. ૪
ધ્યાને મિલવુંરે એહવા પ્રભુ તણું, આલસ માંહિરે ગંગ;
જનમ સફલ કરી માનુ તેહથી, સુજસ વિલાસ સુરંગ. જિ. ૫

ઢાલ સાતમી.

પુખ્ખર પશ્ચિમ ભરતમાં, ધારો અતીત ચોવીશીરે;
ચોથા પ્રલંબ જિનેસરૂ, પ્રણમું હિયડલે હીસીરે. ૧
એહવા સાહિબ નવિ વીસરે, ક્ષિણ ક્ષિણ ક્ષિણ સમરીયેં હજેરે;
પ્રભુ ગુણ અનુભવ યોગથી, શોભીયેં આતમ તેજેરે.
એહવા સાહિબ નવિ વીસરે. ॥ ૨ ॥ એ આંકણી ॥
છઠ્ઠા ચારિત્ર નિધિ સાતમા, પ્રશમરાજિત ગુણ ધામોરે;
હવે વર્તમાન ચોવીશીયેં, સમરીજેં જિન નામોરે. એ૦ ૩
સ્વામી સર્વજ્ઞ જયંકરૂ, એકવીશમા ગુણગેહરે;
શ્રીવિપરીત ઓગણીશમા, અવિહડ ધરમ સનેહરે. એ૦ ૪
નાથપ્રસાદ અઢારમા, હવે અનાગત ચોવીશીરે;
ચોથા શ્રીઅઘટિત જિન વંદીયેં, કર્મસંતતિ જિણે પીશીરે. એ૦ ૫
શ્રી ભ્રમણેંદ્ર છઠ્ઠા નમું, ઋષભચંદ્રાભિધ વંદુરે;
સાતમા જગજસ જયકરૂ, જિન ગુણ ગાતાં આનંદુંરે. એ૦ ૬

ઢાળ આઠમી

જંબૂદ્વીપ ઐરાવતેંજી, અતીત ચોવીસી વિચાર ॥
શ્રીદયાંત ચોથા નમુંજી, જગ જનના આધાર. ૧
મનમોહન જિનજી, મનથી નહીં મુઝ દૂર. ॥ એ આંકણી.
અભિનંદન છઠ્ઠા નમુંજી, સાતમા શ્રી રતનેશ;
વર્તમાન ચોવીશીયેંજી, હવે જિન નામ ગણેશ. મન૦ ૨

શ્યામકોષ્ટ એકવીસમાજી, ઓગણીસમા મરૂદેવ;
શ્રી અતિપાર્શ્વ અઢારમાજી, સમરૂં ચિત્ત નિતમેવ. મન૦ ૩
ભાવી ચોવીશી વંદીયેંજી, ચોથા શ્રી નંદિષેણ;
શ્રીવ્રતધર છઠ્ઠા નમુંજી, ટાલી કરમની રેણુ. મન૦ ૪
શ્રી નિર્વાણ તે સાતમાજી, તેહશું સુજસ સનેહ;
જિમ ચકોર ચિત્તચંદશુંજી, જિમ મોરાં મન મેહ. મન૦ ૫

ઢાળ નવમી.

[ પ્રથમ ગોવાલ તણે ભવેજીરે, ॥ એ દેશી ]

પૂરવ અર્ધે ધાતકીજીરે, ઐરવતે જે અતીત;
ચોવીસી તેહમાં કહુંજીરે, કલ્યાણક સુપ્રતીત. ૧
મહોદય સુંદર જીનવર નામ. ॥ એ આંકણી ॥
ચોથા શ્રી સૌંદર્યનેજી, વંદું વારો વાર;
છઠા ત્રિવિક્રમ સમરીયેંજી, સાતમા નરસિંહ સાર. મ૦ ૨
વર્તમાન ચોવીસીયેજી, એકવીશમા ક્ષેમંત;
સંતોષિત ઓગણીસમાજી, અઢારમા કામનાથ સંત. મ૦ ૩
ભાવિ ચોવીસી વંદીએજી, ચોથા શ્રી મુનિનાથ;
ચંદ્રદાહ છઠ્ઠા નમુંજી, ભવ-દવ-નીરદ-પાથ. મ૦ ૪
દિલાદિત્ય જિન સાતમાજી, જન-મન મોહન વેલ;
સુખજસ લીલા પામીયેંજી, જસ નામે રંગરેલ. મ૦ ૫

ઢાલ દશમી.

[ ભવિકા સિદ્ધ ચક્ર પદ વંદો; એ દેશી ]

પુખ્ખર અર્ધે પૂરવ ઐરવતે, અતીત ચોવીશી સંભારૂં;
શ્રી અષ્ટાહ્નિક ચોથા વંદી, ભવ-વન-ભ્રમણ નિવારૂંરે. ૧
ભવિકા એહવા જિનવર ધ્યાવો, ગુણવંતના ગુણ ગાવોરે;
ભવિકા એહવા જિનવર ધ્યાવો. એ આંચલી.

વણિક નામ છઠ્ઠા જિન નમીયે, શુદ્ધ ધર્મ વ્યવહારી;
ઉદયજ્ઞાન સાતમા સંભારો, તીન ભુવન ઉપગારીરે. ભવિકા૦ ૨
વર્તમાન ચોવીસી વંદુ, એકવીસમા તમોકંદ;
સાયકાક્ષ ઓગણીસમા સમરો,જન-મન-નયનાનંદરે. ભવિકા૦૩
શ્રી ક્ષેમંત અઢારમા વંદો, ભાવી ચોવીસી ભાવો;
શ્રી નિર્વાણ ચોથા જિનવર, હૃદયકમલમાં લાવોરે, ભવિકા૦ ૪
છઠ્ઠા શ્રીરવિરાજ સાતમા, પ્રથમનાથ પ્રણમીજે;
ચિદાનંદઘન સુજસ મહોદય, લીલા લચ્છિ લહીજેરે. ભવિકા૦૫

## ઢાલ અગીઆરમી.

[ કરિ પટકુલેરે લુછણાં ॥ એ દેશી ]

પશ્ચિમ ઐરાવતે ભલો, ધાતકી ખંડે અતીત કે;
ચોવીસી રે પૂરૂરવા, ચોથા જિન સુપ્રતીત કે. ૧
જિનવર નામ સોહામણું, ઘડીય ન મેલ્યું જાય કે;
રાતિ દિવસ મુજ સાંભરે, સંભારે સુખ થાય કે.
જિનવર૦ ૨ એ આંકણી.

શ્રી અવબોધ છઠ્ઠા નમું, સાતમા શ્રી વિક્રમેંદ્રકે;
ચોવીસી વર્તમાનના, હવે સંભારૂં જિનેંદ્ર કે. જિન૦ ૩
એકવીસમા શ્રી સ્વસાંતજી. ઓગણીસમા હરનામકે;
શ્રી નંદીકેશ અઢારમા, હોજો તાસ પ્રણામ કે. જિન૦ ૪
ભાવિ ચોવીસી સંભારીયે, ચોથા શ્રીમહામૃગેંદ્ર કે;
છઠ્ઠા અશોચિત વંદીયે, સાતમા શ્રીધર્મેંદ્ર કે. જિન૦ ૫
મન લાગ્યું જસ જેહશ્યું, ન સરે તેહ વિણ તાસ કે;
તેણે મુજ મન જિન ગુણ થુણી, પામે સુજસ વિલાસ કે.
જિન૦ ૬

ઢાલ બારમી

પુખ્ખર પશ્ચિમ ઐરવતે હવે, અતીત ચોવીશી વખાણુંજી,
અશ્વવૃંદ ચોથા જિન નમીયેં, છઠ્ઠા કુટીલક જાણુંજી;
સાતમા શ્રીવર્દ્ધમાન જિનેશ્વર, ચોવીશી વર્તમાનજી;
એકવીસમા શ્રી નંદીકેશ જિન, તે સમરૂં શુભધ્યાનેજી. ૧
ઓગણીસમા શ્રી ધર્મચંદ્ર જિન, અઢારમા શ્રીવિવેકોજી;
હવે અનાગત ચોવીસીમાં, સંભારૂં શુભ ટેકોજી;
શ્રી કલાપ ચોથા જિન છઠ્ઠા, શ્રી વિસોમ પ્રણમીજેજી;
સાતમા શ્રી આરણ્ય જિન ધ્યાતાં, જન્મનો લાહો લીજેજી. ૨
શ્રી વિજય પ્રભ સુરીશ્વર રાજે, દિન દિન અધિક જગીસેંજી;
ખંભ નગરમાં રહીય ચોમાસું, સંવત સત્તર બત્રીસેંજી;
દોઢસો કલ્યાણકનું ગુણણું, તે મેં પૂરણ કીધુંજી;
દુખ-ચુગણ દીવાલી દીવસે, મનવંછિત ફલ લીધુંજી. ૩
શ્રી કલ્યાણવિજય વર વાચક, વાદી મતંગજ સિંહોજી;
તાસ શિષ્ય શ્રી લાભવિજય બુધ, પંડિત માંહિ લિહોજી;
તાસ સિષ્ય શ્રી જિતવિજય બુધ, શ્રી નયવિજય સોભાગીજી;
વાચક જશવિજયે તસ શિષ્યે, થુણીઆ જિન વડભાગીજી. ૪
એ ગણણું જે કંઠે કરશ્યે, તે શિવરમણી વરશ્યેજી;
તરશ્યે ભવ-હરશ્યે સવિ પાતક, નિજ આતમ ઉદ્ધરશ્યેજી;
બાર ઢાલ જે નિત્ય સમરશ્યે, ઉચિત કાજ આચરશ્યેજી;
સુકૃત સહોદય સુજસ મહોદય, લીલા તે આદરશ્યેજી. ૫

કલશ.

એ બાર ઢાલ રસાલ બારહ, ભાવના તરૂ મંજરી,
વર બાર અંગ વિવેક પલ્લવ, બાર વ્રત શોભા કરી;

એમ બાર તપવિધિ સાર સાધન, ધ્યાન જિન-ગુણ અનુસરી;
શ્રી નયવિજય બુધ ચરણ સેવક, જસવિજય જયશ્રી લહી. ૧

॥ ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રીયશોવિજયજી કૃત મૌન એકાદશીના ગણુણાનું બાર ઢાલનું સ્તવન સંપૂર્ણ ॥

---

# પોષદશમ-શ્રીપાર્શ્વનાથ મહારાજના જન્મ કલ્યાણકનો મહિમા,

આ પર્વ માગશર વદ ૧૦ ને દિવસે આવે છે. પરમ પૂજ્ય ત્રેવીશમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ મહારાજનો જન્મ દિવસ છે. તેથી તે શ્રીપાર્શ્વનાથજિન જન્મ કલ્યાણક છે. અને તે ઇહલોક સબંધી પરલોક સબંધી પરમ સુખનું આપનારૂં છે, યાવત્ શાશ્વત મોક્ષ સુખનું આપનારૂં આ પરમપવિત્ર પર્વ છે તેને આરાધીને અનેક જીવોએ દેવગતિના અને મોક્ષગતિના સુખો મેળવેલાં છે. તેનો વિસ્તાર કથા સંગ્રહ તથા અન્ય ગ્રંથોની જાણી લેવો. તે પર્વ આરાધન કરવાનો વિધિ નીચે પ્રમાણે છે. પ્રથમ તો સાયંકાલે અને પ્રાતઃ કાલે બે વખત પડિકકમણું કરવું. અને જીનમંદિરમાં જઈ અષ્ટપ્રકારે અથવા સત્તરપ્રકારે પુજા ભણુવી ભણાવવી. સ્નાત્ર મોહોત્સવકરવો, નવ અંગેઆડંબરે કરી ભગવાનનું પૂજન કરવું-અને શ્રીપાર્શ્વનાથાયાર્હતે નમઃ એ મંત્રનું બે હજાર ગુણણું ગણવું. પછી ગુરૂ પાસે આવી સિદ્ધાંતનું શ્રવણ કરી પ્રણામ કરી પોતાને ઘેર આવી અને એકલઠાણું

(એકાસણું) કરીને ચઉ વિહારનો નિયમ લેવો. તેમજ આગલ નવમીને દિવસે એકલઠાણું કરવું તથા એકાદશીને દીવસે પણ એકાસણું કરવું. ત્રિવિધાહારનું પચ્ચખ્ખાણ કરવું. તથા ત્રણ દિવસ બ્રહ્મચર્ય પાલવું. આવીરીતે પોષ કૃષ્ણ દશમીનું આરાધન દશ વર્ષ સુધી કરવું. જે પ્રાણી મન, વચન, કાયાએ કરી, આ વ્રત પૂર્વોક્તરીતે કરે તે જીવ મનઃકામના સિદ્ધિને તથા આ લોકને વિષે ધન ધાન્યાદિકને પામે અને પરલોકને વિષે ઇંદ્રાદિપદને પ્રાપ્ત થાય અને અંતે મોક્ષને પામે એ પ્રમાણે ચોવીશમા તીર્થંકર શ્રીમહાવીરસ્વામીએ ગુરૂગૌતમસ્વામીના પૂછવાથી આ પર્વનો મહિમા કહેલો છે. તે વ્રત સુરદત્તનામા શ્રેષ્ઠી વિગેરે અનેક ભવ્યજીવોએ અંગીકાર કરી શુદ્ધરીતે પાલી ઉત્કૃષ્ટ સુખ જે મોક્ષ તેને પામેલા છે. માટે ભવ્યજીવોએ પોતાના પુદ્ગલિક તથા આત્મિકસુખને માટે અવશ્ય આ વ્રત અંગીકાર કરવું. એ વ્રત પુરૂં થયે ઉજમણાદિક મોહોત્સવ અવશ્ય કરવો. વલી તે દિવસે પંચકલ્યાણકની પૂજા ભણાવવી.

## ॥ પાર્શ્વનાથ જન્મ કલ્યાણક સ્તવન ॥

[ બાળપણે યોગી હુઓ, માઇ ભિક્ષા દેને—એ દેશી. ]

સોના રૂપાકે સોગઠે, સાંયાં ખેલત બાજી;<br>
ઈંદ્રાણી મુખ દેખતે, હરિ હોત હે રાજી. ॥ ૧ ॥

એક દિન ગંગ બચે, સુર સાથ બહોરા ॥<br>
નારી ચકોરા અપ્સરા, બહોત કરત નિહોરા. ॥ ૨ ॥

ગંગાકે જળ ઝીલસે, છાંહી બાદલીયાં ॥
બાવન ખેલ ખેલાયકે, સવિ મંદિર વળિયાં. ॥ ૩ ॥

એઠે મંદિર માળિયે, સારી આલમ દેખે ॥
હાથ પૂજાપા લે ચલે, ખાનપાન વિશેષે. ॥ ૪ ॥

પુછ્યા પડુત્તર દેત હેં, સુનો મોહન મેરે ॥
તાપસકું બંદન ચલે, ઉઠો લોક સવેરે. ॥ ૫ ॥

કમઠ યોગી તપ કરે, પંચઅગ્નિકી જ્વાળા ॥
હાથે લાલ કમંડલમણી, ગળે મોહનમાળા. ॥ ૬ ॥

પાસકુંઅર દેખણ ચલે, તપસીપે આયા ॥
ઓહીનાણે દેખકે, પીછે યોગી બોલાયા. ॥ ૭ ॥

સુણ તપસી સુખ લેનકું, જપે ફોગટ માલે ॥
અજ્ઞાનસેં અગ્નિ બિચે, યોગકું [સર્પકું] પરજાલે. ॥ ૮ ॥

કમઠ કહે સુણ રાજવી, તુમ અશ્વ ખેલાઓ ॥
યોગી કે ઘર હે બડે, મત કો બતલાઓ. ॥ ૯ ॥

તેરા ગુરૂ કોન હે બડા, જિને યોગ ધરાયા ॥
નહિ ઓળખાયા ધર્મકું. તનુકષ્ટ બતાયા. ॥ ૧૦ ॥

હમ ગુરૂ ધર્મ પિછાનતે, નહિ કવડી પાસે ॥
ભૂલ ગએ દુનિયા દિશા, રહેતે વનવાસે. ॥ ૧૧ ॥

વનવાસી પશુ પંખીયાં, એસે તુમ યોગી ॥
યોગી નહિ પણ ભોગીયા, સંસારકે સંગી. ॥ ૧૨ ॥

યોગી સંસાર બૂરા છોડકે, સુણ હો લઘુરાજા ॥
યોગી જંગલ સેવસે, લેઇ ધર્મ અવાજા. ॥ ૧૩ ॥

દયા ધર્મકો મૂલ હૈ, કયા કાન ફુંકાયા ॥
જીવદયા નહુ જાનતે, તપ ફોકટ માયા. ॥ ૧૪ ॥

બાત દયાકી દાખીયે, ભૂલ ચૂક હમારા ॥
ઔર ઔર કયા બોલણાં, એસા ડાકકમાલા. ॥ ૧૫ ॥

સાઇં હુકમસેં સેવકે, બડાકાષ્ઠ ચિરાયા ॥
નાગનિકાલા એકિલા, પરજલતી કાયા. ॥ ૧૬ ॥

સેવક મુખ નવકારસેં, ધરણેંદ્ર બનાયા ॥
નાગકુમારે દેવતા, બહુ ઋદ્ધિ પાયા. ॥ ૧૭ ॥

રાણી સાથ વસંતમેં, વન ભીતર પેઠે ॥
પ્રાસાદ સુંદર દેખીને, ઉહાં જાકર બેઠે. ॥ ૧૮ ॥

રાજિમતીકું છોડકે, નેમ સંજમ લીના ॥
ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના. ॥ ૧૯ ॥

લોકાંતિક સુર તે સમે, બોલે કર જોડી ॥
અવસર સંજમ લેનકા, અબ ઔર હે થોરી. ॥ ૨૦ ॥

નિજ ઘર આયે નાથજી, પ્રિયા ખિણખિણ રોવે ॥
માતપિતા સમજાયકે, દાન વરસી દેવે. ॥ ૨૧ ॥

દીન દુઃખી સુખીયા કિયા, દારિદ્રકું ચૂરે ॥
શ્રી શુભવીર–હરિ તિહાં, મનં સઘળો પૂરે. ॥ ૨૨ ॥

# મેરૂતેરસ

આ વ્રત મારવાડી મહા વદ ૧૩, પરંતુ ગુજરાતી પોષ વદ ૧૩ ને દિવસે આવે છે. આ દિવસે પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ સ્વામીનું નિર્વાણ એટલે મોક્ષ કલ્યાણક થયેલું

છે. જેથી આ દિવસ અતિઉત્તમ ગણાય છે, અને શિયાળાની ઋતુમાં દીવસ ઘટતો ગયેલો હોય છે તે આ દીવસથી મેર જેટલો વધતોજ જાય છે. તેમ આ વ્રત કરવાથી પણ પૂન્ય લક્ષ્મી બ્રાહ્ય દ્રવ્યાદિક અને અભ્યંતર જ્ઞાનાદિક આત્માની સ્વાભાવિક લક્ષ્મી પણ વધતીજ જાય છે. એનો વિધિ નીચે પ્રમાણે છે. જ્યારે પોસ વદ ૧૩ નો દિવસ આવે ત્યારે ચઉવિહારો ઉપવાસ કરી રત્નના પાંચ મેરૂ કરવા. ચારે દિશાએ ચાર ન્હાના મેરૂ કરવા. તેની આગલ વલી ચાર દિશાયેં ચાર નંદાવર્ત કરવા. દીવો ધૂપ પ્રમુખ ઘણા પ્રકારની પૂજા કરવી. એવી રીતે તેર મહિના પર્યંત અથવા તેરવર્ષ પર્યંત કરવું. શ્રી ઋષભદેવ સ્વામીનું **श्री ऋषभदेवपारंगताय नमः** એવું બે હજાર ગણણું ગણવું. એટલે નવકારવાલી ગણવી એવી રીતે મહીને મહીને કરે તો સર્વ કર્મનો ક્ષય, આ ભવ તથા પરભવને વિષે સુખ સંપદા પામે. તેરસને દીવસે પૌષધ વ્રત કરી પારણાને દિવસે ગુરૂને પડીલાભી અતિથિસંવિભાગકરી પારણું કરે. આ વ્રત અનંતવીર્યરાજાના પુત્ર પિંગલકુમાર કે જે પૂર્વે કર્મના ઉદયથી પાંગલો હતો તે ગુરૂ મહારાજાના કહેવાથી આ વ્રત ૧૩ મહીના વિધિસહિત આદરવાથી સર્વ અંગ સંપૂર્ણ થયા. પાંગલાપણું મટીને ઉત્તમ શરીરની કાંતિ પ્રાપ્ત થઇ. તે હકીકત કથાસંગ્રહ આદિથી જાણી લેવી.

# રોહિણી–તપ

આ તપ રોહિણી નક્ષત્ર આવે છતે કરાય છે. મુનિ મહારાજાને અશુદ્ધ આહારાદિકને આપવાથી રોહિણીએ. ઘણા દુ:ખો પૂર્વભવોમાં અનુભવ્યાં હતા. છેવટે જૈનધર્મ પામી ધર્મનું ઉત્તમરીતે આરાધન કરી. ઘણા વૈભવ-સહિત રાજાની રાણી તરીકે રોહિણી પ્રસિદ્ધ થયેલી છે. તેને રોહિણી નક્ષત્રને દીવસે તપનું આરાધન કરેલું હોવાથી તેનાજ નામથી આ તપનું નામ પણ રોહિણીતપ પડેલું છે. તેનો વિધિ આવીરીતે–કે જે દિવસે રોહિણી નક્ષત્ર આવે તે દિવસે ચઉવિહારો ઉપવાસ કરવો. અને ભાવ સહિત શ્રીવાસુપૂજ્ય સ્વામીની રત્નમય પ્રતિમાની પૂજા કરવી. તે સાત વર્ષ અને ઉપર સાત માસ સુધી કરવું. તે પૂર્ણ થયે ઉત્તમ રીતે ઉજમણું કરવું. આમકરવાથી દુર્ગંધાદિક મહારોગો નાશ પામે છે. અને ઉત્તમ પ્રકારના વૈભવાદિક સુખ સામગ્રી પામે છે, અને પ્રાંતે મોક્ષાદિક સુખો મેળવી શકે છે. તેનો વિસ્તાર કથાસંગ્રહાદિકથી જાણી લેવો.

ફાગણ સુદ ૮–શ્રી ઋષભદેવસ્વામી શ્રી સિદ્ધાચલજી ઉપર પૂર્વ નવાણુંવાર સમોસર્યા તેથી આ દિવસનો શ્રી શત્રુંજય ઉપર ઘેટીની પાયગા સહિત બે જાત્રાઓ કર-વાનો મહિમા છે.

ફાગણ શુદ ૧૦–શ્રી ઋષભદેવજીના પાલક પુત્ર નમિ-વિનમિ વિદ્યાધર બે ક્રોડ મુનિસાથે સિદ્ધાચલજી ઉપર સિદ્ધિ પદને પામ્યા.

ફાગણ શુદ ૧૩–શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર શામ્બ અને

પ્રદ્યુમ્ન સાડીઆઠક્રોડી મુનિસાથે શ્રીશત્રુંજય તીર્થના ભાડવા ડુંગરવાળા વિભાગ ઉપર સિદ્ધિપદને પામ્યા તેથી છ ગઉનો ડુંગર ફરસવાનો મહિમા છે.

ફાગણ સુદ ૧૪—આ દિવસે ચોમાસી ચૌદશનો વિધિ જાણવો. ઉપવાસાદિ તપકરી પૌષધ પડિલેહણાદિ વિધિ કરી ચૌમાસી દેવવંદન કરવું અને કાળનો ફેરફાર નીચે મુજબ છે. સુખડી વિગેરેનો કાળ એક મહીનાનો હતો તે ૨૦ દીવસનો જાણવો. પાણીનો કાળ ત્રણ પહોરનો હતો તે ચાર પહોરનો જાણવો. કામલીનો કાળ ચાર ઘડીનો હતો તે બે ઘડીનો જાણવો. ભાજીપાલો વગેરે અભક્ષ્ય થાય માટે ખજુરાદિ પદાર્થોનો ત્યાગ સમજવો.

ફાગણ શુદ ૧૫—એ હોલિકાનું પર્વ મિથ્યાત્વી લોકોનું છે. તે પર્વ આરાધન કરવાથી મહાપાપ બંધાય છે. જેથી દરેક જૈન ભાઈ બ્હેનોએ સમ્યક્ પ્રકારે સમજી તે પર્વનો સર્વથા ત્યાગ કરવો, અને ધર્મ ધ્યાનમાં પ્રવર્તવું. પણ ભાંડ ચેષ્ટામાં ભાગ લેવો નહિં. એ સંબંધી વિશેષ જાણવાની ઈચ્છાવાલાએ હોલિકાની કથા, કથાસંગ્રહની ચોપડી વિગેરે અન્ય ગ્રંથો છે ત્યાંથી જાણી લેવું.

ફાગણ વદ ૮—આ તીથિ પ્રથમતીર્થંકર શ્રી ઋષભદેવજીના જન્મ કલ્યાણકની તથા દીક્ષા કલ્યાણકની તિથિ હોવાથી તેમજ વર્ષીતપની શરૂઆત પણ આ દિવસથીજ કરવામાં આવતી હોવાથી તે દિવસ પર્વ આરાધનાનો ગણાય છે.

# વીશસ્થાનક તપના દૂહા.

જે જે પદનાં જેટલાં ખમાસમણ દેવાનાં હોય તે પદનો દુહો હરેક વખત બોલીને ખમાસમણ દેવાં.

૧ પરમ પંચપરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચ્યાર નિક્ષેપે ધ્યાઈએ, નમોનમો જિનભાણ. ૧ અરિહંતપદ.
૨ ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ:
અષ્ટકર્મ મળક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨ સિદ્ધપદ.
૩ ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખકરી, જયજય પ્રવચનદૃષ્ટિ. ૩ પ્રવચનપદ.
૪ છત્રીસ છત્રીસી ગુણે, યુગ પ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમોનમો તે સુરીંદ. ૪ આચાર્યપદ.
૫ તજી પરપરિણતિ રમણતા, લહે નિજભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભવિલોકને, જયજય સ્થવિર અનુપ. ૫ સ્થવિરપદ.
૬ બોધ સુક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જયજય પાઠક ગીત. ૬ ઉપાધ્યાયપદ.
૭ સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. ૭ સાધુપદ.
૮ અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભમ ભ્રમ ભીતિ,
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમોનમો જ્ઞાનની રીતિ. ૮ જ્ઞાનપદ.
૯ લોકાલોકના ભાવ જે, કેવલીભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમોનમો દર્શન તેહ. ૯ દર્શનપદ.

૧૦ શૌચ મૂળથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર,
ગુણ અનંતનો કંદએ, નમો વિનય આચાર. ૧૦ વિનયપદ.
૧૧ રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહિ સદૈવ,
ભાવરયણનું નિધાન છે, જયજય સંજમ જીવ૧૧ ચારિત્ર પદ.
૧૨ જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનનાં કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે,નમોનમો શીયલસુદેહ.૧૨બ્રહ્મચર્યપદ.
૧૩ આતમ બોધ વિણ જે ક્રિયા, તે તો બાળક ચાલ,
તત્વારથથી ધારીયે, નમો ક્રિયા સુવિશાલ. ૧૩ ક્રિયાપદ.
૧૪ કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ;
તપપદ. પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૧૪
૧૫ છઠ છઠ તપ કરે પારણું, ચઉ નાણી ગુણ ધામ;
એ સમ શુભ પાત્રકો નહિ,નમોનમોનમો ગોયમસ્વામ.૧૫ગોયમપદ
૧૬ દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ;
વૈયાવચ્ચ કરીયે મુદા, નમો નમો નિજપદ સંગ. ૧૬ જિનપદ.
૧૭ શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંજમ વંશ. ૧૭ સંયમ પદ
૧૮ જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અજર અમર પદ ફળ લહો,જિનવર પદવીફુલ.૧૮અભિનવજ્ઞાન.
૧૯ વકતા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન. ૧૯ શ્રુત પદ.
૨૦ તીર્થ યાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ જહાજ. ૨૦ તીર્થપદ.

# શ્રી નવપદ ઓળી વિધિ.

જેનો અપૂર્વ મહિમા શાસ્ત્રકાર મહારાજે કહ્યો છે, એવા શ્રી સિદ્ધચક્ર અથવા નવપદના આરાધન માટે કોઇ પણ વર્ષના આસો શુદિ સાતમથી શરૂ કરીને શુદિ ૧૫ સુધી નવ આયંબિલ કરવા. પછી ચૈત્ર માસમાં પણ તેજ પ્રમાણે શુદિ ૭ થી શુદિ ૧૫ સુધી નવ આયંબિલ કરવા. એ પ્રમાણે નવ ઓળી કરવી. તે સાડાચાર વર્ષે પૂર્ણ થાય છે.

મુખ્ય વૃત્તિએ નવ આયંબિલ પૈકી પ્રથમ આયંબિલ ચોખાનું, બીજું ગોધુમનું, ત્રીજું ચણાનું, ચોથું મગનું, પાંચમું અડદનું* અને છેલ્લાં ચાર ચોખાનાં-આ પ્રમાણે એક ધાન્યનાં કરવા. તેમ બની ન શકે તો બીજી રીતે પણ છ વિગયના ત્યાગ પૂર્વક જેમ બને તેમ રસગૃદ્ધિ તજીને કરવાં.

## શ્રી નવપદજીની ઓળીની વિધિના દિવસોમાં કાર્યક્રમ.

શરૂઆત કરનારે પ્રથમ આસો માસની ઓળીથી શરૂઆત કરવી. તીથિની વધઘટ ન હોયતો આસો સુદ ૭, અગર ચૈત્ર સુદ ૭, અને વધઘટ હોય તો સુદ ૬ અગર સુદ ૮ થી શરૂ કરવી, ને તે ૧૫ સુધી નવ આયંબીલ કરવાં, અને સાડાચાર વર્ષ લાગટ નવ ઓળી અવશ્ય કરવી.

---

*ગોધુમ, ચણા, મગ ને અડદ તે આખા ધાન્યનું આયંબિલ ન સમજવું પણ ગોધુમનીજ બનાવેલી રોટલી વિગેરે અને ચણા, મગ ને અડદની દાળ અથવા તેના બનાવેલા પદાર્થ સમજવા.

**નવે ય દીવસ કરવાની સામાન્ય આવશ્યક ક્રિયાઓ:—**

(૧) એક પ્રહર અથવા ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠી, મંદ સ્વરે ઉપયોગથી રાત્રિ પ્રતિક્રમણ કરવું.

(૨) પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

(૩) લગભગ સૂર્યોદયને વખતે પડિલેહણ કરવું.

(૪) આઠ થોયો વડે દેવવંદન કરવું.

(૫) સિદ્ધચક્રજીના યંત્રની વાસક્ષેપ વડે પૂજા કરવી.

(૬) નવ જુદા જુદા દેરાસરે, અગર નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્યવંદન કરવાં.

(૭) ગુરૂવંદન કરી વ્યાખ્યાન શ્રવણ કરી પચ્ચક્ખાણ કરવું.

(૮) નાહી, શુદ્ધ થઈ, જિનેશ્વરની સ્નાત્ર તથા અષ્ટ પ્રકારી પૂજા કરવી.+

(૯) જે પદના જેટલા ગુણ હોય તેટલા સ્વસ્તિક કરવા અને તેના ઉપર ફલ નૈવેદ્ય યથાશક્તિ મૂકવા.

(૧૦) બપોરનું આઠ થોઈએ દેવવંદન કરવું.

(૧૧) દરેક પદના ગુણો હોય તેટલી પ્રદક્ષિણા લઇ ખમાસમણાં દેવાં.

(૧૨) સ્વસ્થાનકે આવી પચ્ચક્ખાણ પારી આયંબીલ કરવું.

(૧૩) આયંબીલ કર્યા પછી ત્યાંજ તિવિહાહારનું પચ્ચક્ખાણ કરવું. પછી ચૈત્યવંદન કરી પાણી વાપરવું, ઠામચઉ-

---

+પૂજા ભણાવી રહ્યા પછી આરતી મંગળ દીવો ઉતારી પ્રભુના ન્હવણ જળથી શાન્તિ કળશ ભણાવવો.

વિહારનું પચ્ચક્ખાણ કરનારને ચૈત્યવંદન કરવાની જરૂર નથી.

(૧૪) સાંજે–સૂર્યાસ્ત પહેલાં પડિલેહણ કરી આઠ થોઇએ દેવવંદન કરવું.

(૧૫) દેરાસરે દર્શન કરી આરતિ મંગલ દીવો ઉતારવો.

(૧૬) દૈવસિક પ્રતિક્રમણ કરવું.

(૧૭) જે દીવસે જે પદની આરાધના હોય તેની વીસ નવકારવાલી ગણવી.

(૧૮) રાત્રે શ્રીપાલ રાજાનો રાસ સાંભળવો.

(૧૯) એક પ્રહર રાત્રિ વિત્યા બાદ સંથારાપોરિસી સૂત્રની ગાથાઓ ભણાવી સંથારે સૂઈ રહેવું.

(૨૦) દરરોજનો વિધિ હંમેશાં સૂતા પહેલાં પૂર્ણ કરી દેવો.

ઉપર મુજબ નવેય દીવસ ક્રિયા કરવાની છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પહેલે | દિવસે | ૐ હ્રીઁ | નમો | અરિહંતાણં | પદનીનવકારવાળી૨૦. | ગુણ | ૧૨ |
| બીજે | ,, | ,, ,, | નમો | સિદ્ધાણં | ,, | ,, | ૮ |
| ત્રીજે | ,, | ,, ,, | ,, | આયરિયાણં | ,, | ,, | ૩૬ |
| ચોથે | ,, | ,, ,, | ,, | ઉવજ્ઝાયાણં | ,, | ,, | ૨૫ |
| પાંચમે | ,, | ,, ,, | ,, | લોએ સવ્વસાહૂણં | ,, | ,, | ૨૭ |
| છઠ્ઠે | ,, | ,, ,, | ,, | દંસણસ્સ | ,, | ,, | ૬૭ |
| સાતમે | ,, | ,, ,, | ,, | નાણસ્સ | ,, | ,, | ૫૧ |
| આઠમે | ,, | ,, ,, | ,, | ચારિત્તસ્સ | ,, | ,, | ૭૦ |
| નવમે | ,, | ,, ,, | ,, | તવસ્સ | ,, | ,, | ૫૦ |

આઠમા પદને માટે પ્રકારાંતરે ૧૭ અને નવમા પદને માટે પ્રકારાંતરે ૧૨ ગુણ પણ કહેલા છે.

હરેક પદના ખમાસમણ નીચે લખેલ પદના એક એક ગુણ બોલીને દેવા.

---

## પ્રથમ દિવસની વિધિ.

૧ શ્રી અરિહંત પદ- વર્ણ શ્વેત, એક ધાન્ય ચોખાનું આયંબીલ કરવું. કાઉસગ્ગ—બાર લોગસ્સ. નવકારવાળીનું પદ ૐ હ્રીં નમો અરિહંતાણં, સ્વસ્તિક—બાર, પ્રદક્ષિણા તથા ખમાસમણાં બાર. ખમાસમણનો દુહો:-

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે. વીર૦

## પ્રથમ અરિહંતપદના બાર ગુણ.

૧ અશોકવૃક્ષપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૨ પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યસંયુતાય ,,
૩ દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતાય ,,
૪ ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય ,,
૫ સ્વર્ણસિંહાસનપ્રાતિહાર્યસંયુતાય ,,
૬ ભામંડલપ્રાતિહાર્યસંયુતાય ,,
૭ દુંદુભિપ્રાતિહાર્યસંયુતાય ,,
૮ છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય ,,
૯ જ્ઞાનાતિશયસંયુતાય ,,
૧૦ પૂજાતિશયસંયુતાય ,,

૧૧ વચનાતિશયસંયુતાય ,,
૧૨ અપાયાપગમાતિશયસંયુતાય ,,

આ પ્રમાણે ૧૨ ખમાસમણ દઈને પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ અરિહંત પદ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં, કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ૦ અન્નત્થ૦ કહી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. પછી પારીને પ્રકટ એક લોગસ્સ કહેવો.

આ પ્રમાણે જુદા જુદા પદોના નામ વડે નવે દિવસ માટે સમજવું.

---

## બીજા દિવસની વિધિ.

૨ શ્રી સિદ્ધપદ–વર્ણ લાલ, એક ધાન્ય ઘઉંનું આયંબીલ કરવું. કાઉસગ્ગ–આઠ લોગસ્સ, નવકારવાળી વીસ, તેનું પદ. ૐ હ્રીં નમો સિદ્ધાણં, સ્વસ્તિક આઠ, પ્રદક્ષિણા તથા ખમાસમણાં આઠ આઠ. ખમાસમણનો દુહો—

રૂપાતિત સ્વભાવજે, કેવલદંસણ નાણીરે;
તે ધ્યાતા નિજ આતમા, હોવે સિદ્ધ ગુણ ખાણીરે–
વીર૦

## બીજા સિદ્ધપદના આઠ ગુણ.

૧ અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨ અનન્તદર્શનસંયુતાય ,,
૩ અવ્યાબાધગુણસંયુતાય ,,

૪ અનન્તચારિત્રગુણસંયુતાય ,,
૫ અક્ષયસ્થિતિગુણસંયુતાય ,,
૬ અરૂપિનિરંજનગુણસંયુતાય ,,
૭ અગુરૂલઘુગુણસંયુતાય ,,
૮ અનન્તવીર્યગુણસંયુતાય ,,

---

ત્રીજા દિવસની વિધિ.

૩ શ્રી આચાર્યપદ-વર્ણ પીળો, એક ધાન્ય ચણાનું આયંબીલ કરવું. નવકારવાલી વીસ-તેનું પદ ૐ હ્રીં નમો આયરિયાણં, કાઉસ્સગ્ગ ૩૬ લોગસ્સ, સ્વસ્તિક ૩૬, પ્રદક્ષિણા તથા ખમાસમણાં ૩૬. ખમાસમણનો દુહો—

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણીરે.વીર૦

## ત્રીજા આચાર્ય પદના છત્રીસ ગુણ.

૧ પ્રતિરૂપગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨ સૂર્યવત્તેજસ્વિગુણસંયુતાય ,,
૩ યુગપ્રધાનાગમસંયુતાય ,,
૪ મધુરવાક્યગુણસંયુતાય ,,
૫ ગાંભીર્યગુણસંયુતાય ,,
૬ ધૈર્યગુણસંયુતાય ,,
૭ ઉપદેશગુણસંયુતાય ,,
૮ અપરિશ્રાવીગુણસંયુતાય ,,

૯ સૌમ્યપ્રકૃતિગુણસંયુતાય ,,
૧૦ શીલગુણસંયુતાય ,,
૧૧ અવિગ્રહગુણસંયુતાય ,,
૧૨ અવિકથકગુણસંયુતાય ,,
૧૩ અચપલગુણસંયુતાય ,,
૧૪ પ્રસન્નવદનગુણસંયુતાય ,,
૧૫ ક્ષમાગુણસંયુતાય ,,
૧૬ ઋજુગુણસંયુતાય ,,
૧૭ મૃદુગુણસંયુતાય ,,
૧૮ સર્વસંગમુક્તિગુણસંયુતાય ,,
૧૯ દ્વાદશવિધતપોગુણસંયુતાય ,,
૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય ,,
૨૧ સત્યવ્રતગુણસંયુતાય ,,
૨૨ શીલગુણસંયુતાય ,,
૨૩ અકિંચનગુણસંયુતાય ,,
૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય ,,
૨૫ અનિત્યભાવનાભાવકાય ,,
૨૬ અશરણભાવનાભાવકાય ,,
૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય ,,
૨૮ એકત્વસ્વરૂપભાવનાભાવકાય ,,
૨૯ અન્યત્વભાવનાભાવકાય ,,
૩૦ અશુચિભાવનાભાવકાય ,,

૩૧ આશ્રવભાવનાભાવકાય ,,
૩૨ સંવરભાવનાભાવકાય ,,
૩૩ નિર્જરાભાવનાભાવકાય ,,
૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય ,,
૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય ,,
૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય ,,

---

ચોથા દિવસની વિધિ.

૪ શ્રી ઉપાધ્યાય પદ-વર્ણ લીલો, એક ધાન્ય મગનું આયંબીલ કરવું, નવકારવાલી વીસ-તેનું પદ ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં, કાઉસ્સગ્ગ ૨૫ લોગસ્સ, સ્વસ્તિક ૨૫, પ્રદક્ષિણા તથા ખમાસમણાં ૨૫. ખમાસમણનો દુહો—

તપસજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતારે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતારે. વી૨૦

## ચોથા ઉપાધ્યાયપદના પચીશ ગુણ.

૧ શ્રી આચારાંગસૂત્રપઠનગુણયુક્તાય
શ્રીઉપાધ્યાયાય નમઃ
૨ શ્રી સુયગડાંગસૂત્રપઠનગુણયુક્તાય ,,
૩ શ્રી ઠાણાંગસૂત્રપઠનગુણયુક્તાય ,,
૪ શ્રીસમવાયાંગસૂત્રપઠનગુણયુક્તાય ,,
૫ શ્રીભગવતીસૂત્રપઠનગુણયુક્તાય ,,
૬ શ્રીજ્ઞાતાધર્મકથાસૂત્રપઠનગુણયુક્તાય ,,

૭ શ્રીઉપાસકદશાસૂત્રપઠનગુણયુક્તાય ,,
૮ શ્રીઅન્તગડદશાસૂત્રપઠનગુણયુક્તાય ,,
૯ શ્રીઅણુત્તરોવવાઇસૂત્રપઠનગુણયુક્તાય ,,
૧૦ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય ,,
૧૧ શ્રીવિપાકસૂત્રપઠનગુણયુક્તાય ,,
૧૨ ઉત્પાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૩ આગ્રાયણીયપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૪ વીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૫ અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૬ જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૭ સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૮ આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૧૯ કર્મ્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
૨૨ કલ્યાણપૂર્વપઠનગુણયુક્તાય ,,
૨૩ પ્રાણાવાયપૂર્વપઠનગુણયુક્તાય ,,
૨૪ ક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય ,,
૨૫ લોકબિંદુસારપૂર્વપઠનગુણયુક્તાય ,,

---

## પાંચમા દીવસની વિધિ.

૫ શ્રી સાધુપદ–વર્ણ કાળો, આયંબિલ એક ધાન્ય અડદનું કરવું, નવકારવાળી વીસ તેનું પદ–ૐ હ્રીં નમોલોએ સવ્વ-

સાહૂણું, પ્રદક્ષિણા ખમાસમણાં તથા સ્વસ્તિક ૨૭, કાઉસ્સગ્ગ ૨૭ લોગસ્સ. ખમાસમણનો દુહો—

અપ્રમત્ત જે નીત રહે, નવી હરખે નવી શોચેરે,
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચેરે. વીર૦

## પાંચમા સાધુપદના સત્તાવીશ ગુણ.

૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ
૨ મૃષાવાદવિરમણવ્રતયુક્તાય ,,
૩ અદત્તાદાનવિરમણવ્રતયુક્તાય ,,
૪ મૈથુનવિરમણવ્રતયુક્તાય ,,
૫ પરિગ્રહવિરમણવ્રતયુક્તાય ,,
૬ રાત્રિભોજનવિરમણવ્રતયુક્તાય ,,
૭ પૃથ્વીકાયરક્ષકાય ,,
૮ અપ્કાયરક્ષકાય ,,
૯ તેજઃકાયરક્ષકાય ,,
૧૦ વાયુકાયરક્ષકાય ,,
૧૧ વનસ્પતિકાયરક્ષકાય ,,
૧૨ ત્રસકાયરક્ષકાય ,,
૧૩ એકેંદ્રિયજીવરક્ષકાય ,,
૧૪ બેઇંદ્રિયજીવરક્ષકાય ,,
૧૫ તેઇંદ્રિયજીવરક્ષકાય ,,

૧૬ ચૌરિન્દ્રિયજીવરક્ષકાય ,,
૧૭ પંચેંદ્રિયજીવરક્ષકાય ,,
૧૮ લોભનિગ્રહકારકાય ,,
૧૯ ક્ષમાગુણયુક્તાય ,,
૨૦ શુભભાવનાભાવકાય ,,
૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકારકાય ,,
૨૨ સંયમયોગયુક્તાય ,,
૨૩ મનોગુપ્તિયુક્તાય ,,
૨૪ વચનગુપ્તિયુક્તાય ,,
૨૫ કાયગુપ્તિયુક્તાય ,,
૨૬ શીતાદિદ્વાવિંશતિપરીષહસહનતત્પરાય ,,
૨૭ મરણાંતઉપસર્ગસહનતત્પરાય ,,

---

## છઠ્ઠા દિવસની વિધિ.

૬ શ્રી દર્શન પદ–વર્ણ સફેદ આયંબિલ એક ધાન્ય ચોખાનું કરવું.નવકારવાળી વીસ તેનું પદ–ૐ હ્રીં નમો દંસણસ્સ,કાઉસ્સગ્ગ ૬૭ લોગસ્સ, સ્વસ્તિક ૬૭, પ્રદક્ષિણા તથા ખમાસમણાં ૬૭. ખમાસમણનો દુહો—

શમસંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમે જે આવેરે;
દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવેરે.
વીર૦

# છઠ્ઠા દર્શનપદના સડસઠ ભેદ.

| | |
|---|---|
| ૧ પરમાર્થસંસ્તવરૂપ | શ્રીસદ્દર્શનાય નમઃ |
| ૨ પરમાર્થજ્ઞાતૃસેવનરૂપ | ,, |
| ૩ વ્યાપન્નદર્શનવર્જનરૂપ | ,, |
| ૪ કુદર્શનવર્જનરૂપ | ,, |
| ૫ શુશ્રૂષારૂપ | ,, |
| ૬ ધર્મરાગરૂપ | ,, |
| ૭ વૈયાવૃત્યરૂપ | ,, |
| ૮ અર્હદ્વિનયરૂપ | ,, |
| ૯ સિદ્ધવિનયરૂપ | ,, |
| ૧૦ ચૈત્યવિનયરૂપ | ,, |
| ૧૧ શ્રુતવિનયરૂપ | ,, |
| ૧૨ ધર્મવિનયરૂપ | ,, |
| ૧૩ સાધુવર્ગવિનયરૂપ | ,, |
| ૧૪ આચાર્યવિનયરૂપ | ,, |
| ૧૫ ઉપાધ્યાયવિનયરૂપ | ,, |
| ૧૬ પ્રવચનવિનયરૂપ | ,, |
| ૧૭ દર્શનવિનયરૂપ | ,, |
| ૧૮ સંસારે જિનઃ સારઃ ઇતિ ચિંતનરૂપ | ,, |
| ૧૯ સંસારે જિનમતસારમિતિ ચિંતનરૂપ | ,, |
| ૨૦ સંસારે જિનમતસ્થિતસાધ્વાદિ-સારમિતિ ચિંતનરૂપ | ,, |

૨૧ શંકાદૂષણરહિતાય ,,
૨૨ કાંક્ષાદૂષણરહિતાય ,,
૨૩ વિચિકિત્સાદૂષણરહિતાય ,,
૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાય ,,
૨૫ કુદૃષ્ટિપરિચયદૂષણરહિતાય ,,
૨૬ પ્રવચનપ્રભાવકરૂપ ,,
૨૭ ધર્મકથકપ્રભાવકરૂપ ,,
૨૮ વાદિપ્રભાવકરૂપ ,,
૨૯ નૈમિત્તકપ્રભાવકરૂપ ,,
૩૦ તપસ્વીપ્રભાવકરૂપ ,,
૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃત્પ્રભાવકરૂપ ,,
૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપ ,,
૩૩ કવિપ્રભાવકરૂપ ,,
૩૪ જિનશાસને કૌશલભૂષણરૂપ ,,
૩૫ જિનશાસને પ્રભાવનાભૂષણરૂપ ,,
૩૬ જિનશાસને તીર્થસેવાભૂષણરૂપ ,,
૩૭ જિનશાસને ધૈર્યભૂષણરૂપ ,,
૩૮ જિનશાસને ભક્તિભૂષણરૂપ ,,
૩૯ ઉપશમગુણરૂપ ,,
૪૦ સંવેગગુણરૂપ ,,
૪૧ નિર્વેદગુણરૂપ ,,
૪૨ અનુકંપાગુણરૂપ ,,

૪૩ આસ્તિક્યગુણરૂપ ,,
૪૪ પરતીર્થિકાદિવંદનવર્જનરૂપ ,,
૪૫ પરતીર્થિકાદિનમસ્કારવર્જનરૂપ ,,
૪૬ પરતીર્થિકાદિઆલાપવર્જનરૂપ ,,
૪૭ પરતીર્થિકાદિસંલાપવર્જનરૂપ ,,
૪૮ પરતીર્થિકાદિઅશનાદિદાનવર્જનરૂપ ,,
૪૯ પરતીર્થિકાદિગંધપુષ્પાદિપ્રેષણવર્જનરૂપ ,,
૫૦ રાજાભિયોગાકારયુક્ત ,,
૫૧ ગણાભિયોગાકારયુક્ત ,,
૫૨ બલાભિયોગાકારયુક્ત ,,
૫૩ સુરાભિયોગાકારયુક્ત ,,
૫૪ કાંતારવૃત્ત્યાકારયુક્ત ,,
૫૫ ગુરૂનિગ્રહાકારયુક્ત ,,
૫૬ સમ્યક્ત્વં ચારિત્રધર્મસ્ય મૂલમિતિ
ચિંતનરૂપ શ્રી સ૦
૫૭ સમ્યક્ત્વં ધર્મપુરસ્ય દ્વારમિતિ ચિંતનરૂપ ,,
૫૮ સમ્યક્ત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનમિતિ ચિંતનરૂપ ,,
૫૯ સમ્યક્ત્વં ધર્મસ્યાધારમિતિ ચિંતનરૂપ ,,
૬૦ સમ્યક્ત્વં ધર્મસ્ય ભાજનમિતિ ચિંતનરૂપ ,,
૬૧ સમ્યક્ત્વં ધર્મસ્ય નિધિસંનિભમિતિ ચિંતનરૂપ ,,
૬૨ અસ્તિ જીવ ઇતિ શ્રદ્ધાનસ્થાન યુક્ત ,,
૬૩ સ ચ જીવો નિત્ય ઇતિ શ્રદ્ધાસ્થાન યુક્ત ,,

૬૪ સ ચ જીવઃ કર્મ્માણિ કરોતીતિ શ્રદ્ધાસ્થાનયુક્ત ,,
૬૫ સ ચ જીવઃ કૃતકર્મ્માણિ વેદયતીતિ ,,
૬૬ જીવસ્યાઽસ્તિ નિર્વાણમિતિ શ્રદ્ધાસ્થાન યુક્ત ,,
૬૭ અસ્તિ પુનર્મોક્ષોપાય ઇતિ શ્રદ્ધાસ્થાન યુક્ત ,,

આ ૬૭ ભેદમાં ૪ સદહણા, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધિ, ૫ દુષણ, ૮ પ્રભાવક, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ જયણા, ૬ આગાર, ૬ ભાવના અને ૬ સ્થાનોનો સમાવેશ છે.

---

## સાતમા દિવસની વિધિ.

૭ શ્રી જ્ઞાનપદ–વર્ણ સફેદ. આયંબીલ એક ધાન્ય ચોખાનુ કરવુ. નવકારવાળી વીસ પદ–ૐહ્રીં નમો નાણસ્સ, કાઉસ્સગ્ગ–૫૧ લોગસ્સ, સ્વસ્તિક ૫૧, પ્રદક્ષિણા તથા ખમાસમણાં ૫૧. ખમાસમણનો દુહો—

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે;
તો હુએ એહીજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે.
વીર૦

## સાતમા જ્ઞાનપદના એકાવન ભેદ.

૧ સ્પર્શનેન્દ્રિયવ્યંજનાગ્રહમતિજ્ઞાનાય નમઃ
૨ રસનેન્દ્રિયવ્યજનાવગ્રહ ,,
૩ ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહ ,,
૪ શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહ ,,

| | |
|---|---|
| ૫ સ્પર્શનેન્દ્રિયઅર્થાવગ્રહ | ,, |
| ૬ રસનેન્દ્રિયઅર્થાવગ્રહ | ,, |
| ૭ ઘ્રાણેન્દ્રિયઅર્થાવગ્રહ | ,, |
| ૮ ચક્ષુરિન્દ્રિયઅર્થાવગ્રહ | ,, |
| ૯ શ્રોત્રેન્દ્રિયઅર્થાવગ્રહ | ,, |
| ૧૦ મનોઽર્થાવગ્રહ | ,, |
| ૧૧ સ્પર્શનેન્દ્રિય ઇહા | ,, |
| ૧૨ રસનેન્દ્રિય ઇહા | ,, |
| ૧૩ ઘ્રાણેન્દ્રિય ઇહા | ,, |
| ૧૪ ચક્ષુરિન્દ્રિય ઇહા | ,, |
| ૧૫ શ્રોત્રેન્દ્રિય ઇહા | ,, |
| ૧૬ મન ઇહા | ,, |
| ૧૭ સ્પર્શનેન્દ્રિય અપાય | ,, |
| ૧૮ રસનેન્દ્રિય અપાય | ,, |
| ૧૯ ઘ્રાણેન્દ્રિય અપાય | ,, |
| ૨૦ ચક્ષુરિન્દ્રિય અપાય | ,, |
| ૨૧ શ્રોત્રેન્દ્રિય અપાય | ,, |
| ૨૨ મનો અપાય | ,, |
| ૨૩ સ્પર્શનેન્દ્રિય ધારણા | ,, |
| ૨૪ રસનેન્દ્રિય ધારણા | ,, |
| ૨૫ ઘ્રાણેન્દ્રિય ધારણા | ,, |
| ૨૬ ચક્ષુરિન્દ્રિય ધારણા | ,, |

| | |
|---|---|
| ૨૭ શ્રોત્રેન્દ્રિય ધારણા | ” |
| ૨૮ મનો ધારણા | ” |
| ૨૯ અક્ષર | શ્રુતજ્ઞાનાય નમઃ |
| ૩૦ અનક્ષર | ” |
| ૩૧ સંજ્ઞિ | ” |
| ૩૨ અસંજ્ઞિ | ” |
| ૩૩ સમ્યક્ | ” |
| ૩૪ મિથ્યા | ” |
| ૩૫ સાદિ | ” |
| ૩૬ અનાદિ | ” |
| ૩૭ સપર્યવસિત | ” |
| ૩૮ અપર્યવસિત | ” |
| ૩૯ ગમિક | ” |
| ૪૦ અગમિક | ” |
| ૪૧ અંગપ્રવિષ્ટ | ” |
| ૪૨ અનંગપ્રવિષ્ટ | ” |
| ૪૩ આનુગામિ | અવધિજ્ઞાનાય નમઃ |
| ૪૪ અનાનુગામિ | ” |
| ૪૫ વર્ધમાન | ” |
| ૪૬ હીયમાન | ” |
| ૪૭ પ્રતિપાતિ | ” |
| ૪૮ અપ્રતિપાતિ | ” |

૪૯ ઋજુમતિ શ્રીમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૦ વિપુલમતિ ,,
૫૧ લોકાલોકપ્રકાશકશ્રીકેવલજ્ઞાનાય નમઃ

આ ૫૧ ભેદમાં ૨૮ મતિજ્ઞાનના, ૧૪ શ્રુતજ્ઞાનના, ૬ અવધિજ્ઞાનના, ૨ મનઃપર્યવજ્ઞાનના અને ૧ કેવળજ્ઞાનનો એમ ૫૧ ભેદ છે.

---

આઠમા દિવસની વિધિ.

૮ શ્રી ચારિત્રપદ–વર્ણ સફેદ આયંબિલ એક ધાન્ય ચોખાનું, નવકારવાળી વીસ. ૐહ્રીં નમો ચારિત્તસ્સ, કાઉસ્સગ્ગ-૭૦ લોગસ્સ, સ્વસ્તિક–૭૦, પ્રદક્ષિણા તથા ખમાસમણાં ૭૦ ખમાસમણનો દુહો—

જાણ ચારિત્ર તે આતમા, નીજસ્વભાવમાં રમતોરે.
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવી ભમતોરે.
વીર.

## આઠમા ચારિત્રપદના સીત્તેર ભેદ.

૧ પ્રાણાતિપાતવિરમણરૂપ ચારિત્રાય નમઃ
૨ મૃષાવાદવિરમણરૂપ ,,
૩ અદત્તાદાનવિરમણરૂપ ,,
૪ મૈથુનવિરમણરૂપ ,,
૫ પરિગ્રહવિરમણરૂપ ,,
૬ ક્ષમાધર્મરૂપ ,,

૭ આર્જવધર્મ્મરૂપ ,,
૮ મૃદુતાધર્મ્મરૂપ ,,
૯ મુક્તિધર્મ્મરૂપ ,,
૧૦ તપોધર્મ્મરૂપ ,,
૧૧ સંયમધર્મ્મરૂપ ,,
૧૨ સત્યધર્મ્મરૂપ ,,
૧૩ શૌચધર્મ્મરૂપ ,,
૧૪ અકિંચનધર્મ્મરૂપ ,,
૧૫ બ્રહ્મચર્યધર્મ્મરૂપ ,,
૧૬ પૃથિવીરક્ષાસંયમરૂપ ,,
૧૭ ઉદકરક્ષાસંયમરૂપ ,,
૧૮ તેજોરક્ષાસંયમરૂપ ,,
૧૯ વાયુરક્ષાસંયમરૂપ ,,
૨૦ વનસ્પતિરક્ષાસંયમરૂપ ,,
૨૧ બેઇંદ્રિયરક્ષાસંયમરૂપ ,,
૨૨ તેઇંદ્રિયરક્ષાસંયમરૂપ ,,
૨૩ ચૌરિંદ્રિયરક્ષાસંયમરૂપ ,,
૨૪ પંચેંદ્રિયરક્ષાસંયમરૂપ ,,
૨૫ અજીવરક્ષાસંયમરૂપ ,,
૨૬ પ્રેક્ષાસંયમરૂપ ,,
૨૭ ઉપેક્ષાસંયમરૂપ ,,
૨૮ અતિરિક્તવસ્ત્રભક્તાદિપરિષ્ઠાપનરૂપ ,,

૨૯ પ્રમાર્જનસંયમરૂપ ,,
૩૦ મનઃસંયમરૂપ ,,
૩૧ વાક્‌સંયમરૂપ ,,
૩૨ કાયાસંયમરૂપ ,,
૩૩ આચાર્યવૈયાવૃત્યરૂપ ,,
૩૪ ઉપાધ્યાયવૈયાવૃત્યરૂપ ,,
૩૫ તપસ્વિવૈયાવૃત્યરૂપ ,,
૩૬ લઘુશિષ્યાદિવૈયાવૃત્યરૂપ ,,
૩૭ ગ્લાનસાધુવૈયાવૃત્યરૂપ ,,
૩૮ સાધુવૈયાવૃત્યરૂપ ,,
૩૯ શ્રમણોપાસકવૈયાવૃત્યરૂપ ,,
૪૦ સંઘવૈયાવૃત્યરૂપ ,,
૪૧ કુલવૈયાવૃત્યરૂપ ,,
૪૨ ગણવૈયાવૃત્યરૂપ ,,
૪૩ પશુપંડગાદિ રહિત વસતિ વસન બ્રહ્મગુપ્તિ આ૦
૪૪ સ્ત્રીહાસ્યાદિવિકથાવર્જનબ્રહ્મગુપ્તિ ,,
૪૫ સ્ત્રીઆસનવર્જનબ્રહ્મગુપ્તિ ,,
૪૬ સ્ત્રીઅંગોપાંગનિરીક્ષણવર્જનબ્રહ્મગુપ્તિ. ,,
૪૭ કુડયંતરસ્થિતસ્ત્રીહાવભાવશ્રવણવર્જનબ્ર૦,,
૪૮ પૂર્વસ્ત્રીસંભોગચિંતનવર્જનબ્રહ્મગુપ્તિ ,,
૪૯ અતિસરસઆહારવર્જન ,, ,,
૫૦ અતિઆહારકરણવર્જન ,, ,,

૫૧ અંગવિભૂષાવર્જનબ્રહ્મગુપ્તિ ,,
૫૨ અનશનતપોરૂપ ,,
૫૩ ઉનોદરીતપોરૂપ ,,
૫૪ વૃત્તિસંક્ષેપતપોરૂપ ,,
૫૫ રસત્યાગતપોરૂપ ,,
૫૬ કાયકલેશતપોરૂપ ,,
૫૭ સંલીનતાતપોરૂપ ,,
૫૮ પ્રાયશ્ચિત્તતપોરૂપ ,,
૫૯ વિનયતપોરૂપ ,,
૬૦ વૈયાવત્યતપોરૂપ ,,
૬૧ સજ્ઝાયતપોરૂપ ,,
૬૨ ધ્યાનતપોરૂપ ,,
૬૩ કાયોત્સર્ગતપોરૂપ ,,
૬૪ અનંતજ્ઞાનસંયુક્ત ,,
૬૫ અનંતદર્શનસંયુક્ત ,,
૬૬ અનંતચારિત્રસંયુક્ત ,,
૬૭ ક્રોધનિગ્રહકરણ ,,
૬૮ માનનિગ્રહકરણ ,,
૬૯ માયાનિગ્રહકરણ ,,
૭૦ લોભનિગ્રહકરણ ,,

આમાં ૫ અવ્રતત્યાગ, ૧૦ યતિધર્મ, ૧૦ રક્ષાસંયમ ૪ પ્રેક્ષાદિ સંયમ, ૩ યોગસંયમ, ૧૦ વૈયાવૃત્ય, ૯ બ્રહ્મચર્ય-

ગુપ્તિ, ૧૨ પ્રકારનો તપ, ૩ અનંત જ્ઞાનાદિ ને ૪ કષાયનો નિગ્રહ એમ ૭૦ ભેદનો સંગ્રહ કરેલો છે.

---

## નવમા દિવસની વિધિ.

૯ શ્રીતપ પદ-વર્ણ સફેદ, આયંબીલ એક ધાન્ય ચોખાનું કરવું. નવકારવાલી વીસ, પદ-ૐ હ્રીં નમો તવસ્સ, કાઉસગ્ગ-૫૦લોગસ્સ, સ્વસ્તિક ૫૦, પ્રદક્ષિણા તથા ખમાસમણાં ૫૦. ખમાસમણનો દુહો-

ઇચ્છારોધે સંવરી, પરીણતિ સમતા યોગેરે;
તપ તે એહીજ આતમા, વર્તે નિજ ગુણ ભોગેરે.
વીર જીણેસર ઉપદીશે, સાંભળજો ચિત્તલાઇરે;
આતમ ધ્યાને આતમા, રૂદ્ધિ મલે સવિ આઇ રે.
વીર૦

છેલ્લે દિવસે વિશેષમાં નવપદજી મહારાજની વિસ્તારથી પૂજા ભણાવવી તથા ફળ ફુલ નૈવેદ્ય વિગેરે વિશેષ ચઢાવવા. નવપદ મંડલની રચના કરવી. રાત્રિ જાગરણ કરવું. શ્રીપાલરાજાનો રાસ પૂર્ણ કરવો.

## નવમા તપ પદના પચાસ ભેદ.

૧ યાવત્કથિકઅનશનતપોભેદ તપસે નમઃ
૨ ઇત્વરઅનશનતપોભેદ ,,
૩ બાહ્યઉનોદરીતપોભેદ ,,
૪ અભ્યંતરઉનોદરીતપોભદ ,,

૫ દ્રવ્યતપોવૃત્તિસંક્ષેપતપોભેદ ,,
૬ ક્ષેત્રતપોવૃત્તિસંક્ષેપતપોભેદ ,,
૭ કાલતપોવૃત્તિસંક્ષેપતપોભેદ ,,
૮ ભાવતપોવૃત્તિસંક્ષેપતપોભેદ ,,
૯ કાયક્લેશતપોભેદ ,,
૧૦ રસત્યાગતપોભેદ ,,
૧૧ ઇંદ્રિયકષાયયોગવિષયકસંલીનતા ,,
૧૨ સ્ત્રીપશુપંડકાદિવર્જિતસ્થાના-
વસ્થિતસંલીનતા ,,
૧૩ આલોચનાપ્રાયશ્ચિત્ત ,,
૧૪ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત ,,
૧૫ મિશ્રપ્રાયશ્ચિત્ત ,,
૧૬ વિવેકપ્રાયશ્ચિત્ત ,,
૧૭ કાયોત્સર્ગપ્રાયશ્ચિત્ત ,,
૧૮ તપઃપ્રાયશ્ચિત્ત ,,
૧૯ છેદપ્રાયશ્ચિત્ત ,,
૨૦ મૂલપ્રાયશ્ચિત્ત ,,
૨૧ અનવસ્થિતપ્રાયશ્ચિત્ત ,,
૨૨ પારાંચિતપ્રાયશ્ચિત્ત ,,
૨૩ જ્ઞાનવિનયરૂપ ,,
૨૪ દર્શનવિનયરૂપ ,,
૨૫ ચારિત્રવિનયરૂપ ,,

૨૬ મનોવિનયરૂપ ,,
૨૭ વચનવિનયરૂપ ,,
૨૮ કાયવિનયરૂપ ,,
૨૯ ઉપચારવિનયરૂપ ,,
૩૦ આચાર્યવૈયાવૃત્ય ,,
૩૧ ઉપાધ્યાયવૈયાવૃત્ય ,,
૩૨ સાધુવૈયાવૃત્ય ,,
૩૩ તપસ્વીવૈયાવૃત્ય ,,
૩૪ લઘુશિષ્યાદિવૈયાવૃત્ય ,,
૩૫ ગ્લાનસાધુવૈયાવૃત્ય ,,
૩૬ શ્રમણોપાસકવૈયાવૃત્ય ,,
૩૭ સંઘવૈયાવૃત્ય ,,
૩૮ કુલવૈયાવૃત્ય ,,
૩૯ ગણવૈયાવૃત્ય ,,
૪૦ વાચના ,,
૪૧ પૃચ્છના ,,
૪૨ પરાવર્ત્તના ,,
૪૩ અનુપ્રેક્ષા ,,
૪૪ ધર્મ્મકથા ,,
૪૫ આર્ત્તધ્યાન નિવૃત્તિ ,,
૪૬ રૌદ્રધ્યાન નિવૃત્તિ ,,
૪૭ ધર્મ્મધ્યાનચિંતન ,,

૪૮ શુકલધ્યાનચિંતન ,,
૪૯ બાહ્યકાયોત્સર્ગ ,,
૫૦ અભ્યંતરકાયોત્સર્ગ ,,

---

પ્રકારાન્તરે નીચે જણાવેલા નવ દુહાવડે પણ ખમાસમણાં દઈ શકાય છેઃ—

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ ૧
ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨
છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ. ૩
બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે શિષ્યને, જય જય પાઠક ગીત. ૪
સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ સુરંગ. ૫
લોકાલોકના ભાવ જે, કેવળી ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૬
અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૭
રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદૈવ;
ભાવરયણનું નિધાન છે, જય જય સંયમી જીવ. ૮
કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૯

## પારણાના દિવસનો વિધિ.

પારણાને દિવસે ઓછામાં ઓછું બિયાસણાનું પચ્ચક્ખાંણ કરવું. હંમેશ મુજબ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, વાસક્ષેપ પૂજા, ગુરૂવંદન ઇત્યાદિક કરી, નાહી શુદ્ધ થઇ, સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી. તે દીવસે કાઉસ્સગ્ગ, સ્વસ્તિક, પ્રદક્ષિણા નવ નવ કરવાં, તથા ખમાસમણાં નવ નવ દેવાં. ૐ હ્રીં શ્રીં વિમલેશ્વરચક્રેશ્વરીપૂજિતાય શ્રીસિદ્ધચક્રાય નમઃ એ પદની વીસ નવકારવાળી ગણવી.

## નવપદ મંડળની રચનાનો વિધિ.

શાલિ [ચોખા] પ્રમુખ પાંચ વર્ણના ધાન્ય એકઠા કરી સિદ્ધચક્રના મંડળની રચના કરવી. અરિહંતાદિક નવેય પદોને વિષે શ્રીફળના ગોળાઓ મૂકવા. બીજોરા, ખારેક, દાડિમ, નારંગી, સોપારી ઈત્યાદિ ફળ ગોઠવીને મૂકવાં. નવ ગ્રહ અને દશ દિક્પાળની રચના કરવી. મંડળ જેમ બને તેમ સુશોભિત થાય તેવી રીતે સોના રૂપાના વરખથી તથા ધ્વજાઓ વિગેરેથી શણગારી આકર્ષક બનાવવું. રચનાની વિશેષ ગોઠવણ તેના જાણકાર પાસેથી શીખી લેવી.

## કાઉસ્સગ્ગ કરવાનો વિધિ.

ખમાસમણ દઈ, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ (જે દીવસે જે પદ હોય તે પદ બોલી) આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં ઇચ્છં" કહી "વન્દણવત્તિઆએ० અન્નત્થ०" કહી, [જેટલા લોગસ્સનો હોય તેટલાનો] કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પારીને પ્રગટ રીતે એક લોગસ્સ કહેવો.

## પડિલેહણનો વિધિ.

ખમાસમણ દેઇ, ઇરિયાવહિય પડિક્કમી. "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરૂં ? ઇચ્છં" કહી, ક્રિયામાં વપરાતા સર્વ ઉપકરણોની પ્રતિલેખના કરવી. પછી ઇરિયાવહિય પડિક્કમી કાજો લેવો. કાજો જોઈ સામાયિકમાં હોઇએ તો ઇરિયાવહિય પડિક્કમી, "અણુજાણહ જસ્સુગ્ગહો" કહી, ત્રણ વખત "વોસિરે" કહી, યોગ્ય સ્થાનકે પરઠવવો.

## દેવવંદનનો વિધિ.

પ્રથમ ઇરિયાવહિય પડિક્કમી, ઉત્તરાસંગ નાખી ચૈત્યવંદન કરવું. નમુત્થુણં સુધી કહી જયવીયરાય અડધા કહેવા.

પછી ખમાસમણ દઈ ચૈત્યવંદનનો આદેશ માગી ચૈત્યવંદન બોલવું. નમુત્થુણં સુધી કહી, ઉભા થઇ "અરિહંત ચેઈયાણં૦ વંદણવત્તિ૦ અન્નત્થ૦" કહી, એક નવકારનો કાઉસગ્ગ કરવો, પારી, નમોઽર્હત્સિદ્ધા૦ કહી, પહેલી થોય કહેવી. પછી "લોગસ્સ૦ વંદણ૦ અન્નત્થ૦" કહી, એક નવકારનો કાઉસગ્ગ પારી, બીજી થોય કહેવી. પછી પુક્ખરવર૦ સુઅસ્સભગવઓ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત્ કહી ચોથી થોય કહેવી.

પછી નીચે બેસી નમુત્થુણં કહી પ્રથમની વિધિ પ્રમાણે બીજી ચાર થોયો કહી નમુત્થુણં, જાવંતિ ચેઈયાઈં, ખમાસણ

દેઈ જાવંત કેવિ સાહુ૦ નમોર્હત૦ કહી, સ્તવન બોલવું. પછી જયવીયરાય અરધા કહેવા.

ફરી ખમાસમણ દેઈ ત્રીજું ચૈત્યવંદન નમુત્થુણં સુધી કરવું. પછી જયવીયરાય આખા કહેવા. સવારના દેવવંદન પછી ખમાસમણ દેઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરૂં ? ઇચ્છં કહી એક નવકાર બોલી મન્હ જિણાણંની સજ્ઝાય કહેવી. મધ્યાહ્ન તથા સાંજના દેવ-વંદનમાં સજ્ઝાય કહેવાની જરૂર નથી.

## પચ્ચક્ખાણ પારવાનો વિધિ.

ઇરિયાવહિય પડિક્કમી, જગચિંતામણિનું ચૈત્યવંદન૦ નમુત્થુણં૦જાવંતિ ચેઈયાઈં૦ જાવંતકેવિ સાહૂ૦ નમોऽર્હત્૦ ઉવસગ્ગહરં યાવત્ જયવીયરાય૦ પુરા-પર્યંત કરવું.

પછી સજ્ઝાયનો આદેશ માગી, નવકાર ગણી, મન્હ-જિણાણંની સજ્ઝાય કહેવી. પછી ખમાસમણ દઈ "ઇચ્છા" કહી મુહપત્તિ પડિલેહવી.

પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચક્ખાણ પારૂં ?" "યથાશક્તિ" ખમા૦ ઇચ્છા૦ "પચ્ચ-ક્ખાણ પાર્યું." "તહત્તિ" કહી, મુઠીવાળી જમણો હાથ ચરવળા ઉપર સ્થાપી, એક નવકાર ગણી.

"ઊગ્ગએ સૂરે નમુક્કારસહિયં પોરિસી, સાઢપોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું, ચોવિહાર, આયંબિલ એકાસણું, પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિયં, પાલિયં, સોહિયં, તીરિયં, કીટ્ટિયં, આરાહિયં જં

ચ ન આરાહિયં તસ્સ મિચ્છામિદુક્કડં.

આ પ્રમાણે પાઠ બોલી એક નવકાર ગણી પચ્ચક્ખાણ પાર

## જમ્યાપછી ચૈત્યવંદન કરવાનો વિધિ.

ખમાસમણ દેઈ ઈરિયાવહિય પડિક્કમી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી જગચિન્તામણીનું ચૈત્યવંદન જયવીયરાય પર્યંત કરવું. દેરાસરે કરે તો અરિહંત ચેઈયાણં વંદણ૦ અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસગ્ગ કરી પારી થોય કહેવી.

## ઉજમણાનો વિધિ.

સાડાચાર વર્ષે તપ પૂર્ણ થયે પોતાની શક્તિ–વૈભવ અનુસાર ઉજમણું કરવું. ઉજમણું કરવાથી તપનો સફળતા, લક્ષ્મીનો સદ્‌વ્યય, શુભ ધ્યાનની વૃદ્ધિ, સુલભ બોધિ, ભવ્ય જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ, શ્રીતીર્થંકર દેવની અપૂર્વ ભક્તિ, શ્રીજીનશાસનની પ્રભાવના. ઇત્યાદિ મહા લાભોની પ્રાપ્તિ થાય છે. ઉજમણાથી વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય છે, ઉજમણું કરતાં વિશાળ મંડપ બાંધી શ્રીસિદ્ધચક્રના મંડલની સ્થાપના કરી મહોત્સવ કરવો. યંત્રની ગોઠવણ, પીઠિકાની રચના વિગેરેનું સ્વરૂપ ગીતાર્થ ગુરુ પાસેથી સમજી લેવું. ધનની શક્તિ અનુસારે નવીન ચૈત્યો, જીર્ણોદ્ધારો, જિનબિંબો, ધર્મશાળાઓ ઉપાશ્રયો કરાવવા, તથા જ્ઞાન દર્શન અને ચારિત્રના ઉપકરણો એકઠા કરી ઉજમણામાં મૂકવાં. તે જ્ઞાનપંચમી પર્વમાં જણાવેલા ઉજમણાની વિધિથી જાણવું.

## मन्हजिणाणंनी सज्झाय.

मन्हजिणाणं आणं, मिच्छं परिहरह, धरह सम्मत्तं;
छव्विह–आवस्सयंमि उज्जुत्तो होइ पइदिवसं. ॥१॥
पव्वेसु पोसहवयं, दाणं, सीलं तवो अ, भावो अ,
सज्झाय–नमुक्कारो, परोवयारो अ, जयणा अ. ॥२॥
जिणपूआ, जिणथुणणं, गुरुथुअ, साहम्मिआण वच्छल्लं,
ववहारस्स य सुद्धी, रहजत्ता, तित्थजत्ता य. ॥३॥
उवसम–विवेग–संवर,–भासासमिई–छज्जीवकरुणा य,
धम्मिअजणसंसग्गो, करणदमो, चरणपरिणामो. ॥४॥
संघोवरि बहुमाणो, पुत्थयलिहणं, पभावणा तित्थे,
सड्ढाण किच्चमेअं निच्चं सुगुरूवएसेणं. ॥५॥

## संथारा पोरिसी सूत्र.

निसीहि निसीहि निसीहि, नमो खमासमणाणं गोयमाइणं महामुणीणं.

अणुजाणह जिट्ठि(ट्ठे)ज्जा ! अणुजाणह परमगुरु ! गुरुगुणरयणेहिं मंडियसरीरा ! बहुपडिपुन्ना पोरिसि, राईयसंथारए ठामि. १

अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं,
कुक्कुडिपायपसारण, अतरंत पमज्जए भूमिं. २
संकोइअ संडासा, उव्वट्टंते अ कायपडिलेहा,
दव्वाईउवओगं, ऊसासनिरुंभणालोए. ३

જઈ મે હુજ્જ પમાઓ, ઈમસ્સ દેહસ્સિમાઈ રયણીએ,
આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪

ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ૫

ચત્તારિ લોગુત્તમા–અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો. ૬

ચત્તારિ સરણં પવજ્જામિ–અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭

પાણાઈવાયમલિઅં, ચોરિક્કં, મેહૂણં, દવિણમુચ્છં;
કોહં, માણં, માયં, લોભં, પિજ્જં, તહા, દોસં. ૮
કલહં, અબ્ભક્ખાણં, પેસુન્નં, રઈઅરઇસમાઉત્તં;
પરપરિવાયં, માયા–મોસં, મિચ્છત્તસલ્લં ચ. ૯
વોસિરિસુ ઇમાઈં મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઇં;
દુગ્ગઇનિબંધણાઇં, અટ્ઠારસ પાવઠાણાઈં. ૧૦
"એગોહં, નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ;"
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઇ. ૧૧
"એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા. ૧૨
સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા;
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩
અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો;

જિણપણ્ણત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪
ખમિઅ, ખમાવિઅ, મઇ ખમિઅ સવ્વહુ જીવનિકાય;
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઈર ન ભાવ. ૧૫
સવ્વે જીવા કમ્મવસ, ચઉદહરાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝવિ તેહુ ખમંત. ૧૬
જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં;
જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ." ૧૭

## ઓળી કરનાર ભાઇ બ્હેનોને આવશ્યક સૂચનાઓ.

(૧) આ દિવસોમાં જેમ બને તેમ કષાયનો ત્યાગ કરવો અને વિકથા કરવી નહી.

(૨) આ દિવસોમાં આરંભોનો ત્યાગ કરવો અને કરાવવો તથા બની શકે તેટલી 'અમારિ' પળાવવી.

(૩) દેવપૂજનના કાર્ય સિવાય સચિત્ત પાણીનો ત્યાગ રાખવો.

(૪) પહેલા અને પાછલા દિવસ સાથે બધા દિવસોમાં મન વચન કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું. કુદૃષ્ટિ પણ કરવી નહી.

(૫) જતાં આવતાં ઈર્યાસમિતિનો ખાસ ઉપયોગ રાખવો.

(૬) કોઈપણ ચીજ લેતાં મૂકતાં કટાસણું સંથારીયું પાથરતાં, યતના પૂર્વક પૂંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

(૭) થુંક, બળખો, લીંટ જેમ તેમ નાંખવા નહિ, પણ રૂમાલ રાખીને તેમાં કાઢવા ખાસ ઉપયોગ રાખવો, તેથી પણ જીવ રક્ષા ઘણી થઈ શકે છે.

(૮) પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, પ્રભુ પૂજન વિગેરે ક્રિયા કરતાં, ગુણણું ગણતાં, આહાર વાપરતાં, માર્ગે જતાં આવતાં, સ્થંડિલ માત્રું કરવા જતાં બોલવું નહિ.

(૯) આયંબિલ કરતી વખતે આહાર સારો યા ખરાબ હોય તેના ઉપર રાગ દ્વેષ કરવો નહિ. વાપરતાં 'સુર સુર' 'ચબ ચબ' શબ્દ નહિ કરતાં, એઠવાડ પડે નહિ તેવી રીતે ઉપયોગ પૂર્વક જમવું.

(૧૦) ચૌદ નિયમો હંમેશ ધારવા ઉપયોગ રાખવો.

(૧૧) પાણી પીધા પછી પ્યાલો તરત જ લોહી નાંખવો, તેમ નહિ કરવાથી બે ઘડી પછી સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે.

(૧૨) થાળી વાટકા વિગેરે તમામ વાસણો નામ વિનાના તથા વસ્ત્રો ધોયેલા વાપરવા, સાંધેલા કે ફાટેલા ન વાપરવા.

(૧૩) ભાણા માંડવાના પાટલાઓ ડગતા ન રહે તેનો ખાસ ઉપયોગ રાખવો.

(૧૪) નવકારવાલી તથા પુસ્તક વિગેરે શુદ્ધ ઉંચે સ્થાનકે મૂકવાનો ઉપયોગ રાખવો. ચરવળે ભરાવી દેવાથી તથા કટાસણા ઉપર જેમ તેમ મૂકી દેવાથી આશાતના થાય છે.

(૧૫) દરેક ક્રિયા ઉભા ઉભા પ્રમાદ રહિતપણે કરવી.

---

## નવપદ ચૈત્યવંદનો

### (૧)

જો ધુરિ સિરિઅરિહંતમૂલદઢપીઠપઇટ્ઠિઓ,
સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાય-સાહુચિહુંસાહગરિટ્ઠિઓ,

દંસણ-નાણ-ચરિત્તતવહિ પડિસોહાસુન્દરો,
તત્તક્ખરસરવગ્ગલદ્ધિગુરૂપયદલદુંબરો;
દિસિપાલજક્ખજક્ખિણીપમુહસુરકુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધચક્કગુરુકપ્પતરૂ અમ્હ મનવંછિયફલં દિઓ. ૧

———— ૦ ————

## ( ઉપજાતિ છન્દ )

### ( ૨ )

ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં;
સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં. ૧
સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોડણંતચઉક્કયાણં;
સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં. ૨
સુત્તત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં;
સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં. ૩
જિણુત્તતત્તે રૂઇલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ,
અન્નાણ સંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ. ૪
આરાહિયાખંડિયસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિયસ્સ,
કમ્મદ્દુમોન્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ. ૫
ઇય નવપયસિદ્ધં, લદ્ધિવિજ્જાસમિદ્ધં,
પયડિયસુરવગ્ગં, હ્રીં તિરેહાસમગ્ગં.
દિસિવઇસુરસારં, ખોણિપીઢાવયારં,
તિજયવિજયચક્કં સિદ્ધચક્કં નમામિ. ૬

———— ૦ ————

(૩)

સકળમંગળપરમકમળાકેલિ મંજુલમંદિરં;
ભવકોટિસંચિતપાપનાશન, નમો નવપદ જયકરં. ૧
અરિહંત-સિદ્ધ-સૂરીશ-વાચક,-સાધુ-દર્શન સુખકરં;
વરજ્ઞાનપદ-ચારિત્ર-તપ, એ,-નમો નવપદ જયકરં. ૨
શ્રીપાળ રાજા, શરીર સાજા, સેવતાં નવપદ વરં;
જગમાંહિ ગાજા, કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં. ૩
શ્રી સિદ્ધચક્ર, પસાય સંકટ, આપદા નાસે સવે;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આંબિલ નવ દિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બેવાર પડિકમણાં પલેવણ, નમો નવપદ જયકરં. ૫
ત્રણ કાળ ભાવે પૂજીએ, ભવતારક તીર્થંકરં;
તિસ ગુણણું હોય હજારગણીએ, નમો નવપદ જયકરં. ૬
વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધસાધન સાધીએ. ૭
ગદ-કષ્ટ ચૂરે, શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ૮

(૪)

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ;
સુરતરૂને સુરમણિથકી, અધિકજ મહિમા કહીએ. ૧
અષ્ટ કર્મહાણિ કરી, શિવમંદિર રહીએ;
વિધિશું નવ પદ ધ્યાનથી, પાતિક સવિ દહીએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એકમના નર નાર;
મનવાંછિત ફળ પામશે, તે સવિ ત્રિભુવન મોઝાર. ૩

અંગ દેશ ચંપા પુરી, તસ કેરો ભૂપાલ;
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ. ૪
સિદ્ધચક્રજીના ન્હવણ થકી જસ નાઠા રોગ;
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંજોગ. ૫
સાતસે કોઢી હોતા હુવા, નિરોગી જેહ;
સોવન વાને ઝલહલે, જેહની નિરૂપમદેહ. ૬
તેણે કારણ તમે ભવજિનો, પ્રહ ઉઠી ભકતે;
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭
સિદ્ધચક્ર ત્રણકાલના, વંદો વલી દેવ;
પડિક્કમણું કરી ઉભય કાલ, જિનવર મુનિ સેવ. ૮
નવપદ ધ્યાન હૃદે ધરો, પ્રતિપાળો ભવિ! શીલ;
નવપદે આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ. ૯
પહેલે પદ અરિહંતનો, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વલી સિદ્ધનો, કરીએ ગુણગ્રામ. ૧૦
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર;
ચોથે પદ ઉવઝાયના, ગુણ ગાઉં ઉદાર. ૧૧
સરવ સાધુ વંદુ સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદમાં તે સહી, ધરજો ધરી સસનેહ. ૧૨
છઠ્ઠે પદ દરસણ નમું, દરશન અજવાલું;
જ્ઞાન પદ નમું સાતમે, તેમ પાપ પખાલું. ૧૩
આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ;
નવમે પદ બહુ તપ તપો, જિમ ફલ લહો અભંગ. ૧૪
એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોઢ;
પંડિતધીરવિમલતણો, નય વંદે કરજોડ. ૧૫

---o---

(૫)

પ્રણમી શ્રી ગુરૂરાજ આજ, જિનમંદિર કેરો;
પુન્ય ભણી કરશું સફલ, જિનવચન ભલેરો. ૧
દેહરે જાવા મન કરે, ચોથ તણું ફલ પાવે;
જિન જુહારવા ઉઠતાં-છઠ્ઠ પોતે આવે. ૨
જઈશું જિનવર ભણી એ માર્ગ ચાલંતા;
હોવે દ્વાદશતણું પુન્ય ભક્તિ માલંતા. ૩
અધ પંથ જિનવર તણો એ, પંદરે ઉપવાસ;
દીઠો સ્વામી ત્ર્યણ ભુવન-લહીએ એક માસ. ૪
જિનવર પાસે આવતાં-છમાસી ફલ સિદ્ધ;
આવ્યા જિનવર બારણે-વર્ષી તપ ફલ લીધ. ૫
સો વર્ષ ઉપવાસ પુન્ય-જે પ્રદિક્ષણા દેતાં;
સહસ વર્ષ ઉપવાસ પૂણ્ય-જે નજરે જોતાં. ૬
ફલ ઘણો ફૂલની માલ, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરાં ફલ થુણતાં. ૭
શિર પૂજી પૂજા કરો એ, સૂર ધૂપ તણો ધૂપ;
અક્ષત સાર તે અક્ષય, સુખ દીપ તનુરૂપ. ૮
નિર્મલ તન મને કરી એ, થુણતાં ઈંદ્રિ જગીશ;
નાટક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ. ૯
જિનવરભક્તિ વલી એ, પ્રેમે પ્રકાશી;
સુણી શ્રીગુરૂ વયણ સાર, પૂર્વ ઋષિ ભાખી. ૧૦
અષ્ટ કર્મને ટાલવા, જિનમંદિર જઈશું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મલ થઈશું. ૧૧
કીર્ત્તિવિજય ઉવઝાયનો, વિનય કહે કર જોડ;
ફલ હોજો મુજ વિનતિ, જિન સેવાનું કોડ. ૧૨

(૬)

પહેલે પદ અરિહંતના, ગુણ ગાઉં નિત્યે;
બીજે સિદ્ધતણા ઘણા, સમરો એક ચિત્તે. ૧
આચારજ ત્રીજે પદે, પ્રણમો બિહુ કર જોડી;
નમિયે શ્રીઉવજ્ઝાયને, ચોથે મદ મોડી. ૨
પંચમ પદ સર્વ સાધુનું, નમતાં ન આણો લાજ;
એ પરમેષ્ઠિ પંચને, ધ્યાને અવિચલ રાજ. ૩
દંસણ શંકાદિક રહિત, પદ છટ્ઠે ધારો;
સર્વ નાણપદ સાતમે, ક્ષણ એક ન વિસારો. ૪
ચારિત્ર ચોખું ચિત્તથી, પદ અષ્ટમ જપિયે;
સકલ ભેદ બિચ દાન-ફળ તપ નવમે તપિયે. ૫
એ સિદ્ધચક્ર આરાધતાં, પૂરે વંછિત કોડ;
સુમતિવિજય કવિરાયનો, રામ કહે કર જોડ. ૬

———o———

(૭)

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું કીજે ગુણગાન. ૧
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાઓ ઉદાર. ૨
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમપદ આદર કરી, જપજો ધરી સસનેહ. ૩
છટ્ઠે પદે દર્શન નમો, દરિસણ અજુઆલો;
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાલો. ૪
આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;

પદ નવમે બહુ તપ તણો, ફળ લીજે અભંગ. ૫
એણીપેરે નવપદ ભાવશું એ, જપતાં નવનવ કોડ;
પંડિત શાંતિવિજય તણો, શિષ્ય કહે કરજોડ. ૬

---

(૮)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ આસો ચઈતર માસ;
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેસર ચંદન ઘસી ઘણાં કસ્તુરી બરાસ;
જુગતે જિનવર પુજીયા, મયણા ને શ્રીપાળ. ૨
પુજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણકાળ ને ગુણણું તેર હજાર.[1] ૩
કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરીંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ;
પુણ્યે મુક્તિવધૂ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

---

(૯)

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ;
છત્રીશ ગુણ આચાર્યના–જ્ઞાન તણા ભંડાર. ૧
પચીસ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ;
શ્યામવર્ણ તનુ શોભતા, જીન શાસનના ઈશ. ૨

---

૧. પાંચ પરમેષ્ઠિના ( ૧૦૮ ), અને જ્ઞાનના (૫), દર્શનના(૫) ચારિત્રના (૧૦), અને તપના (૨), એમ કુલ (૧૩૦) ભેદની એકેક નવકારવાળી ગણતાં ( તેના ૧૦૦ મણકા ગણાતા હોવાથી ) ૧૩૦૦૦ ગુણણું થાય છે.

જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ;
સીત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે જીઠ્ઠ. ૩
એમ નવપદ યુક્તે કરી, ત્રણ શત અષ્ટ (૩૦૮) ગુણ થાય;
પૂજે જે ભવી ભાવશું, તેહના પાતક જાય. ૪
પૂજ્યા મયણાસુંદરી, તેમ નરપતિ શ્રીપાળ;
પુણ્યે મુક્તિસુખ લહ્યા, વરીયા મંગળમાળ. ૫

---

(૧૦)

પરમેશ્વર, પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દીઠ્ઠ. ૧
અચળ, અકળ, અવિકાર, સાર, કરુણારસસિંધુ;
જગતીજન આધાર એક, નિ:કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કીમહી કહ્યા નહિ જાય;
રામપ્રભુ જીન ધ્યાનસેં, ચિદાનંદ સુખ થાય. ૩

---

(૧૧)

જય જય શ્રી જીનરાય ! આજ મળીયો મુજ સ્વામી;
અવિનાશી, અવિકાર, સાર, જગ અંતર જામી. ૧
રૂપારૂપી, ધર્મ, દેવ, આતમ આરામી;
ચિદાનંદ, ચેતન, અચિંત્ય, શિવલીલા પામી. ૨
સિદ્ધ, બુદ્ધ, તુજ વંદતાં સકલ સિદ્ધિ વર બુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ રિદ્ધ. ૩
કાળ બહુ થાવર ગ્રહ્યો, ભમીઓ ભવમાંહિ;
વિકલેંદ્રિ એળે ગયો, થિરતા નહિ કયાંહિ. ૪

તિરિ પંચેંદ્રિય દેહમાં, વળી કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, દરિશણ નવિ પાયો. ૫
એમ અનંત કાળે કરી, એ પામ્યો નર અવતાર;
હવે જગ તારક તુંહી મળ્યો, ભવજળ પાર ઉતાર. ૬

(૧૨)

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તલસે;
તુમ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે ? ૨
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહાં જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તેશું જે નવિ હોય. ૩

## સ્તવનો.

(૧)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નર ભવ લાહો લીજે જી;
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતક છીજે.
ભવિજન ભજીયેજી.
અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જી. ૧
દેવના દેવ, દયાકર, ઠાકર, ચાકર સુરનર ઈંદાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા.
ભવિજન. ૨
અજ, અવિનાશી, અકળ, અજરામર, કેવળ, દંસણ નાણીજી;
અવ્યાબાધ, અનંતુ વિરજ, સિદ્ધ પ્રણમો ગુણ ખાણી.
ભવિજન. ૩

વિદ્યા, સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ, યોગ પીઠ જી;
સુમેરૂ પીઠઃ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈઠ.
ભવિજન. ૪

અંગ, ઉપાંગ, નંદી, ને અનુયોગ છ છેદ, ને મૂળ ચારજી;
દશ પયન્ના એમ પણુચાલીસ, પાઠક તેહના ધાર. ભવિજન. ૫

વેદ ત્રણુ, ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ, ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર, નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય.
ભવિજન. ૬

ઉપશમ, ક્ષય ઉપશમને ક્ષાયિક, દર્શન ત્રણુ પ્રકારજી;
શ્રદ્ધા પરિણુતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિજન. ૭

અઠ્ઠાવીશ, ચૌદ, ને ષટ્ દુગ, એક, મત્યાદિકના જાણુજી;
એમ એકાવન ભેદે પ્રણુમો, સાતમે પદ વર નાણુ. ભવિજન. ૮

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજગુણુ સ્થિરતા ચરણુ તે પ્રણુમો, નિશ્ચય શુદ્ધ પ્રકારે.
ભવિજન. ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવ સાયરમાં સેતુ. ભવિ૦ ૧૦

એ નવપદમાં પણુ (પાંચ) છે ધર્મી; ધર્મ તે વરતે ચારજી;
દેવ, ગુરૂ ને ધર્મ તે એહમાં, દો, તીન ચાર પ્રકાર. ભવિ૦ ૧૧

મારગદેશક અવિનાશી પણું, આચાર વિનય સંકેતજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણુમો એહ જ હેતે. ભવિ૦ ૧૨

વિમળેશ્વર સાન્નિધ્ય કરે તેહને, ઉત્તમ જેહ આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમહિત સાધે.
ભવિજન૦ ૧૩

(૨)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, જીમ પામો હો ભવિ કોડિ કલ્યાણ કે;
શ્રી શ્રીપાલ તણી પરે, સુખ પામો હો લહી નિર્મળ નાણકે.
શ્રી સિદ્ધચક્ર આરાધીયે. ૧

નવપદ ધ્યાન ધરો સદા, ચોખે ચિત્તે હો આણી બહુભાવ કે;
વિધિ આરાધન સાચવો, જીમ જગમાં હો હોય જશનો જમાવકે.
શ્રી સિ. ૨

કેસર ચંદન કુસુમશું, પૂજીજે હો ઉવેખી ધૂપ કે;
કુંદરૂ અગર ને અગરજા, તપદિનનાં હો તપ કીજે ઘૃતદીપ કે.
શ્રી. સિ. ૩

આસો ચૈત્ર શુકલ પક્ષે, નવ દિવસે હો તપ કીજે એહ કે;
સહજ સોભાગી સુસંપદા, સોવન સમ હો ઝગકે તસ દેહ કે.
શ્રી સિ. ૪

જાવજીવ શકતે કરો, જિમ પામો હો નિત્ય નવલા ભોગ કે;
સાડા ચાર વરસ તથા, જિનશાસન હો એ મોટો યોગ કે.
શ્રી સિ. ૫

વિમળદેવ સાન્નિધ્ય કરે, ચક્રેશ્વરી હો કરે તાસ સહાય કે;
શ્રી જિનશાસન સોહીએ, એહ કરતાં હો અવિચળ સુખ થાયકે.
શ્રી. સિ. ૬

મંત્ર તંત્ર, મણિ, ઔષધિ, વશ કરવા હો શિવરમણી કાજ કે;
ત્રિભુવન તિલક સમોવડી, હોય તે નર હો કહે નયકવિરાજ કે.
શ્રી. સિ. ૭

(૩)

અહો ભવિપ્રાણી રે સેવો,સિદ્ધચક્ર ધ્યાન સમો નહિં મેવો. અહો.
જે સિદ્ધચક્રને આરાધે, તેહનો જગમાંહિ જશ વાધે. અહો. ૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનિશ. અહો.૨
છઠ્ઠે દરિસણ કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠને ચારિત્ર પાલો, નવમે તપથી મુકિત ભાલો. અહો. ૩
આયંબિલ ઓલી રે કીજે, નોકારવાલી વીશ ગણીજે;
ત્રણે ટંકના દેવ પડિલેહણ, પડિક્કમણું કીજે. અહો. ૪
ગુરૂમુખ કિરિયા રે કીજે, દેવગુરૂ ભક્તિ ચિત્તમાં ધરીજે;
એમ કહે રામનો શિશો, ઓલી ઉજવીએ જગીશો. અહો.૫

(૪)

અવસર પામીને રે કીજે નવ આંબિલની ઓળી,
ઓળી કરતાં આપદ જાયે, રિદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી.અવસર.૧
આસો ને ચૈત્રે આદરશું સાતમથી સંભાળી રે;
આળસ મેલ્રી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી.અવસર. ૨
પૂનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાલીરે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવસર. ૩
દેહરે જઇને દેવ જુહારો, આદીશ્વર અરિહંતરે;
ચોવીશે ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અવસર. ૪
બે ટંકે પડિકકમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાલરે;
શ્રીશ્રીપાલતણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવસર. ૫
સમકિત પામી અંતરજામી, આરાધો એકાંતરે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અવસર. ૬

સત્તર ચોરાણું શુદિ ચૈત્રીએ બારશે બનાવીરે;
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અવસર. ૭
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપુરીમાં મહાલે. અવસર. ૮

(૫)

સિદ્ધચક્રને ભજીએ રે કે ભવિયણ ભાલ ધરી,
મદ માનને તજીએ રે કે કુમતિ દૂર કરી;
પહેલે પદે રાજેરે, કે અરિહંત શ્વેતતનુ,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધ. ૧
ત્રીજે પદે પીળા રે, કે આચારજ કહીએ;
ચોથે પદે પાઠક રે, કે નીલ વર્ણ લહીએ. સિદ્ધ. ૨
પાંચમે પદે સાધુરે, કે તપ સંયમ શૂરા;
શ્યામ વર્ણે સોહેરે, કે દર્શન ગુણ પૂરા. સિદ્ધ. ૩
દર્શન જ્ઞાન ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો;
ભવિયણ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ. ૪
સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ ભય ન આવે;
કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ પાવે. સિદ્ધ. ૫

(૬)

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ. ભવિ તુમે. ૧
અરિહંત, સિદ્ધ, આચારજ, પાઠક, સાધુ સકળ ગુણ ખાણ.ભવિ.૨
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવિ. ૩
આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ભવિ. ૪
એમ એકયાસી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવિ. ૫

પડિક્કમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બેવાર. ભવિ. ૬
દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાળ. ભવિ. ૭
બાર, આઠ, છત્રીશ, પચવીશનો સત્તાવીશ સડસઠ સાર. ભવિ. ૮
એકાવન, સીત્તેર, પચાસનો કાઉસગ્ગ કરો સાવધાન. ભવિ. ૯
એક એક પદનું ગુણણું, ગણીએ દોય હજાર. ભવિ. ૧૦
એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ભવિ. ૧૧
કરજોડી સેવક ગુણ ગાવે, મોહનગુણ મણિમાળ. ભવિ. ૧૨
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ. ભવિ. ૧૩

(૭)

સિદ્ધચક્ર સેવોરે પ્રાણી, ભવોદધિમાંહે તારક હો જાણી;
વિધિપૂર્વક આરાધીજે, જિમ ભવ સંચિત પાતક સીજે. સિદ્ધ.૧
પ્રથમપદે અરિહંત, બીજે પદે વળી સિદ્ધ ભગવંત;
ત્રીજે પદે આચાર્ય જાણું, ચોથે પદે ઉપાધ્યાય વખાણું. સિદ્ધ. ૨
પાંચમે પદે સકલ મુનીંદ્ર, છટ્ઠ દર્શન શિવસુખ કંદ;
સાતમે પદે જ્ઞાન વિબુધ, આઠમે ચારિત્ર ધાર વિશુદ્ધ. સિદ્ધ. ૩
નવમે પદ તપસાર, એક એક પદ જપો દોય હજાર;
નવ આંબિલ ઓળી કીજે, ત્રણ કાળ જિનને પૂજીજે. સિદ્ધ.૪
દેવવંદન ત્રણવાર, પડિક્કમણું પડિલેહણ ધાર;
રત્ન કહે એમ આરાધો, શ્રીપાળ મયણા જિમ સુખસાધો સિદ્ધ.૫

(૮)

ભવિયાં ! શ્રી સિદ્ધચક્ર આરાધો, તુમે મુક્તિ મારગને સાધો;
એહ નર ભવ દુર્લભ લાધો હો લાલ, નવપદ જાપ જપીજે. ૧
ત્રણ ટંક દેવ વાંદીજે, ત્રિહુંકાલે જિન પૂજીજે;
આંબિલ તપ નવ દિન કીજે હો લાલ. નવ. ૨

શુદિ આસો ચૈત્રજ માસેં, તપ સાતમથી અભ્યાસેં;
પદ સેવ્યા પાતક નાસે હો લાલ. નવ. ૩
મયણાને નૃપ શ્રીપાલે આરાધ્યો મંત્ર ઉજમાલેં;
એહ દુખ દોહગનેં ટાલે, હો લાલ. નવ. ૪
એહની જે સેવા સારે, તસ મયગલ ગાજે બારે;
ઇતિ, ભીતિ અનીતિ નિવારે હો લાલ. નવ. ૫
મિથ્યાત્વ વિકાર અનિષ્ટ, ક્ષય જાયે દોષી દુષ્ટ હો લાલ;
ઇણ સેવ્યે સમકિત પુષ્ટ હો લાલ. નવ. ૬
જસવંત જિનેંદ્ર સુસાખે, ભાવ સિદ્ધચક્રના ગુણ ભાખે;
તે જ્ઞાન વિનોદ રસ ચાખે હો લાલ. નવ. ૭

(૯)

[જગજીવન જગવાલ્હો–એ દેશી.]

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, શિવસુખ ફલ સહકાર લાલ રે;
જ્ઞાનાદિક ત્રણ રત્નનું તેજ ચઢાવણહાર લાલરે. શ્રીસિ. ૧
ગોતમ પૂછંતા કહ્યો, વીર જિણંદ વિચાર લાલરે;
નવપદ મંત્ર આરાધતાં, ફલ લહે ભવિક અપાર લાલરે. શ્રીસિ. ૨
ધર્મ રથના ચાર ચક્ર છે–ઉપશમ ને સુવિવેક લાલરે;
સંવર ત્રીજો જાણીયે, ચોથો શ્રીસિદ્ધચક્ર લાલરે. શ્રી સિ. ૩
ચક્રી ચક્રને રથ બલે, સાધે સયલ છ ખંડ લાલરે;
તિમસિદ્ધચક્ર પ્રભાવથી તેજ પ્રતાપ અખંડ લાલરે. શ્રીસિ. ૪
મયણા ને શ્રીપાલજી, જપતાં બહુફલ લીધ લાલરે;
ગુણ જસવંત જિનેંદ્રનો, જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલરે. શ્રીસિ. ૫

(૧૦)

જ્ઞાનપદ ભજિયે રે જગત સુહંકરૂં, પાંચ એકાવન ભેદે રે;
સમ્યગ્જ્ઞાન જે જિનવર ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે.
જ્ઞાન. ૧ એ આંકણી
ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે;
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે. જ્ઞાન. ૨
મનથી ન જાણે રે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ થાશે રે?
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાશે રે. જ્ઞાન. ૩
કંચનનાણું રે લોચનવંત લહે, અંધોઅંધ પુલાય રે;
એકાંત વાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાન. ૪
જ્ઞાન ભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે;
જ્ઞાની જ્ઞાન તણી પરિણુતિથકી, પામે ભવજળ કૂલ રે. જ્ઞાન. ૫
અલ્પાગમ જઈ ઉગ્રવિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે;
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાય કલેશ તસ હુંત રે. જ્ઞાન. ૬
જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકરપદ પામે રે;
રવિ શશિ મેહપરે જ્ઞાન અનંતગુણી–સૌભાગ્યલક્ષ્મી હિત કામે રે.
જ્ઞાનપદ. ૭

---

## થોયો.

(૧)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિકરાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧

માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રીસિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત-સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ-નાણ-ચારિત્ર-તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨
શ્રેણીકરાય ગૌતમને પૂછે, સ્વામી ! એ તપ કોણે કીધોજી ?
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી ?
મધુરિ ધ્વનિ બોલ્યા શ્રીગૌતમ, સાંભળો શ્રેણીકરાય વયણાજી,
"રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રીશ્રીપાળ ને મયણાજી." ૩
રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઇ, આદી જિન-વીર રખવાલીજી;
વિઘ્નકોડ હરે સઉ સંઘનાં, જે સેવે એના પાયજી,
ભાણવિજય કવિ સેવક નય કહે, સાનિધ્ય કરજે માયજી. ૪

(૨)

જિનશાસન વંછિત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ;
તિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ,
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાલ. ૧
અરિહંત, સિદ્ધ વંદો, આચારજ, ઉવજ્ઝાય,
મુનિ, દરિસણ, નાણ, ચરણ, તપ, એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સમુદાય,
એ ધ્યાને ભવિનાં, ભવકોટિ દુઃખ જાય. ૨
આસો ચૈતરમાં, સુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર;

હોય સહસ્ર ગણણું, પદ સમ સાડાચાર,
એકાશી આંબિલ, તપ આગમઅનુસાર. ૩
શ્રીસિદ્ધચક્ર સેવક, શ્રી વિમલેસર દેવ,
શ્રીપાલતણી પરે, સુખ પૂરે સ્વયમેવ;
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રીસુમતિ સુગુરૂનો, રામ કહે નિત્યમેવ. ૪

(૩)

અરિહંત નમો, વલી સિદ્ધ નમો,
આચારજ, વાચક, સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો,
તપ; એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧
અરિહંત અનંત થયા, થાશે,
વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં, દેવવંદન વિધિશું,
આંબિલ, તપ, ગણણું ગણવું વિધિશું. ૨
છ રી પાળી જે તપ કરશે,
શ્રીપાળતણી પરે ભવતરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે,
એહવા જિન આગમ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પૂરો,
એ કર્મ વિદારણ તપશૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો,
નય વિમલેસર વર આપો.

( ૪ )

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાળ. ૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે, કોઢી મળિયો કંત;
ગુરૂવયણે તેણે, આરાધ્યું તપ એહ,
સુખ સંપદ વરિયાં, તરિયાં ભવજલ તેહ. ૨
આંબિલને ઉપવાસ, છઠ્ઠ વલી અઠ્ઠમ,
દશ અઠ્ઠાઇ પંદર, માસ છ માસી વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩
તપ સાનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ,
સહુ સંઘનાં સંકટ, ચૂરે થઇ પ્રત્યક્ષ;
પુંડરિક ગણધાર કનકવિજય બુધ શિષ્ય,
બુધ દર્શનવિજય કહે, પહોંચે સયલ જગીશ. ૪

( ૫ )

વીર જિનેશ્વર ભુવન દીનેશ્વર, જગદીશ્વર જયકારીજી,
શ્રેણિક નરપતિ આગળ જંપે, સિદ્ધચક્ર તપ સારીજી;
સમકિત દૃષ્ટિ ત્રિકરણ શુદ્ધે, જે ભવિયણ આરાધેજી,
શ્રી શ્રીપાળ નરિંદ પરે તસ, મંગળ કમળા વાધેજી. ૧
અરિહંત વચ્ચે, સિદ્ધ, સૂરિ, પાઠક, સાહુ, ચિહું દિશિ સોહેજી,
દંસણ, નાણ, ચરણ, તપ વિદિશે, એહ નવપદ મનમોહેજી;

આઠ પાંખડી હૃદયાંબુજરોપી, લોપી રાગને રીશજી,
ૐ હ્રીં પદ એકેકની ગણીએ, નવકારાવળી વીશજી. ૨
આસો ચૈત્ર શુદી સાતમથી, માંડી શુભ મંડાણજી,
નવનિધિ દાયક નવ નવ આંબિલ, એમ એકાશી પ્રમાણજી;
દેવવંદન, પડિક્કમણું, પૂજા, સ્નાત્ર, મહોત્સવ, અંગજી,
એહ વિધિ સઘળો જિહાં ઉપદિશ્યો, પ્રણમું અંગ ઉપાંગજી. ૩
તપ પૂરે ઉજમણું કીજે, લીજે નરભવ લાહોજી,
જિન ગૃહ પ્રતિમા સાધર્મિવત્સલ, સાધુભક્તિ ઉત્સાહોજી;
વિમલેશ્વર ચક્રેશ્વરી દેવી, સાનિધ્યકારી રાજેજી,
શ્રી ગુરૂ ક્ષમાવિજય સુપસાયે, મુનીજીન મહિમા છાજેજી. ૪

---

(૬)

અંગ દેશ ચંપાપુરીવાસી, મયણા ને શ્રીપાળ સુખાશી,
સમકિતશું મનવાસી, આદિ જિનેશ્વરની ઉલ્લાસી;
ભાવે પૂજા કીધી મન આશી, ભાત્ર ધરી વિશ્વાસી,
ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી;
થયા સ્વર્ગના વાસી, આસો ચૈત્ર તણી પૂર્ણમાસી,
પ્રેમે પૂજો ભક્તિ વિકાશી, આદિપુરુષ અવિનાશી. ૧
કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભરી હેમકચોળી,
શુદ્ધજળે અંઘોળી, નવ આંબિલની કીજે ઓળી;
આસો શુદિ સાતમથી ખોલી, પૂજો શ્રી જિન ટોળી,
ચઉગતિમાંહે આપદા ચોળી, દુર્ગતિનાં દુખ દૂરે ઢોળી;
કર્મ નિકાચિત રોળી, કર્મ કષાય તણા મદ રોળી,
જેમ શિવ રમણી ભમર ભોળી, પામ્યા સુખની ઓળી. ૨

આસો શુદ સાતમશું વિચારી, ચૈત્રી પણુ ચિત્તશું નિરધારી,
નવ આંબિલની સારી, ઓળી કીજે આળસ વારી;
પ્રતિક્રમણ બે કીજે ધારી, સિદ્ધચક્ર પૂજો સુખકારી,
શ્રી જિનભાષિત પરઉપકારી, નવદિન જાપ જપો નરનારી;
જેમ લહો મોક્ષની બારી, નવપદ મહિમા અતિમનોહારી,
જિન આગમ ભાખે ચમત્કારી, જાઉં તેહની બલિહારી ૩
શ્યામ ભમર રસ સમ વીણા કાળી, અતિ સોહે સુંદર સુકુમાળી,
જાણે રાજમરાળી, જલહલ ચક્ર ધરે રૂપાળી,
શ્રી જિનશાસનની રખવાળી ચક્રેશ્વરી મેં ભાળી.
જે એ ઓળી કરે ઉજમાળી, તેનાં વિઘ્ન હરે સા બાળી;
સેવક જન સંભાળી, ઉદયરત્ન કહે આસનવાળી,
જે જિન નામ જપે જપમાળી, તે ઘર નિત્ય દીવાળી. ૪

---

(૭)

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હરખ અપાર,
જિમ લહો સુખ શ્રીકાર.
મન શુદ્ધે ઓલી તપ કીજે, અહોનિશ નવ પદ ધરીજે;
જિનવર પૂજા કીજે.
પડિક્કમણાં દોય ટંકનાં કીજે, આઠે થુઈએ દેવ વાંદીજે;
ભૂમિ સંથારો કીજે.
મૃષા તણો કીજે પરિહાર, અંગે શીયલ ધરીજે સાર.
દીજે દાન અપાર. ૧
અરિહંત, સિદ્ધ, આચાર્ય નમીજે, વાચક, સર્વે સાધુ વંદીજે,
દંસણ નાણ થુણીજે.

ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવ પદ ગણણું ગણીજે;
નવ આંબિલ પણ કીજે.
નિશ્ચલ રાખીને મન, જપીએ, પદ એક એકને ઈશ,
નોકારાવલી વીશ.
છેલ્લે આંબિલે પણ કીજે, સત્તરભેદી જિનપૂજા રચીજે.
માનવભવ ફળ લીજે. ૨
સાતસેં કુષ્ટીયાના રોગ, નાઠા યંત્ર નમણ સંજોગ,
દૂર હુઆ કર્મના ભોગ.
કષ્ટ અઢારે દૂરે જાયે, દુઃખ દોહગ સવિ દૂર પલાયે,
મનવંછિત સુખ થાયે.
નિરધનીયાને દે બહુ ધન્ન, અપુત્રીયાને પુત્રરતન્ન,
જે સેવે શુદ્ધ મન્ન.
નવકાર સમો નહીં કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહીં કોઇ જંત્ર.
સેવો ભવિ હરખંત. ૩
જિમ સેવ્યા મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાળ,
પામ્યા મંગળમાલ.
શ્રીપાલ તણી પેરે જે આરાધે, દિન દિન દોલત તસ ઘર વાધે,
અંતે શિવસુખ સાધે,
વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે,
દોલત લક્ષ્મી વધારે.
મેઘવિજય કવિરાયનો શિષ્ય, હૈડે ભાવ ધરી જગદીશ,
વિનય વંદે નિશદિશ. ૪

(૮)

## [માલિની છન્દઃ]

વિપુલકુશલમાલા-કેલિગેહં વિશાલા—
ऽसमविભવનિધાનં, શુદ્ધમન્ત્રપ્રધાનમ્
સુરનરપતિસેવ્યં, દિવ્યમાહાત્મ્યભવ્યં,
નિહતદુરિતચક્રં, સંસ્તુવે સિદ્ધચક્રમ્. ૧
દમિતકરણવાહં, ભાવતો યઃ કૃતાહ-
ङ्कृतिनिकृतिविनाशं, પૂરિતાશિગવ્રજાશમ્
નમિતજિનસમાજં, સિદ્ધચક્રાદિબીજં,
ભજતિ સગુણરાજિઃ સોऽનિશં સૌખ્યરાજિં. ૨
વિવિધસુકૃતશાખો, ભંગપત્રૌઘશાલી,
નયકુસુમમનોજ્ઞઃ, પ્રૌઢસંપત્ફલાઢ્યઃ
હરતુ વિનુવતાં શ્રીસિદ્ધચક્રં જનાનાં,
તરૂરિવ ભવતાપા-નાગમઃ શ્રીજિનાનામ્ ૩
જિનપતિપદસેવા-સાવધાના ધુનાના-
દુરિતરિપુકદમ્બં, કાન્તકાન્તિં દધાનાઃ
દદતુ તપસિ પુંસાં સિદ્ધચક્રસ્ય નવ્યં
પ્રમદમિહ રતાનાં રોહિણીમુખ્યદેવ્યઃ. ૪

---

(૯)

જં ભત્તિજુત્તા જિણ-સિદ્ધ સૂરિ-ઉવજ્ઝાય સાહૂણ કમે નમંતિ;
સુદંસણ-નાણ-તવો-ચરિત્તં પુઅંતુ, પાવેહ સુહં અણંતં. ૧
નામાઇભેએણં જિણંદચંદા નિચ્ચં નયા જેસિ સુરિંદવિંદા,
તે સિદ્ધચક્કસ્સ તવે રયાણં, કુણંતુ ભવ્વાણ પસત્થનાણં. ૨

જો અત્થઓ વીરજિણેણ પુવ્વિં,
પચ્છા ગણિંદેહિ સુભાસિઓ અ;
એયસ્સ આરાહણુતપ્પરાણું, સો આગમો સિદ્ધિસુહં કુણેઉ. ૩
સવ્વત્થ સવ્વે વિમલપ્પહાઈ–દેવા તહા સાસણદેવયાઓ;
જે સિદ્ધચક્કંમિ સયા વિભત્તા પૂરિંતુ ભવ્વાણ મણોરહં. તે.૪

———— ० ————

(૧૦)

રૂષભ ચંદ્રાનન વંદનકીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તિણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી. ૧
ઉર્ધ્વ અધો તિર્છે લોકે થઈ, કોડિ પનરસે જાણોજી,
ઉપર કોડિ બેતાલીસ પ્રણમો, અડવન લખ મન આણોજી;
છત્રીસ સહસ એંશી તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ૨
રાયપસેણી, જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી,
જંબુદ્વીપપન્નત્તિ, ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;
વળી અશાશ્વતી જ્ઞાતા, કલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી,
તે જિન પ્રતિમા લોપે પાપી, જીહાં બહુ સૂત્ર છે સાખીજી. ૩
એ જિન પૂજાથી આરાધક, ઇશાન ઈન્દ્ર કહાયાજી,
તિમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવીતણા સમુદાયાજી;
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયાજી. ૪

———— ० ————

(૧૧)

[રાગ—આદિ જીનવર રાયા]

સુખકર પ્રભુ દિઠા વીર નામે વરિઠ્ઠા,
પ્રભુ ગુણ ગરિઠ્ઠા, લાગતા મુજ ઈઠ્ઠા;
હૃદય હોય હિઠ્ઠા, અન્ય દેવે સુજિઠ્ઠા,
ભજું [1]પયકજ સિઠ્ઠા, નાસે કર્મો અનિઠ્ઠા. ૧
ચઉવીશ જીનવંદી, ભવ્ય! કર્મો નિકંદી,
ન બનો આપ-છંદી, તોડવા મોહ ફંદી;
તજો સવિ વાત ગંદી, માર્ગ આગમ પસંદી,
ગળશે ગરવ કંદી, આપશે ભાવનંદી. ૨
શ્રુત અતિ સુખકારી વીરનું ચિત્ત ધારી,
જીવ હોય અવિકારી આઠ કર્મો નિવારી;
તપ કરી સુખકારી વર્ધમાન ગુણધારી,
જિન કથિત ભારી, પામશો શિવ નારી. ૩
શાસન રખવાળી દેવી સિદ્ધાયી સારી,
સંઘ વિઘન નિવારી, હૃષ્ટ હૃદયે થનારી;
સમકિત ગુણ ધારી, રૂપથી મનોહારી,
સ્મરૂં નિત્ય સવારી, સહાયતા લબ્ધિ પ્યારી. ૪

(૧૨)

[રાગ-પાસજીનંદા, વામાનંદા]

વીર જીણંદા ત્રિશલાનંદા, આરાધું વંદન કરી,
તાસ પ્રતાપે ગુણ ગણ વ્યાપે, જાયે મમતા મરી;
વીતરાગી શિવસુખ શાખી, ચરણમાં સંચરી,
કેવલ કમલા વેગે પામી, વરૂં શિવ સુંદરી. ૧

૧ ચરણકમળ.

આદિ અજીત, સંભવ, અભિનંદા સુમતિ, પદ્મ સુપાસજી,
ચંદ્ર, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય સાથજી;
વિમલ, અનંત, ને ધર્મ, શાંતિ, કુન્થુ, અરનાથજી,
મલ્લિ, સુવ્રત, નમિ, નેમી, પાર્શ્વ, નમું વીરનાથજી. ૨
આગમ માંહી પ્રભુ પ્રકાશે, આચામ્લ તપ સારજી,
વર્ધમાન નવપદ ઓળીથી, આરાધો સુખકારજી;
એ આરાધી નિજગુણ સાધી, જન્મ મરણ દુઃખવારજી,
દૂર કરી ખામી, શિવ સુખ પામી, ટાળો કર્મ ભારજી. ૩
માતંગ યક્ષ-દેવી સિદ્ધાચી, વિમલેશ્વર દુઃખહારજી,
સહાય્ય આપે વિઘ્ન કાપે, શાસન સેવા કારજી;
આત્મ-કમલમાં તપ આચરતાં, પામે ભવનો પારજી,
લબ્ધિસૂરિ ગુણથી મંડિત, તપથી જયજય કારજી. ૪

(૧૩)

[ રાગ—શંખેશ્વરપાસજી પૂજીએ. ]

શ્રી વર્ધમાન જિન પૂજીયે, ભવોભવના દુઃખડા સીજીયે;
ભવી વર્ધમાન તપ અતિભલો, કરો સેવી આતમ નિર્મલો. ૧
ચઉવીશ જિન ભાખે સહી, તપ વડો સવિ તપો મંહી;
તસ સેવાથી દુઃખ વામીયે, શિવપુરનાં સુખડાં પામીયે. ૨
પ્રભુ આગમ ગ્રંથે ભાખીયો, એ તપ શિવ સુખનો સાખીયો;
હૃદયે જે જીવે રાખીયો, તેણે આતમ રસ ચાખીયો. ૩
તપગચ્છ ગયણ દિવાયરૂં, હું નમૂં કમલસૂરીશ્વરૂં;
શાસનદેવી સિદ્ધાયિકા, લબ્ધિસૂરિ સુખદાયિકા. ૪

(૧૪)

[ રાગ—શાંતિ સુહંકર સાહિબો. ]

શંખેશ્વર જિન સેવિયે, ભવ પાર ઉતારે,
નારક દુઃખ નિવારીને, તિર્યંચના ટાળે;
દેવ માનવ ભવ પામતાં, જ્ઞાનસંપદ ધારે,
જિન અવલંબી પ્રાણીયો, જાય મુક્તિ કિનારે. ૧
આદિજીન અષ્ટાપદે, મુક્તિ પદ પામ્યો;
ઉજિજંત શિખરે નેમિજીન, સર્વ દુઃખને વામ્યા,
વાસુપૂજ્ય ચંપાપુરી, પાવાએ વીર જાણો,
સમ્મેતશિખરે વીશજિન, પામ્યા મુકિત પ્રમાણો. ૨
જ્ઞાનઅગાધ જિણંદજી, આગમમાંહી ભાખે,
તરતા ભવી પ્રાણીયો, જે હૃદયે રાખે;
વર્ધમાન આદિ તપો, એ આગમ સાખે,
કરતા જે ભવી પ્રાણીયા, તે શિવસુખ ચાખે. ૩
પાર્શ્વ યક્ષ-પદ્માવતી, શાસન રખવાળી,
ભાવે જે સમરણ કરે, વિઘ્ન તાસ દે ટાળી;
વિજયકમલસૂરીસરૂ, તપગચ્છના વાલી,
લબ્ધિસૂરિ ગુણ ગાવતાં, થાય ભાવ દીવાલી. ૪

## શ્રી નવપદની સઝાયો.

(૧)

ગોયમ નાણી હોકે, કહે સુણો પ્રાણી. મારા લાલ !
જિનવરવાણી હોકે, હઇડે આણી. મારા લાલ !
આસો માસે હોકે, ગુરૂની પાસે. મારા લાલ !
નવપદ ધ્યાસે હોકે, અંગ ઉલ્લાસે. મારા લાલ ! ૧

આંબિલ કીજે હોકે, જિન પૂજીજે. મા૦
જાપ જપી જે હોકે, દેવ વાંદીજે. મા૦
ભાવના ભાવો હોકે, સિદ્ધચક્ર ધ્યાવો. મા૦
જિનગુણ ગાવો હોકે, શિવસુખ પાવો. મા૦ ૨

શ્રી શ્રીપાળે હોકે, મયણા બાળે. મા૦
ધ્યાન રસાળે હોકે, રોગજ ટાળે. મા૦
સિદ્ધચક્ર ધ્યાવો હોકે, રોગ ગમાયો. મા૦
મંત્ર આરાધ્યો હોકે, નવપદ પાયો. મા૦ ૩

ભામિની ભોળી હોકે, પહેરી પટોળી, મા૦
સહિયર ટોળી હોકે, કુંકુમ ઘોળી, મા૦
થાળ કચોળી હોકે, જિનઘર ખોલી, મા૦
પૂજી પ્રણમી હોકે, કીજે ઓળી. મા૦ ૪

ચૈત્રે આસો હોકે, મનને ઉલ્લાસે. મા૦
નવપદ ધ્યાશે હોકે, શિવસુખ પાશે. મા૦
ઉત્તમ સાગર હોકે, પંડિત રાયા, મા૦
સેવક કાંતે હોકે, બહુ સુખ પાયા. મા૦ ૫

---

(૨)

નવપદ મહિમા સાર, સાંભળજો નરનાર, આછે લાલ !
હેજ ધરી આરાધીએજી,
તો પામો ભવપાર, પુત્ર-કલત્ર પરિવાર, આછે લાલ !
નવદિન મંત્ર આરાધીએજી. એ આંકણી. ૧

આસો માસ સુવિચાર, નવઆંબિલ નિરધાર, આછે લાલ !
વિધિશું જિનવર પૂજીએજી.
અરિહંત સિદ્ધ પદ સાર, ગણણું તેર હજાર, આછે લાલ !
નવપદ મહિમા કીજીએજી. ૨

મયણા સુંદરી શ્રીપાળ, આરાધ્યો તત્કાળ, આછે લાલ !
ફળદાયક તેહને થયોજી,
કંચન વરણી કાય, દેહઠી તેહની થાય, આછે લાલ !
શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી. ૩

સાંભળી સહુ નરનાર આરાધ્યો નવકાર, આછે લાલ !
હેજ ધરી હૈડે ઘણું જી,
ચૈત્ર માસ વળી એહ, નવપદશું ધરો નેહ, આછે લાલ !
પૂજ્યો દે શિવસુખ ઘણુંજી. ૪

એણી પરે ગૌતમ સ્વામ, નવનિધિ જેહને નામ, આછે લાલ !
નવપદ મહિમા વખાણીએજી,
ઉત્તમ સાગર શિષ્ય, પ્રણમે તે નિશદીશ. આછે લાલ !
નવપદ મહિમા જાણીએજી. ૫

(૩)

( કીસકે ચેલે કીસકે પુત—એ દેશી. )

સેવોરે ભવિ ભાવે નવકાર, જપે શ્રી ગૌતમ ગણધાર;
ભવિ સાંભળો, હાંરે સંપદ થાય ભ૦ હાંરે સંકટ જાય, ભ૦
આસોને ચૈત્રે હરખ અપાર, ગણણું કીજે તેર હજાર. ભ૦ ૧
ચાર વર્ષને વળી ષટ માસ, ધ્યાન ધરો ભવી ધરી વિશ્વાસ; ભ૦
ધ્યાયોરે મયણાસુંદરી શ્રીપાળ, તેહનો રોગ ગયો તત્કાળ. ભ. ૨

અષ્ટ કમળ દળ પૂજા રસાળ, કરી ન્હવણ છાંટયું તત્કાળ; ભ૦
સાતસો મહીપતિ તેહનેરે ધ્યાન, દેહડી પામ્યા કંચનવાન. ભ૦૩
મહિમા કહેતા નાવે પાર, સમરો તિણે કારણ નવકાર; ભ૦
ઈહ ભવ પર ભવ દીએ સુખવાસ, પામે લચ્છી લીલવિલાસ. ભ.૪
જાણી પ્રાણી લાભ અનંત, સેવો સુખદાયક એ મંત્ર; ભ૦
ઉત્તમ સાગર પંડિત શિષ્ય, સેવે કાંતિ સાગર નિશદીશ. ભ. ૫

## શ્રી નવપદજીની લાવણી.

જગતમેં નવપદ જયકારી, પૂજંતાં રોગ ટળે ભારી,
પ્રથમ પદ તીર્થપતિ રાજે, દોષ અષ્ટાદશકું ત્યાગે,
આઠ પ્રાતિહારજ છાજે, જગત પ્રભુ ગુણ બારે રાજે,
અષ્ટ કરમ દલ જીતકે, સકલ સિદ્ધ થયા સિદ્ધ અનંત;
ભજો પદ બીજે એક સમય શિવ જાય, પ્રગટ ભયો નિજસ્વરૂપ
ભારી. જગતમેં૦ ૧
સૂરિપદમાં ગૌતમ કેશી, ઉપમા ચંદ્ર સુરજ જેસી,
ઉગાર્યો રાજા પરદેશી, એક ભવમાંહે શિવ લેશી;
ચોથે પદે પાઠક નમું, શ્રુત ધારી ઉવજ્ઝાય.
સવ્વ સાહુ પંચમ પદમાંહી, ધન્યધન્નો મુનિરાય;
વખાણ્યો વીરપ્રભુ ભારી. જગતમેં૦ ૨
દ્રવ્યષટ્કો શ્રદ્ધા આવે, શમ સંવેગાદિક પાવે,
વિના એ જ્ઞાન નહિ કિરિયા, જૈન દર્શનસેં સબ તરિયા;
જ્ઞાન પદારથ પદ સાતમે આતમરાય,
રમતારામ અધ્યાતમમાંહે, નિજપદ સાધે કામ,
દેખંતાં વસ્તુ જગત સારી. જગતમેં૦ ૩
જોગકી મહિમા બહુ જાણી, ચક્રધર છોડી સબ રાણી,

યતિ દશ ધર્મે કરી સોહે, મુનિશ્રાવક સબ મન મોહે;
કર્મનિકાચિત કાપવા, તપ કુઠાર કર ધારા,
નવમું પદ જો ધરે ક્ષમાશું, કર્મ મૂલ કટ જાય;
ભજો નવપદ જયસુખાકારી. જગતમેં૦ ૪

શ્રી સિદ્ધચક્ર ભજો ભાઇ, આચામ્લ તપનો વિધિ થાઇ,
પાપ ત્રિહુંયોગે પરિહરજ્યો, ભાવ શ્રીપાલ પરે ધરજ્યો;
સંવત ઓગણીશ સત્તરા, સમે જે પોશીણા શ્રીપાસ,
ચૈત્રધવલ પૂનમને દિવસ, સકલ ફલી મુજ આશ,
બાલ કહે નવપદ છબી ધારી. જગતમેં ૦ ૫

અથ

# શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત

# નવપદ–પૂજા

## વિધિ.

આ પૂજામાં અવશ્ય જરૂરની કેટલીએક ચીજોઃ—

દુધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધજળ; એ પંચામૃત, કેશર, સુગંધિ ચન્દન, કર્પૂર, કસ્તૂરી, અમ્બર, રોલી, મૌલી-સૂત્ર, છુટાં ફૂલ, ફૂલોની માળા, ફુલોના ચંદ્રવા, ધૂપ, તન્દુલપ્રમુખ નવ જાતિનાં ધાન્ય, નવ પ્રકારના નૈવેદ્ય, નવ પ્રકારનાં ફળ, નવપ્રકારની પકવ વસ્તુ, મિશ્રી, પતાસાં, ઓલા પ્રમુખ, અંગલૂહણાં માટે સફેદ વસ્ત્ર, પહેરવા માટે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર, ઈત્યાદિ, તથા નવ નવ નાળના કળશ, નવ રકેબી, પરાત [તાંસ] તાંસળાં, આરતિ, મંગલદીપક, ભગવાનની આંગી, સમવસરણ; ઈત્યાદિક સર્વ વસ્તુઓ પ્રથમથી એવી રીતે ઠીક કરીને રાખવી કે જેથી પૂજા વખતે અડચણ ન આવે. સંક્ષેપમાં વિધિ કહ્યો છે, વિશેષ વિધિ ગુરૂગમથી જાણવો.

## કળશઢાલન વિધિ.

ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાવીયે ત્યારે નવ સ્નાત્રિયા કરવા, મોટા કળશ પ્રમુખમાં પંચામૃત

ભરવું, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરવું, તે ગુરૂ પાસે મંત્રાવી કેશરથી તિલક કરવું. કંકણદોરો હાથે બાંધવો, ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિ યુક્ત સ્નાત્ર ભણાવવું. પછી શ્રી અરિહંતપદમાં તન્દુલ, ધૂપ-દીપ-નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન, રકેબીમાં ધરીને, તે રકેબી હાથમાં રાખવી. કળશને મૌલિસૂત્ર બાંધી, કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરી, તે કળશો હાથમાં લઈ, પ્રથમ શ્રીઅરિહંતપદની પૂજા ભણવી તે સંપૂર્ણ ભણી રહ્યા પછી, મોટી પરાતમાં (થાળમાં) પ્રતિમાજીને પધરાવવા પછી "ૐ હ્રીં નમો અરિહંતાણં" એ પ્રમાણે બોલીને અભિષેક કરી શ્રી અરિહંતપદની પૂજા કરવી અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવવાં.

૨. બીજું-સિદ્ધપદ રક્તવર્ણે છે, માટે ઘઉં રકેબીમાં ધરી શ્રીફળ તથા અષ્ટદ્રવ્ય લઈને નવ કળશ પંચામૃતથી ભરી, બીજી પૂજા ભણવી, તે સંપૂર્ણ થયા પછી "ૐ હ્રીં નમો સિદ્ધાણં" એમ કહી કળશથી અભિષેક કરી અષ્ટ દ્રવ્ય ચઢાવવાં.

૩ ત્રીજું-આચાર્યપદ પીળે વર્ણે છે, માટે ચણાની દાળ, અષ્ટદ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઈ, નવ કળશ પંચામૃતથી ભરી, ત્રીજી પૂજાનો પાઠ ભણવો, તે સંપૂર્ણ થયા પછી "ૐ હ્રીં નમો આયરિયાણં" એમ કહી કળશ વડે અભિષેક કરીને અષ્ટ દ્રવ્ય ચઢાવવાં.

૪. ચોથું-ઉપાધ્યાયપદ નીલ વર્ણે છે, માટે મગ તથા અષ્ટ દ્રવ્ય લઈ, પૂર્વોક્ત વિધિયે પૂજા ભણાવવી સંપૂર્ણ થયા

પછી "ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં" એમ કહી કળશ વડે અભિષેક કરવો ને અષ્ટ દ્રવ્ય ચઢાવવાં.

૫. પાંચમું-શ્રી સાધુપદ શ્યામવર્ણે છે, માટે અડદ લેવા, લેઇ બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરી પૂજા ભણી તે સંપૂર્ણ થયાથી "ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં" કહેવું.

૬ છઠ્ઠું-દર્શનપદ શ્વેતવર્ણે છે માટે તન્દુલ લેવા. "ૐ હ્રીં નમો દંસણસ્સ" કહેવું. બીજો સર્વવિધિ પૂર્વોક્ત રીતે કરવો.

૭. સાતમું-જ્ઞાનપદ શ્વેતવર્ણે છે માટે તન્દુલ લેવા. લેઇ "ૐ હ્રીં નમો નાણસ્સ" કહેવું. બીજો સર્વ વિધિ પૂર્વોક્ત રીતે કરવો.

૮. આઠમું-ચારિત્રપદ શ્વેતવર્ણે છે માટે ચોખા લેવા. "ૐ હ્રીં નમો ચારિત્તસ્સ" કહેવું. બીજો સર્વ વિધિ પૂર્વોક્ત રીતે કરવો.

૯. નવમું-તપપદ શ્વેતવર્ણે છે, માટે ચોખા લેવા. પૂર્વોક્ત વિધિ કરીને "ૐ હ્રીં નમો તવસ્સ" કહી અભિષેક કરી અષ્ટ દ્રવ્ય ચઢાવવાં.

પછી અષ્ટપ્રકારી પૂજા કરવી, આરતિ કરવી.

## ઇતિ નવપદ પૂજા વિધિ.

## प्रथमश्रीअरिहंतपदपूजा

### કાવ્યમ્

[ ઉપજાતિવૃત્તમ્ ]

ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં
સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં ૧

[ ભુજંગપ્રયાતવૃત્તમ્ ]

નમોઽનન્તસન્તપ્રમોદપ્રદાન—
પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા,
સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા. ૨

કર્યા કર્મ દુર્મર્મ ચકચૂર જેણે,
ભલા ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે,
સદા વાસિયો આતમા ત્યણ કાળે. ૩

જિકે તીર્થંકરકર્મ ઉદયે કરીને,
દિયે દેશના ભવ્યને હિત ધરીને;
સદા આઠ મહાપાડિહારે સહિતા,
સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા. ૪

કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં,
ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં;
જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે,
નમો તેહ તીર્થંકરા મોક્ષકામે. ૫

## ઢાળ.

[ઉલાલાની દેશી.]

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરો જી;
દેશના અમૃત વરસતા, નિજવીરજ વડ વીરોજી. ૧
ઉલાલો–વરઅખય નિર્મળ જ્ઞાનભાસન, સર્વભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા;
નિજનામકર્મપ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા,
જગજંતુ કરૂણાવંત ભગવંત, ભવિકજનને થોભતા.

## ઢાળ.

[શ્રીપાળના રાસની]

પૂજા

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી જેણે બાંધ્યું જિન નામ,
ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે,
ભવિકા સિદ્ધચક્રપદ વંદો, જેમ ચિરકાળે નંદોરે. ભવિકા !
સિ૦ ૧ એ આંકણી.

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકળ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘ ટાળુંરે.
ભવિકા ! સિ૦ ૨

જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી;
લેઇ દીક્ષા શિક્ષા દિયે જનને, તે નમિયે જિનવાણી રે.
ભવિકા ! સિ૦ ૩

મહાગોપ, મહામાહણ કહિયે, નિર્યામક, સથ્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે.
ભવિકા ! સિ૦ ૪

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીસ ગુણયુક્ત વાણી;
જે પ્રતિબોધ કરે જગ જનને, તે જિન નમિયે પ્રાણીરે.
ભવિકા ! સિ૦ ૫

## ઢાળ.

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે. ૧
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦ ૨

## इति प्रथमश्रीअरिहंतपदपूजा समाप्ता ॥१॥

---

## अथ द्वितीयश्रीसिद्धपदपूजा

### કાવ્યમ્

[ ભુજઙ્ગપ્રયાતવૃત્તમ્ ]

કરી આઠકર્મ ક્ષયે પાર પામ્યા,
જરાજન્મમરણાદિ ભય જેણે વામ્યા;
નિરવાણ જે આત્મરૂપે પ્રસિદ્ધા,
થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા. ૧
ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા,
રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેશ્યા.

સદાનંદસૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા,
અનાબાધ અપુનર્ભવાદિસ્વરૂપા. ૨

## ઢાળ.

### [ઉલાલાની દેશી]

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી.
અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિભૂપોજી. ૧

ઉલાલો—જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ,શક્તિવ્યક્તિપણે કરી,
સ્વદ્રવ્ય ક્ષેત્ર સ્વકાલ ભાવે, ગુણ અનંતા આદરી;
સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી,
મુનિરાજ માનસહંસ સમોવડ નમો સિદ્ધ મહાગુણી. ૨

પૂજા—

## ઢાળ.

### [શ્રીપાળના રાસની]

સમયપએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.
ભવિકા ! સિ૦ ૬

પૂર્વપ્રયોગને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ;
સમય એક ઉર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે.
ભવિકા ! સિ૦ ૭

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધપ્રણમો સંત રે.
ભવિકા ! સિ૦ ૮

જાણે પણ ન શકે કહી પૂરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે.
ભવિકા ! સિ૦ ૯

જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ.
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે.
ભવિકા ! સિ૦ ૧૦

ઢાળ.

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ-નાણી રે;
તે ધ્યાતાં નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે. વીર૦ ૩

## इति द्वितीयश्रीसिद्धपदपूजा समाप्ता.

---

## अथ तृतीयश्रीआचार्यपदपूजा.

### કાવ્યમ્

[ ઈન્દ્રવજ્રાવૃત્તમ્ ]

સૂરીણ દૂરીકયકુગ્ગહાણું, નમો નમો સૂરસમપ્પહાણું.

[ ભુજઙ્ગપ્રયાતવૃત્તમ્ ]

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા,
જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા.
ષટ્‌વર્ગ વર્ગિત ગુણે શોભમાના,
પંચાચારને પાળવે સાવધાના. ૧
ભવિપ્રાણીને દેશના દેશ કાળે,
સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે;
જિકે શાસનાધાર દિગ્દન્તિકલ્પા,
જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા. ૨

ઢાળ.

[ ઉલાલાની દેશી ]

આચારજ મુનિપતિ ગણિ, ગુણછત્રીસી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી. ૧
ઉલાલો–નિઃકામ નિર્મળ શુદ્ધિચિદ્ઘન, સાધ્ય નિજ નિરધારથી;
નિજ જ્ઞાન–દર્શન–ચરણ–વીરજ, સાધના વ્યાપારથી;
ભવિજીવ બોધક તત્ત્વશોધક, સયલગુણ સંપત્તિધરા,
સંવરસમાધિ ગતઉપાધિ, દુવિધ તપ ગુણઆગરા. ૨

પૂજા--

ઢાળ.

[ શ્રીપાળના રાસની ]

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિયે તેહશું, પ્રેમ કરીને જાચોરે.
ભવિકા ! સિ૦ ૧૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગ બોહે, ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે.
ભવિકા ! સિ૦ ૧૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય,
જેહને તે આચારજ નમિયે; અકલુષ અમલ અમાય રે.
ભવિકા ! સિ૦ ૧૩

જે દિયે સારણ, વારણ, ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુનિમનને રે.
ભવિકા ! સિ૦ ૧૪

અત્થમિયે જિન સૂરજ કેવળ, વંદિજે જગદીવો;
ભુવન પદારથ પ્રકટન પટુ તે, આચારજ ચિરંજીવોરે.
ભવિકા ! સિ૦ ૧૫

ઢાળ.

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વીર૦ ૪

## इति तृतीयश्रीआचार्यपदपूजा समाप्ता

## अथ चतुर्थश्रीउपाध्यायपदपूजा

### કાવ્યમ્

[ ઈન્દ્રવજ્રાવૃત્તમ ]

સુતત્થવિત્થારણતપ્પરાણં નમો નમો વાયગકુંજરાણં.

[ ભુજઙ્ગપ્રયાતવૃત્તમ ]

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા,
નમું વાચકા ત્યક્તમદમોહમાયા;
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થદાને,
જિકે સાવધાના નિરૂદ્ધાભિમાને. ૧
ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા,
પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્ય સિંઘા;
ગણી ગચ્છસંધારણે સ્થંભભૂતા,
ઉપાધ્યાય તે વંદિયે ચિતપ્રભૂતા. ૨

ઢાળ.

[ ઉલાલાની દેશી ]

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ-મદ્દવજુત્તા જી
સચ્ચં સોયં અકિંચણા, તવ-સંજમગુણરત્તા જી ૧

ઉલાલો-જે રમ્યા બ્રહ્મસુગુપ્તિ ગુત્તા, સમિતિ સમિતા, શ્રુતધરા,
સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મ-પરવિભજનકરા;
ભવભીરૂ સાધન ધીરશાસન, વહન ધોરી મુનિવરા,
સિદ્ધાન્ત વાયણ દાન સમરથ; નમો પાઠક પદધરા ૨

પૂજા—

## ઢાળ.

[શ્રીપાળના રાસની]

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસરે.
ભવિકા ! સિ૦ ૧૬

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાય રે.
ભવિકા ! સિ૦ ૧૭

મૂરખ શિષ્ય નિપાયે જે પ્રભુ, પાહાણુને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે.
ભવિકા ! સિ૦ ૧૮

રાજકુમાર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવ ભય સોગ રે.
ભવિકા ! સિ૦ ૧૯

બાવનાચન્દનરસસમવયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે.
ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો. ૨૦

ઢાળ,

તપસજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા, જગબન્ધવ જગભ્રાતા રે. વીર૦ ૫

## इति श्रीचतुर्थउपाध्यायपदपूजा समाप्ता

---

## अथ पञ्चमश्रीमुनिपदपूजा

### કાવ્યમ્

[ ઇન્દ્રવજ્રાવૃત્તમ્ ]

સાહૂણ સંસાહિઅસંજમાણં નમો નમો સુદ્ધદયાદમાણં.

[ ભુજંગપ્રયાતવૃત્તમ ]

કરે સેવના સૂરિ-વાયગ-ગણિની,
કરૂં વર્ણના તેહની શી મુણિની;
સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા,
ત્રિગુપ્તે નહીં કામભોગેષુ લિપ્તા. ૧
વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી,
હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી;
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી,
નમું સાધુને તેહ નિજ પાપ ટાળી. ૨

ઢાળ.

[ ઉલાલાની દેશી ]

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગી જી;
ભવદવતાપ શમાવતા, આતમસાધન રંગીજી. ૧

ઉલાલો–જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા,
કાઉસ્સગ્ગ મુદ્રા, ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા.
તપ તેજ દીપે, કર્મ ઝીપે, નૈવ છીપે પરભણી,
મુનિરાજ કરૂણાસિંધુ,ત્રિભુવન-બંધુ પ્રણમું હિત ભણી. ૨

પૂજા—

## ઢાળ.

[શ્રીપાળના રાસની]

જેમ તરૂ ફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઈ રસ આતમ સંતોષે; તેમ મુનિ ગૌચરી જાવે રે.
ભવિકા ! સિ૦ ૨૧

પંચ ઇન્દ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્કાયક પ્રતિપાલ;
સંયમ સત્તરપ્રકારે આરાધે, વંદુ તેહ દયાળ રે.
ભવિકા ! સિ૦ ૨૨

અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર;
મુનિમહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે.
ભવિકા ! સિ૦ ૨૩

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા;
એહવા મુનિ નમિયે જો પ્રગટે, પૂરવપુણ્ય અંકુરા રે.
ભવિકા ! સિ૦ ૨૪

સોનાતણી પેરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને;
સંજમખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે.
ભવિકા ! સિ૦ ૨૫

ઢાળ.

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે ? રે. વીર૦ ૬

## इति पञ्चमश्रीमुनिपदपूजा समाप्ता

---

## अथ षष्ठश्रीसम्यग्दर्शनपदपूजा

કાવ્યમ્

[ ઇન્દ્રવજ્રાવૃત્તમ્ ]

જિણુત્તતત્તે રુઇલક્ખણુસ્સ, નમો નમો નિમ્મલદંસણુસ્સ.

[ ભુજઙ્ગપ્રયાતવૃત્તમ્ ]

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા,
ટળે જે અનાદિ અછે જેમ પથ્યા;
જિનોક્તે હોયે સહજથી શ્રદ્દધાનં,
કહિયે દર્શનં તેહ પરમં નિધાનં; ૧

વિના જેહથી જ્ઞાનમજ્ઞાનરૂપં,
ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં.
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષયે તે હોવે,
તિહાં આપરૂપે સદા આપ જોવે. ૨

[ ઉલાલાનો દેશી ]

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપો જી;
જસુ નિરધાર સ્વભાવ છે, ચેતનગુણ જે અરૂપો જી. ૧

ઉલાલો–જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પરઇહા ટળે,
નિજશુદ્ધસત્તા પ્રગટ અનુભવ, કરણરૂચિતા ઉચ્છળે;
બહુમાન પરિણતિ વસ્તુતત્ત્વે, અહવ તસુ કારણપણે,
નિજ સાધ્યદૃષ્ટે સર્વકરણી, તત્ત્વતા સંપત્તિ ગણે. ૨

પૂજા—

ઢાળ.

[શ્રીપાળના રાસની]

શુદ્ધદેવ ગુરૂધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;
જેહ પામીજે, તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે.
ભવિકા ! સિ૦ ૨૬

મલ ઉપશમ, ક્ષયઉપશમ, ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ;
સમ્યગ્દર્શન તેહ નમીજે, જિનધર્મે દઢરંગ રે.
ભવિકા ! સિ૦ ૨૭

પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષયઉપશમિય અસંખ;
એકવાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમિયે અસંખ રે.
ભવિકા ! સિ૦ ૨૮

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરૂ નવિ ફળિયો,
સુખ નિર્વાણ ન જે વિણ લહીયે, સમક્તિદર્શન બળિયો રે.
ભવિકા ! સિ૦ ૨૯

સડસઠ બોલે જે અલંકરિયો, જ્ઞાનચારિત્રતણું મૂળ;
સમક્તિદર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળ રે.
ભવિકા ! સિ૦ ૩૦

## ઢાળ

શમ સંવેગાદિક ગુણા, ક્ષયઉપશમ જે આવે રે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવેરે. વીર૦ ૭

## इति षष्ठश्रीसम्यग्दर्शनपदपूजा समाप्ता

---

## अथ सप्तमश्रीसम्यगज्ञानपदपूजा

### કાવ્યમ્

[ઇન્દ્રવજ્રાવૃત્તમ્]

અન્નાણસંમોહતમોહરસ્સ નમો નમો નાણદિવાયરસ્સ.

[ભુજંગપ્રયાતવૃત્તમ્]

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે,
યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે;
તેણે જાણિયે વસ્તુ ષડ્દ્રવ્યભાવા,
ન હુયે વિતત્થા નિજેચ્છા સ્વભાવા. ૧

હોય પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે,
ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે;
વળી જ્ઞેય-હેય-ઉપાદેય રૂપે,
લહે ચિત્તમાં જેમ ધ્વાન્ત પ્રદીપે. ૨

### ઢાળ

[ઉલાલાની દેશી]

ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી,
પરજાય ધર્મ અનન્તતા, ભેદાભેદ સ્વભાવે જી. ૧

ઉલાલો-જે મુખ્યપરિણતિ સકલજ્ઞાયક, બોધ ભાવવિલચ્છના,
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના.
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા;
સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા. ૨

પૂજા—

ઢાળ

[શ્રીપાળના રાસની]

ભક્ષાભક્ષ ન જે વિણ લહીયે, પેય-અપેય વિચાર;
કૃત્ય-અકૃત્ય ન જે વિણ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે.
ભવિકા ! સિ૦ ૩૧

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો, જ્ઞાન મ નિન્દો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે.
ભવિકા ! સિ૦ ૩૨

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે;
તેહ જ્ઞાન નિત નિત વન્દીજે, તે વિણ કહો કેમ રહિયે રે.
ભવિકા ! સિ૦ ૩૩

પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપકપરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે.
ભવિકા ! સિ૦ ૩૪

લોક ઉર્ધ્વ અધો તિર્યંગ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૩૫

ઢાળ

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વી૦ ૭

**इति सप्तमश्रीसम्यगज्ञानपदपूजा समाप्ता. ७**

# अथ अष्टमश्रीचारित्रपदपूजा

## કાવ્યમ્

[ઇન્દ્રવજ્રાવૃત્તમ્]

આરાહિઅખંડિઅસક્કિઅસ્સ નમો નમો સંજમવીરિયસ્સ.

[ભુજઙ્ગપ્રયાતવૃત્તમ્]

વળી જ્ઞાનફળ ચરણ ધરીયે સુરંગે,
નિરાશંસતા દ્વારરોધ પ્રસંગે;
ભવામ્ભોધિસંતારણે યાનતુલ્યં,
ધરૂં તેહ ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં. ૧
હોયે જાસ મહિમાથકી રંક રાજા,
વળી દ્વાદશાંગી ભણી હોય તાજા;
વળી પાપરૂપોઽપિ નિષ્પાપ થાય,
થઈ સિદ્ધ તે કર્મને પાર જાય. ૨

## ઢાળ

[ઉલાલાની દેશી]

ચારિત્રગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી;
પરરમણીયપણું ટળે, સકલસિદ્ધ અનુકુલો જી. ૧
ઉલાલો–પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમયી,
શુચિ પરમ ખંતિ મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચઈ;
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા,
અકષાય અકલુષ અમલ ઉજ્જવલ, કામકશ્મલ ચૂર્ણતા. ૨
પૂજા—

## ઢાળ

[શ્રીપાળના રાસની]

દેશ વિરતિ ને સરવ વિરતિ જે ગૃહિ યતિને અભિરામ,

તે ચારિત્ર જગત્ જયવંતુ, કીજે તાસ પ્રણામ રે.
ભવિકા ! સિ૦ ૩૬

તૃણપરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાં હે ધરિયો રે.
ભવિકા૦ ! સિ૦ ૩૭

હુઆ રાંક પણ જે આદરી, પૂજિત ઇંદ નરિંદે;
અશરણ શરણ ચરણ તે વંદૂ, પૂર્યું જ્ઞાન આનંદે રે.
ભવિકા ! સિ૦ ૩૮

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે;
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયે રે.
ભવિકા ! સિ૦ ૩૯

ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;
ચારિત્ર નામ નિરુત્તે ભાંખ્યું, તે વંદૂ ગુણગેહ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૪૦

ઢાળ

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વી૦ ૯

## इति श्रीअष्टमचारित्रपदपूजा समाप्ता

---

## अथ नवमश्रीतपःपदपूजा

### કાવ્યમ્

[ ઇન્દ્રવજ્રાવૃત્તમ્ ]

કમ્મદ્દુમોમ્મૂલણકુંજરસ્સ નમો નમો તિવ્વતવોભરસ્સ.

**[ માલિનીવૃત્તમ્ ]**

ઇય નવપયસિદ્ધં, લદ્ધિવિજ્ઝાસમિદ્ધં,

પયડિયસરવગ્ગં, હ્રીઁતિરેહાસમગ્ગં;
દિસિવઈસુરસારં, ખોણિપીઢાવયારં,
તિજયવિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ. ૧

[ભુજંગપ્રયાતવૃત્તમ્]

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે,
નિકાચિતપણે બાંધિયા તેહ બાળે;
કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે,
ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે. ૨
હોયે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ,
અવાંછકપણે કર્મ આવરણશુદ્ધિ;
તપો તેહ તપ જેહ મહાનંદ હેતે,
હોય સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે. ૩
ઈસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે,
સદાનંદચિદ્રૂપતા તેહ પાવે,
વળી જ્ઞાનવિમલાદિ ગુણરત્ન ધામા,
નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના. ૪

[માલિનીવૃતમ્]

ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવ ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે,
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે. ૫

ઢાળ

[ઉલાલાની દેશી]

ઈચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદે જી;
આતમ સત્તા એકતા, પરપરિણતિ ઉચ્છેદે જી. ૧

ઉલાલો–ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે,
યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે;
અંતર મુહૂરત તત્ત્વ સાધે, સર્વ સંવરતા કરી,
નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી. ૨

## ઢાળ

એમ નવપદ ગુણ મંડલં, ચઉ નિક્ષેપ પ્રમાણે જી;
સાત નયે જે આદરે, સમ્યગ્જ્ઞાને જાણેજી. ૩
ઉલાલો–નિર્દ્ધારસેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ,
તસુ કરણ ઇહા તત્ત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ;
એમ શુદ્ધ સત્તા ભળ્યો ચેતન, સકલ સિદ્ધિ અનુસરે,
અક્ષય અનંત મહંત ચિદ્‌ઘન, પરમ આનંદતા વરે. ૪

## અથ કળશ.

[ હરિગીત છન્દ: ]

ઇય સયલ સુખકર ગુણપુરન્દર, સિદ્ધચક્ર પદાવળિ,
સવિ લદ્ધિ વિજ્જા સિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરૂલી.
ઉવજ્ઝાયવર શ્રીરાજસાગર જ્ઞાનધર્મ સુરાજતા,
ગુરૂ દીપચંદ સુચરણ સેવક, દેવચંદ સુશોભતા. ૧

પૂજા—

## ઢાળ

[શ્રીપાળના રાસની]

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરૂ કંદ રે.
ભવિકા ! સિ૦ ૪૧

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમાસહિત જે કરતાં;
તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે.
ભવિકા ! સિ૦ ૪૨

આમોસહિ પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમિયે તે તપ ભાવે રે.
ભવિકા ! સિ૦ ૪૩

ફળ શિવસુખ મ્હોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરૂ સરિખો વંદૂ, સમ મકરંદ અમૂલ રે.
ભવિકા ! સિ૦ ૪૪

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવિયે જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે.
ભવિકા ! સિ૦ ૪૫

એમ નવપદ ગુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ;
સુજસવિલાસે ચોખંડે, એહ અગ્યારમી ઢાળ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૪૬

## ઢાળ.

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજગુણ ભોગે રે. વીર. ૧
આગમ નો-આગમતણો ભાવ તે જાણો સાચો રે;
આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે.
અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ હે
યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ
એહતણે અવલંબને, આતમ ધ્યાન પ્ર

ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી વાચકજસતણી, કોઇ નયે ન અધુરી રે. વીર૦ ૧૪

## इति नवमश्रीतपःपदपूजा समाप्ता

### કાવ્યમ્

[ દ્રુતવિલમ્બિતવૃત્તમ્ ]

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જન્તુમહોદયકારણમ્ ;
જિનવરં બહુમાનજલૌઘતઃ, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે.૧
[ વિધિ—આ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું. ]
સ્નાત્ર કરતાં જગદ્ગુરૂ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધગ્રંથે પ્રસિદ્ધા. ૨
હર્ષ ધરી અપ્સરાવૃન્દ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જમ્બુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

## अथ नवपदकाव्यानि

### શ્રીઅરિહંતપદકાવ્યમ્

[ ઈન્દ્રવજ્રાવૃત્તમ્ ]

જિયંતરંગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઈસયપ્પહાણે;
સંદેહસંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેડરિહંતે. ૧

### શ્રીસિદ્ધપદકાવ્યમ્

દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અનંતનાણાઈસિરીચઉક્કે;
સમગ્ગલોગગ્ગપયત્થસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ મણંમિ સિદ્ધે.૨

### શ્રીઆચાર્યપદકાવ્યમ્.

ન તં સુહં દેઈ પીયા ન માયા, જે દિંતિ વાણીહ સૂરિસપાયા;
તમ્હા હુ તે ચેવ સયા મહેહ, જં મુક્ખસુક્ખાઇ લહું લહેહ.૩

**શ્રીઉપાધ્યાયપદકાવ્યમ્.**

સુતત્થસંવેગમયં સુએણું, સંનીરખીરામયવિસ્સુએણું;
પીણંતિ જે તે ઉવજ્ઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ. ૪

**શ્રીસાધુપદકાવ્યમ્.**

ખંતે ય દંતેય સુગુત્તિગુત્તે, મુત્તે પસંતે ગુણજોગજુત્તે;
ગયપ્પમાએ હયમોહમાયે, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ. ૫

**શ્રીસમ્યગ્દર્શનપદકાવ્યમ્.**

જં દવ્વછક્કાઇસુ સદ્દહાણં, તં દંસણં સવ્વગુણપ્પહાણં;
કુગ્ગાહવાહી ઉવયંતિ જેણં, જહા વિસુદ્ધેણ રસાયણેણં. ૬

**શ્રી સમ્યગ્જ્ઞાનપદકાવ્યમ્.**

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તાવબોહીક્કમયં પસિદ્ધં;
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીવુવ્વ તમોહરંતં. ૭

**શ્રીચારિત્રપદકાવ્યમ્.**

સુસંવરં મોહનિરોધસારં, પંચપ્પયારં વિગયાઇયારં;
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં. ૮

**શ્રીતપઃપદકાવ્યમ્.**

બજ્ઝં તહાબ્ભિતરભેયભેયં, કસાયદુબ્ભેયકુકમ્મભેયં;
દુક્ખક્ખયત્થે કયપાવનાસં, તવં તવેહાગમિઅં નિરાસં. ૯

इति नवपदकाव्यानि संपूर्णानि.

इति श्रीमद्यशोविजय–उपाध्यायकृत–
नवपदपूजा समाप्ता.

# પંડિત શ્રીવીરવિજયજીકૃત-
# સ્નાત્ર પૂજા.

---

## સ્નાત્ર ભણવામાં જરૂર પડતી ચીજોની યાદી.

ત્રણ બાજોઠ, સિંહાસન, કળશ, થાળી, ચામર, દર્પણ, ઘંટ, આરતી, મંગળદીવો, વાળાકુંચી, કેસર, પાણી, અંગલુહણા, દૂધ, દહીં, ઘી, સાકર, નાડાછડી, કંકુ, ચોખા, મીઠું, માટી, કપૂર, શ્રીફળ, રૂપાનાણું, ફૂલ, ધૂપ, બે પૈસા, ચંદરવો, તોરણ, પંખો, અગ્નિ ફાનસ, દીપક.

### વિધિ

[૧. પ્રથમ ત્રણ ગઢને બદલે સુંદર ત્રણ બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨. નીચેના બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથીઓ કરી ઉપર ચોખા પુરીને શ્રીફળ મૂકવું.

૩. તેજ બાજોઠ ઉપર કેસરના સાથીયા આગળ બીજા ચાર સાથીયા કરી તે ઉપર કળશ ચાર પંચામૃત ભરી દરેક કળશને નાડાછડી બાંધીને મૂકવા.

૪. સિંહાસનના મધ્ય ભાગમાં કેસરનો સાથીયો કરી ચોખા પૂરી, રૂપાનાણું મૂકી, તેના ઉપર-ત્રણ નવકાર ગણી ધાતુના પ્રતિમાજી પધરાવવા.

૫. વળી પ્રતિમાજીની આગળ બીજો સાથીયો કરી તેના ઉપર શ્રી સિદ્ધચક્રજી પધરાવવા.

૬. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઉંચો ઘીનો દીવો મૂકવો.
૭. પછી બે સ્નાત્રીયાઓએ હાથે નાડાછડી બાંધી હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈ, ત્રણ નવકાર ગણી પ્રભુજીને જમણે અંગુઠે પખાળ કરવો.
૮. વાળાકુંચિ કરી ત્રણ અંગલુહણા કરી કેસર વડે પૂજા કરવી.
૯. પછી હાથ ધુપી પોતાના જમણા હાથની હથેળીમાં કેસરનો ચાંલ્લો કરવો.
૧૦. પછી કુસુમાંજલિનો થાળ લઈ સ્નાત્રીયાઓએ ઉભા રહેવું.]

(વિધિ—કળશ લઈ ઉભા રહેવું.)

## કાવ્યમ્

[ દ્રુતવિલમ્બિતછન્દઃ ]

સરસશાન્તિસુધારસસાગરં,
શુચિતરં ગુણરત્નમહાગરમ્ ;
ભવિકપંકજબોધદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧

(વિધિ–પખાળ કરવો.)

## દોહા.

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જન પીઠે થાપીને, કરીયે જળ અભિષેક. ૧

[ વિધિ–કુસુમાંજલિની થાળી લઈ ઉભા રહેવું ]

ગાથા.

[ આર્યા ગીતિ. ]

*જિણ ! જમ્મસમયે મેરુસિહરે રયણ-કણયકલસેહિં
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના, જેહિં દિટ્ઠો સિ. ૨

( વિધિ-પ્રભુજીના જમણે અંગુઠે ઢાળ બોલીને કુસુમાંજલિ મૂકવી. )

નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિઃ—

ઢાળ.

નિર્મળ જળ કળશે ન્હવરાવે,
વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા.
સિદ્ધસ્વરૂપી અંગ પખાળી,
આતમ નિર્મળ હુઈ સુકુમાળી. કુ૦ ૪

ગાથા.

[ આર્યા ગીતિ ]

મચકુંદ-ચંપ-માલઇ-કમલાઇપુપ્ફપંચવણ્ણાઇં;
જગનાહણ્હવણસમયે દેવા-કુસુમાંજલિં-દિન્તિ. ૫

નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

* પાઠાન્તર-આસત્તણમ્મિસામી ! સુમેરુ સિહરમ્મિ કણય-કલસેહિં તિઅસાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૧

કુસુમાંજલિઃ—

ઢાળ.

રયણ સિંહાસન જિન થાપીજે,
કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે,
કુસુમાંજલિ મેલો **શાંતિ જિણંદા.** ૬

દોહા.

જિણ તિહુંકાલિયસિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિઃ—

ઢાળ.

કૃષ્ણાગરૂ વરધૂપ ધરીજે,
સુગંધકર કુસુમાંજલિ દીજે,
કુસુમાંજલિ મેલો **નેમિ જિણંદા.** ૮

ગાથા.

[ આર્યા ગીતિઃ ]

જસ્સ પરિમલબલદહદિસિં મહુયર ઝંકારસદ્દસંગયા;
જિણચલણોવરિ મુક્કા સુર–નર કુસુમાંજલિ સિદ્ધા. ૯

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ**

કુસુમાંજલિ:—

ઢાળ.

પાસ જિણેસર જગ જય કારી
જળ થળ ફુલ ઉદક કર ધારી
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા. ૧૦

દોહા.

મૂકે કુસુમાંજલી સુરા વીર ચરણ સુકુમાળ,
તે કુસુમાંજલી ભવિકનાં પાપ હરે ત્રણ કાળ. ૧૧
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય:

કુસુમાંજલિ:—

ઢાળ.

વિવિધ કુસુમ વરજાતિ ગહેવી,
જિનચરણે પણમંત ઠવેવી,
કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ૧૨

[ વસ્તુ છન્દ: ]

ન્હવણ કાળે ન્હવણ કાળે,
દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાજલિ તહિં સંઠવિય;
પસરંત દિસિ પરિમલ સુગંધિય.
જિણ પય કમલે નિવડેઈ
વિગ્ઘહર જસ નામ મંતો,

અનંત ચોવીસ જિન વાસવ મલિય અસેસ;
સા કુસુમાંજલિ સુહ કરો ચઉ વિહ સંઘ વિસેસ. 13
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા.
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિઃ—**

**ઢાળ.**

અનંત ચઉવીસી જિનજી જુહારૂં,
વર્તમાન ચઉવીશી સંભારૂં,
કુસુમાંજલિ મેલો ચોવીશ જિણંદા૦— 14

**દોહા.**

મહાવિદેહે સંપ્રતિ વિહરમાન જિન વીશ;
ભક્તિભરે તે પૂજિયા કરો સંઘ સુજગીશ. 15
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિઃ—**

**ઢાળ.**

અપચ્છર મંડળી ગીત ઉચ્ચારા,
શ્રી **શુભવીરવિજય** જયકારા,
કુસુમાંજલિ મેલો સર્વ જીણંદા૦— 16

**વિધિ—પછી સ્નાત્રીયા ત્રણ મ ણ દઈ જગ ચિંતામ-ણીનું ચૈત્યવંદન કરી "નમુત્થુણં કહી, જયવીયરાય પર્યંત કહે. પછી હાથ ધૂપી મુખકોશ બાંધી કળશ લેઈ ઉભા રહીને કળશ કહે.**

# કળશ

## દોહા

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણકવિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧

## ઢાળ.

સમક્તિગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીશસ્થાનક વિધિયે તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી. ૧
"જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરૂં શાસન રસી;"
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નરક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે. ૩
પટરાણી કુખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો;
શુખશય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે. ૪

## ઢાળ

[ સ્વપ્નની-દેશી ]

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇટ્ઠો;
ત્રીજે કેશરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ. ૧
પાંચમે ફૂલની માળા, છટ્ઠે ચંદ્ર વિશાળા;
રવિ રાતો, ધ્વજ મોહોટો, પૂરણ કળશ નહીં છોટો. ૨
દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર;
ભુવન-વિમાન, રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ૩

સ્વપ્ન લહી, જઈ રાયને ભાષે, રાજા અર્થ પ્રકાશે,–
" પુત્ર તીર્થંકર, ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે." ૪

[ વસ્તુ છંદ ]

અવધિ નાણે–અવધિ નાણે, ઉપના જિન રાજ,
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર,
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર,
માતા પણ આનંદિયા, જાગતી ધર્મ વિધાન,
જાણંતી "જગતિલક સમો હોશે પુત્ર પ્રધાન." ૧

## દોહા

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ૧

## ઢાળ

[ કડખાની દેશી ]

સાંભળો કળશ જિન મહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં;
માય–સુત નમિય આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧
વૃષ્ટિ ગંધોદકે અષ્ટ કુમરી કરે;
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨

ઘર કરી કેળના માય-સુત લાવતી,
કરણ શુચિકર્મ, જળ કલશે ન્હવરાવતી;
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી, જઈ શયન પધરાવતી. ૩
નમિય કહે—"માય! તુજ બાળ લીલાવતી,
મેરૂ, રવિ, ચંદ્ર લગે, જીવજો જગપતિ;"
સ્વામિગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઇંદ્ર સિંહાસન કંપતી. ૪

ઢાળ.

[ એક વીશાની દેશી ]

જિન જન્મ્યાજી જિણ વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઇંદ્રસિંહાસન થરહરે;
દાહિણોત્તરજી જેતા જિન જનમે યદા,
દિશિનાયકજી સોહમ—ઇશાન બેહુ તદા. ૧

[ ત્રોટક છંદ ]

તદા ચિંતે ઇંદ્ર મનમાં—"કોણ અવસર એ બન્યો?"
જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો. ૧
સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમેં કરે,—
"સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે." ૨

[ વિધિ-અહીં ઘંટ વગાડવો. ]

ઢાળ

[ પૂર્વલી ]

એમ સાંભળીજી સુરવર કોડિ આવી મળે,
જન્મ મહોત્સવજી કરવા મેરૂ ઉપર ચલે;

સોહમપતિજી બહુપરિવારે આવીયા,
માય-જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. 3

[ વિધિ-પ્રભુને ચોખાથી વધાવવા. ]

[ ત્રોટક ]

વધાવી બોલે-"હે રત્નકૂખ-ધારિણી તુજ સુતતણો
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો;"
એમ કહિ જિન પ્રતિબિંબ સ્થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી,
દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૪

ઢાળ

[ પૂર્વલી ]

મેરૂ ઉપરજી પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેશઠજી બીજા તિહાં આવી મળ્યા. ૫

[ ત્રોટક ]

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો-"સાંભળો દેવા સવે!
ખીરજલધિ-ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે." ૬

### ઢાળ

[ વિવાહલાની દેશી ]

સુર સાંભળીને સંચરીઆ, માગધ વરદામે ચલીયા;
પદ્મદ્રહ–ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે. ૧
તીરથ જળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા;
જળકળશા બહુલ ભરાવે, ફૂલ, ચંગેરી, થાળા લાવે. ૨
સિંહાસન, ચામર ધારી, ધૂપધાણાં, રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩
તે દેવા સુરગિરિઆવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪

### ઢાળ

[ રાગ-ધન્યાશ્રી ]

આતમભકતે મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઈ,
નારી પ્રેર્યા, વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ;
જોઈસ, વ્યંતર, ભુવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. આ૦ ૧
અડ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ્સ હુઆ અભિષેક, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર,
બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. આ૦ ૨
ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણી, નરલોકો,

ગુરૂસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઇશાનપતિની, ઇંદ્રાણીના સોલ,
અસુરની દશ ઇંદ્રાણી, નાગની બાર કરે કલ્લોલ. આ૦ ૩

જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ, અંગરક્ષક કેરો–એક એક સુવિવેકો;
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઈશાનઇંદ્ર કહે–"મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો." આ૦ ૪

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુઅંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે,
મંગળ દીવો આરતી કરતાં, સુરવર "જયજય" બોલે આ૦ ૫

ભેરી, ભુંગલ, તાલ બજાવત, વળિયા જિન કર ધારી,
જનનીઘર માતાને સોંપી, એણિ પરે વચન ઉચ્ચારી;
"પુત્ર તુમારો, સ્વામી હમારો, અમ સેવક આધાર,"
પંચધાવ રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર. આ૦ ૬

બત્રીશ કોડિ કનક મણિ, માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવલ ને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. આ૦ ૭

**તપગચ્છ ઈસર સિંહ સૂરીસર,** કેરા શિષ્ય વડેરા,
**સત્યવિજય** પન્યાસતણે પદ, **કપૂરવિજય** ગંભીરા;

ખિમાવિજય તસ સુજસવિજયના શ્રીશુભવિજયસવાયા,
પંડિત **વીરવિજય** તસ શિષ્યે, જિન જન્મમહોત્સવ ગાયા. આ૦ ૮
ઉત્કૃષ્ટા એકસોને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, **શ્રી શુભ વીર** સવાઈ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. આ૦ ૯

[ વિધિ ]

અહીં કળશાભિષેક કરીયે. પછી દુધ, દહીં, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીએ ને ફૂલ ચડાવીએ. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજીની આડો પડદો રાખી સ્નાત્રીઆઓએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા, પછી પડદો કાઢી નાંખી મંગલદીવો ઉતારવો.

---

# શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત.

## *શ્રી શાંતિનાથજીનો કલશ.

[ શાર્દૂલવિક્રીડિતછન્દ ]

શ્રેયઃશ્રીજયમંગલાભ્યુદયતા-વલ્લીપ્રરોહામ્બુદો,
દારિદ્રયદ્રુમકાનનૈકદલને મત્તોદ્ધુરઃ સિંધુરઃ,

---

* આ કળશમાં પહેલા શ્લોકમાં તથા તે પછીના સંસ્કૃત ગદ્યમાં અને અનેક સ્થળે ઘણો પાઠ ભેદ જોવામાં આવ્યો છે. **સંશો૦**

વિશ્વસ્મિન્પ્રકટપ્રભાવમહિમા, સૌભાગ્યભાગ્યોદયઃ,
સ શ્રીશાન્તિજિનેશ્વરોઽભિમતદો જીયાત્ સુવર્ણચ્છવિઃ. ૧

અહો ભવ્યાઃ ! શ્રૃણુત તાવત્–સકલમંગલમાલાકેલિકલનલસત્કમલલીલારસરોલમ્બિતચિત્તવૃત્તયઃ ! વિહિતશ્રીમજ્જિનેન્દ્રભક્તિપ્રવૃત્તયઃ !

સંપ્રતિ **શ્રીમચ્છાન્તિજિનેન્દ્ર**જન્માભિષેકકલશો ગીયતે.

**[ રાગ–વસંત, નટ, દેશાખ ]**

શ્રી **શાંતિ** જિનવર, સયલસુખકર, કલશ ભણીએ તાસ,
જિમ ભવિક જનને, સયલ સંપત્તિ, બહુત લીલ વિલાસ;
કુરૂમાભિજનપદ, તિલક સમવડ, **હત્થિણાઉર** સાર;
જિન નયરી કંચન, રયણ ધણ કણ, સુગુણ જન આધાર. ૧

તિહાં રાય રાજે, બહુ દિવાજે, **વિશ્વસેન** નરીંદ,
નિજ પ્રકૃતિ સોમહ, તેજ તપતહ, માનુ ચંદ–દિણંદ;
તસ પણયખાણી, પટ્ટરાણી, નામે **અચિરા** નાર,
સુખ સેજ સૂતાં, ચૌદ પેખે, સુપન સાર ઉદાર. ૨

શાન્તિકરણ જિન **શાન્તિજિનેશ્વર** દેવ,
જે યોગક્ષેમંકર જગહિતકર નિતમેવ;
**વિશ્વસેન** નરેશ્વર વંશ મહોદધિ–ચંદ,
મૃગલાંછન કંચનવાને સમસુખકન્દ. ૩

જે પંચમ ચક્રી, સોલસમો જિનરાય,
જસ નામે સઘળા ઇતિ ઉપદ્રવ જાય;

આવી ઉપન્યા અચિરા દેવી કુખે,
નિજ મુખ ઉતરતાં ચઉદસ સુહણા દેખે. ૪

### દોહા.

ભાવારથ જેહવા હશે, દ્રવ્ય ભાવથી જેહ;
જિનગુણ દાખું દેશથી, મતિ મંદે કહું તેહ. ૧

### ઢાળ.

[ વસંત, નટ, સામેરી રાગે ગવાય છે ]

"ઉન્નત–સિત–ગજવર "ચઉવિધ ધર્મ કહન્ત,"
"માનું મોહ મહાગઢ, તસ શિર દોટ દિયન્ત;"
"ઐરાવણપતિતતિ સેવિત" "ચઉગતિ અન્ત,"
તિણહેતે **પ્રથમ ગજ સુપને** શુભ ચઉદંત. ૧
"સંયમ ભાર વહેવા ધોરી–વૃષભ કહાવે,"
"ભરતે–ભવિખેત્રે બોધિ બીજ વર વાવે."
"જસ ઉન્નત કકુદ, ઉન્નત ગોત્ર ને વંશ,"
સિત, અમૃત, મંગળમુખ, **બીજે વૃષભ** અવતંસ. ૨
"પરતિર્થિક–શ્વાપદ–પીડિત–ભવિ–જન રાખે,"
"એક મલ્લ દુર્ધર–સિંહ પરાક્રમ દાખે;"
"પરીસહ–ગજ ભેદી" "નહીં સહાય," "અબીહ,"
એવો એ હોશે **ત્રીજે** આવી એમ કહે **સિંહ**. ૩
"દેઈ વાર્ષિક–દાન–જિન–પદ–લચ્છી લેહસે,"
"મુજ ચાપલ–દૂષણ એહને સંગે મીટશે;"

"જડ[ળ]-કટંક-સંગી, નિજ-કજ છંડી વાસ,"
કહે લક્ષ્મી ચોથે સુપને અર્થ વિલાસ. ૪

ઢાળ.

"ત્રિભુવન શિર ધરશે જસ આણા સુરધામ સુમદામ,"
"નિજ જસ ભર સુરભિત જગત હુશે ઉદ્દામ."
"એ પંચમ સુહણે, છટ્ઠે શશધર દેખે,
"નિષ્કલંક હું થાવું, તુજ સુત-સંગ-વિશેષે." ૫
"કુવલયે-મુદ દેશે, શમ ચંદ્રાતપ યુક્ત,"
હવે સપ્તમે દિનકર "મિથ્યા તિમિર વિમુક્ત;"
"ભવિકમળ વિકાસે માનુ કહે પુષ્પદંત,
"તુમ સુતપરે અમચો નિત્ય ઉદય પભણંત." ૬
"કુળ ધ્વજ તુમ નંદન" "ધર્મધ્વજ સોહંત"
"સવિ ત્રિભુવન માંહે એહિજ એક મહંત";
એમ અઠ્ઠમ સુહણે ભવિકને ભાવ જણાવે,
હવે નવમે કુંભો સુપને એમ કહાવે. ૭
"જ્ઞાન-દર્શન-ચારિત્ર-ધર્મ-મહાપ્રાસાદ,
તસ શીખરે ઠવશે આતમ, નહિં વિખવાદ;"
દશમે પદ્મસરોવર "સુકૃત કજપદ ઠાવે,"
"એ પાવન કરશે જ્ઞાનાંજલિ મંગલ ભાવે." ૮
"તુજ સુત-ગુણ-રયણે ગંભીરો" "સુગુણ મહેઠો,
થયો," જાણી, સેવે ખીર સમુદ્રજ મીઠો;

"તે ભણી મુજ નીરે હેજો તનુ પરિભોગ,"
એકાદસ સુહણે માનું એ વિનતિયોગ. ૯
"વળી ભુવન-વિમાનાદિક ચઉદેવનિકાય,
સેવિત એ હોશે," "પાસે સુર સમુદાય;"
બારમે એ જાણો, તેરમે રયણનો રાશિ,-
"ધન-કંચન દેઈ કરશે ત્રિગડે વાસી." ૧૦
"જ્ઞાનાદિક-ગુણ-મણિ દેશે ભવિને એહ,"
"વર-વરિકા-ઘોષિ પુરવ પરે ગુણગેહ;"
"નિજ કર્મ ઈંધનને ધ્યાનાનલશું જાલી,
નિજ આતમ નિર્મળ કંચન પરે અજવાળી." ૧૧
'નિર્ધૂમ અગ્નિ સમ ભવિ સોવન કરી શુદ્ધ,"
ચૌદસમે સુહણે, "અષ્ટ કર્મ ખયે સિદ્ધ;
ચૌદરાજની ઉપર કરશે જે અહિઠાણ,"
તેહ ભણી સંપૂરણ ચૌદ સુપન મંડાણ. ૧૨
ગુણ-લક્ષણ-લક્ષિત અતિ સુંદર આકાર,
જિન માતા ચઉદે દેખે સુપન ઉદાર;
પણ ચક્રી માતા કાંઇક તેજે હીણ,
દેખે દોય પદ્ધર દોય વાર ગુણ પીણ. ૧૩
કુલ-કીર્તી-થંભો, કુલાધાર, કુલ-મેર,
કુલ-સુરતરૂ પાદપ, જેહને નહીં ભવ ફેર;
કુલ-મંડણ-દીપક, ઝીપક દુશ્મન કોડી,
ત્રિભુવન જસ ભકતે નમશે પદ કર જોડી. ૧૪

વળી હોડ ન એહની કરતા ભુવન મઝાર,
લોકોત્તર ચરિતે ધન્ય હોશે અવતાર;
વળી **જ્ઞાનવિમળ** ગુણ જેહનાં કહેતાં પાર,
ન લહે, મુખ કહેતાં જો સુરગુરૂ અવતાર. ૧૫

**સર્વાર્થસિદ્ધ** વિમાનથી તવ, ચવિયો ઉર ઉપ્પન્ન,
બહુ ભદ્દ ભદ્દવકસીણ સત્તમી, દિવસ ગુણ સંપન્ન;
તવ રોગ સોગ વિયોગ વિદુર, મારી ઇતિ શમંત,
વર સયલ મંગલ, કેલિ કમલા, ઘર ઘર વિલસંત. ૩

તવ ચંદ યોગે જ્યેષ્ટ તેરસ વદિ દિને થયો જન્મ,
તવ મઢ્ય રયણીએ દિશિકુમારી, કરે સૂઇ કમ્મ;
તવ ચલિય આસન, સુણીય સવિ હરિ, ઘંટનાદે મેલી,
સુરવિંદ સથ્થે મેરૂમથ્થે, રચે મજ્જન કેલિ. ૪

## ઢાળ.

**વિશ્વસેન** નૃપ ઘરે નંદન જનમીયા એ;
તિહુઅણ ભવિયણ પ્રેમશું પ્રણમીયા એ. ૫

## ચાલ

હાંરે પ્રણમીયા તે ચોસઠ ઇંદ્ર, લેઇ ઠવે મેરૂગિરીંદ;
સુરનદીનીર સમીર તિહાં, ક્ષીર જલનિધિ નીર. ૬

સિંહાસને સુરરાજ, જિહાં મળ્યા દેવ સમાજ;
સવિ ઔષધિની જાત, વરસરસ કમલ વિખ્યાત. ૭

ઢાળ

વિખ્યાત વિવિધ પરિકર્મના એ;
તિહાં હરખભર સુરભિ વરદામના એ. ૮

ચાલ

હાંરે વરદામ માગધ નામ, જે તીર્થ ઉત્તમ ઠામ;
તેહતણી માટી સર્વ કર ગ્રહે સર્વ સુપર્વ. ૯
બાવના ચંદન સાર, અભિયોગ સુરઅધિકાર;
મનધરી અધિક આનંદ, અવલોકતા જિનચંદ. ૧૦

ઢાળ.

શ્રી જિનચંદને, સુરપતિ સવિ નવરાવતા એ,
નિજ નિજ જન્મ સુકૃતારથ ભાવતા એ. ૧૧

ચાલ

હાંરે ભાવતા જન્મ પ્રમાણ, અભિષેક કલશ મંડાણ,
સાઠ લાખને એક કોડ, શત દોયને પંચાસ જોડ. ૧૨
આઠ જાતિના તે હોય, ચોસઠ્ઠી સહસા જોય,
એણીપરે ભક્તિ ઉદાર, કરે પૂજા વિવિધ પ્રકાર. ૧૩

ઢાળ.

વિવિધ પ્રકારના કરીય શિણગાર એ,
ભરીય જલ વિમલના વિપુલ ભંગાર એ. ૧૪

ચાલ

હાંરે ભૃંગાર થાલ ચંગેરી, સુપ્રતિષ્ઠ પ્રમુખ સુભેરી;
સવિ કલશ પરે મંડાણ, જે વિવિધ વસ્તુ પ્રમાણ. ૧૫

આરતિ ને મંગલ દીપ, જિનરાજને, સમીપ;
ભગવતી ચુરણિમાંહી, અધિકાર એહ ઉત્સાહી. ૧૬

ઢાળ.

અધિક ઉત્સાહશું હરખજલ ભીંજતાએ;
નવ નવ ભાંતિશું ભક્તિભર કીજતા એ. ૧૭

ચાલ

હાંરે કીજતા નાટિક રંગ, ગાજતા ગુહિર મૃદંગ;
કિટ કિટતિ કડતાલ, ચઉતાલ તાલ કંસાલ. ૧૮
શંખ પણવ ભુંગળ ભેરી, ઝલ્લરી વીણા નફેરી,
એક કરે હયહેષા, એક કરે ગજ ગુલકાર. ૧૯

ઢાળ

ગુલકાર ગર્જના રવ કરે એ,
પાય દૂર દૂર ધુર સુર ધરે એ. ૨૦

ચાલ

હાંરે સુર ધરે અધિક બહુમાન, તિહાંકરે નવ નવ તાન,
વર વિવિધ જાતિ છંદ, જિન ભક્તિ સુરતરૂ કંદ. ૨૧
વળી કરે મંગળ આઠ, એજંબુપન્નત્તિ પાઠ,
થય થુઈ મંગલ એમ, મનધરે અતિ બહુ પ્રેમ. ૨૨

ઢાળ

બહુ પ્રેમ ઘોષણા પુણ્યની સુરાસુર સહુએ,
સમકિત પોષણા શિષ્ટ સંતોષણા એમ બહુએ. ૨૩

## ચાલ

હાંરે બહુ પ્રેમશું સુખક્ષેમ, ઘર આણીયા નિધિ જેમ;
બત્રીસ કોડિ સુવન્ન કરે વૃષ્ટિ રયણની ધન્ન. ૨૪
જિનજનની પાસે મેલી, કરે અઠ્ઠાઈની કેલી;
નંદીશ્વરે જિન ગેહ, કરે મહોત્સવ સસનેહ. ૨૫

## ઢાળ

### [ પ્રથમની ]

હવે રાય મહોત્સવ કરે રંગભર, થયો જબ પરભાત,
સુર પૂજીયો સુત નયણે નિરખી, હરખીયો તવ તાત;
વર ધવલ મંગલ ગીત ગાતાં, ગંધર્વ ગાવે રાસ,
બહુદાને માને સુખીયાં કીધાં, સયલ પૂગી આશ. ૨૬
તિહાં પંચવરણી કુસુમ વાસિત, ભૂમિકા સંલિત્ત,
વર અગર કુંદરૂ, ધૂપ ધૂપણ, છાંટયાં કુંકુમલિત્ત;
શિર મુકુટ મંડલ, કાને કુંડલ, હૈયે નવસર હાર,
એમ સયલ ભૂષણ ભૂષિતાંબર, જગત જન પરિવાર. ૨૭
જિનજન્મ કલ્યાણક મહોત્સવે, ચૌદભુવન ઉદ્યોત,
નારકી થાવર પ્રમુખ સુખીયાં, સકલ મંગળ હોત,
દુઃખ દુરિત ઇતિ શમિત સઘળાં, જિનરાજને પરતાપ,
તેણે હેતે **શાંતિકુમાર** ઠવિયું, નામ ઈતિ આલાપ. ૨૮
એમ **શાંતિજિનનો** કલશ ભણતાં, હોવે મંગલમાલ,
કલ્યાણ કમલા કેલિ કરતાં, લહિએ લીલ વિલાસ;

જિન સ્નાત્ર કરીએ, સહેજે તરીએ, ભવસમુદ્રનો પાર,
એમ **જ્ઞાનવિમલસૂરીંદ** જંપે,શ્રીશાન્તિજિનજયકાર. ૨૯

## લૂણ ઉતારણ

લૂણ ઉતારો જિનવરઅંગે, નિર્મળ જળધારા મન રંગે. લૂણ. ૧
જીમ જીમ તડતડ લૂણજ ફૂટે,તિમ તિમ અશુભ કર્મબંધત્રુટે.લૂણ.૨
નયન સલૂણાં શ્રીજિનજીના, અનુપમ રૂપ દયારસ ભીના. લૂણ.૩
રૂપ સલૂણું જિનજીનું દીસે, લાજ્યું લૂણ તે જળમાં પેસે. લૂણ.૪
ત્રણ પ્રદક્ષિણા દેઇ જલધારા, જલણ ખેપવીયે લૂણ ઉદારા.લૂણ.૫
જેજિન ઉપર દુમણો પ્રાણિ, તે એમ થાજો લૂણ જ્યું પાણી.લૂણ.૬
અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લૂણ. ૭

---

## શ્રી જિનેન્દ્ર સ્તુતિ સંગ્રહ.

અદ્યાભવત્ સફલતા નયનદ્વયસ્ય,
દેવ ! ત્વદીયચરણામ્બુજવીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલક ! પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ ૧

કલેવ ચન્દ્રસ્ય કલઙ્કમુક્તા, મુક્તાવલિશ્ચારૂગુણપ્રપન્ના,
જગત્રયસ્યાભિમતં દદાના, જૈનેશ્વરી કલ્પલતેવ મૂર્તિઃ ૨

ધન્યોઽહં, કૃતપુણ્યોઽહં, નિસ્તીર્ણોઽહં ભવાર્ણવાત્;
અનાદિભવકાન્તારે, દૃષ્ટો યો ન શ્રુતો મયા. ૩

અદ્ય પ્રક્ષાલિતં ગાત્રં, નેત્રે ચ વિમલીકૃતે;
મુક્તોઽહં સર્વપાપેભ્યો, જિનેન્દ્ર! તવ દર્શનાત. ૪

દર્શનાદ્ દુરિતધ્વંસઃ, વન્દનાદ્ વાંછિતપ્રદઃ;
પૂજનાત્ પૂરકઃ શ્રીદઃ, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૫

ઐન્દ્રશ્રેણિનતા, પ્રતાપભવનં, ભવ્યાઙ્ગિનેત્રામૃતં,
સિદ્ધાન્તોપનિષદ્વિચારચતુરૈઃ પ્રીત્યા પ્રમાણીકૃતા;
મૂર્તિઃ સ્ફૂર્તિમતી સદા વિજયતે જૈનેશ્વરી વિસ્ફુરન્—
મોહોન્માદઘનપ્રમાદમદિરામત્તૈરનાલોકિતા. ૧

નેત્રાનન્દકરી, ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મઞ્જરી;
શ્રીમદ્ધર્મમહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતાધૂમરી,
હર્ષોત્કર્ષશુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રીજિનપુંગવસ્ય ભવતુ શ્રેયસ્કરી દેહિનામ્. ૧

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રીસિદ્ધાંત સુપાઠકા મુનિવરાઃ રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્. ૧

અશોકવૃક્ષઃ, સુરપુષ્પવૃષ્ટિર્દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ,
ભામણ્ડલં દુન્દુભિરાતપત્રં, સત્ પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણાં. ૧

પૂર્ણાનન્દમયં, મહોદયમયં, કૈવલ્યચિદ્દ્ગમયં,
રૂપાતીતમયં, સ્વરૂપરમણં, સ્વાભાવિકીશ્રીમયમ્,
જ્ઞાનોદ્યોતમયં, કૃપારસમયં, સ્યાદ્વાદવિદ્યાલયં,
શ્રીસિદ્ધાચલતીર્થરાજમનિશં, વન્દેઽહમાદીશ્વરમ્. ૧

દીનોદ્ધારધુરન્ધરસ્ત્વદપરો નાસ્તે મદન્યઃકૃપા-
પાત્રં નાત્ર જને જિનેશ્વર ! તથાપ્યેતાં ન યાચે શ્રિયમ્,
કિન્ત્વર્હન્નિદમેવ કેવલમહો સદ્બોધિરત્નં શિવં
શ્રીરત્નાકર ! મંગલૈકનિલય ! શ્રેયસ્કરં પ્રાર્થયે. ૧

પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નં
વદનકમલમંકઃ કામિનીસંગશૂન્યઃ,
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબન્ધવન્ધ્યઃ,
તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ. ૧

સરસશાન્તિસુધારસસાગરં,
શુચિતરં, ગુણરત્નમહાગરમ્,
ભવિકપંકજબોધદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્ ૧

કિં કર્પૂરમયં ? સુધારસમયં ? કિં ચન્દ્રરોચિર્મયં ?
કિં લાવણ્યમયં ? મહામણિમયં ? કારુણ્યકેલિમયં ?
વિશ્વાનન્દમયં ? મહોદયમયં, શોભામયં, ? ચિન્મયં, ?
શુક્લધ્યાનમયં, વપુર્જિનપતેર્ભૂયાદ્ ભવાલમ્બનમ્. ૧

તું અકલંકી રૂપ સરૂપી, પરમાનંદ પદ તું દાયી;
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નિરમાયી. ૧

અનુપમ રૂપ દેખી તુજ રીઝે, સુરનરનારીકે વૃન્દા;
નમો નિરંજન ફણીપતિસેવિત, પાસગોઠીચા સુખકન્દા. ૨

કાને કુંડલ શિર છત્ર બીરાજે, ચક્ષુટીકા નિરધારી;
અષ્ટ બીજોરૂં હાથ સોહીએ તુમ વન્દે સહુ નરનારી. ૩
અગ્નિકાષ્ટસે સર્પ નિકાલ્યા, મંત્ર સુણાવ્યા બહુ ભારી;

પૂર્વ જનમકા વૈર ખોલાયા, જળ વરસાવ્યા શિરધારી. ૪
જળ આવી પ્રભુ નાકે અઠીયાં, આસનકંપ્યાં નિરધારી;
નાગ નાગણી છત્ર ધરેછે પૂર્વ જનમકા ઉપગારી. ૫
રૂપવિજય કહે સુણ મેરી લાવણી, એસી શોભા બહુ સારી,
માત પિતા બંધવ સહુ સાથે, સંયમ લીધા નિરધારી. ૬

સકલકરમવારી, મોક્ષમાર્ગાધિકારી,
ત્રિભુવનઉપકારી, કેવલજ્ઞાનધારી;
ભવિજન નિત સેવો, દેવ એ ભક્તિભાવે,
એહી જ જિન ભજંતાં, સર્વ સંપત્તિ આવે. ૧

જિનવર પદ સેવા સર્વ સંપત્તિ દાઈ,
નિશદિન સુખદાઈ. કલ્પવલ્લિ સહાઈ;
નમિ-વિનમિ લહીજે સર્વ વિદ્યા વડાઈ,
રિષભ જિનહ સેવા સાધતાં તેહ પાઈ. ૨

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ નાશનં;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનં. ૧

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ!
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય,
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય ૧

ભલુ થયું મેં પ્રભુ ગુણ ગાયા, રસનાનો રસ લીધો રે,
દેવચંદ્ર કહે મારા મનનો, સકલ મનોરથ સીધોરે. ૧

ભવોભવ તુમ ચરણની સેવા હું તો માગું દેવાધિદેવા!
સામુ જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. ૧

## ।। ચૈત્ર પુનમનો અપૂર્વ મહિમા ।।

અનુક્રમે નવપદજીની ઓલી પછી ચત્રી પુનમનો દિવસ આવે છે. સર્વપૂર્ણિમાં મધ્યે ચૈત્રી પૂનમ અત્યંત પુણ્યની વૃદ્ધિ કરનારી છે માટે શ્રી વિમલાચલતીર્થને વિષે અનેક જીવો જેવા કે વિદ્યાધરો ચક્રવર્તિ આદિક મહોટા પુરૂષો સિદ્ધિપદને પામ્યા છે. શ્રી ઋષભદેવ સ્વામીના બે પુત્ર નમિ અને ।વનમિ મોક્ષગતિ પામ્યા છે. તથા તેજ દિવસે ઋષભદેવ સ્વામીના પૌત્ર અને ભરત ચક્રવર્તિના પુત્ર અને પ્રથમ ગણધર શ્રીપુંડરિક નામે ગણધર પાંચકોડી સાધુઓના પરિવારે કરીને સહિત મોક્ષે પહોંચ્યા છે. ઈત્યાદિક અનેક ભવ્ય જીવો આ દિવસનું આરાધન કરી સિદ્ધિપદને પામેલા હોવાથી આ ચૈત્રીપૂનમનો દિવસ ઉત્તમ જાણી તેનું અવશ્ય આરાધન કરવું. તે દિવસે ઉપવાસાદિક તપ કરી ભકિતપૂર્વક બહુમાને કરી દેવવંદન વિગેરે વિધિ કરવો. તે તીથિનું આરાધન પંદર વરસ સુધી કરવાથી–સર્વ દુઃખનો નાશ થઈ પરમ ઉત્કૃષ્ટપદ એટલે મોક્ષ પદ મેળવી શકાય છે.

---

## અક્ષય તૃતીયા

આ તીથિ વૈશાખ સુદ ૩ ને દિવસે આવે છે. પરમપૂજ્ય ત્રલોકયના નાથ પ્રથમ તીર્થંકરશ્રી ઋષભદેવ સ્વામીને પૂર્વ કર્મના અંતરાયથી એકવર્ષ સુધી આહારપાણી શુદ્ધ મલી શકયા નહિં. કારણકે યુગલિક લોકો આહાર પાણી આપવાનો

વિધિ જાણુતાજ નહોતા. તેથી જ્યાં જાય ત્યાં લોકો હાથી—ઘોડા—રત્ન વિગેરે ઘરેણાં અને કન્યા વિગેરેનું દાન આપતા પણ શુદ્ધ અન્ન વિગેરે આપતા નહિં એમ દીક્ષા લીધા પછી એક વર્ષ વીતી ગયું. પછી ભગવાન વિચરતા વિચરતા ગજપુર નગરે આવ્યા જ્યાં શ્રી બાહુબલીજીના પુત્ર સોમયશા રાજા તેના પુત્ર શ્રી શ્રેયાંસકુમારે જાતિસ્મરણજ્ઞાન થવાથી પોતાના પૂર્વભવ જાણ્યા અને સાધુને દાન આપવાની વિધિ જાણી. વિનયથી અને બહુમાનપૂર્વક શ્રી ઋષભદેવ સ્વામીને ઇક્ષુરસ (એટલે શેરડીના રસ )નું પારણું કરાવ્યું. તેના પ્રભાવથી પંચદીવ્ય પ્રગટ થયા. આકાશમાં દેવદુંદુભિ વાજીંત્ર વાગવા માંડયા. દેવતાઓ અહોદાન અહોદાન એમ આશ્ચર્યપૂર્વક બોલવા લાગ્યા. અને તેજ દાનના પ્રતાપથી શ્રીશ્રેયાંસકુમાર અક્ષયસુખ એટલે મોક્ષ સુખ પામ્યા. માટે આ દિવસ અતિઉત્તમ છે, તે દિવસે બારમાસી તપ કરનારાઓ શ્રીસિદ્ધાચલજી તીર્થ ઉપર જઈ જાત્રા કરીને નીચે આવી સુપાત્ર દાન દઈ વરસીતપનું પારણું કરે છે. માટે હે ભવ્ય જીવો ! તમારે પણ અક્ષયત્રીજને દિવસે સુપાત્રને દાન દેવું, શીલ પાલવું,તપસ્યા કરવી, ભાવના ભાવવી, પૂજા કરવી, સ્નાત્ર મહોત્સવ કરવો. ॥ ઇતિ. ॥

## અષાડ ચોમાસું

વર્ષમાં ત્રણ ચૌમાસી આવે છે. તેમાં કાર્તિક ચોમાસી ફાગણ ચોમાસી અને છેલ્લું અષાડ ચોમાસું કે જે વર્ષાઋતુ છે. બારે માસની અંદર ધર્મકરણી કરવાનો વિશેષ પ્રચાર અષાડ ચોમાસામાં બને છે. તેનાં અનેક કારણો છે.

તેમાંથી કિંચિત માત્ર અત્રે જણાવવામાં આવે છે. ભાગ્યશાળી એવા ચતુર્વિધ સંઘમાં મૂખ્ય સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચાર પ્રકાર છે. તેમાં પ્રથમના જે સાધુ સાધ્વી મહાપુરુષો કાર્તિકચોમાસું ઉતરે ગ્રામાનુંગ્રામ વિહાર કર્યા કરે છે પણ એકસ્થાને રહી શકતા નથી. અને છેલ્લું અષાડચોમાસું આવે છે તે એકજ સ્થળે સ્થિરતા કરીને રહેવાનો આચાર હોવાથી પોતે પણ ધર્મકરણી વિશેષ કરવામાં તત્પર રહી બીજા ગૃહસ્થ શ્રાવક શ્રાવિકાઓને પણ બોધઆપી ધર્મકરણીમાં સારીરીતે જોડી શકે છે. અને પ્રાયે કરીને ગૃહસ્થલોકો વેપારી વર્ગના હોવાથી કાર્તિક માસથી તે આઠ માસ સુધી વ્યાપારી કાર્યમાં વિશેષ જોડાયેલા રહે છે. અને ચોમાસામાં તેમાંથી વિશેષે કરીને નિવૃત્ત થાય છે. જેથી યથાશકિત તેમજ ગુરૂમહારાજના બોધથી ધર્મકરણી કરવામાં વિશેષ ઉજમાલ થઇ ઉદ્યમવંત બને છે, અને આજીવિકા વિગેરેની ચિંતા પણ ટલી ગયેલી હોવાથી સારીરીતે ભાગ્યશાળી જીવો ચારે પ્રકારના દાન, શીયળ, તપ અને ભાવરૂપી ધર્મ કરણી કરવામાં જોડાય છે. આઠ મહિના સામાન્ય બનતી ધર્મકરણીતો તે કર્યાજ કરે છે, પણ વ્યવસાયાદિક કારણે જેઓ સંપૂર્ણ ન કરી શકે તેઓએ પણ આ ઋતુમાં તો અવશ્ય ધર્મકરણીમાં ઉદ્યમ કરવોજ જોઇએ. હવે ગૃહસ્થોએ આ ચોમાસીમાં શું શું ધર્મકરણી કરવી. તેનો વિચાર અહિં સંક્ષેપમાં જણાવવામાં આવે છે. વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ તો ગુરૂમહારાજની વાણીથો તેમજ અન્ય મહાગ્રંથોથી જાણી લેવું.

જગતમાં સાધારણમાં સાધારણ કાર્ય કરવું હોય છે તો પણ તે કાર્ય પ્રત્યે શ્રદ્ધા–વિશ્વાસ હોવો જોઇએ, વિશ્વાસવિના કોઇપણ જીવ કોઇ કાર્યમાં પ્રવર્તતો નથી. તો આ જીવ અનાદિકાળથી મિથ્યાત્વ ( અજ્ઞાનદશા)ના પ્રતાપથી ચારગતિ અને ચોરાશી લાખયોનીયે કરીને મહાભયંકર એવા સંસારરૂપી સમુદ્રમાં ભટકયા કરે છે. તેનાથી તરવાને અને સર્વદુઃખથી મુક્ત થવાનેમાટે શરણભૂત એક ધર્મજ છે. તો તેનું સેવન કરવામાટે પ્રથમ શ્રદ્ધા હોવી જોઇએ. તો તે શ્રદ્ધા મેળવવામાટે પ્રથમ જ્ઞાનની જરૂર છે. જ્ઞાનવિના સત્ અસત્ પદાર્થની ખબર પડે નહિં, માટે આ ઋતુમાં જેમ બને તેમ બીજા સંસારી કાર્યોમાંથી મુક્ત થઇ જ્ઞાન મેળવવા તરફ પુરતો પ્રયાસ કરવો જોઇએ. તો તે જ્ઞાન જ્ઞાની પાસેથી મળી શકે માટે જ્ઞાન અને જ્ઞાનીનું બહુમાનપૂર્વક વ્યાખ્યાનાદિ સાંભળવાથી અવશ્ય ધર્મકરણીની અને દેવ ગુરુ અને ધર્મની ઓળખાણ થાય છે. અને-શુદ્ધ–દેવ–ગુરુ અને ધર્મની ઓલખાણ પૂર્વક જે વર્તન તેનું જ નામ શ્રદ્ધા. અને તે શ્રદ્ધાજરૂપ સમકિત કહેવાય છે. તે સમકિત સર્વકર્મથી મુકાવીને મોક્ષફલ મેલવવાનું બીજ છે. માટે દરેક ભવ્યજીવો એ શુદ્ધ દેવ–ગુરૂ અને ધર્મનું ઓળખાણ ગુરૂદ્વારાએ જરૂર સમજી લેવું. અને અનાદિ કાલથી જે નહિં પ્રાપ્ત થયેલું એવું તે સમ્યકત્વ સમજીને ગ્રહણ કરવું.

હવે શુદ્ધ–દેવ–ગુરૂ અને ધર્મનું વર્ણન કહે છે.

૧ જગતમાં અનેક દેવ દેવીઓતરીકે નામથી ઓળખાય છે. પરંતુ શુદ્ધ સત્ય દેવ કોને કહેવા કે જેઓ

રાગદ્વેષ મોહ અજ્ઞાનથી રહિત એવા જે વિતરાગ અરિહંત પરમાત્મા તેજ મારા દેવ છે.

૨. ગુરૂ કે જે વિતરાગના પ્રરૂપેલા ધર્મને જણાવનારા, તેજ પ્રમાણે ચાલનારા, સંસારથી વિરક્ત થયેલા, કંચન-કામિનીના ત્યાગી પોતે તરનારા અને બીજા ભવ્ય જીવોને આશારહિત શુદ્ધ ઉપદેશ આપી તારનારા એવા જે કોઈ કોઇ મહાપુરૂષ સાધુ મુનિરાજ તેજ મારા ગુરૂ.

૩. ધર્મ—દુરગતિમાં જતા જીવોને ધારી રાખી, ઉર્ધ્વગતિમાં છેવટે તેજ પ્રયત્નથી મોક્ષમાં લઇ જનાર એવો જે વિતરાગભાષિત ધર્મ તેજ મારો ધર્મ.

આ ઉપર બતાવેલા દેવ-ગુરૂ અને શુદ્ધ ધર્મ તે ત્રણ તત્ત્વની સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ ધર્મ આરાધન કરવું તેનું નામ સમક્તિ કહેવાય છે.

સમકિતવિનાની જે કરણી કરવામાં આવે છે તે જો કે શુભકરણી શુભફ્લ આપે છે. પરંતુ ચારેગતિના ભ્રમણ દૂર કરી શકતી નથી. અને સમકિત સહિત જે જે શુભકરણી કરવામાં આવે છે તે તો ચોક્કસ મોક્ષને આપનારીજ થાય છે. માટે હે ભવ્યજીવો ! બાર પ્રકારના વ્રત આદિ જે જે કરણી કરો તે સમ્યક્પ્રકારે ગુરૂદ્વારા સમજીનેજ કરવી.

ધર્મ કરવાના મુખ્ય ચાર પ્રકાર બતાવેલા છે. દાન—શીયળ—તપ અને ભાવ. તેમાં દાન મુખ્યકરીને પાંચ પ્રકારનું છે. એક તો મરતા જીવને છોડાવવા તે અભયદાન. બીજું શ્રી સંઘને ચાર પ્રકારનો આહાર આપવો તે સુપાત્રદાન, ત્રીજું સર્વજીવની ઉપર દયાભાવ રાખવો તેને અનુકંપા-

દાન કહીએ, ચોથું યાચક પ્રમુખને દાન આપવું તે કીર્તિદાન કહીએ, પાંચમું કુટુંબ વિગેરેને આપવું તે ઉચિતદાન કહીએ. એ પાંચેદાન માંહેલા પ્રથમના બેદાનથકી મોક્ષની પ્રાપ્તિ થાય અને પાછલના ત્રણદાનથકી ઇચ્છિત ભોગવસ્તુની પ્રાપ્તિ થાય. માટે સુખની ઇચ્છાવાલા જીવોએ અવશ્યદાન દેવું જોઈએ. તેમાં પણ જીવદયાની બાબતમાં આઠ માસ કરતાં આ અષાઢ ચોમાસામાં બહુજ યત્ના રાખવાની જરૂર છે. કારણકે વરસાદાદિકકારણે કરી ત્રસાદિક ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે. માટે શ્રાવકોએ પોતાના રહેવા આદિકના સ્થાનકોએ દસ ઠેકાણે તો ચંદરવા બાંધવા જોઇએ. ઘરમાં અથવા આંગણામાં કે રહેવાના સ્થાનમાં વાસણાદિ વાપરવાની વસ્તુઓમાં લીલ ફુલ વિગેરે ના થાય તેનેમાટે પ્રથમથીજ ચૂના આદિકનો ઉપયોગ રાખવો, બત્રીશ પ્રકારના અનંતકાય અને બાવીશ પ્રકારના અભક્ષ પદાર્થોનો તો હંમેશનેમાટે ત્યાગજ હોય. પરંતુ કેટલાક ભક્ષ પદાર્થો પણ ઋતુના ફેરફારે કરી અભક્ષ થાય છે. જેમકે આદ્રા નક્ષત્ર પછી કેરી ત્યાગ થાય છે. ફાલ્ગુણ માસ પછી ભાજી પાલો ત્યાગ થાય છે. તેમજ ચોમાસામાં પણ લીલફુલાદિક અને ત્રસાદિક જીવોની વિશેષ ઉત્પત્તિ થવાથી મેવો-ફોલેલો અભક્ષ થઇ જાય છે. ચારોલી પિસ્તા બદામ સોપારી નાળીયેર વિગેરે તેજ દિવસે ખપે બીજે દિવસે લીલ વાલાં થઇ જવાથી અભક્ષ ગણાય છે. ઇત્યાદિ ગુરુગમ સમજીને ઉપયોગ રાખી જયણા પૂર્વક વાપરવાં. વલી ચોમાસાનો પાણી વિગેરેનો કાલ નીચે પ્રમાણે છે.

પાણીનો કાલ ત્રણપહોર કામલીનો કાલ છ ઘડીનો જાણવો—સુખડીનો કાલ—૧૫ દીવસનો એમ—ઘરમાં લોટ

વિગેરે પણ હંમેશાં ચાલી તપાસીનેજ વાપરવા વિગેરે સમજીને જેમ ત્રસાદિ જીવોની હાની ના થાય એમ વર્તવું.

હવે આ અષાડ ચોમાસી આવે અવશ્ય પોસહ કરવો, તેમાં દેવવાંદવાના હોય છે. કાલના દેવવંદન ઉપરાંત ચોમાસીના ચોવીશ જોડાના દેવ અવશ્ય વાંદવા જોઇએ. તે તથા ચોમાશી પ્રતિક્રમણ વિગેરે કરી સર્વ જીવોને ખમત ખામણા કરવા કે જેથી કોઈ કોઇ સાથેનો વેરવિરોધ હોય તે નાશ પામી જાય અને પાપથી હળવા થવાય. એજ વિશેષ હકીકત જાણવાવાળાએ ગ્રંથાંતરોથી જાણી લેવું.

# પર્યુષણ મહાપર્વ માહાત્મ્ય.

અષાડ ચોમાસા પછી પર્યુષણાપર્વ આવે છે વર્ષમાં છ અઠ્ઠાઇઓ ગણાવી છે તેમાંની આ અષ્ટાહ્નિકા મહોત્સવ છે. આ પર્વમાં ઇંદ્રાદિક દેવતાઓ પણ નંદીશ્વરાદિક શાશ્વતા ચૈત્યોમાં મહોટો મહોત્સવ કરે છે. તો મનુષ્યો કરે તેમાં તો આશ્ચર્યજ શું?

મહા અતિશય પુન્યનો ઉદય હોય તેજ ભાગ્યશાળીને આ પર્વ ઉજવવાનું પ્રાપ્ત થાય છે. કારણકે સર્વપર્વોમાં આ પર્વ શ્રેષ્ઠ છે.

આ પર્વની શરૂઆત શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધી એટલે આઠ દિવસનું આ મહાપર્વ છે. આ પર્વ સર્વ લોકોત્તર પર્વમાં પણ શ્રેષ્ઠપર્વ છે. જેના આરાધનથી પાપપંક ધોવાઇ જઇ પુન્યની શ્રેણીઓ પ્રગટ થાય છે. માટે ભવ્ય જીવોએ અવશ્ય આ પર્વનું આરાધન

કરવું. તથા તે આઠ દીવસોમાં શું શું કરવા યોગ્ય છે તે અહિં કિંચિત જણાવવામાં આવે છે.

આ પર્વ આવે ત્યારે સજ્જનોએ આરંભસમારંભ ત્યાગ કરી મન વચન અને કાયાએ કરી બ્રહ્મચર્ય પાળવું જોઈએ. બે વખતના પ્રતિક્રમણ કરવાં જોઈએ ચૈત્યપરિપાટી એટલે ગામમાં રહેલા જૈન મંદિરોમાં દર્શન કરવાં. તથા ગુરૂવંદન કરવું જોઈએ, સામાયિક પોષધ આદિ શક્તિ ગોપવ્યા વગર ધર્મકરણી કરવી જોઈએ. યથાશક્તિ તપ કરવો જોઈએ. ઘણા ભાગ્યશાલીઓ તો છઠ્ઠ તથા અઠ્ઠમ તપ છોડતાજ નથી.

ચૌદસ અને અમાવાસ્યાનો છઠ્ઠ કરે છે અને બીજ ત્રીજ અને ચોથનો અઠ્ઠમ તપ કરે છે. વલી કેટલાક ભાગ્યશાળીઓ આ પર્વ આવે છતે માસ ખમણ–પક્ષ ખમણ અ ાઇ વિગેરે અનેક પ્રકારની તપસ્યાઓ કરે છે. તેમ આપણાથી બને તેટલી તપસ્યા કરવી જોઇએ. સૌ જીવો ઉપર બંને પ્રકારની દયા ાચતવવી જોઈએ. ભાવદયા તે સર્વ જીવો શ્રીજીનેશ્વર ભગવંતે પ્રરૂપેલો ધર્મ પામે એવા આશય પૂર્વક ધર્મની પ્રભાવના, સ્વામીવત્સલ આદિ બીજા જીવો ધર્મની અનુમોદના કરે તેવા કાર્યો કોઇ પણ જાતની વાંચ્છા રહિત આત્મકલ્યાણને માટે કરવાં, અને દ્રવ્યદયા તે અમારીપડહ વગડાવવો. કોઈપણ જીવની હિંસા પોતે કરે નહિ અને બીજાને નિવારે. અનુકંપા વિગેરે દયાના કામ કરવાં. સુપાત્રાદિક યથાશક્તિ દાન દેવું. ગૃહસ્થોને તો દાન કરવું તેજ શ્રેષ્ઠધર્મ છે. દાનવડે સર્વે પમાય છે. માટે આ પર્વમાં તો વિશેષેકરી દાન

દેવું જ જોઇએ. બ્રહ્મચર્ય પાલવું વિગેરે ઉત્તમ કાર્યોમાં પ્રવર્ત્તવું, વ્યાપારાદિક આરંભોના કાર્ય છોડી તેમજ કષાયાદિ ક્રોધ–માન–માયા–લોભાદિક કર્મ બંધનના હેતુઓ સમજી તેમનો ત્યાગ કરી સમતા ધારણ કરવી. સર્વ જીવો ઉપર–મૈત્રી કરૂણા પ્રમોદ અને માધ્યસ્થ આદિ ચાર ભાવનાઓનું સ્વરૂપ સમજી તે પ્રમાણે વર્તવું. આઠે દીવસ સદ્ગુરૂ સમીપે વ્યાખ્યાનાદિ સાંભળવું, તેમાં પ્રથમના ત્રણ દીવસમાં એટલે શ્રાવણ વદ. ૧૨–૧૩–૧૪ ના દીવસમાં અઠ્ઠાઈનું વ્યાખ્યાન સાંભળવામાં આવે છે. આ પર્વ કેવીરીતે આરાધન કરવું વિગેરે હકીકતો શ્રીવીરપ્રભુને શ્રેણિક રાજાએ પુછવાથી ગજસિંહ રાજકુમારે આ પર્વનું આરાધન કર્યું તેના પ્રભાવથી દેવગતિ છેવટે મોક્ષ આદિ મેળવ્યા તેમજ સ્વામીભાઇની ભકિતવિષે ઉદાયી રાજા આદિક મહાપુરૂષોએ આ પર્વનું આરાધન કરવાથી કેવા ઉત્તમ પ્રકારના લાભ મેળવ્યા વિગેરે અધિકાર આવે છે. અમાવાસ્યાથી સવારને સાંજ બે વખત કલ્પસૂત્ર વંચાય છે. તેનાં આઠ વ્યાખ્યાન અમાવાસ્યા પડવો–બીજ ને ત્રીજ સુધીમાં બે બે વખત થઇને આઠ વ્યાખ્યાન અને ભાદરવા સુદ ૪ બારસા વંચાય છે. એ નવમુ વ્યાખ્યાન. તેમાં પહેલામાં ધર્મસારથિ પદનો અધિકાર, બીજામાં ચાર સ્વપ્નનો, ત્રીજામાં બાકીના સ્વપ્નનો તથા તેના ફલ વિગેરેનો અધિકાર, ચોથામાં વીર ભગવાનનો જન્માધિકાર, પાંચમામાં દિક્ષા અધિકાર, છઠ્ઠામાં મોક્ષાધિકાર, સાતમામાં ત્રેવીશેજિનનો અધિકાર, આઠમામાં સ્થવિરાવલી એટલે આચાર્યોની પટ્ટપરંપરા અને તે કેવા પ્રભાવિક હતા તે સંબંધી અધિકાર આવે છે. નવમું વ્યાખ્યાન બારસાસૂત્ર પુરૂં

વાંચી કરવું. તેજ સાંજના સંવચ્છરી પ્રતિક્રમણ કરી સકલ જીવો સાથે ખમત ખામણાં કરવામાં આવે છે. આ સંબંધી ઘણોજ અધિકાર છે. પરંતુ અહીં તો સંક્ષેપથી સુચના માત્ર જાણવા લખેલ છે. વિશેષ જાણવાની ઇચ્છાવાલાએ ગ્રંથાતરોથી જાણી લેવું.

## અથ શ્રી પજુસણ પર્વનું સ્તવન.

[ આંખડીએરે મેં આજ શેત્રુંજો દીઠોરે. એ દેશી. ]

સુણજો સાજન સંત પજુસણ આવ્યાં રે ॥ તમે પુન્ય કરો પુન્યવંત ભવિક મન ભાવ્યાં રે ॥ વીર જીણેસર અતિ અલવેસર ॥ વહાલા મારા ॥ પરમેશ્વર એમ બોલે રે ॥ પર્વ માંહે પજુસણ મોહટાં, અવર ન આવે તોલે રે ॥ પજુ૦ । તુમે૦ ॥ ॥ ભ૦ ॥ ૧ ॥ ચૌ પગ માંહે જેમ કેશરી મોટો ॥ વા૦ ॥ ખગમાં ગરૂડ જિમ કહીએરે ॥ નદી માંહે જેમ ગંગા મોહટી જગમાં મેરૂ લહીએરે ॥ પજુ૦ ॥ ૨ ભૂપતિમાં ભરતેસર ભાખ્યો ॥ વા૦ ॥ દેવ માંહે સુરેંદ્રરે, તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે ॥ પજુ૦ ॥૩॥ દશરા દીવાલી ને હોલી ॥ વા૦ ॥ અખાત્રીજ દીવાસો રે ॥ બલેવ પ્રમુખ બહુલાં છે બીજાં પણ, એ મુક્તિનો વાસો રે ॥ પજુ૦ ॥ ૪ તે માટે અમર પલાવો ॥ વા૦ ॥ અઠ્ઠાઈ મહોત્સવ કીજે રે ॥ અઠ્ઠમ તપ અધિકાઇએ કરીને, નરભવ લાહો લીજે રે ॥ પજુ૦ ॥ ૫ ઢોલ દદામા ભેરી નફેરી ॥ વા૦ ॥ કલ્પસૂત્રને જગાવો રે ॥ ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવે રે ॥ પજુ૦ ॥૬॥ સોના રૂપાને ફુલડે વધાવો

॥ વા૦ ॥ કલ્પસૂત્રને પૂજોરે ॥ નવ વખાણ વિધીએ સાંભલતાં, પાપ મેવાશી ધ્રુજે રે ॥ પજુ૦ ॥ ૭ એ અઠાઈનો મહોત્સવ કરતાં ॥ વા૦ ॥ બહુ જીવ જગ ઉધર્યા રે ॥ વિબુધ સેવક એહથી નવ નિધિ ॥ ઋધિ સિદ્ધિ વર્યા રે ॥ પજુ૦ ॥ ૮ ઇતિ ॥

# મહાવીર સ્વામીનું પારણું

માતા ત્રિસલાએ પુત્ર રત્ન જાઇઓ, ચોસઠ ઇંદ્રનાં આસન કંપે સાર ॥ અવધિજ્ઞાને જોઇ ધાયો શ્રી જિનવીરને, આવે ક્ષત્રિય કુંડ નયર મઝાર ॥ માતા૦ ॥ ૧ ॥ વીર પ્રતિબિંબ મૂકી માતા કને, અવસરપિણી નિદ્રા દિએ સાર ॥ એમ મેરૂ શિખરે જિનને લાવે ભક્તિશું, હરિ પંચ રૂપ કરી મનોહાર ॥ માતા૦ ॥ ૨ ॥ એમ એમ અસંખ્ય કોટાકોટી મળી દેવતા, પ્રભુને ઓચ્છવ મંડાણે લઇ જાય; ॥ પાંડુક વન શિલાયે જિનને લાવે ભક્તિશું, હરિ અંગે થાપે ઇંદ્ર ઘણું ઉચ્છાય, માતા૦ ॥૩॥ એક કોડી સાઠ લાખ કળશે કરી, વીરનો સ્નાત્ર મહોચ્છવ કરે સાર ॥ અનુક્રમે વીર કુમરને લાવે જનની મંદિરે, દાસી પ્રિયવંદા જાએ તેણી વાર. ॥ માતા૦ ॥ ૪ ॥ રાજા સિદ્ધારથને દીધી વધામણી, દાસીને દાનને માન દીએ મનોહાર ॥ ક્ષત્રિયકુંડમાંહે ઓચ્છવ મંડાવીઓ, પ્રજાલોકને હરખ અપાર ॥ માતા૦ ॥ ૫ ॥ ઘર ઘર શ્રીફલ તોરણ ત્રાટક બાંધીઆં, ગોરી ગાવે મંગળ ગીત રસાળ ॥ રાજા સિદ્ધારથે જન્મ મહોચ્છવ કર્યો, માતા ત્રિસલા થઇ ઉજમાલ ॥ માતા૦ ॥ ૬ ॥ માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, ઝુલે લાડકડા પ્રભુજી આનંદભેર ॥

હરખી નીરખીને ઈંદ્રાણીયો જાએ વારણે, આજે આનંદ શ્રી વીરકુમરને ઘેર ॥ માતા૦ ॥ ૭ ॥ વીરના મુખડા ઉપર વારૂ કોટી ચંદ્રમા, પંકજ લોચન સુંદર વિશાળ કપોલ ॥ શુક ચંચુ સરખી દીસે નિર્મળ નાસિકા, કોમળ અધર અરૂણુ રંગ રોળ ॥ માતા૦ ॥ ૮ ॥ ઓષધિ સોવન મઢીરે શોભે હાલરે, નાજુક આભરણ સઘળાં કંચન મોતી-હાર ॥ કર અંગુઠો ધાવે વીર કુમાર હરખે કરી, કાંઈ બોલાવતાં કરે કીલકાર ॥ માતા૦ ॥ ૯ ॥ વીરને નિલાડે કીધો છે કુમકુમ ચાંડલો, શોભે જડિત મરકત દીસે મણીમાં લાલ ॥ ત્રિસલાયે જુગતે આંજી અણીયાલી બેઉ આંખડી સુંદર કસ્તુરીનું ટપકું કીધું ગાલ ॥ માતા૦ ॥ ૧૦ ॥ કંચન સોળે જાતનાં રત્ને જડીયું પાલણું, ઝુલાવતી વેળા થાયે ઘુઘરનો ઘમકાર, ત્રિસલા વિવિધ વચને હરખે ગાય હાલરૂં, ખેંચે કુમતીઆલી કંચનદોરી સાર ॥ માતા૦ ૧૧ ॥ મારો લાડકડો સરખા સંગે રમવા જશે, મનોહર સુખલડી હું આપીશ એહને હાથ ॥ ભોજન વેળા રમઝમ રમઝમ કરતો આવશે, હુંતો ધાઇને ભીડાવીશ હૃદયાસાથ ॥ માતા૦ ૧૨ ॥ હંસ કારંડવ કોકિલા પોપટ પારેવડાં, માંહી બપૈયાને સારસ ચકોર ॥ મેના મોર મેલ્યા રમકડાં સારસ તણા, ઘમઘમ ઘુઘરા બજાવે ત્રિસલા કિશોર ॥ માતા૦ ૧૩ ॥ મારો વીરકુમાર નિશાળે ભણુવા જાયશે, સાથે સજ્જન કુટુંબ પરિવાર ॥ હાથી રથ ઘોડા પાલાયે ભલું શોભીતું, કરી નિશાળ ગરણું અતિ મનોહાર ॥ માતા૦ ॥ ૧૪ ॥ મારા વીર સમાણી કન્યા સારી લાવશું, મારા કુંવરને પરણાવીશ મોટે ઘેર, મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે, મારો વીર કરશે સહાય લીલા લહેર ॥ માતા૦ ॥ ૧૫ ॥ માતા ત્રિ-

સલા ગાવે વીરકુમરનું હાલરૂં, મારો નંદન જીવજો કોટિ વરસ ॥ એતો રાજ રાજેસર થાશે ભલો દીપતો, મારા મનના મનોરથ પુરશે જગીશ ॥ માતા૦ ॥ ૧૬ ॥ ધન ધન ક્ષત્રિકુંડ ગામ મનોહરૂ, જિહાં વીરકુંવરનો જન્મ ગવાય ॥ રાજા સિદ્ધારથના કુલમાંહે દીનમણી, ધનધન ત્રિસલા રાણી જેહની માતા ॥ માતા૦ ૧૭ ॥ એમ સહીયર ટોળી ભોળી ગાવે હાલરૂં, થાશે મનના મનોરથ તેને ઘેર ॥ અનુક્રમે મહોદય[1] પદવી રૂપ વિજયપદ પામશે, ગાયે અમિઅ વિજય કહે થાશે લીલા લેહેર ॥ માતા૦ ॥ ૧૮ ॥

## મહાવીર સ્વામિનું પારણું.

ઝુલાવે માઇકુંવરને પારણે, વીરકુંવરને પારણે ઝુલાવે૦
રત્ન જડીત સોનેકા પારણા, દોરી જરીની જાલને. ઝુ૦ ૧
મણી મોંતીઅરકે ઝુમકે નીકે, ઘુઘરી ઘમક કારણે. ઝુ૦ ૨
રત્ન દામ શ્રીધામ ગંધક પર, કરે પ્રભુજી ખ્યાલને. ઝુ૦ ૩
મેનાં મોર શુક સારસ સુંદર, હરખ કુંવર પાલને. ઝુ૦ ૪
છપ્પનાદક્ કુંવરી હુલરાવે, બજાવે બજાવે તાલને. ઝુ૦ ૫
ત્રિશલા માતા આનંદિત હોવે, નીરખ નીરખબાળને. ઝુ૦ ૬
હંસ કહે પ્રભુ પારણે પોઢયા, જાણે જગત ગાલને. ઝુ૦ ૭

---

## ॥ અથ શ્રી વીરજીન ચઉદ સુપનનું સ્તવન. ॥

રાયરે સીધારથ ઘર પટરાણી, નામે ત્રિશલા સુલક્ષણી એ ॥ રાજ ભુવનમાંહે પલંગે પોઢંતાં, ચંઉદ સુપન રાણીયેં લહ્યાં એ ॥૧॥ પહેલેરે સુપનમેં ગયવર દીઠો, બીજે વૃષભ સોહામણો એ ॥ ત્રીજે સિંહ સુલક્ષણો દીઠો, ચોથે લખમી દેવતા એ ॥ ૨ ॥ પાંચમે પાંચ વરણની માલા, છઠે ચંદ્ર અમિય ઝરે એ ॥ સાતમે સૂરજ આઠમે ધ્વજા, નવમે કલશ

અમિય ભર્યો એ ॥ ૩ ॥ પદ્મ સરોવર દશમે દીઠો, ક્ષીર સમુદ્ર દીઠો અગ્યારમે એ ॥ દેવવિમાન તે બારમે દીઠું, રણઝણ ઘંટાવાજતાં એ ॥ ૪ ॥ રતનનો રાશિ તે તેરમે દીઠો. અગ્નિશિખા દીઠી ચઉદમે એ ॥ ચઉદ સુપન લહી રાણીજી જાગ્યાં, રાય સમોવડ પહોતલાં એ ॥ ૫ ॥ સુણો રે સ્વામી મેંતો સુહણલાં લાધાં, પાછલી રાત રલીયામણી એ ॥ રાયરે સિદ્ધારથ પંડિત તેડયા, કહો રે પંડિત ફલ એહનું એ ॥૬॥ અમ કુલમંડણ તુમ કુલદીવો, ધનરે મહાવોર સ્વામી અવતર્યો એ ॥ જે નર ગાવે તે સુખ પાવે, આનંદ રંગ વધામણાં એ ॥ ૭ ॥ ઇતિ ॥

---

## ॥ અથ શ્રી વીરજિન સ્તવન ॥

[ વિમલાચલ વેગેં વધાઓ એ દેશી ]

ચઉમાસી પારણું આવે, કરી વીનતિ નિજ ઘર જાવે ॥ પ્રિયાપુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવે રે ॥ મહાવીર પ્રભુ ઘરેં આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે ॥ મહા ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉભા શેરીયેં જલ છંટકાવે, જાઇ કેતકી ફુલ બીછાવે ॥ નિજઘર તોરણ બંધાવે, મેવા મિઠાઇ થાલ ભરાવે રે ॥ મહા૦ ॥ ૨ ॥ અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખીને રીઝે; ખટમાસી રોગ હરીજેં, સીજે દાયક ભવ ત્રીજેરે ॥ મહા૦ ॥ ૩ જિનવરની સનમુખ જાઉં, મુઝ મંદિરીયે પધરાવું ॥ પારણુ ભલી ભાંતે કરાવું, ચુગતેં જીનપૂજા રચાવું રે ॥ મહા૦ ॥ ૪ ॥ પછી પ્રભુને વોલાવા જઈશું, કરજોડીને સનમુખ રહીશું ॥ નમી

વંદીને પાવન થઇશું, વિરતિ અતિરંગે વહીશું રે ॥ મહા૦ ॥ ॥ ૫ ॥ દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું ॥ સત્યજ્ઞાન દિશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે ॥ મહા ॥ ૬ ॥ એમ જીરણ શેઠ વદંતા પરિણામની ધારેં ચઢંતા॥ શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિ. નાદ સુણંતા રે ॥ મહા૦ ॥ ૭ ॥ કરી આયુ પૂરણ શુભભાવેં, સુરલોકેં અચ્યુતે જાવે ॥ શાતાવેદની સુખ પાવે, શુભ વીર વચન રસ ગાવે રે ॥ મહા૦ ॥ ૮ ॥ ઇતિ ॥

# આસો માસ આંબેલની ઓળી.

આ પજુસણા પર્વ ગયા પછી આસો માસમાં આંબેલની ઓલીનો તપ આવે છે. આંબેલની ઓલી કરવાવાલાને આસો માસમાંથીજ ઓલી શરૂ કરવાની હોય છે. તે નવ આંબેળની ઓલી થાય છે આસો સુદ ૭ થી સુદ ૧૫ સુધી વિધિ વિધાન સહિત બે વખતના પ્રતિક્રમણ ત્રણ વખતના દેવવંદન–પડિલેહણ વિગેરે ક્રિયા સહિત કરવી જોઇએ. તેનો અધિકાર પ્રથમ ચૈત્રમાસની ઓલીમાં આવી ગયેલો છે ત્યાંથી જોઇ તેજ પ્રમાણે નવે દિવસની ક્રિયા કરી લેવી. અહીં ફરીથી તે લખતા નથી.

આ પ્રમાણે–બારે માસના મૂખ્ય મૂખ્ય પર્વ અધિકાર સમાપ્ત થાય છે.

—*—

## આનુપૂર્વી

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૨ | ૫ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૩ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૨ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૪ | ૩ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૨ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૨ | ૧ | ૪ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૩ |

૨૨

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૩ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

## ॥ શ્રી મહાવીર નિર્વાણ સઝાય પ્રારંભ ॥

આધારજહૂતોરે એક મુનેં તાહરોરે, હવે કુણ કરસ્યેરે સાર;
પ્રિતડી હુંતીરે પેહેલા ભવતણીરે, તે કિમ વિસરીરે જાય. આ૦૧
મૂઝને મેહેલ્યોરે ટલવલતો ઇહાંરે, નથી કોઇ આંસુ લુંછણહાર;
ગૌતમ કહીનેરે કોણ બોલાવસ્યેરે, કોણ કરસ્યે મોરી સાર. આ૦૨
અંતરજામીરે અણઘટતું કર્યુંરે, મુજને મોકલિયો ગામ;
અંતઃકાલેરે હું સમજ્યો નહીંરે, જે છેહ દેસ્યે મુજ આમ. આ૦૩
ગઈ હવે શોભારે ભરતના લોકનીરે, હું અજ્ઞાની રહ્યો છું આજ;
કુમતિ મિથ્યાત્વીરે જિમતિમ બોલસ્યેરે, કુણ રાખશ્યે માહરી
લાજ. આ૦ ૪
વલી શૂલપાણીરે અજ્ઞાની ઘણોરે, દીધું તુજનેરે દુઃખ;
કરૂણા આંણીરે તેહના ઉપરેંરે, આપ્યું બહોલુંરે સુખ. આ૦૫
જે અઇમત્તોરે બાલક આવીયોરે, રમતો જલસ્યુંરે તેહ;
કેવલ આપીરે આપસમો કિયોરે, એવડો સ્યો તસ નેહ. આ૦૬
જે તુજ ચરણે આવી ડંસીયોરે, કીધો તુજને ઉપસર્ગ;

સમતાવાળીરે તે ચંડકોસિયેરે, પામ્યો આઠમું સ્વર્ગ. આ૦ ૭
ચંદનબાલારે અડદના બાકુલારે, પડિલાભ્યા તુમને સ્વામ;
તેહને કીધીરે સાહૂણિમાં વડીરે, પહોંચાડી શિવધામ. આ૦ ૮
દિન છયાસીનારે માતપિતા હુવેરે, બ્રાહ્મણ બ્રાહ્મણી દોય;
શિવપુર સંગીરે તેહને તેં કર્યારે, મિથ્યા મલ તસ ધોય. આ૦૯
અર્જુનમાલીરે જે મહાપાતકીરે, મનુષ્યનો કરતો સંહાર;
તે પાપીને પ્રભુ તુમે ઉધર્યોરે, કરી તેહ સ્યું સુપસાય. આ૦૧૦
જે જલચારીરે હુતો દેડકોરે, તે તુમ ધ્યાન સુહાય;
સોહમવાસીરે તેં સુરવર કિયોરે, સમક્તિ કેરે સુપસાય. આ૦૧૧
અધમ ઉદ્ધર્યારે એહવા તેં ઘણાંરે, કહું તસ કેતાંરે નામ;
માહરે તાહરા નામનો આસરોરે,તે મુજ ફલસ્યેરે કામ. આ૦૧૨
હવે મેં જાણ્યુંરે પદ વીતરાગનુંરે, જોતેં ન ધર્યોરે રાગ;
રાગ ગયેથી ગુણ પ્રગટયા સવેરે, તે તુજ વાણી મહાભાગ. આ૦૧૩
સંવેગરંગીરે ક્ષપક શ્રેણે ચઢયારે, કરતા ગુણનો જમાવ;
કેવલ પામ્યારે લોકાલોકનારે, દેખે સઘલારે ભાવ. આ૦ ૧૪
ઈંદ્રે આવીરે જિનપદ થાપીયોરે, દેશનાદિયે અમૃતધાર;
પર્ષદા બોધિરે આતમ રંગથીરે, વરિયા શિવપદ સાર. આ૦ ૧૫

**ઇતિ શ્રી મહાવીર નિર્વાણ–સજ્ઝાય સમાપ્ત.**

---

# ॥ અથ તાવનો છંદ ॥

ૐ નમો આણંદપુર, આજેપાલરાજન;
અજયા માતા જનમીઓ, જવર તું કૃપાનિધાન. ૧

સાત રૂપ સગ તે હુઆ, કરવા ખેલ જગત્;
નામ ધરાવે જૂજૂઆ, પસર્યો તું ઇત્ત ઉતંગ. ૨
[1]એકાંતરો વેલાજ્વરો, ત્રીજો ચોથો નામ;
ઉષ્ણુશીત વિષમજ્વરો, એ સાતે તુજનામ. ૩
એ સાતે તુજનામ સુરંગા, ઝપતાં પૂરે કોડ ઉમંગા;
તે નામ્યા ઝેઝાલિમઝંગા, જગમાં વ્યાપી તુજ જસ ગંગા. ૪
તુજ આગે ભૂપતિ સોવ રંકા, ત્રિભુવનમાં માને તુજ ડંકા;
માને નહી તું કેહની શંકા, ત્રૂઠો આપે સોવન ટંકા. ૫
સાધક સિદ્ધતણા મદ મોડે, અસુર સુરા તુજ આગલ દોડે;
દુઠધીઠના કંધર ત્રોડે, નમી ચાલે તેહને તું છોડે. ૬
આવંતો થર હર કંપાવે, ડાહ્યાને તું જિમતિમ બકાવે;
પહિલો તું કેડમાંથી આવે, સો શીરખે પિણ શીત નજાવે. ૭
હીહી હુંકાર કરાવે, પાંસલીયાં હાડાં કકડાવે;
ઉનાળે પિણ અમલ ઝગાવે, તુંતોય પહરમાં મુતરાવે. ૮
આસો કાર્તિકમે તુજઝોરો, હઠયો ન માને ધાગોદોરો;
દેશ વિદેશ પડાવે શોરો, કરે સબલ તુંતો તોરે. ૯
તું હાથીનાં હાડાં ભાંજે, પાપીને તોડે કરપંઝો;
ભગતિવચ્છલ જો ભગતને રંજે. તો સેવકને કોઇ ન ગંજે. ૧૦
ફોડે તું ડમરૂંડાકં, સુરપતિ સરિખા માને હાકં;
ધમકે ધ્રોસટ ધીંગડ ધ્રાકં, ચડતો ચાલે ચંચલ ચાકં. ૧૧
પિશુનપછીડન નહી કોથી, તુજ જસ બોલ્યા ઝાયે ન કેથી;
મેહેર કરી અલગા રહો મોથી, આડ ખેલ કરો છો થોથી. ૧૨

---

૧ આ ગાથા બરાબર અર્થથી ઘટી શકતી નથી.

ભકતથકી એવડી કાં બેડો, અવલ અમીના છાંટારેડો;
લાખ ભગતો એહની વેડો, મહારાજા મુકો મુજ કેડો. ૧૩
લાજવસ્યેોનાં અજયારાંણી, ગુરૂ આણા માંનો ગુણ ખાંણી;
ઘરે સિધાવો કરૂણા આણી, કહુ છું નાકે લીટી તાંણી. ૧૪
મંત્ર સહિત છંદએ જપસ્યે, તેહ ને તાવ કદી નહી ચડશે;
કંતિ કલાને દેહનીરોગં, લહસ્યે લીલા લક્ષ્મી ભોગં. ૧૫

### કલશ

ૐ જે નમો ધુરિઆદિ બીજ ગુરૂ નામ વદેજે;
આનંદ પુર અવનીશ અજયપાલ અખીજે,
અજયા જાતઅહાર ચાચાસા તે બેટા, એહઝઝપતા જાપ;
ભકિત સુ ન કરે ભેટા, ઉતરે અંગ ચઢીયા.
અચલ મહી તારી વચણે મુદા,
કહે કાંતિ રોગ નાવે કદા; સોળ મંત્ર જપેજે સદા. ૧૬

ઇતિ સર્વજવરહર છંદ પઠિતસિદ્ધિ.

શ્રી વિનયવિજયજી કૃત.

# અથ શ્રી આદિ જિનને વિનતિ.

પામી સુગુરૂ પસાયરે, શેત્રુંજા ધણી, શ્રીરીસહેસરત્રીનવુંએ, ૧
ત્રીભવન નાયક દેવરે, સેવક વીનતિ; આદીશ્વર અવધારીએ એ. ૨
શરણે આવ્યો સ્વામીરે, હું સંસારમાં,વીરૂએ વયરીએ નડયો,એ૩
તારી તારી મુજ તાતરે,વાત કીસી કહું;ભવી ભવીએ ભાવઠ તણી.એ૪
જનમ મરણ જંજાળરે,બાળ તરૂણપણું;વળીવળી જરા દહે ઘણું.એ૫
કીમે ન આવ્યો પારરે;સાર હવે સ્વામી,શે ન કરો એક માહરી.એ૬
તાર્યા તુમે અનંતરે, સંત સુગુણ વળી; અપરાધી પણ ઉધર્યા.એ.૭
તો એક દીનદયાળરે, બાળ દયાંમણો; હું શા માટે વીસર્યો.એ.૮
જે ગીરૂઆ ગુણવંતરે, તારો તેહને,તે માંહિ અચરીજ કીશું.એ૯
જે મુજ સરિખો દીનરે,તેહને તારતાં;જગ વીસ્તરશે જશ ઘણો. એ
આપદ પડીયો આજરે, રાજ તુમારડે;ચરણે હું આવ્યો વહી.એ.૧૧
મુજ સરિખો કોઇ દીનરે,તુજ સરિખો પ્રભુ;જોતાં જગ લાભે નહિં એ૦
તુંહે કરૂણા સીંધુરે, બંધુ ભુવન તણો; ન ઘટે તુમ ઊવેખવું.એ.૧૩
તારણહારો કોઈરે, જો બીજો હોય; તો તુમ્હને શાને કહું એ૧૪
તુંહિજ તારીશ નેટરે,પહેલાં ને પછે;તો એવડી ગાઢિમ કિસી.એ૧૫
આવી લાગ્યો પાયરે,તે કિમ છુટશે;મન મનાવ્યા વિણ હવે એ.૧૬
સેવક કરે પોકારરે,બાહીર રહ્યા જશે;તે સાહિબ શોભા કિસી.એ. ૧૭
અતુળ બળ અરિહંતરે,જગને તારવા;સમરથ છો સ્વાંમી તુમે.એ.૧૮
શું આવે છે જોરરે, મુજને તારતાં; કે ધન બેસે છે કીશું એ.૧૯
કેહેશો તુમે જિણંદરે,ભક્તિ નથી તેહવી;તોતે ભક્તિ મુજને દીયો. એ

વળી શો ભગવંતરે,નહિં તુજ જોગતા;હમણાં મુગાત જાવાતણી. એ
જોગતા તે પણ નાથરે,તુમહીજ આપશો; તો તે મુજને દીજીએ. એ
વળી કેહેશો જગદીશરે,કરમ ઘણાં તાહરે;તો તેહિજ ટાળો પરાં. એ
કર્મ અમારાં આજરે,જગપતિ વારવા;વળી કુંણ બીજો આવશે.એ૨૪
વળી જાણો અરિહંતરે, એહને વિનતિ;કરતાં આવડતી નથી એ૨૫
તો તેહજ મહારાજરે, મુજને શીખવો;જીમ તે વિધિ શું વીનવું, એ
માયતાય વીણ કુણરે, પ્રેમે શીખવે, બાળકને કહો બોલવું.એ.૨૭
જો મુજ જાણો દેવરે,એહ અપાવન;ખરડયો છે કલી કાદવે. એ. ૨૮
કિમ લેઊ ઓછંગરે; અંગ ભર્યું એહનું;વિષયકષાય અશૌચ શ્યું.એ
તો મુજ કરો પવિત્રરે,કહો કુણ પુત્રને;વીણ માવિત્ર પંખાળશે એ૩૦
કૃપા કરી મુજ દેવરે,ઇહાં લગે આંણીઓ, નરકનીગોદાદિક થકી. એ
આવ્યો હવે હજુરરે, ઉભો થઇ રહ્યો; સાંમું શે જુવો નહિ. એ.૩૨
આડો માંડા આજરે; બેઠો બારણે,માવિત્ર તુમ્હે મનાવશો.એ.૩૩
તુમે છો દયા સમુદ્રરે;તો મુજને દેખી,દયા નથી શે આંણતા.એ૩૪
ઉવેખશ્યો અરિહંતરે,જો આણીવેળા;તો માહરી શી પરી થશે.એ૩૫
ઉભા છે અનેકરે, મોહાદિક વયરી;છળ જુએ છે માહરા. એ.૩૬
તેહને વારો વેગેરે, દેવ દયા કરી; વળી વળી શું વિનવું.એ.૩૭
મરૂદેવ નિજ માયરે, મોકલી ગજ બેસારી મુગતિમાં. એ.૩૮
ભરતેસર નિજ નંદરે, કીધો કેવળી; આરિસાઅવલોકતાં. એ.૩૯
અઠાંણું નિજ પુત્રરે, પ્રતિબોધ્યા પ્રેમે; ઝુઝ કરંતાં વારીયા.એ.૪૦
બાહુબલને નેટરે, નાણ કેવળ તુમેં; સ્વામી સામું મોકલ્યું.એ.૪૧
ઇત્યાદિક અવદાતરે,સઘળા તુમ તણા;હુ જાણું છું મુળગા.એ.૪૨
માહરી વેળા આજરે,મૌન કરી બેઠા ઉતરશેં આપો નહિં.એ૪૩

વીતરાગ અરિહંતરે,સમતા સાગરૂ;માહારાં તાહારાં શું કરો. એ૪૪
એકવાર માહારાજરે, મુજને સનમુખે;બોલાવો સેવક કહી.એ૪૫
એટલે સિધ્યાં કાજરે, સઘળાં માહરા.મનના મનોરથ સવિ ફળ્યા.એ
ખમજ્યો મુજ અપરાધરે,આસંગો કરી;અસંમજસ જે વિનવું એ૪૭
અવસર પાંમી આજરે,જો નવી વીનવું તો પસ્તાવો મન રહે.એ૪૮
ત્રિભુવન તારણહારરે, પુણ્યે માહરે; એકાંતે આવી મીલ્યો.એ.૪૯
બાળક બોલે બોલરે, જે અવિગતપણે, માયતાયને તે રૂચે.એ.૫૦
નયણે નીરખ્યો નાથરે,નાભિ નરીંદનો;નંદન નંદનવનજીશો.એ૫૧
મરૂદેવી ઉરહંસરે, વંશઇખ્ખાગનો, સોહાકાર સોહામણો. એ.૫૨
માયતાય પ્રભુ મિત્રરે,બંધવ માહરો;જીવ જીવન તું વાલહો.એ૫૩
અવરનકો આધારરે,ઇણે જગતુજવિના;આણ શરણ તું મુજ ધણી. એ
વળી વળી કરૂં પ્રણાંમરે, ચરણે તુમતણે;પરમેશ્વર સનમુખ જુવો. એ
ભવે ભવે તુમ પાય સેવરે,સેવકને દેજ્યો;હું માગું છું એટલું.એ૫૬
શ્રી કિર્તિવિજયઉવજઝાયરે, સેવક ઇણીપેરે; વિનય વિનય ધરી
વિનવે. એ.૫૭

---

## અંતસમયની આરાધના.

મુજને ચાર સરણાં હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી;
કેવળી ધર્મ પ્રકાશીઓ, રત્ન અમુલખ લાધ્યુંજી. ૧

ચઉગતિ તણાં દુખ છેદવા, સમરથ સરણાં એહોજી;
પૂર્વે મુનિવરજે હુવા, તેણે શરણાં કીધાં તે હોજી. ૨

સંસાર માંહે જીવને, સમરથસરણાં ચારોજી,
ગણી સમયસુંદર એમ ભણે, કલ્યાણ મંગળકારોજી. ૩

૨

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મનધરી પરમવિવેકોજી;
મિચ્છામિ દુક્કડં દીજીએ, જીન વચને લહીએ ટેકોજી. લા૦૧
સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દશ ચૌદ વનના ભેદોજી;
ષટ વિગલ સુર તિરિ નારકી, ચઉ ચઉદે નરના ભેદોજી.લા૦૨
મુજ વૈર નહી કેહ શું, સા સૌ મિત્ર સ્વભાવોજી;
ગણિ સમયસુંદર એમ કહે, પામીએ પુન્ય પ્રભાવોજી. લા૦ ૩

૩

પાપ અઢાર જીવ પરિહરો, અરિહંત સિદ્ધની શાખેજી;
આલોયાં પાપ છુટીએ, ભગવંત એણીપરે ભાખેજી. પાપ૦ ૧
આશ્રવ કષાય દોય બંધવા, વળી કલહ અભ્યાખ્યાનોજી;
રતિઅરતિ પૈશૂન્ય નિંદના, માયામોસ મિથ્યાતોજી પાપ૦ ૨
મનવચન કાયાએ જે કર્યાં, મિચ્છામિ દુક્કડં તે હોજી;
ગણિસમયસુંદર એમ કહે,જૈનધર્મનો મર્મ એહોજી. પાપ૦ ૩

૪

ધન્ય ધન્ય તે દિન મુજ કયારે હોશે,હું પામીશ સંજમ સુધ્ધોજી;
પૂર્વે ઋષિપંથે ચાલશું, ગુરૂવચન પ્રતિ બુદ્ધોજી. ધન્ય૦ ૧
અંત પ્રાંતભિક્ષા ગોચરી, રણવને કાઉસગ્ગ લહીશુંજી;
સમતા શત્રુમિત્ર ભાવે ભાવશું, સમ્યક્ શુદ્ધો ધરશુંજી. ધન્ય૦૨
સંસારના સંકટ થકી, હું છુટીશ જીનવચને અવતારોજી;
ધન્ય ધન્ય સમયસુંદર તે ઘડી તો, હું પામીશ ભવનો
પારોજી. ધન્ય ૩

## ॥ અથ પદ્માવતી આરાધના પ્રારંભ ॥

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે;
જાણપણું જગ તે ભલું, ઈણ વેલા આવે. ૧

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખ;
જે મેં જીવ વિરાધિયા, ચઉરાશી લાખ. તે મુજ૦ ૨

સાત લાખ પૃથ્વીતણા, સાતે અપકાય;
સાત લાખ તેઉ કાયના, સાતે વાઉકાય. તે મુજ૦ ૩

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બીત્રિ ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર. તે મુજ૦૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે મુજ૦ ૫

ઇણભવે પરભવે સેવિયાં, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે મુજ૦ ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે મુજ૦ ૭

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયા, વલી રાગ ને દ્વેષ. તે મુજ૦ ૮

કલહ કરી જીવ દૂહવ્યા, દીધાં કૂડાં કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક. તે મુજ૦ ૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો;
કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોંસો. તે મુજ૦૧૦

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે મુજ૦ ૧૧

કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક જબ્બે કીયા, કીધાં પાપ અઘોર. તે મુજ૦૧૨

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જલવાસ;

ધાવર ભીલ કોલી ભવે, મૃગ પાડયા પાશ. તે મુજ૦ ૧૩

કોટવાલને ભવે મેં કીયા, આકરા કરદંડ;
બંદીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે મુજ૦ ૧૪

પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે મુજ૦ ૧૫

કુંભારને ભવે મેં કીયા, નીમાહ પચાવ્યા;
તેલી ભવે તિલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા. તે મુજ૦૧૬
હાલી ભવે હલ ખેડીયાં, ફાડયાં પૃથ્વીનાં પેટ;
સુડ નિદાન ઘણાં કિધાં, દીધાં બળદ ચપેટ. તે મુજ૦ ૧૭

માળીને ભવે રોપિયા, નાનાવિધ વૃક્ષ;
મૂલ પત્ર ફલ ફુલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે મુજ૦ ૧૮

અધોવાઈયાને ભવે, ભર્યા અધિક ભાર;
પોઠો પુંઠે કીડા પડયા, દયા નાણી લગાર. તે મુજ૦૧૯

છીપાને ભવે છેતર્યા, કીધાં રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાતુવાદ અભ્યાસ. તે મુજ૦૨૦

શુરપણે રણ જુઝતાં, માર્યા માણસવૃંદ;
મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂલને કંદ. તે મુજ૦૨૧

ખાંણ ખણાવી ધાતુની, વળી પાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતિઘણા, પોતે પાપજ સંચ્યાં તે મુજ૦ ૨૨

કર્મ અંગાર કીયા વલી, ઘરમેં દવ દીધા;
સમ ખાધા વીતરાગના, કુડા કોસજ કીધા. તે મુજ૦ ૨૩

બલ્લીભવે ઉંદર લીયા, ગરોલી હત્યારી;
મૂઢ ગમાર તણે ભવે, મેં જુ લીખ મારી. તે મુજ૦૨૪

ભાડભુંજા તણે ભવે, એકેંદ્રિય જીવ;
જવારિ ચણા ગહૂં શેકિયા, પાડંતા રીવ. તે મુજ૦ ૨૫
ખાંડણ પીસણ ગારના , આરંભ અનેક;
રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ અધિક. તે મુજ૦ ૨૬
વિકથા ચાર કીધી વલી, સેવ્યાં પાંચ પ્રમાદ;
ઇષ્ટવિયોગ પાડયા કિયા, રૂદન વિખવાદ. તે મુજ૦ ૨૭
સાધુ અને શ્રાવક તણાં, વ્રત લેઇને ભાગ્યાં;
મૂલ અને ઉત્તર તણાં, મુઝ દૂષણ લાગ્યાં. તે મુજ૦ ૨૮
સાપ વીંછી સિંહ ચીવરાં, શકરાને સમલી;
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબલી. તે મુજ૦ ૨૯
સુવાવડી દુષણ ઘણાં, વળી ગર્ભ ગલાવ્યા:
જીવાણી ઘોળ્યાં ઘણાં, શીલ વ્રત ભંજાવ્યાં. તે મુજ૦ ૩૦
ભવ અનંત ભમતા થકા, કીધાં દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં, તીણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૧
ભવ અનંત ભમતાં થકાં, કીધાં પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસરૂં, તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૨
ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુમ્બ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં,તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૩
એણિ પરે ઇહ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં,કરૂં જન્મ પવિત્ર. તે મુજ૦ ૩૪
એણી વિધે એ આરાધના, ભાવે કરશે જેહ;
સમય સુંદર કહે પાપથી, વલી છુટશે તેહ. તે મુજ૦ ૩૫
રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાલ;
સમયસુંદર કહે પાપથી, છુટે તતકાલ. તે મુજ૦ ૩૬

# પુણ્ય પ્રકાશનું સ્તવન.

( દુહા )

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીશે જીનરાય;
સદ્‌ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણુમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨
એક દિન વીર જીણંદને, ચરણે કરી પ્રણામ;
ભાવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩
મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪
અતિચાર આળોઇએ, વ્રત ધારીએ ગુરૂ શાખ;
જીવ ખમાવો સયળ જે, યોનિ ચોરાસી લાખ. ૫
વિધિશું વળી વોસરાવિએ, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરતિ આચાર. ૬
શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ;
અણુસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭
શુભ ગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર. ૮

## ઢાળ ૧ લી.

[ કુમતિએ છેડી કીહાં રાખી—એ દેશી. ]

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર;
એહ તણા એહ ભવ પરભવના, આલોઈએ અતિચારરે પ્રાણી.
જ્ઞાન ભણો ગુણ ખાણી; વીર વદે એમ વાણીરે પ્રા૦ ૧ આંકણી
ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનય, કાળે ધરી બહુમાન;

સૂત્ર અરથ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા૦ જ્ઞા૦ ૨
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાલીરે પ્રા૦ જ્ઞા૦ ૩
ઇત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ જ્ઞા૦ ૪
પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે. પ્રા૦ સ૦
જીનવચને શંકા નાવ કીજે, નવિ પરમત અભિલાખ;
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ સ૦ ૫
મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ;
સામીને ધરમે કરી થીરતા, ભક્તિ પરભાવના કરીએરે પ્રા૦ સ૦ ૬
સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે; અવર્ણવાદ મન લેખો;
દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા૦ સ૦ ૭
ઇત્યાદિક વિપરીતપણાથી, સમક્તિ ખંડયું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે પ્રા૦ સ૦ ૮
પ્રાણી ચારિત્ર લ્યો ચત્ત આણી.
પંચ સમિતિ ત્રણે ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુ તણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે પ્રા૦ ચા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક જે આઠે, પ્રવચન માય ન પાળીરે. પ્રા૦ ચા૦ ૧૦
*ઇત્યાદિક વિપરીત પણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ;*
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા૦ ચા૦
બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે શક્તિ શક્તે;
ધર્મે મન વચ કાયા વિરજ, નવિ ફોરવીયું ભગતેરે. પ્રા૦ ચા૦ ૧૨
તપ વિરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા૦ ચા૦૧૩

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ;
વીર જીણેસર વયણ સુણીને, પાપ મેલા સવી ધોઇએરે.
પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી. ૧૪

## ઢાળ ૨ જી.

[ પામી સુગુરૂ પસાય. એ દેશી ]

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાએ. ૧
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખોડીયાં; કુવા તળાવ ખણાવીયાએ.૨
ઘર આરંભ અનેક, ટાંકાં ભુઈરાં; મેડી માળ ચણાવીઆએ. ૩
લીંપણ ગુંપણ કાજ, એણી પરે પરપરે; પૃથ્વીકાય વિરાધીયારે. ૪
ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાયા છોતિ ધોતિ કરી દુહવ્યાએ.૫
ભાઠીગર કુંભાર, લોહ સુવનગર; ભાડભુંજા લીહા લાગરાએ. ૬
તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ; રંગણ રાંધન રસવતીએ. ૭
એણી પરે કર્માદાન, પરે પરે કેલવી; તેઉ વાયુ વિરાધીયાએ. ૮
વાડી વન આરામ, વાવી વનસ્પતિ; પાન ફુલ ફળ ચુંટીયાએ. ૯
પાંક પાપડી શાક, શેકયાં સુકવ્યાં; છેદ્યા છુંદ્યા આથીયાંએ. ૧૦
અળશી ને એરંડા ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ. ૧૧
ઘાલી કોલુ માંહે, પીલી સેલડી, કંદમૂળ ફળ વેચીયાંએ. ૧૨
એમ એકેંદ્રી જીવ, હણ્યા હણાવીયા; હણતાં જે અનુમોદિયાએ.૧૩
આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે; તે મુજ મિચ્છામિદુક્કડંએ.૧૪
કૃમી સરમીયા કીડા, ગાડર ગંડોલા. ઇઅળ પુરાને અલશીયાંએ.૧૫
વાળા જળો ચુડેલ,વિચલિત રસ તણા; વળી અથાણાં પ્રમુખનાંએ.૧૬
એમ બેઈંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડંએ.૧૭
ઉધેહી જુલીખ, માંકડ મંકોડા; ચાંચડ કીડી કંથુઆએ. ૧૮
ગદ્ધૈઆં ઘીમેલ, કાનખજુરીઆ, ગીંગોડા ધનેરીયાંએ. ૧૯

એમ તેઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૨૦
માખી મચ્છર ડાંસ, મસા પતંગીયા; કંસારી કોલિયા વડાએ. ૨૧
ઢીંકુણ વિછુ તીડ, ભમરા ભમરીઓ, કોતાં બગ ખડમાંકડીએ, ૨૨
એમ ચૌરિંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડં એ.૨૩
જળમાં નાંખી જાળરે, જળચર દુહવ્યા; વનમાં મૃગ સંતાપીયાએ.૨૪
પીડયા પંખી જીવ, પાડી પાસમાં પોપટ; ઘાલ્યા પાંજરે એ. ૨૫
એમ પંચેંદ્રી જીવ, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડં એ.૨૬

## ઢાળ ૩ જી.

[ વાણી વાણી હિતકારીજી, એ દેશી. ]

ક્રોધ લોભ ભય હાસથીજી, બોલ્યાં વચન અસત્ય;
કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે; જીનજી મિચ્છામિ
દુક્કડં આજ,
તુમ સાખે મહારાજરે, જીનજી દેઈ સારૂં કાજરે;
જીનજી મિચ્છામિ દુક્કડં આજ ॥ એ આંકણી ॥ ૧
દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મથુન સેવ્યાં જેહ;
વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહરે. જીનજી. ૨
પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ;
જે જિહાં તે તિહાં રહ્યુંજી, કોઇ ન આવે સાથરે. જીનજી. ૩
રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ;
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે. જીનજી. ૪
વ્રત લેઇ વિસારીયાંજી; વળી ભાંગ્યાં પચ્ચખાણ;
કપટ હેતુ કિરીયા કરીજી, કીધાં આપ વખાણરે. જીનજી. ૫
ત્રણ ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર;

શિવ ગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે;
જીનજી મિચ્છામિ દુક્કડં આજ. ૬

## ઢાળ ૪ થી.

[ સાહેલડીજી. એ દેશી. ]

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચાર તો. ૧
વ્રત લીધાં સંભારીએ સા૦ હૈડે ધરિયે વિચાર તો;
શિવગતિ આરાધન તણો સા૦ એ બીજો અધિકાર તો. ૨
જીવ સવે ખમાવીએ સા૦ યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં સા૦ કોઇશું રોષ ન રાખ તો. ૩
સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઇ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કાજે જન્મ પવિત્ર તો. ૪
સ્વામિ સંઘ ખમાવીએ સા૦ જે ઉપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦ એ જિનશાસન રીતિ તો. ૫
ખમીએ ને ખમાવીએ સા૦ એહજ ધર્મનું સાર તો;
શિવગતિ આરાધન તણો સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬
મૃષાવાદ હિંસા ચોરી સા૦ ધનમૂરછા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહ ન કીજીએ સા૦ કુડા ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા મોહ જંજાળ તો. ૮
ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ સા૦ પાપસ્થાન અઢાર તો;
શિવગતિ આરાધન તણો સા૦ એ ચોથો અધિકાર તો. ૯

## ઢાળ ૫ મી.

[ હવે નિસુણો ઈહાં આવીયા એ, એ દેશી. ]

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨
અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધન તણોએ, એ પાંચમે અધિકાર તો. ૩
આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કઇ લાખ તો;
આત્મા સાખે તે નિંદીએ એ, પડિકમિએ ગુરૂ સાખ તો. ૪
મિથ્યામતિ વર્તાવિયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫
ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરટી હળ હથિયાર તો;
ભવ ભવ મેલી મૂકીયાંએ, કરતાં જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો;
જનમાંતર પોહોંત્યા પછી એ, કોણે ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યા એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણી હૃદય વિવેક તો. ૮
દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

## ઢાળ ૬ ઠ્ઠી.

[ આઘે તું જોયને જીવડા, એ દેશી. ]

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ;
દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધ૦ ૧

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;
જુગતે જીનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીર્ણોદ્ધાર જિન ચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર. ધન૦ ૩
પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪
ધર્મ કાજ અનુમોદિએ. એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ. ધન૦ ૬
સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્ય કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

## ઢાળ ૭ મી.

[ રૈવતગીરી હુઆ પ્રભુના ત્રણ કલ્યાણ એ દેશી. ]

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર,
અણસણ આદરિયે, પચ્ચખી ચારે આહાર;
લલુતા સવિ મુકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧
ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક,

પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક;
દુલહો એ વળી વળી, અણુસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણુસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મુકો, શિવસુખ ફળ સહકાર;
એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો; ચૌદ પુરવનું સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરિખો, મંત્ર ન કોઈ સાર,
એહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જયું ભીલ ભીલડી, રાજા રાણી થાય;
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય;
રાણી રત્નવતી એહુ, પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ૬

શ્રીમતીને એ વલી, મંત્ર ફલ્યો તત્કાલ,
ફણીધર ફીટીને પ્રગટ થઇ ફુલમાળ;
શિવકુમારે જોગી, સોવન પુરીસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વીર જીણેસર ભાખ્યો,
આરાધન કેરો વિધિ, જેણે ચિત્ત માંહિ રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાખ્યો,
જીન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

## ઢાળ ૮ મી.

( નમો ભવિ ભાવશું. એ દેશી. )

સિદ્ધારથ રાજા કુળ તિલોએ, ત્રિશલા માત મલ્હારતો;
અવનિતલ તમે અવતર્યા એ, કરવા અમ ઉપકારતો;
જયો જીન વીરજીએ ૧
મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પારતો;
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તારતો. જયો૦ ૨
આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજતો. જયો૦ ૩
કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાલતો;
હું છું એહથી ઉભગ્યો એ, છોડવ દેવ દયાળ તો. જયો૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલતો;
તુઠો જિન ચોવીશમો એ, પ્રગટયાં પુન્ય કલ્લોલ તો. જયો૦ ૫
ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીયે એ, બોધિ બીજ સુપસાયતો. જયો૦ ૬

### કળશ.

ઇહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો;
શ્રી વીર જીનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો. ૧
શ્રી વિજય દેવ સુરીંદ પટધર, તિરથ જંગમ એણી જગે;

તપ ગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨
શ્રીહીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિ વિજય સુરગુરૂ સમો;
તસ શિષ્ય વાચક વિનય વિજયે થુણ્યો જીન ચોવીશમો. ૩
સયસતર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસએ;
વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪
નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુણ્યપ્રકાશ. એ ૫

પુણ્ય પ્રકાશનું સ્તવન સંપૂર્ણ

---

# સોલ મહાસતીના માંગલિક છંદ.

આદિનાથ આદે જિનવર વંદી, સફલ મનોરથ કીજિ એ;
પ્રભાતે ઉઠી માંગલિક કામે, સોલ સતીનાં નામ લીજિયે એ. ૧

બાલ કુમારી જગ હિતકારી, બ્રાહ્મ ભરતની બેહેનડી એ;
ઘટઘટ વ્યાપક અક્ષરરૂપે, સોલ સતીમાં જેહ વડી એ. ૨

બાહુબલ ભગિની સતીય શિરોમણ, સુંદરી નામે ઋષભસુતાએ;
અંકસ્વરૂપો ત્રિભુવનમાંહે, જેહ અનુપમ ગુણજુતા એ. ૩

ચંદનબાલા બાલપણાથી, શીયલવતી શુદ્ધ શ્રાવિકાએ;
અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકા એ. ૪

ઉગ્રસેન ધુઆ ધારિણીનંદિની, રાજીમતી નેમ વલ્લભા એ;
જોબન વેશે કામને જીત્યો, સંયમ લેઇ દેવદુલ્લભા એ. ૫

પંચ ભરથારી પાંડવનારી, દ્રુપદ તનયા વખાણીએ એ;
એકસો આઠે ચીર પૂરાણાં, શીયલમહિમા તસ જાણીએ એ. ૬

દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુલચંદ્રિકા એ;
શીયલસલુણી રામજનેતા, પુણ્યતણી પરનાલિકાએ ૭

કૌશંબિક ઠામે શંતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીઓ એ;
તસ ઘર ઘરણી મૃગાવતી સતી, સુર ભુવને જસ ગાજીયો એ. ૮

સુલસા સાચી શીયલે ન કાચી, રાચો નહિ વિષયારસે એ,
મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસે એ. ૯

રામ રઘુવંશી તેહની કામિની, જનક સૂતા સીતા સતી એ;
જગ સહુ જાણે ધીજ કરંતાં, અનલ શીતલ થયો શીયલથી એ, ૧૦

કાચે તાંતણે ચાલણી બાંધી, કૂવા થકી જલ કાઢીયું એ,
કલંક ઉતારવા સતી સુભદ્રાએ, ચંપા બાર ઉઘાડીયું એ. ૧૧

સુરનરવંદિત શીયલ અખંડિત, શિવા શિવપદ ગામિની એ;
જેહને નામે નિર્મલ થઈએ, બલિહારી તસ નામની એ. ૧૨

હસ્તિનાગપુરે પાંડુરાયની, કુંતા નામે કામિની એ;
પાંડવ માતા દસે દશાર્હની બ્હેન પતિવ્રતા પદ્મિની એ. ૧૩

શીલવતી નામે શીલવ્રત ધારિણી, ત્રીવિધે તેહને વંદિયે એ;
નામ જપંતા પાતક જાયે, દરસણદૂરિત નિકંદીએ એ. ૧૪

નિષધાનગરે નલહ નરીંદની, દમયંતી તસ ગેહિની એ;
સંકટ પડતાં શીયલજ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ. ૧૫

અનંગ અજીતા જગજન પૂજીતા, પુષ્પચુલાને પ્રભાવતી એ;
વિશ્વ વિખ્યાતા કામિતદાતા, સોલમી સતી પદ્માવતી એ. ૧૬

વીરે ભાખી શાસ્ત્રે શાખી, ઉદયરતન ભાખે મુદા એ;
વાહાણું વાતાં જે નર ભણશે, તે લેશે સુખ સંપદા એ. ૧૭

## અથ એકાદશ ગણધરનું પ્રભાતીયું.

ચાલોને પ્રીતમજી પ્યારા શેત્રુંજે જઇયે એ દેશી. ]

પ્રભાતે ઉઠીને ભવિકાગણધરવંદો ॥ ગણધરવંદોરે ભવિકા
ગણધરવંદો ॥ પ્રભા૦ ॥

ઇંદ્રભૂતિ નામેપહેલા ગણધર, જીવનો સંદેહ ॥
અગ્નિભૂતિને કર્મનો સંદેહ, નમિયેગુણગેહ ॥ પ્રભા૦ ૧ ॥

જીવ શરીર બે એક જ માને, વાયુભૂતિ નામે ॥
ગૌતમગોત્ર સહોદર ત્રણે, પ્રણમો પુન્યકામે ॥ પ્રભા૦ ૨ ॥

ચોથાગણધર વ્યક્તજી વંદો, સર્વ શુન્ય માને ॥
આ ભવ પરભવ સરખો થાપે, સુધર્મા અભિધાને ॥ પ્ર૦૩ ॥

મંડિતગણપતિ છઠ્ઠારે જિનના, બંધ મોક્ષ ટાલે ॥
મૌર્યપુત્રને દેવનો સંદેહ, હૈયામાં સાલે ॥ પ્રભા૦ ૪ ॥

નારકી જગમાં નજર ન આવે, અકંપિત બોલે ॥
અચલભ્રાતજી પૂન્યપાપ દો, સંશયમાં ડોલે ॥ પ્રભ૦ ૫ ॥

મેતાર્યને પરભવશંકા, ગણપતિ પ્રભાસ ॥
મોક્ષ ઘટે નહિં યુકિત કરતાં,આવ્યા પ્રભુ પાસ. ॥ પ્રભ૦ ૬ ॥

સંદેહ ભાખી યુક્તિ દેખાડે, જિનવર મહાધીર ॥
કેવળનાંણી પ્રભુને વાંદી, બુજ્યા મહાધીર ॥ પ્રભા૦ ૭ ॥

ચૌઆલીશસેં બ્રાહ્મણ સાથે, લેઇ શ્રમણ દીક્ષા ॥
પામે એકાદશ પ્રભુ પાસે, ત્રિપદીની શિક્ષા. ॥ પ્રભા૦ ૮ ॥

દ્વાદશાંગી રચે સઘલા ગણધર, કરે જિનવર સેવા ॥
ઉત્તમ ગુરૂપદપદ્મ નમતાં, લહીયે શિવમેવા ॥ પ્રભા૦ ૯ ॥

# શ્રી વીશ સ્થાનક તપ-વિધિ.

| ક્રમ | વીશ-પદનાંનામો. | નવકારાવલી | કાઉસ્ગ્ગના લોગસ્સ | ખમાસમણ | પ્રદક્ષિણા |
|---|---|---|---|---|---|
| ૧ | નમો અરિહંતાણં | ૨૦ | ૨૪ | ૨૪ | ૨૪ |
| ૨ | ,, સિદ્ધાણં | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૫ |
| ૩ | ,, પવયણસ્સ | ૨૦ | ૪૫ | ૪૫ | ૪૫ |
| ૪ | ,, આયરિયાણં | ૨૦ | ૩૬ | ૩૬ | ૩૬ |
| ૫ | ,, થેરાણં | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૬ | ,, ઉવજ્ઝાયાણં | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ |
| ૭ | ,, લોએસવ્વ—સાહૂણં | ૨૦ | ૨૭ | ૨૭ | ૨૭ |
| ૮ | ,, નાણસ્સ | ૨૦ | ૫ | ૫ | ૫ |
| ૯ | ,, દંસણસ્સ | ૨૦ | ૬૭ | ૬૭ | ૬૭ |
| ૧૦ | ,, વિણયસ્સ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૧૧ | ,, ચરિત્તસ્સ | ૨૦ | ૭૦ | ૭૦ | ૭૦ |

આ તપમાં દરેક પદના વીસ વીસ ઉપવાસ કરી આપવા જોઇએ, એમ એકેક ઓલી વીશ પદે વીસ ઓળી પૂર્ણ થાય તે એકેક ઓળી છ મહિનામાં છેવટ પુરી કરવી જોઇએ. એટલે દશ વર્ષે વીશ ઓલી પૂર્ણ થાય.

વીશવીશ ઉપવાસ સુધી એકએક પદનું આરાધન કરવું એટલે એકેક પદનું

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | ,, બંભવયધારીણં | ૨૦ | ૯ | ૯ | ૯ | વીશવાર ગણણું કાઉસ્સગ ખમાસમણ આદિ કરવાં |
| ૧૩ | ,, કિરિયાણં | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ | |
| ૧૪ | ,, તવસ્સ | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | |
| ૧૫ | ,, ગોયમસ્સ | ૨૦ | ૨૮ | ૨૮ | ૨૮ | |
| ૧૬ | ,, જિણાણં | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | |
| ૧૭ | ,, સંયમધારીણં | ૨૦ | ૧૭ | ૧૭ | ૧૭ | |
| ૧૮ | ,, અભિવન નાણસ્સ | ૨૦ | ૫૧ | ૫૧ | ૫૧ | |
| ૧૯ | ,, સુયસ્સ | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | |
| ૨૦ | ,, તિત્થસ્સ | ૨૦ | ૫ | ૫ | ૫ | |

# अथ श्री चोवीश तीर्थंकरोनां कल्याणक १२०

| કેટલામા તીર્થંકર | તિથીયો, | કયું કલ્યાણુક. | કેટલામા તીથકર | તિથીયો. | કયું કલ્યાણુક. |
|---|---|---|---|---|---|
| | કારતક, | | ૮ | વ. ૧૨ | જન્મ |
| ૩ | વદ ૫ | કેવલ | ૮ | વ. ૧૩ | દીક્ષા |
| ૨૨ | વ. ૧૨ | ચ્યવન | ૧૦ | વ. ૧૪ | કેવલ |
| ૬ | વ. ૧૨ | જન્મ | ૧૩ | શુ. ૬ | કેવલ |
| ૬ | વ. ૧૩ | દીક્ષા | ૧૬ | શુ. ૯ | કેવલ |
| ૨૪ | વ. ૩૦ | મોક્ષ | ૨ | શુ. ૧૧ | કેવલ |
| ૯ | શુ. ૩ | કેવલ | ૪ | શુ. ૧૪ | કેવલ |
| ૧૮ | શુ. ૧૨ | કેવલ | ૧૫ | શુ. ૧૫ | કેવલ |
| | માગશર. | | | મહા | |
| ૯ | વ. ૫ | જન્મ | ૬ | વ. ૬ | ચ્યવન |
| ૯ | વ. ૬ | દીક્ષા | ૧૦ | વ. ૧૨ | જન્મ |
| ૨૪ | વ. ૧૦ | દીક્ષા | ૧૦ | વ. ૧૨ | દીક્ષા |
| ૬ | વ. ૧૧ | મોક્ષ | ૧ | વ. ૧૩ | મોક્ષ |
| ૧૮ | શુ. ૧૦ | જન્મ | ૧૧ | વ. ૩૦ | કેવલ |
| ૧૮ | શુ. ૧૦ | મોક્ષ | ૪ | શુ. ૨ | જન્મ |
| ૧૮ | શુ. ૧૧ | દીક્ષા | ૧૨ | શુ. ૨ | કેવલ |
| ૧૯ | શુ. ૧૧ | જન્મ | ૧૫ | શુ. ૩ | જન્મ |
| ૧૯ | શુ. ૧૧ | દીક્ષા | ૧૩ | શુ. ૩ | જન્મ |
| ૧૯ | શુ. ૧૧ | કેવલ | ૧૩ | શુ. ૪ | દીક્ષા |
| ૨૧ | શુ. ૧૧ | કેવલ | ૨ | શુ. ૮ | જન્મ |
| ૩ | શુ. ૧૪ | જન્મ | ૨ | શુ. ૯ | દીક્ષા |
| ૩ | શુ. ૧૫ | દીક્ષા | ૪ | શુ. ૧૨ | દીક્ષા |
| | પોષ. | | ૧૫ | શુ. ૧૩ | દીક્ષા |
| ૨૩ | વ. ૧૦ | જન્મ | | ફાગણ | |
| ૨૩ | વ. ૧૧ | દીક્ષા | | | |

| કેટલામા તીર્થંકર. | તિથિયો | કયું કલ્યાણક. | કેટલામા તીર્થંકર. | તિથીયો | કયું કલ્યાણક. |
|---|---|---|---|---|---|
| ૭ | વ. ૬ | કેવલ | ૨૪ | શુ. ૧૩ | જન્મ |
| ૭ | વ. ૭ | મોક્ષ | ૬ | શુ. ૧૫ | કેવલ |
| ૮ | વ. ૭ | કેવલ | | વૈશાખ | |
| ૯ | વ. ૯ | ચ્યવન | ૧૭ | વ. ૧ | મોક્ષ |
| ૧ | વ. ૧૧ | કેવલ | ૧૦ | વ. ૨ | મોક્ષ |
| ૨૦ | વ. ૧૨ | કેવલ | ૧૭ | વ. ૫ | દીક્ષા |
| ૧૧ | વ. ૧૨ | જન્મ | ૧૦ | વ. ૬ | ચ્યવન |
| ૧૧ | વ. ૧૩ | દીક્ષા | ૨૧ | વ. ૧૦ | મોક્ષ |
| ૧૨ | વ. ૧૪ | જન્મ | ૧૪ | વ. ૧૩ | જન્મ |
| ૧૨ | વ. ૩૦ | દીક્ષા | ૧૪ | વ. ૧૪ | દીક્ષા |
| ૧૮ | શુ. ૨ | ચ્યવન | ૧૪ | વ. ૧૪ | કેવલ |
| ૧૯ | શુ. ૪ | ચ્યવન | ૧૭ | વ. ૧૪ | જન્મ |
| ૩ | શુ. ૮ | ચ્યવન | ૪ | શુ. ૪ | ચ્યવન |
| ૨૦ | શુ. ૧૨ | દીક્ષા | ૧૫ | શુ. ૭ | ચ્યવન |
| ૧૯ | શુ. ૧૨ | મોક્ષ | ૪ | શુ. ૮ | મોક્ષ |
| | ચૈત્ર | | ૫ | શુ. ૮ | જન્મ |
| ૨૩ | વ. ૪ | ચ્યવન | ૫ | શુ. ૯ | દીક્ષા |
| ૨૩ | વ. ૪ | કેવલ | ૨૪ | શુ. ૧૨ | કેવલ |
| ૮ | વ. ૫ | ચ્યવન | ૧૩ | શુ. ૧૨ | ચ્યવન |
| ૧ | વ. ૮ | જન્મ | ૨ | શુ. ૧૩ | ચ્યવન |
| ૧ | વ. ૮ | દીક્ષા | | જેઠ | |
| ૧૭ | શુ. ૩ | કેવલ | ૧૧ | વ. ૬ | ચ્યવન |
| ૧૪ | શુ. ૫ | મોક્ષ | ૨૦ | વ. ૮ | જન્મ |
| ૨ | શુ. ૫ | મોક્ષ | ૨૦ | વ. ૯ | મોક્ષ |
| ૩ | શુ. ૫ | મોક્ષ | ૧૬ | વ. ૧૩ | જન્મ |
| ૫ | શુ. ૯ | મોક્ષ | ૧૬ | વ. ૧૩ | મોક્ષ |
| ૫ | શુ. ૧૧ | કેવલ | ૧૬ | વ. ૧૪ | દીક્ષા |

| કેટલામા તીર્થંકર. | તિથીયો | કયું કલ્યાણક. | કેટલામા તીર્થંકર | તિથીયો. | કયું કલ્યાણક. |
|---|---|---|---|---|---|
| ૧૫ | શુ. ૫ | મોક્ષ | ૧૭ | વ. ૯ | ચ્યવન |
| ૧૨ | શુ. ૯ | ચ્યવન | ૫ | શુ. ૨ | ચ્યવન |
| ૭ | શુ. ૧૨ | જન્મ | ૨૨ | શુ. ૫ | જન્મ |
| ૭ | શુ. ૧૩ | દિક્ષા | ૨૨ | શુ. ૬ | દિક્ષા |
| | અશાડ | | ૨૩ | શુ. ૮ | મોક્ષ |
| ૧ | વ. ૪ | ચ્યવન | ૨૦ | શુ. ૧૫ | ચ્યવન |
| ૧૩ | વ. ૭ | મોક્ષ | | ભાદરવો | |
| ૨૧ | વ. ૯ | દિક્ષા | ૧૬ | વ. ૭ | ચ્યવન |
| ૨૪ | શુ. ૬ | ચ્યવન | ૮ | વ. ૭ | મોક્ષ |
| ૨૨ | શુ. ૮ | મોક્ષ | ૭ | વ. ૮ | ચ્યવન |
| ૧૨ | શુ. ૧૪ | મોક્ષ | ૯ | શુ. ૯ | મોક્ષ |
| | શ્રાવણ | | | આસો | |
| ૧૧ | વ. ૩ | મોક્ષ | ૨૨ | વ. ૩૦ | કેવલ |
| ૧૪ | વ. ૭ | ચ્યવન | ૨૧ | શુ. ૧૫ | ચ્યવન |
| ૨૧ | વ. ૮ | જન્મ | | | |

ઉપરના મહીના પુનમીયા પ્રમાણે ગણવા. એટલે કે આસો વદી ૦)) ને કારતક વદી ૦)) ગણવી અને પછી કારતક સુદ ગણવી. એ પ્રમાણે દરેક મહિનામાં સમજવું.

## ગુણણું ગણવાની રીત નીચે મુજબઃ—

च्यवन ॐ श्री (........) परमेष्ठिने नमः ॥

जन्म ॐ श्री (........) अर्हते नमः ॥

दिक्षा ॐ श्री (........) नाथाय नमः ॥

केवल ॐ श्री (........) सर्वज्ञाय नमः ॥

मोक्ष ॐ श्री (.... ...) पारंगताय नमः ॥

## અથ પડિલેહણ કરવાનો વિધિ.

ગુરૂ મહારાજના સ્થાપનાચાર્યજી હોય તો તેમની સમીપે અગર ના હોય તો ઉંચે આસને પુસ્તક નોકરવાલી પ્રમુખ મુકી નવકાર અને પંચિંદિયનો પાઠ કહીને સ્થાપનાજી સ્થાપવા તે નીચે પ્રમાણે.

## ॥ અથ નવકાર પંચમંગલ ॥

નમો અરિહંતાણં ॥ ૧ ॥ નમો સિદ્ધાણં ॥ ૨ ॥ નમો આયરિયાણં ॥ ૩ ॥ નમો ઉવજ્ઝાયાણં ॥ ૪ ॥ નમો લોએ સવ્વસાહૂણં ॥ ૫ ॥ એસો પંચ નમુક્કારો ॥ ૬ ॥ સવ્વ પાવપ્પણાસણો ॥ ૭ ॥ મંગલાણં ચ સવ્વેસિં ॥ ૮ ॥ પઢમં હવઈ મંગલં ॥ ૯ ॥ ઈતિ ॥ ૧ ॥

## ॥ પંચિંદિય ॥

પંચિદિય સંવરણો ॥ તહ નવવિહ બંભચેર ગુત્તિ–ધરો ॥ ચઉવ્વિહ કસાય મુક્કો ॥ ઈઅ અઠારસ ગુણહિં સંજુત્તો ॥ ૧ ॥ પંચ મહવ્વય જુત્તો ॥ પંચ વિહાયાર પાલણ સમથ્થો ॥ પંચસમિઓ તિ ગુત્તો ॥ છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ ॥ ૨ ॥ ઇતિ ॥ ૨ ॥

પ્રથમ ખમાસમણું દઈ ઇરિયાવહિ પડિક્કમી યાવત્ લોગસ્સ કહી ઉભે પગે બેસી મુહપત્તિ કટાસણું ચરવળો, વસ્ત્ર કંદોરો આદે પાડિલેહવાં પછી કાજો કહાડવો પછી કાજો કહાડનાર થાપનાની સામો ઉભો રહી ઇરિયાવહી

પડિક્કમે પછી કાજો પરઠવવા જગ્યા શોધી અણુજાણહ જસ્સગ્ગો કહી કાજો પરઠવે પછી વાર ત્રણ વોસિરે કહેવી ॥ ઇતિ ॥

## અથ પોસહનો વિધિ.

પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમી ખમાસમણ દેઇઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ મુહપત્તિ પડીલેહું ? એમ કહી મુહપત્તિ પડિલેહવી, પછી ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ૦ પોસહ સંદિસાહું ? પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પોસહ ઠાઉં ? પછી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવાન્ પસાય કરી પોસહ દંડક ઉચ્ચરાવોજી એમ કહેવું. ગુરુ મહારાજ પોસહનું પચ્ચખાણ ઉચ્ચરાવે. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ત્યાંથી તે સજ્ઝાય કરૂં ત્યાંસુધી કહેવું એમ કહી ત્રણ નવકાર ગણી ઉઠે ત્યાં સુધી કહેવું. પછી ઇચ્છા૦ ઇચ્છાકારેણ૦ બહુવેલ સંદિસાહું ?ઇચ્છં પછી ઇચ્છામિ૦ ઇચ્છા૦ બહુવેલ કરશું ? ઇચ્છં, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્. પડિલેહણ કરૂં ? એમ કહી મુહપત્તિ પડિલેહવી, ઇચ્છામિ૦ ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિમુહપત્તિં પડીલેહું ? એમ કહી મુહપત્તિ પડિલેહવી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ સંદિસાહું ? પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સજ્ઝાય કરૂં. એમ કહી એક નવકાર ગણી મન્હજિણાણંની સજ્ઝાય કહેવી. પોરસીના અવસરે ઇરિયાવહિયા પડિક્કમી ઇચ્છાકા૦ પડિલેહણ કરૂં એમ કહી મુહપત્તિ પડિલેહવી.

ને પછી ઇચ્છામિ૦ ઇચ્છા૦ કા૦ રાઇમુહપત્તિ પડિલેહું ? કહી રાઇમુહપત્તિ પડિલેહવી, પછી વાંદણાં બે દેવાં પછી ઇચ્છા૦ રાઇયં આલોઉં એમ કહી જો મે રાઇઓ કહી સ૦વસવિ રાઇઅ કહી પંન્યાસ હોય તો વાંદણાં બે દેવાં પછી અબ્ભુ- ઠ્ઠિઓ ખામવો. પછી વાંદણાં બે દેઇ પચ્ચખાણ કરવું. પછી કાળના દેવવાંદવા.

## સાંજના પડિલેહણના વિધિ.

ખમાસમણ દઇ ઇચ્છાકારેણ બહુપડિપુન્ના પોરસી કહી ખમા૦ ઇરિયાવહી પડિક્કમી પછી ખમા૦ ગમણાગમણે આલોઉં એમ કહી ઇરિયા- સમિતિ, ભાષાસમિતિ એષણાસમિતિ, આદાનભંડ મત્ત- નિખેવણાસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ કાયગુપ્તિ એ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિએ આઠ પ્રવચન માતા પોસહ સામાયક લીધે ખંડણા વિરાધના હુઇ હોય તે સર્વે મન, વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. ઇચ્છામિ૦ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પોસહસાલા પ્રમાર્જું ? એમ કહી ઉપવાસવાળાએ મુહપત્તિ કટાસણું ચરવલો પલેવવાં. જમ્યા હોય તો તેણે પાંચ વાંનાં પડિલેહવાં અને જમનારે ઇરિયાવહિ પડિક્કમવા. પછી ઇચ્છામિ૦ ઇચ્છકારી ભગવાન પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી,ઇચ્છા- મિ૦ ઇચ્છાકા૦ ઉપધિમુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ કહી સજ્ઝાય કહેવી પછી ખાધું હોય તો વાંદણાં બે દેઇ પચ્ચખા- ણ કરે અને ખાધું ના હોય તો ખમાસમણ દેઇ પચ્ચખાણ કરે પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છામિ૦.

ઇચ્છાકા૦ ઉપધિ પડિલેહું એમ કહી જેટલાં હોય તેટલાં વાનાં પડિલેહવાં. પછી દેવવાંદી પ્રતિક્રમણ કરવું. પછી પોસહ પારી નવકાર ગણી સાગરચંદ્રો કહેવો.

## પ્રભાતનો પૌષધ લીધેલાને રાત્રે પૌષધ લેવાની વિધિ.

પ્રભાતનો પૌષધ લેવાની વિધિ છે તે પ્રમાણે ખમાસમણ દેઇ ઈરીયાવહિયંથી યાવત્ બહુવેલ કરશું ત્યાં સુધી કહેવું; પણ પૌષધના પચ્ચખાણમાં ફેર છે તે (સેસ દિવસં અહોરત્તં) પદ કહેવું. પછી ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિકકમી ઇચ્છામિ૦ ઈચ્છા૦ ઠંડિલ પડિલેહું કહી માંડલાં ચોવીસ કરે.

## સાંજે નવો પૌષધ લેવાની વિધિ.

ઉપવાસથી એકાસણા સુધી તપ કર્યું હોય તે પૌષધ લઇ શકે છે. તે પ્રથમ ખમાસમણ દેઇ ઇરિયાવહી પડિક્કમી પડિલેહણ કરે,પછી ખમાસમણ દેઇ ઇરિયાવહીથી યાવત્ બહુવેલ કરશું ત્યાં સુધી કહેવું, પછી ઇચ્છામિ૦ ઈચ્છાકા૦ પડિલેહણ કરૂં કહી ઇચ્છામિ૦ ઈચ્છાકા૦ પોસહશાળા પ્રમાર્જું કહી મુહપત્તિ પડિલેહવી. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું કહી મુહપતિ પડિલેહવી. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સજ્ઝાય કરૂં કહી સજ્ઝાય કરે. ખાધું હોય તો વાંદણાં બે દેઈ પચ્ચક્ખાણ કરે, ખાધું ના હોય તો ખમાસમણ દેઈ પચ્ચખાણ કરે. પછી ઈચ્છામિ૦ ઈચ્છાકા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ પડિલેહું કહી પછી દેવ વાંદી માંડલાં કરે, પ્રતિક્રમણ કરે પછી પહોર એક રાત્રિ આશરે જાય ત્યાં સુધી નિદ્રા લેવી નહિ. પછી ખમાસમણ દેઇ

ઇચ્છાકા૦ બહુપડિપુન્ના પોરિસિ કહી ખમાસમણુ દેઇ ઇરિયાવહિયા પડિક્કમી યાવત્ લોગસ્સ કહી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ બહુપડિપુન્ના પારિસી રાઈઅ સંથારએ ઠાઉં ? કહી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ચૈત્યવંદન કરૂં કહી ચઉક્કસાયનું ચૈત્યવંદન યાવત્ જયવીઅરાય સુધી કરે. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સંથારાવિધિ ભણુવા મુહપત્તિ પડિલેહવી, પછી સંથારાપોરિસિ ભણાવવી. પછી જ્યાં સુધી ઉંઘ ન આવે ત્યાં સુધી સજ્ઝાયધ્યાન કરે.

પૌષધમાં એકાસણાદિ કર્યું હોય તો અવસરે પચ્ચખાણુ પારી પોસહશાળાથી આવસ્સહી કહી નિજ ગૃહે ઈર્યા શોધતો ખમાસમણુ દેઇ ઇરિયાવહી પડિકકમી ખમાસમણુ દેઇ ગમણા ગમણે આલોઈ કાજો પૂંજી યથાસંભવે અતિથિસંવિભાગ વ્રત ફરસી નિશ્ચલ આસને બેસી હાથ, મુખ પગ પાત્ર પડિલેહી નવકાર ગણી પ્રાશુક આહાર જમે અથવા પોસહ શાળાએ પૂર્વપ્રેરિત નિજ પુત્રાદિકે આણેલા અહારનું ભોજન કરે. પણ સાધુની પેરે ગોચરી જાય નહિં. તથા કારણુ વિના મોદક, સ્વાદુ લવિંગાદિ તંબોલ ન લેવો. ત્યારપછી નિસિહિ કહી પોસહશાળાએ આવી ખમાસમણુ ઇરિયાવહી પડિકકમી ચૈત્યવંદન કરવું.

ઇતિશ્રી પૌષધ વિધિ સંપૂર્ણ.

## પૌષધનાં ચોવીસ માંડલાં.

### પ્રથમ સંથારા પાસેની જગ્યાએ

1 આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે
2 આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.

૩ આઘાડે મજ્જે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

૪ આઘાડે મજ્જે પાસવણે અણહિયાસે.

૫ આઘાડે દુરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

૬ આઘાડે દુરે પાસવણે અણહિયાસે.

હવે ઉપાશ્રયના બારણાંના માંહેની તરફનાં.

૬ ઉપર પ્રમાણે પણ અણહિયાસે છે ત્યાં અહિયાસે કહેવું.

હવે ઉપાશ્રયના બારણાં નજીક રહીને કરે.

૬ પ્રથમ પ્રમાણે, પણ આઘાડે છે ત્યાં અણાઘાડે કહેવું.

હવે ઉપાશ્રયથી સો હાથ દુર રહી ને કરવાં.

૬ પ્રથમાંનાં છ પ્રમાણે પણ આઘાડે છે તે ઠેકાણે અણાઘાડે કહેવું. અણહિયાસેને ઠેકાણે અહિયાસે કહેવું.

## દૈવસિક પ્રતિક્રમણનો વિધિ.

૧ પ્રથમ સામાયિક લેવું.

૨ પછી પાણી વાવર્યું હોય તો મુહપત્તિ પડિલેહવી.

૩ આહાર વાવર્યો હોય તો વાંદણાં બે દેવાં. બીજા વાંદણામાં આવસ્સિઆએ એ પાઠ ન કહેવો.

૪ યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું.

૫ પછી ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ૦ કહી વડેરા અથવા પોતે ચૈત્યવંદન કહીને જંકિંચિ કહેવી.

૬ પછી નમુથ્થુણં કહી ઉભા થઇને અરિહંત ચેઇયાણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્૦ કહીને પ્રથમ થોય કહેવી.

૭ લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણું૦ અન્નત્થ૦ કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને બીજી થોય કહેવી.

૮ પછી પુખ્ખરવરદી કહી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને ત્રીજી થોય કહેવી ॥ પછી

૯ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી વેયાવચ્ચગરાણં૦ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી–પારીને નમોઽર્હત્‌૦ કહી ચોથી થોય કહેવી ॥ પછી

૧૦ બેસીને નમુત્થુણં કહેવું ॥ પછી

૧૧ ચાર ખમાસમણ દેવાપૂર્વક ભગવાન્‌, આચાર્ય, ઉપાધ્યાય, અને સર્વ સાધુ પ્રત્યે થોભવંદન કરવું ॥ પછી

૧૨ ઇચ્છાકારેણ૦ ‘દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?’ એમ કહી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર થાપીને ‘ઇચ્છં, સવ્વસ્સવિ દેવસિઅ૦’ કહેવું પછી

૧૩ ઉભા થઇ કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી

૧૪ પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો. આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. તે પારીને પછી

૧૫ લોગસ્સ કહેવો. પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં.

૧૬ પછી ઉભા થઇને ‘ઇચ્છાકા૦ દેવસિઅં આલોઉં ? ઇચ્છં આલોએમિ, જો મે દેવસિઓ૦ કહીને

૧૭ સાત લાખ કહેવા. પછી અઢાર પાપસ્થાનક આલોઇને
૧૮ સવ્વસ્સવિ દેવસિઅ૦ કહી
૧૯ બેસીને એક નવકાર ગણી, કરેમિભંતે૦ ઇચ્છામિ પડિક્કમિઉં૦ કહીને
૨૦ વંદિત્તુ૦ કહી બે વાંદણાં દેવાં ॥ પછી
૨૧ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામીને વાંદણાં બે દેવાં પછી ઉભા થઇ
૨૨ આયરિય ઉવજ્ઝાએ૦ કહીને કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નથ્થ૦ કહી
૨૩ બે લોગસ્સનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી –પારીને
૨૪ લોગસ્સ કહેવો. પછી સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી–પારીને
૨૫ પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ કરેમિ૦ વંદણ૦ કહી એક લોગસ્સ અથયા ચાર નવકારનો કાઉસગ્ગ કરી–પારીને
૨૬ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી–પારીને નમોડર્હત્ કહી પુરૂષે સુઅદેવયાની થોય અને સ્રીએ કમલદલની થોય કહેવી. પછી
૨૭ ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી–પારીને નમોડર્હત્૦ કહી ક્ષેત્રદેવતાની થોય સ્રી તથા પુરૂષે કહેવી. પછી
૨૮ પ્રગટ એક નવકાર ગણી બેસીને

૨૯ છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દેવાં. પછી
૩૦ 'સામાયિક, ચઉવ્વિસત્થો, વાંદણાં, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચખ્ખાણ કર્યું છે જી' એમ કહી છ આવશ્યક સંભારવાં. પછી
૩૧ ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં કહી નમોઽર્હત્‌૦ કહીને પુરૂષ 'નમોઽસ્તુ વર્ધમાનાય' કહે. સ્ત્રી સંસારદાવાની થોય ત્રણ કહે. પછી
૩૨ નમુથ્થુણં કહી સ્તવન કહેવું. પછી
૩૩ વરકનક૦ કહી ખમાસમણવડે ભગવાન આદિને વાંદવા. પછી
૩૪ જમણો હાથ ઉપધિ ઉપર થાપી અઢ્ઢાઇજ્જેસુ કહેવું. પછી
૩૫ 'દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણથ્થં કાઉસ્સગ્ગ કરૂં? ઇચ્છં' દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦ કહી ચાર લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી—પારી
૩૬ પ્રગટ લોગસ્સ કહી, બેસીને
૩૭ ખમાસમણ બે દઈ સજ્ઝાયનો આદેશ માગી એક નવકાર ગણી સજ્ઝાય કહેવી. પછી એક નવકાર ગણીને ખમાસમણ દઈ
૩૮ 'ઇચ્છા૦ દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ નિમિત્ત કાઉસ્સગ્ગ કરૂં?' 'ઇચ્છં' દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦ કહી સંપૂર્ણ ચાર લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી એક ગૃહસ્થે અથવા પોતે પારીને નમોઽર્હત્‌૦ કહી લઘુશાંતિ કહેવી. પછી

૩૯ પ્રગટ લોગસ્સ કહેવો ॥ પછી સામાયિક પારવા માટે—

૪૦ ઇરિયાવહીં૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૪૧ પછી ચઉક્કસાય૦ નમુથ્થુણં૦ કહી જાવંતિ બે કહી ઉવસગ્ગહરં, જયવિયરાય, કહી મુહપત્તિ પડિલેહવી ॥ પછી, ॥ ઇચ્છામિ૦ 'ઇચ્છાકા૦ સામાયિક પારૂં?' 'યથાશક્તિ' ઇચ્છામિ 'ઇચ્છાકા૦ સામાયિક પાર્યું' 'તહત્તિ' કહી

૪૨ જમણો હાથ ઉપધિ પર સ્થાપી એક નવકાર ગણીને 'સામાઇય વયજુત્તો' કહેવો અને સામાયિકના બત્રીશ દોષો માટે "મિચ્છામિદુક્કડં" દેવો. પછી

૪૩ સ્થાપેલી સ્થાપના હોય તો મુખ સામે સવળો હાથ રાખી એક નવકાર ગણવો.

# રાઈ પ્રતિક્રમણ વિધિ.

૧ પ્રથમ પૂર્વ રીતે સામાયિક લેવું ॥ પછી

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાય પાયાચ્છિત્ત વિસોહણથ્થં કાઉસ્સગ્ગ કરૂં?' ઇચ્છં કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાઇ પાયચ્છિત્ત વિસોહણથ્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ કહી ચાર લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી—પારી પ્રગટ લોગસ્સ કહેવો. પછી

૩ ખમાસમણ દઈ જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય સુધી કહેવું ॥ પછી

૪ ચાર ખમાસમણ દઈ ભગવાન્, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને વાંદવા. પછી

૫ ખમાસમણ બે દઇ સજ્ઝાયનો આદેશ માગી એક નવકાર ગણીને ભરહેસરની સજ્ઝાય કહી, ફરી એક નવકાર ગણવો. પછી

૬ ઇચ્છાકાર સુહરાઇનો પાઠ કહેવો ॥ પછી 'ઇચ્છાકારેણ૦' 'રાઈપ્રતિક્રમણે ઠાઉં ?' ઇચ્છં કહી જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપીને

૭ સવ્વસ્સવિ રાઇય દુચ્ચિંતિય૦ કહી પછી

૮ નમુત્થુણં૦ કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી

૯ પ્રગટ લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી–પારી

૧૦ પુક્ખરવરદી૦ સુઅસ્સ૦ વંદણ૦ કહી પાંચ આચારની આઠ ગાથાનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી–પારી

૧૧ સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણા બે દેવાં. પછી ત્યાંથી તે અબ્ભુટ્ઠિઓ ખામી વાંદણાં બે દઇએ ત્યાં સુધી દેવસિપ્રતિક્રમણની રીતે કહેવું. પણ જે ઠેકાણે દેવસિઅં આવે તે ઠેકાણે રાઇયં કહેવું ॥ પછી

૧૨ આયરિય ઉવજ્ઝાએ, કરેમિભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી તપચિંતવણી અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને.

૧૩ પ્રગટ લોગસ્સ કહી, છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને બે વાંદણાં દેવાં. પછી

૧૪ તીર્થવંદના કરવી (સકલતીર્થ કહેવું.) પછી

૧૫ યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું ॥ પછી

૧૬ ' સામાયિક ચઉવ્વિસથ્થો, વાંદણાં, પડિક્કમણુ, કાઉસ્સગ્ગ, પચ્ચખ્ખાણ કર્યું છે જી. ' એમ કહી છ આવશ્યક સંભારવાં. તેમાં પચ્ચખ્ખાણ કર્યું હોય તો ' કર્યું છે જી ' કહેવું, ધાર્યું હોય તો ' ધાર્યું છે જી ' એમ કહેવું. પછી ઇચ્છામો અણુસઠ્ઠિં નમો ખમાસમણાણં નમોઽર્હત્૦ કહી

૧૭ વિશાલલોચનં૦ કહેવું. પછી નમુથ્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નથ્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને નમોઽર્હત્૦ કહી કલ્લાણકંદંની પ્રથમ થોય કહેવી. પછી

૧૮ લોગસ્સ, પુખ્ખરવરદી, સિદ્ધાણંબુદ્ધાણં વગેરે કહી અનુક્રમે બાકીની ત્રણે થોયો કહેવી. પછી

૧૯ નમુથ્થુણં કહી ભગવાન્ આદિ ચારને ચાર ખમાસમણે વાંદવા. પછી

૨૦ જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી અઢ્ઢાઇજ્જેસુ૦ કહેવું. પછી ખમાસમણ પૂર્વક

૨૧ શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન, સ્તવન, જયવીયરાય, કાઉસ્સગ્ગ, થાય પર્યંત કહેવું. પછી

૨૨ ખમાસમણાં પૂર્વક શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન, સ્તવન, જયવીયરાય, કાઉસ્સગ્ગ, થાય પર્યંત કહેવું. પછી

૨૩ સામાયિક પરવાની વિધિ પ્રમાણે સામાયિક પારવું.

॥ ઇતિ રાઈ પ્રતિક્રમણનો વિધિ ॥

---

## ॥ અથ પખ્ખી પ્રતિક્રમણ વિધિ ॥

॥ પ્રથમ દૈવસિક પ્રતિક્રમણમાં વંદિત્તુ કહી રહીએ તિહાં સુધી સર્વ કહેવું, પણ ચૈત્યવંદન સકલાડર્હત્નું કહેવું અને થાયો સ્નાતસ્યાની કહેવી. પછી ખમાસમણ દઇને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ૦ પખ્ખિ મુહપત્તિ પડિલેહું ?' એમ કહી મુહપત્તિ પડિલેહીએ ॥ પછી વાંદણાં બે દીજે, પછી ઇચ્છાકારેણ૦ સંબુદ્ધા ખામણેણં અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર પખ્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પખ્ખિઅં પન્નરસ દિવસાણં પન્નરસ રાઇઆણં, જંકિંચિ અપત્તિયં૦ કહી 'ઇચ્છાકારેણ સં૦ પખ્ખિઅં આલોઉં ?' ઇચ્છં આલોએમિ જો મે પખ્ખિઓ અઇઆરો કઓ૦ કહી, 'ઇચ્છાકારેણ સં૦ પખ્ખિ અતિચાર આલોઉં ?' એમ કહી અતિચાર કહીએ ॥ પછી "એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમકિત મૂળ બાર વ્રત તેના એકસો ચોવીસ અતિચાર માંહે જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહે સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મન

વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં" કહી, 'સવ્વસ્સવિ પખ્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇચ્છં, તસ્સ મિચ્છામિ દુક્કડં' કહેવું ॥ પછી 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પખ્ખિ તપ પ્રસાદ કરોજી.' એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહીએઃ–'ચઉત્થેણં, એક ઉપવાસ, બે આંબિલ, ત્રણ નીવી, ચાર એકાસણાં, આઠ બેઆસણાં, બે હજાર સજ્ઝાય યથાશક્તિ તપ કરી પહોંચાડવો.' તે વખતે પ્રવેશ કર્યો હોય તો 'પઇટ્ઠિઓ' કહીએ, અને કરવો હોય તો 'તહત્તિ' કહીએ. ન કરવો હોય તો અણબોલ્યા રહીએ. પછી વાંદણાં બે દીજે ॥ પછી 'ઇચ્છાકા૦ પત્તેઅ ખામણેણં અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર પખ્ખિઅં ખામેઉં ? ઇચ્છં, ખામેમિ પખ્ખિઅં, પનરસ દિવસાણં, પનરસ રાઈઆણં, જંકિંચિ અપત્તિયં૦ કહી પછી વાંદણાં બે દીજે ॥ પછી 'દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકા૦ ભગવન્ પખ્ખિઅં પડિક્કમું ?' સમ્મં પડિક્કમામિ, ઇચ્છં, એમ કહી, કરેમિ ભંતે સામાઇયં૦ કહી, ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પખ્ખિઓ૦ કહેવું ॥ પછી ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિ૦ પખ્ખિસૂત્ર પઢું ?' એમ કહી ત્રણ નવકાર ગણી સાધુ હોય તો પખ્ખિસૂત્ર કહે અને સાધુ ન હોય તો ત્રણ નવકાર ગણીને શ્રાવક વંદિત્તુ કહે ॥ પછી સુઅદેવયાની થોય કહેવી ॥ પછી નીચા બેસી જમણો ઢિંચણ ઉભો રાખી એક નવકાર ગણી કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિ૦ કહી વંદિત્ત કહેવું ॥ પછી કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પખ્ખિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તે લોગસ્સ ચંદેસુ નિમ્મ-

લયરા સુધી કહેવા અથવા અડતાલીશ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારવો ॥ પારીને પ્રગટ લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહિને વાંદણાં બે દેવા ॥ પછી 'ઇચ્છાકારેણ૦ સમાપ્ત ખામણેણં અબ્ભુટ્ઠિઓહં આભ્ભંતર પખ્ખિખં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પખ્ખિઅં' એમ કહી જંકિંચિ અપત્તિઅં૦ કહેવું ॥ પછી ખમાસમણ દઈને 'ઇચ્છાકા૦ કહી પખ્ખિખામણા ખામું ?' એમ કહી ખામણાં ચાર ખામવાં ॥ પછી દેવસિ પ્રતિક્રમણમાં વંદિત્તુ કહ્યા પછી બે વાંદણાં દઇએ તિહાંથી તે સામાયિક પારીએ તિહાં સુધી સર્વ દેવસિની પેઠે જાણવું, પણ સુઅદેવયાની થોયોને ઠેકાણે જ્ઞાનાદિની થોયો કહેવી. તેમાં પહેલો કાઉસ્સગ્ગ ભુવન દેવયાનો કરવો. સ્તવન અજિતશાંતિનું કહેવું, સજ્ઝાયને ઠેકાણે ઉપસગ્ગહરં તથા સંસારદાવાની થોયો ચાર કહેવી ॥ લઘુશાંતિને બદલે બૃહત્ શાંતિ કહેવી. ॥ ઇતિ પખ્ખિપ્રતિક્રમણ વિધિ ॥

---

## ॥ અથ ચઉમાસી પ્રતિક્રમણ વિધિ ॥

એમાં ઉપર લખ્યા મુજબ પખ્ખીના વિધિ પ્રમાણે કહેવું, પણ એટલું વિશેષ જે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને પખ્ખીના આગારને ઠેકાણે ચઉ માસીના કહેવા તથા તપને ઠેકાણે 'છઠ્ઠેણં બે ઉપવાસ, ચાર આંબિલ, છ નીવી, આઠ એકાસણાં, સોલ બેઆસણાં, ચાર હજાર સજ્ઝાય,' એ રીતે કહેવું ॥ ઇતિ ॥ ૮૨ ॥

## ॥ અથ સંવત્સરી પ્રતિક્રમણ વિધિ ॥

॥ એમાં પણ ઉપર લખ્યા મુજબ પખિખના વિધિ પ્રમાણે કરવું, પણ બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીશ લોગસ્સ ને એક નવકાર અથવા એકસો ને સાઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો, અને તપને ઠેકાણે અઠ્ઠમ ભત્તં એટલે ત્રણ ઉપવાસ, છ આંબિલ, નવ નીવી, બાર એકાસણાં, ચોવીશ બેઆસણાં અને છ હજાર સજ્ઝાય–એ રીતે કહેવું. પખિખના આગારને ઠેકાણે સંવત્સરીના આગાર કહેવા

ઇતિ પંચપ્રતિક્રમણ વિધિ સંપૂર્ણ. ॥

## ॥ પ્રથમ નમુક્કારસહિઅ મુઠ્ઠીસહિ પચ્ચખ્ખાણ ॥

**ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ ॥ ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં ॥ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ ॥**

## ॥ બીજું પોરિસિ તથા સાઢપોરિસિનું ॥

**॥ ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચખ્ખાઇ ॥ ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ, આહારં, અસણં, પાણં, ખાઇમં સાઇમં, ॥ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ ॥**

## વિગઇ નિવિગઇનું પચ્ચખ્ખાણ.

વિગઇઓ નિવિગઇઅ પચ્ચખ્ખાઈ, અન્નત્થણા ભોગેણં સહસાગારેણં, લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં, ઉખ્ખિત વિવેગેણં, પડુચ્ચમખ્ખિઅેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં, વોસિરઇ.

## બિયાસણા તથા એકાસણાનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢપોરિસિં પુરિમઢ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઈ. ઉગ્ગએસૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં, વિગઇઓ પચ્ચખ્ખાઇ અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસસટ્ઠેણં, ઉખ્ખિત્તવિવેગેણં, પડુચ્ચમખ્ખિઅેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણં, બિયાસણં, પચ્ચખ્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટ્ટણપસારેણં, ગુરૂઅભ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણવા, અલેવેણવા, અચ્છેણ વા, બહુ લેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

## અથ આયંબિલનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં આયંબિલં પચ્ચખ્ખાઇ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉખ્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેણ વા અચ્છેણ વા, બહુ લેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ.

## અથ ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ.

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## અથ તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ.

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં પાણહાર પોરિસિં સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઈ,ઉગ્ગએસૂરે પુરિમટ્ઠ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઈ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણવા, બહુલેવેણવા, સસિત્થેણવા, અસિત્થેણવા, વોસિરઇ.

## અથ ચઉત્થ છટ્ઠભત્તાદિકનું પચ્ચખ્ખાણ.

સૂરેઉગ્ગએ ચઉત્થભત્તં અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઇ સૂરેઉગ્ગએ છટ્ઠ ભત્તં અબ્ભતટ્ઠં પચ્ચખ્ખાઇ.

પાણહાર પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં પાણસ્સ લેવેણવા અલેવેણવા બહુ લેવેણવા સસિથ્થેણવા અસિત્થેણવા વોસિરઇ.

## અથ ગંઠસહિઅં આદિ અભિગ્રહોનું પચ્ચખ્ખાણ.

ગંઠસહિઅં વેઢસહિઅં દીવસહિઅં થિબુગસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ અન્નત્થણાભોગેણં સહસાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઈ.

અથ ચૌદ નિયમ ધારનારને દેશાવગાસિકનું પચ્ચખ્ખાણ.

દેસાવગાસિયં ઉવભોગં પરિભોગં પચ્ચખ્ખાઇ અન્નત્થણાભોગેણું સહસાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

## ॥ અથ સાંજનાં પચ્ચખ્ખાણ ॥

અથ પાણહાર દિવસચરિમનું પચ્ચખ્ખાણ.

પાણહાર દિવસચરિમં પચ્ચખ્ખાઇ અન્નત્થણાભોગેણું સહસાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

અથ ચઉવ્વિહારનું પચ્ચખ્ખાણ.

દિવસચરિમં પચ્ચખ્ખાઇ ચઉવ્વિહંપિ આહારં અસણું પાણં ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

અથ તિવિહારનું પચ્ચખ્ખાણ.

દિવસચરિમં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

## અથ દુવિહારનું પચ્ચખ્ખાણ.

દિવસચરિમં પચ્ચખ્ખાઇ દુવિહંપિ આહારં અસણં ખાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

---

## વિદ્યા સાધવાનો મંત્ર.

ૐ હ્રીં શ્રીં કલીં વાગ્વાદિનિ સરસ્વતિ મમ જીહવાગ્રે વાસં કુરૂ કુરૂ સ્વાહા ॥ દીન ૨૯ ॥ ૧૦૮ વાર જાપ જપવો એટલે વિદ્યા આવડે.

## ૐ હ્રીં કલીં શ્રીં ચંદ્રપ્રભ જિનેંદ્રાય જ્વાલામાલિન્યૈ નમઃ

આ મંત્ર ૧૦૮ વાર ગણવો વોધિ ઘીનો દીવો ધૂપ કરવો સફેદ વસ્ત્ર પહેરવાં ઉપગરણ ચાંદીનાં રાખવાં સાચા મોતીની નોકારાવળીથી ગણવો. પ્રભુને દુધનો પખાળ કરી કેસરમાં બરાસ ઘસવો અને પૂજા કરવી. સફેદ ફુલ ચડાવવાં એ વીધિએ કરવું. મનવંછિત પુરનારો છે.

---

## સરસ્વતીનો જાપ.

ૐ હ્રીં વદ વદ વાગ્વાદિનિ ભગવતિ સરસ્વતિ શ્રુતદેવી મમ જાડયં હર હર શ્રી ભગવત્યૈ ઠઃ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા

---

## ૐ શ્રી વિષહર પાર્શ્વનાથનો મહા મંત્ર.

ઐંજિતું ઐંજિતું ઐંજિઉપશમધરી ॥ ૐ હ્રીં પાર્શ્વ અક્ષર જપંતે ॥ ભૂત ને પ્રેત જોતીંગ વ્યંતર સુરા ॥ ઉપશમે વાર એકવીસ ગુણંતે. ૐ॥ ૧ ॥ દુષ્ટ ગ્રહ રોગ શોક જરા જંતુ ને ॥ તાવ એકાંતરો દિનતપંતે ॥ ગર્ભ બંધન વારણ સર્પ વીંછી વિષ ॥ બાલિકા બાલની વ્યાધિ હંતિ ॥ ૐ ॥ ॥ ૨ ॥ શાયણિ ડાયણિ રોહિણી રાંધણી ॥ ફોટિકા મોટિકા દુષ્ટહંતિ ॥ દાઢ ઉંદર તણી કોલ નોલા તણી ॥ શ્વાન-શીયાલ વીકરાલ દંતિ. ૐ ॥ ૩ ॥ ધરણ પદ્માવતી, સમરી શોભાવતી, વાત અઘાટ અટવીઅટંતે ॥ લક્ષ્મી લુંદો મલે સુજસ વેલા વલે ॥ સયલ આશા ફલે મન હસંતે ॥ ૪ ॥ અષ્ટ મહાભય હરે, કાનપીડા ટલે ॥ ઉત્તરેશુલશીશક ભણંતે ॥ વદતિ વર પ્રીત શ્યું પ્રીતિ વિમલપ્રભો ! ॥ પાર્શ્વ-જિનનામ અભિરામ મંતે ॥ ૐ ॥ ૫ ॥

ઇતિ શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન સંપૂર્ણ.

---

# ॥ અથ નવગ્રહપૂજા ॥

॥ પદ્મપ્રભજિનેન્દ્રસ્ય, નામોચ્ચારેણ ભાસ્કર ! ॥ શાંતિં તુષ્ટિં ચ પુષ્ટિં ચ, રક્ષાં કુરુ કુરુ શ્રિયમ્ ॥ ૧ ॥ ઇતિ શ્રી સૂર્યપૂજા ॥ ચન્દ્રપ્રભજિનેન્દ્રસ્ય, નામ્ના તારાગણાધિપ ! ॥ પ્રસન્નો ભવ શાંતિં ચ, રક્ષાં કુરૂ જયં ધ્રુવમ્ ॥ ૨ ॥ ઇતિશ્રી ચંદ્રપૂજા ॥ સર્વદા વાસુપૂજ્યસ્ય, નામ્ના શાંતિં જય-શ્રિયં ॥ રક્ષાં કુરુ ધરાસૂનો ! અશુભોઽપિ શુભો ભવ ॥ ૩ ॥ ઇતિ શ્રીભોમપૂજા ॥ વિમલાનંતધર્મારાઃ, શાંતિઃ કુંથુર્નમિસ્તથા

॥ મહાવીરશ્ચ તન્નામ્ના, શુભો ભૂયાઃ સદા બુધઃ ॥ ૪ ॥ ઇતિશ્રી બુધપૂજા ॥ ઋષભાજિતસુપાર્શ્વાં–શ્ચાભિનંદનશીતલૌ ॥ સુમતિઃ સંભવઃ સ્વામી, શ્રેયાંસશ્ચ જિનોત્તમઃ ॥ ૫ ॥ એતત્તીર્થકૃતાં નામ્ના, પૂજ્યોઽશુભઃ શુભો ભવ ॥ શાંતિં તુષ્ટિં ચ પુષ્ટિં ચ, કુરુ દેવગણાર્ચિત ! ॥ ૬ ॥ ઇતિ શ્રીગુરૂ-પૂજા ॥ પુષ્પદંતજિનેન્દ્રસ્ય, નામ્ના દૈત્યગણાર્ચિત! ॥ પ્રસન્નો ભવ શાંતિં ચ, રક્ષાં કુરૂ કુરૂ શ્રિયમ્ ॥ ૭ ॥ ઇતિ શ્રી શુક્રપુજા ॥ શ્રીસુવ્રતજિનેંદ્રસ્ય,નામ્ના સૂર્યાંગસંભવ! ॥ પ્રસન્નો ભવ શાંતિં ચ, રક્ષાં કુરૂ કુરૂ શ્રિયમ્ ॥ ૮ ॥ ઇતિશ્રી શનૈશ્ચરપૂજા ॥ શ્રીનેમિનાથતીર્થેશ, નામતઃ સિંહિકાસુત ! ॥ પ્રસન્નો ભવ શાંતિં ચ, રક્ષાં કુરૂ કુરૂ શ્રિયમ્ ॥ ૯ ॥ ઇતિશ્રી રાહુપૂજા ॥ રાહોઃ સપ્તમરાશિસ્થ, કુરૂ ચ પ્રસન્નો ભવ ॥ શ્રી મલ્લીપાર્શ્વયોર્નામ્ના, કેતો ! શાંતિં જયશ્રિયમ્ ॥૧૦॥ ઇતિ શ્રી કેતુપૂજા ॥

ઇતિ ભણિત્વા સ્વસ્વવર્ણકુસુમાંજલિપ્રક્ષેપેણ જિન-ગ્રહાણાં પૂજા કાર્યા તેન સર્વ પીડાયાઃ શાંતિર્ભવતિ ॥ અથવા સર્વેષાં ગ્રહાણામેકદા પીડાયામયં વિધિઃ–

નવકોષ્ટકમાલેખ્યં, મંડલં ચતુરસ્રકમ્ ॥ ગ્રહાસ્તત્ર પ્રતિષ્ઠાપ્યા, વક્ષ્યમાણાઃ ક્રમેણ તુ ॥ ૧૧ ॥ મધ્યે હિ ભાસ્કરઃ સ્થાપ્યઃ, પુર્વદક્ષિણતઃ શશી ॥ દક્ષિણસ્યાં ધરાસૂનુ–ર્બુધઃ પૂર્વોત્તરેણ ચ ॥ ૧૨ ॥ ઉત્તરસ્યાં સુરાચાર્યઃ, પૂર્વસ્યાં ભૃગુ-નંદનઃ ॥ પાશ્ચમાયાં શનિઃ સ્થાપ્યો, રાહુર્દક્ષિણપશ્ચિમે ૧૩ ॥ પશ્ચિમોત્તરતઃ કેતુ–રિતિ સ્થાપ્યાઃ ક્રમાદ્ ગ્રહાઃ, પટ્ટે સ્થાલે-ઽથ વાગ્નેય્યાં, ઇશાન્યાં તુ સદા બુધૈઃ ॥ ૧૪ ॥ આર્યાઃ

આદિત્યસોમ-મંગલ, બુધગુરૂશુક્રાઃ શનૈશ્ચરો રાહુઃ ॥ કેતુ-પ્રમુખાઃ ખેટા, જિનપતિ પુરતોડવતિષ્ઠંતુ ॥૧૫॥ ઇતિ ભણિ-ત્વા પંચવર્ણ કુસુમાંજલિક્ષેપશ્ચ જિનપૂજા ચ કાર્યા ॥ પુષ્પગં ધાદિભિર્ધૂપૈ, નૈવેદ્યૈઃ ફલસંયુતૈઃ ॥ વર્ણસદૃશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ ॥ ૧૬ ॥ જિનનામકૃતોચ્ચારા, દેશનક્ષત્રવર્ણ કૈઃ ॥ પૂજિતાઃ સંસ્તુતા ભકત્યા, ગ્રહા સંતુ સુખાવહાઃ ॥ ૧૭ ॥ જિનાનામગ્રતઃ સ્થિત્વા, ગ્રહાણાં શાંતિહેતવે ॥ નમ-સ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ॥ ૧૮ ॥ એવં યથા-નામકૃતાભિષેકૈર્વિલેપનૈર્ધૂપનપૂજનૈશ્ચ ॥ ફલૈશ્ચ નૈવેદ્યવરૈર્જિ-નાનાં, નામ્ના ગ્રહેન્દ્રા વરદા ભવંતુ ॥ ૧૯ ॥ સાધુભ્યો દીયતે દાનં, મહોત્સાહો જિનાલયે ॥ ચતુર્વિધસ્ય સંઘસ્ય,બહુમાનેન પૂજનમ્ ॥ ૨૦ ॥ ભદ્રબાહુરૂવાચેદં, પંચમઃ શ્રુતકેવલી વિદ્યા-પ્રવાદપૂર્વાત્, ગ્રહશાંતિરૂદીરિતા ॥૨૧॥ **ઇતિ ભદ્રબાહુ-સ્વામિવિરચિતા બૃહદ્ગ્રહશાંતિઃ સમાપ્ત** ॥ ૧ ॥

---

# ગ્રહપૂજા વિવરણમ્

કસ્મિન્નરિષ્ટગ્રહે કસ્ય જિનસ્ય કયા રિત્યા પૂજા કાર્યા તદાખ્યાતિ-રવિપીડાયાં-રક્તપુષ્પૈઃ શ્રીપદ્મપ્રભપૂજા કાર્યા. ૐ હ્રીઁ નમોસિદ્ધાણં. તસ્ય અષ્ટોત્તરશતજપઃ કાર્યઃ॥ ચંદ્ર-પીડાયાં-ચંદનસેવંતિપુષ્પૈઃ શ્રીચંદ્રપ્રભપૂજા કાયા. ૐ હ્રીઁ નમો આયરિયાણં, તસ્ય અષ્ટોત્તરશતજપઃ કાર્યઃ॥ ભૌમ-પીડાયાં કુંકુમેન ચ રક્તપુષ્પૈઃ શ્રીવાસુપૂજ્યપૂજા વિધેયા. ૐ હ્રીઁ નમોસિદ્ધાણં તસ્ય અષ્ટોત્તરશત જપઃ કાર્યઃ ॥ બુધપીડાયાં-દુગ્ધસ્નાનનૈવેદ્યફલાદિતઃ શ્રીશાંતિનાથપૂજા કર્ત-

વ્યા. ૐ હ્રીં નમો આયરિયાણં તસ્ય અષ્ટોત્તરશત જપઃ કાર્યઃ ॥ ગુરૂપીડાયાં–દધિભોજન–જંબીરાદિફલેન ચ ચંદનાદિવિલેપનેન શ્રીઆદિનાથપૂજા કરણીયા. ૐ હ્રીં નમો આયરિયાણું તસ્ય અષ્ટોત્તર શતજપઃ કર્તવ્યઃ ॥ શુક્રપીડાયાં શ્રીશ્વેતપુષ્પૈશ્ચંદનાદિના શ્રીસુવિધિનાથપૂજા કાર્યા. ચૈત્યે ઘૃતદાનં કાર્યં. ૐ હ્રીં નમો અરિહંતાણું તસ્ય અષ્ટોત્તરશતજપઃ કાર્યઃ ॥ શનૈશ્ચરપીડાયાં–નીલપુષ્પૈઃ શ્રીમુનિસુવ્રતપૂજા કાર્યા તૈલસ્નાનદાને કર્ત્તવ્યે ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં તસ્ય અષ્ટોતરશતજપઃ કાર્યઃ ॥ રાહુપીડાયાં–નીલપુષ્પઃ શ્રીનેમિનાથપૂજા કરણીયા. ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં તસ્ય અષ્ટોત્તરશતજપઃ કાર્યઃ ॥ કેતુપીડાયાં–દાડિમાદિપુષ્પૈઃ શ્રીપાર્શ્વનાથપૂજા કાર્યા ૐ હ્રીં નમોલોએ સવ્વસાહૂણં તસ્ય અષ્ટોત્તરશતજપઃ કાર્યઃ ॥ ઈતિ નવગ્રહપૂજા. વિધિઃ ॥ સર્વગ્રહપીડાયાં–શ્રીસૂર્યસોમાંગારબુધબૃહસ્પતિ શુક્રશનશ્ચરરાહુકેતવઃ સર્વે ગ્રહાઃ મમ સાનુગ્રહાઃ ભવંતુ સ્વાહા ॥ ૐ હ્રીં અ. સિ. આ. ઉ. સાય નમઃ સ્વાહા ॥ અસ્ય મંત્રસ્ય અષ્ટોત્તરશતજપઃ કાર્યઃ તેન નવગ્રહપીડોપશાંતિઃ સ્યાત્ ॥ ઈતિ નવગ્રહ પૂજા પ્રકારઃ ॥

---

## શ્રી મહાવીર જિન છંદ.

સેવો વીરને ચિત્તમાં નિત્ય ધારો, અરિક્રોધને મન્નથી દૂર વારો;
સંતોષ વૃત્તિ ધરો ચિત્તમાંહિ, રાગદ્વેષથી દૂર થાઓ ઉચ્છાહિં?
પડયા મોહના પાસમાં જેહ પ્રાણી, શુદ્ધ તત્ત્વની વાત તેણે ન જાણી;
મનુ જન્મ પામી વૃથાકાં ગમોછો, જૈન માર્ગ છંડી ભૂલાકાં ભમોછો?

અલોભી અમાની નિરાગી તજો છો સલોભી સમાની સરાગી ભજોછો;
હરિહરાદિ અન્યથી શું રમો છો, નદી ગંગ મૂકી ગળીમાં પડો છો.૩
કેઈ દેવ હાથે અસિ ચક્રધારા, કેઇ દેવ ઘાલે ગલે રૂંઢમાલા;
કેઇ દેવ ઉત્સંગે રાખે છે વામા, કેઈ દેવ સાથે રમે વૃંદરામા. ૪
કેઈ દેવ જપે લેઇ જાપમાલા, કેઇ માંસભક્ષી મહા વિકરાલા;
કેઇ યોગણી ભોગિણી ભોગ રાગે, કેઈ રૂદ્રાણી છાગનો હોમ માગે.
ઇસ્યા દેવ દેવી તણી આશ રાખે, તદા મુક્તિનાં સુખને કેમ ચાખે;
જદા લોભના થોકનો પાર નાવ્યો,તદામધનો બિંદુઓ મન્ન ભાવ્યો.૬
જેહ દેવલાં આપણી આશ રાખે, તેહ પિંડને મન્નશું લેય ચાખે;
દીન હીનની ભીડ તે કેમ ભાંજે, ફુટો ઢોલ હોયે કહો કેમ વાજે.૭
અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષદાતા, અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા;
રત્ન ચિંતામણિ સરિખો એહ સાચો, કલંકી કાચના પિંડશું
મત રાચો. ૮

મંદ બુદ્ધિશું જેહ પ્રાણી કહે છે, સવિધર્મ એકત્વ ભૂલો ભમે છે;
કિહાં સર્ષવાને કિહાં મેરૂ ધીરં, કિહાં કાયરા ને કિહાં શૂર વીરં.૯
કિહાં સ્વર્ણથાલં કિહાં કુંભખંડં, કિહાં કોદ્રવા ને કિહાં ખીરમંડં;
કિહાં ક્ષીરસિંધુ કિહાં ક્ષાર નીરં. કિહાં કામધેનુ કિહાં છાગ ખીરં.
કિહાં સત્યવાચા કિહાં કૂડવાણી. કિહાં રંક નારી કિહાં રાયરાણી;
કિહાં નારકી ને કિહાં દેવભોગી, કિહાં ઇંદ્રદેહી કિહાં કુષ્ટરોગી.૧૧
કિહાં કર્મઘાતી કિહાં કર્મધારી,નમો વીર સ્વામી ભજો અન્ય વારી;
જિસી સેજમાં સ્વપ્નથી રાજ્ય પામી, રાચે મંદ બુદ્ધિ ધરી જેહ
સ્વામી. ૧૨

અથિર સુખ સંસારમાં મન્ન માચે, તે જના મૂઢમાં શ્રેષ્ઠ શું ઇષ્ટ
છાજે;

તજો મોહ માયા હરો દંભરોષી, સજો પુણ્યપોષી ભજો તે અરોષી.
ગતિચાર સંસાર અપાર પામી, આવ્યા આશ ધારી પ્રભુ પાય સ્વામી;
તુંહી તુંહી તુંહી પ્રભુ પરમ રાગી, ભવફેરની શ્રૃંખલા મોહ ભાંગી.
માનીએ વીરજી અર્જ છે એક મોરી, દીજે દાસકું સેવના ચરણુ તોરી;
પુણ્ય ઉદય હુઓ ગુરૂ આજ મેરો, વિવેકે લહ્યો મેં પ્રભુ દર્શ તેરો.

## પ્રભાતી સ્તવન.

ઉઠી પરભાતમાં મંગલ કારણે, વારણે જગતના દુષ્ટ કામો;
પવિત્ર આ જગતમાં થઈ ગયા આતમા, લીજીએ તેહના શુદ્ધ નામો.
પહેલા શ્રી નેમિજિણંદને પ્રણમીએ, સ્નેહથી આપશે શુદ્ધ બુદ્ધિ;
બાળથી બ્રહ્મચારી રહી જેમણે, મેળવી મોક્ષની અચળ ઋદ્ધિ.ઉ૦૨
ઉપગારી પ્રભુ વીરને પ્રણમીએ, જેમણે સાંપ્રતે સુખ દીધું;
ઉપસર્ગો બહુ સહન જેણે કરી, કઠણ કર્મો હરી મોક્ષ લીધું.ઉ૦૩
પ્રણમીએ પ્રેમથી ગોતમ ગણધરા, જેમના નામથી થાય સિદ્ધિ;
ફોરવી જેમણે લબ્ધિ અષ્ટાપદે, ક્ષીરને પાત્રમાં અખૂટ કીધી.ઉ૦૪
અષ્ટ રમણી તણો ત્યાગ જેણે કર્યો, પ્રણમીએ પ્રેમથી જંબુસ્વામી;
આધિ ઉપાધિને વ્યાધિઓના સવે, ચરિમ આ ક્ષેત્રના મોક્ષગામી.
શ્રી સ્થુલિભદ્રને સ્નેહથી પ્રણમીએ, જેમણે જીતિયો કામ રાજા;
બુઝી વેશ્યા અને શુદ્ધ લેશ્યા કરી,મેળવ્યાં સ્વર્ગના સુખતાજાં.ઉ૦
વિજય શેઠ ને નાર વિજયા વળી, પ્રણમતાં પાપ તો નાશ પામે;
આડી તરવાર રાખી અને ઉંઘતાં, પાળવા વ્રતને મોક્ષ કામે.ઉ૦૭
જેમની કીર્તિ આ જગતમાં ઝળહળે, તેમનાં ગુણ જે ગાય પ્રીતે;
મોક્ષ ઋદ્ધિ અને સિદ્ધિઓ સાંપડે,શામજી ગાય છે આવી નિત્યે.ઉ૦

## શ્રી વારાણસી પાર્શ્વનાથ. છંદ.

આપણ ઘર બેઠા લીલ કરો, નિજ પુત્ર કલત્રશું પ્રેમ ધરો;

તમે દેશ દેશાંતર કાંઈ દોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો.૧
મન વંછિત સઘળાં કાજ સરે, શીર ઉપર ચામર છત્ર ધરે;
કલમલ ચાલે આગળ ઘોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો.૨
ભૂત ને પ્રેત પિશાચ વળી, ડાકિણી શાકિણી જાય પલળી;
છલ છિદ્ર ન કોઇ લાગે ગુડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો.૩
એકાંતર તાવ સીયો દાહ, ઔષધ વિણુ જાયે ક્ષણુ માંહિ;
નવી દુઃખે માથું પગ ગુડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો.૪
કંઠમાલ ગડ ગુંબડ નારાં, તસ ઉદર રોગ ટળે સઘળાં;
પીડ ન કરે ખીલ ગલ ગોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો.૫
જાગતો તીર્થંકર પાસ બહુ; એમ જાણે સઘળો જગત સહુ;
તતક્ષણુ અશુભ કર્મ તોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો.૬
શ્રી પાસ વારાણુસી નરવરો, તિહાં ઉદયો જિનવર ઉદય કરો;
સમય સુંદર કહે કરજોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૭

## શ્રી પાર્શ્વનાથજિન છંદ.

( પ્રભાતી )

પાસ સંખેશ્વરા સારકર સેવકા, દેવ કા એવડી વાર લાગે;
કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે.
પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણુને આપ છોડો;
મુજ મહિરાણુ મંજુસમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો.
જગતમાં દેવ જગદિશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મોંઘે.
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણુ ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભકતજન તેહનો ભય નિવાર્યો

આદિ અનાદિ અરિહંત તું એક છે, દીન દયાળ છે કોણુ દૂજો;
ઉદય રતન કહે પ્રગટ પ્રભુ પાસજી,પામી ભય ભંજનો એહ પૂજો.૫

## શ્રી સંખેશ્વર પાર્શ્વજિન છંદ.

સેવો પાસ શંખેશ્વરા મન શુધ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે,
દેવી દેવલાં અન્યને શું નમો છો ? અહો ભવ્ય લોકો ભુલા કાં ભમો છો ?૧
ત્રિલોકના નાથને શું તજો છો ? પડયા પાસમાં ભૂતને કાં ભજો છો ?
સુરધેનુ છંડી અજાશું અજો છો ? મહાપંથ મુકી કુપંથે વજો છો ?
તજે કોણુ ચિંતામણિ કાચ માટે ? ગ્રહે કોણુ રાસભને હસ્તિ સાટે ?
સુરદ્રુમ ઉપાડી કોણુ આક વાવે ? મહામૂઢ તે અકુલા અંત પાવે.
કિહાં કાંકરો ને કીહાં મેરૂ શૃંગ ? કીહાં કેશરી ને કીહાં તે સુરંગ ?
કિહાં વિશ્વનાથ કીહાં અન્ય દેવા ? કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા.
પૂજો દેવી પ્રભાવતી પ્રાણુનાથ, સહુ જીવને જે કરે છે સનાથ;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂર પલાવે.૫
પામી માનુષ્યોને વૃથા કાં ગમો છો ? કુશીલે કરી દેહને કાં દમો છો ?
નહીં મુક્તિવાસ વિના વીતરાગં, ભજો ભગવંત તજો દ્રષ્ટિરાગં.૬
ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વુઠયા, પ્રભુ પાસ શંખેશ્વરો આપ તુઠયા.

## શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ.

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું, ત્રિહું લોકમાં એકલું સાર દીઠું;
સદા સમરતાં સેવતાં પાપ નીઠું, મન માહરે તાહરૂં ધ્યાન બેઠું.૧
મન તુમ પાસે વસે રાત દિસે, મુખ પંકજ નીરખવા હંસ હીસે;
ધન્ય તે ઘડી જે ઘડી નયણુ દીસે, ભક્તિભાવે કરી વીનવીજે. ૨

અહો એહ સંસાર છે દુઃખદારી, ઇંદ્રજાળમાં ચિત્ત લાગ્યું ઠગોરી;
પ્રભુ માનીએ વિનતિ એક મોરી, મુજ તાર તું તાર બલિહારી તોરી.
સહી સ્વપ્ન જંજાળ ને સંગ મોહ્યો, ઘડિયાળમાં કાળ ગળતો
ન જોયો,
મુધા એમ સંસારમાં જન્મ ખોયો, અહો ઘૃત તણે કારણે જળ
વલોવ્યો. ૪
એતો ભ્રમર લોકે મુધા ભ્રાંતિ ધાયો, જઇ શુક તણી ચંચુ
મોહે ભરાયો;
શુકે જાંબુ જાણી ગળે દુઃખ પાયો, પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો.
ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી, દયાધર્મની શર્મ મેં ના
વિચારી;
તારી નમ્ર વાણી પરમ સુખકારી, ત્રિહું લોકના નાથ મેં નવિ
સંભારી. ૬
વિષય વેલડી શેલડી કરી અજાણી, ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી;
એવો ભલો ભુંડો નિજ દાસ જાણી, પ્રભુ રાખીએ બાંહીની
છાંય પ્રાણી. ૭
મોરા વિવિધ અપરાધની કોટિ સહીએ, પ્રભુ શરણે આવ્યા તણી
લાજ વહીએ;
વળી ઘણી ઘણી વિનતિ એમ કરીએ, મુજ માનસ સરે પરમ
હંસ રહીએ. ૮

## કળશ.

એમ કૃપામૂર્ત્તિ પાર્શ્વસ્વામી, મુક્તિ ગામી ધ્યાઇએ,
અતિ ભક્તિ ભાવે વિપત્તિ જાવે, પરમ સંપત્તિ પાઇએ;

પ્રભુ મહિમા સાગર ગુણુ વૈરાગર, પાસ અંતરિક્ષ જે સ્તવે,
તસ સકળ મંગળ જય જયારવ, આનંદવર્ધન વિનવે. ૯.

## પંચપ્રભુ છંદ.

પંચ પરમેશ્વરા, પરમ અલવેશ્વરા. વિશ્વ વાલેસરા વિશ્વ વ્યાપી; ભકતવત્સલ પ્રભુ, ભકતજન ઉદ્ધરી, મુકિતપદ જે વર્યા કર્મ કાપી પંચ૦ ૧ વૃષભ અંકિત પ્રભુ ઋષભજિન વંદીએ, નાભી મરૂદેવીનો નંદ નીકો; ભરતને બ્રાહ્મીના, તાત અવનિતળે, મોહમદ ગંજણો મુકિત ટીકો. પં૦ ૨. શાંતિપદ આપવા શાંતિપદ થાપવા, અદ્દ્ભુત ક્રાંતિ પ્રભુ શાંતિ સાચો; મૃગાંક પારાપત શ્યેનથી ઉદ્ધરી, જગપતિ જે થયો જગત જાચો. પં૦ ૩. નેમિ બાવીશમા, શંખ લંછન નમું, સમુદ્રવિજય અંગજ અનંગ જીતી; રાજકન્યા તજી સાધુ મારગ ભજી, જીતી જેણે કરી જગ વિદિતી. પં૦ ૪. પાર્શ્વ જિનરાજ અશ્વસેન કુળ ઉપજયો, જનની વામા તણો જેહ જાયો; આજ ખેટક પુરે કાર્ય સિધ્યા સવે, ભીડભંજન પ્રભુ જેહ કહાયો. પં૦ ૫. વીર મહાવીર સર્વ વીર શિરોમણિ, રણુવટ મોહ ભટ માન મોડી; મુકિતગઢ ગ્રાસીયો જગત ઉ· પાસીયો, તેહ નિત્ય વંદીએ હાથ જોડી. પં૦ ૬. માતને તાત અવદાત એ જિનતણાં, ગામ ને ગોત્ર પ્રભુ નામ થુણતાં, ઉદય વાચક વદે, ઉદય પદ પામીએ, ભાવે જિનરાજની કીર્ત્તિ ભણુતાં. પં૦ ૭.

## શ્રીપાર્શ્વનાથનું ચૈત્યવંદન.

ૐનમઃ પાર્શ્વનાથાય વિશ્વચિન્તામણીયતે ॥
હ્રીં ધરણેંદ્રવૈરોટયા પદ્માદેવીયુતાય તે ॥ ૧ ॥

શાન્તિતુષ્ટિમહાપુષ્ટિ, ધૃતિકીર્ત્તિવિધાયિને ॥
ૐ હ્રીં દ્વિડ્વ્યાલવેતાલ સર્વાધિવ્યાધિનાશિને ॥ ૨ ॥
જયાજિતાખ્યાવિજયા–ખ્યાપરાજિતયાન્વિતા ॥
દિશાં પાલૈગ્રહૈર્યક્ષૈર્વિદ્યાદેવીભિરન્વિતઃ ॥ ૩ ॥
ૐ આસિઆઉસાયનમસ્તત્ર ત્રૈલોક્યનાથ તામ્ ॥
ચતુઃષષ્ટિસુરેન્દ્રાસ્તે । ભાસન્તે છત્રચામરૈઃ ॥ ૪ ॥
શ્રી સંખેશ્વરમંડન ! પાર્શ્વજિન પ્રણુતકલ્પતરૂકલ્પ ! ॥
ચુરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ ! ૫ ॥

## [1]मंत्रगर्भित पार्श्वनाथ स्तोत्रम्

ॐ ह्रीँ श्रीँ तं नमह पासनाहं ।
,, धरणिंदनमंसियं दुहविणासं ॥
,, जस्स पभावेण सया ।
,, नासंति उवद्दवा बहवे ॥ १ ॥
,, तइ समरंताण मणे ।
,, न होइ वाही न तं महादुःखं ॥
,, नामं पिहु मंतसमं ।
,, पयडत्थं नत्थि संदेहो ॥ २ ॥
,, जलजलणभये सप्पसीह ।
,, चोरारी संभवे खहयं ॥
,, जो समरइ पासनाहं ।
,, क्लीँ श्रीँ पहवइ न कयावी किं तस्स ॥३॥
ॐ क्लाँ क्लीँ श्रीँ ह्रूँ ह्रीं इह लोगट्ठी परलोगट्ठी ।

ॐ ह्रीं श्रीं जो समरइ पासनाहं तु ।

ॐ ह्रीं श्रीं हूँ ह्रौं गाँ गीं गूँ सः तं तह सिज्जइ खिप्पइ य

नाह सरह भगवंतं

ॐ ह्रीं श्रीं क्लीं ग्रौं ग्रीं गूँ क्लीं ल्कों कलि कुडदड

स्वामिने नमः स्वाहा ।

---

૧ આ મંત્ર ૧૦૮ વાર ગણી પાણીને મંત્રી છાંટવામાં આવે તો સર્વ ઉપદ્રવો નાશ પામે તેમજ તાવ વિગેરે સર્વ વ્યાધિ નાશ પામે છે આ મંત્ર સિદ્ધ કરેલ છે.

## ॥ सरस्वती स्तुति श्लोक (वसन्ततिलकावृत्तम्)

यस्याः प्रसादपरिवर्धितशुद्धबोधाः,
पारं व्रजन्ति सुधयः श्रुततोयराशेः ।
सानुग्रहा मम समीहितसिद्धयेऽस्तु,
सर्वज्ञशासनरता श्रुतदेवताऽसौ ॥ १ ॥

॥ ॐ ह्रीं श्रीं साँ क्लीं वद वद वाग्वादिनि ह्रीं सरस्वत्यै नमः ॥

॥ ॐ ह्रीं सरस्वति वद वद वाग्वादिनि तुभ्यं नमः ॥



## ॥ श्री शान्त्युद्घोषणा ॥

रोगशोकादिभिर्दोषै—रजिताय जितारये ।
नमः श्रीशान्तये तस्मै, विहिताऽनन्तशान्तये ॥ १ ॥

श्रीशान्तिजिनभक्ताय, भव्याय सुखसम्पदाम् ।
श्रीशान्तिदेवता देया-दशान्तिरपनीयताम् ॥ २ ॥

अम्बा निहितडिम्बा मे, सिद्धिबुद्धिसमन्विता ।
सिते सिंहे स्थिता गौरी, वितनोतु समीहितम् ॥ ३ ॥

धराधिपतिपत्नी या, देवी पद्मावती सदा ।
क्षुद्रोपद्रवतः सा मां, पातु फुल्लत्फणावली ॥ ४ ॥

चञ्चच्चक्रधरा चारु-प्रवालदलदीधितिः ।
चिरं चक्रेश्वरी देवी, नन्दतादवताच्च माम् ॥ ५ ॥

खड्ग-खेटक-कोदण्ड-बाणपाणिस्तडिद्द्युतिः ।
तुरङ्गगमनाऽच्छुप्ता, कल्याणानि करोतु मे ॥ ६ ॥

मथुरायां सुपार्श्वश्री, सुपार्श्वस्तूपरक्षिका ।
श्रीकुबेरा नरारूढा, सुताङ्काऽवतु वो भयात् ॥ ७ ॥

ब्रह्मशान्तिः स मां पाया-दपायाद् वीरसेवकः ।
श्रीमत्सत्यपुरे सत्या, येन कीर्त्तिः कृता निजा ॥८॥

श्रीशक्रप्रमुखा यक्षा, जिनशासनसंस्थिताः ।
देवदेव्यस्तदन्येऽपि, संघं रक्षन्त्वपायतः ॥ ९ ॥

श्रीमद्विमानमारूढा, यक्षमातङ्गसंगता ।
सा मां सिद्धायिका पातु, चक्रचापेषुधारिणी ॥१०॥

# ॥ શ્રી સરસ્વતી ગીતિ ॥

## કર્તા-વિજય પદ્મસૂરિ

( ૧ )

( રાગ–મહાવીર દીક્ષા લે છે; આનંદ મંગલ ગાવો. )

કર જોડી ઉભા રહીએ, બહુમાને નિત ગુણ ગઇએ
પાય પડીએ સરસ્વતી માતને.
ઉલ્લાસ હૃદય પ્રગટાવી, એકચિત્તેં પ્રીતે ધ્યાવી. પાય૦ ૧
વાગીશ્વરી તુજ સમ દેવી, જગ જોઉં ન તારા જેવી;
શ્રુતદેવી વાણી ભાસા, સંબોધી નામો ખાસા. પાય૦ ૨
તું શારદ ભારતી માતા, તુજથી કવિઓ પંકાતા;
તું બુદ્ધિ અપૂરવ આપે, દેવસૂરિવાદી થાપે. પાય૦ ૩
સૂરિ હેમચંદ પર તૂઠી. સોહે આંગલિએ અંગૂઠી;
ટીકા મલયગિરિ કરતા, તુજ મ્હેરે મંગલ વરતા. પાય૦ ૪
દેવેન્દ્રસૂરિને દીધું, વર મંદિર કારજ સીધું;
બપ્પભટ્ટિસૂરિ લ્હેરે, કરે કાવ્યો પણ બહુ લ્હેરે. પાય૦ ૫
મલ્લવાદી ગ્રંથો કરતા, પ્રતિવાદિથી નહિ ડરતા;
દેહ તારો દૂધના જેવો, હંસ વાહન દીપે કેવો. પાય૦ ૬
માય પંકજ ઉપર બેઠી, કરી કરૂણા મુજ મન પેઠી;
માલા વીણા કર રાખે, પુસ્તક પંકજ પણ રાખે. પાય૦ ૭
વણુગીતરતિ પટરાણી, તું અગણિત ગુણની ખાણી,
તું ધોળા વસ્ત્રો, પ્હેરી, દીપંતી દે સુખ લ્હેરી. પાય૦ ૮
ચળકે કર કંકણ કાને, વર કુંડલ શોભે માને,
તું ભણતાં શંકા ટાલે, ભકતોના પાપ પખાલે. પાય૦ ૯

ગોતમ પદ સેવે માતા, કરે શ્રુત ભકતોને શાતા;
વિઘ્નોને દૂર કરનારી, જિનશાસન મંગલકારી. પાય૦ ૧૦
પ્રસ્થાને સૂરિ ધ્યાવે, તેમાં તું હૈડે આવે;
શ્રદ્ધા નિર્મલ ધરનારી, ભૂષણુની શોભા ભારી. પાય૦ ૧૧
મુખ દીપે ચંદર જેવું, વર તારૂં મારે લેવું;
તીર્થંકર મુખ તુજ વાસો, જડને તું દેત દીલાસો. પાય૦ ૧૨
ભણુવામાં જેહ પ્રમાદી, તે તું બહુ દે યાદી;
માય વીનતિ મારી માને, દ્ય ઉત્તમ બુદ્ધિ ખજાને. પાય૦ ૧૩
ભકતોને સુખડાં દેજો, હૈડામાં હોંશે રહેજો;
ગુરૂ નેમિસૂરિની મ્હેરે, થુણે પદ્મસૂરિ બહુ લ્હેરે. પાય૦ ૧૪

## ॥ શ્રી સરસ્વતી ગીત ॥

( ૨ )

( રાગ–પ્રભુ આપ અવિચલ નામી છો. )

તીર્થંકરના મુખ વસનારી,
ભકતોને મતિ સુખ દેનારી,
અજ્ઞાન તિમિરને હરનારી, શ્રુતદેવી સદા હોંશે થુણિએ. ૧
વિઘ્નોને ઝટ દૂર કરનારી, દયાને આનંદ ઘટ દેનારી;
થુણુતાં જડને દે હુંશિયારી. ૨
પ્રસ્થાન સ્મરણુના શુભ કાલે,
જેને સુરિગણુ ધ્યાવી મ્હાલે;
આરંભે ઓહ્રીં ઉચ્ચારે. શ્રુત૦ ૩
મુજ પર બહુ કરૂણા નિત કીજે,
કાવ્યોને રચવા મતિ દીજે;
તુજ ગુણુ ગાતાં મન બહુ રીઝે. શ્રુત૦ ૪

કરજે તું સહાય મને ભારી,
જેથી શ્રુત પામું જયકારી;
નેમિ પદ્મ હૃદયમાં રહેનારી. શ્રુત૦ ૫

( ૩ )

( રાગ–પ્રભુ આપ અવિચલ નામાં છો. )

નમીએ નમીએ નેહે નમીએ, જ્ઞાન તુજ ધ્યાને પેદા કરીએ;
ઉપદેશે પરને ઉદ્ધરીએ, શ્રુતદેવી સદા હોંશે થુણિએ. ૧
ગ્રંથકાર બધા ગ્રંથ આદરતા, તુજ પાય નમી પૂરણ કરતા;
મહિમા તુજ બોલી ખુશ થતા. શ્રુત૦ ૨
તું પવયણ કેરી રખવાલી, તું વાણી શારદ રઢિયાલી;
સરસ્વતી ભાષા ભારતિ સારી. શ્રુત૦ ૩
તુજ તિર્યંચ પણ વાહન થાતો, રાજહંસ વિવેકી પંકાતો;
તુજ ગુણ સમરી હું હરખાતો. શ્રુત૦ ૪
પુણ્યવંતા શ્રુત માતા થુણંતા, મંગલ ઋદ્ધિ બુદ્ધિ વરતા;
રહે નેમિ પદ્મ ધ્યાને નિરતા. શ્રુત૦ ૫

( ૪ )

( રાગ–પ્રભુ આપ અવિચલ નામી છો

પંકજ પુસ્તક કર દુગ ધારી, વીણા માલા બે કર ધારી;
હોય ધ્યાને પંડિત નરનારી, શ્રતદેવી સદા રંગે થુણિએ. શ્રત૦ ૧
મુજ મન તુજ પદ પંકજ ઉપરે, બોલ માતા હોશે લીન કયારે
આ સેવક હરખાશે ત્યારે. શ્રત૦ ૨
નય ભંગ તણી જે મુશ્કેલી, ધ્યાને મેં દૂર દીધી ઠેલી;
વરતે વધતી આનન્દ કેલી. શ્રત૦ ૩

રસ સંચારિણી તું બ્રહ્માણી, શ્વેત મ્હેલે વસતી દીલ આણી;
ભકતો પર તૂઠી મેં જાણી. શ્રુત૦ ૪
ઘરડા મુનિ પણ વાદી બનતા, વૃદ્ધવાદી નામે વખણાતા,
સુરિ અભય દેવ ટીકા કરતા. શ્રુત૦ ૫
બપ્પભટ્ટ સૂરિને મલ્લવાદી, હેમચંદ્ર મલયગિરિ ગુરૂ આદિ;
દેવેન્દ્ર લહે વાંછિત આદિ. શ્રુત૦ ૬
માત મુજ હૃદયે નિત નિત વસજો,
ગુરૂ નેમિસૂરિપદ અનુસરજો;
કહે પદ્મસૂરિ વરને દેજો. શ્રુત૦ ૭

## આદિજીણંદની આરતી.

જય જય આરતી આદિ જિનંદા,
નાભિ રાયા મારૂ દેવીકો નંદા;
પેહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લાહો લીજે. જય૦ ૧

દુસરી આરતી દીન દયાળા;
ધુળેવ નગરમાં જગ અજવાળ્યા. જય૦ ૨

તીસરી આરતી ત્રિભુવન દેવા;
સુરનર ઇંદ્ર કરે તોરી સેવા. જય૦ ૩

ચોથી આરતી ચૌગતિ ચૂરે;
મન વાંછિત ફળ શિવ સુખ પૂરે. જય૦ ૪

પંચમી આરતી પુન્ય ઉપાયા;
મૂળચંદે રીખવ ગુણ ગાયા. જય૦ ૫

## અથ શાંતિ જિનની આરતી.

જય જય આરતી શાંતિ તુમારી,
તોરા ચરણુકમળકી મેં જાઉં બલિહારી. જ૦ ૧
વિશ્વસેન અચિરાજીકે નંદા, શાંતિનાથ મુખ પૂનમચંદા.જય૦૧
ચાલીસ ધનુષ્ય સોવનમય કાયા,મૃગલંછન પ્રભુ ચરણુ સુહાયા.જ૦૨
ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમા જિનવર જગ સહુ મોહે.જ૦૩
મંગલ આરતી તોરી કીજે, જન્મ જન્મનો લાહો લીજે. જ૦૪
કરજોડી સેવક ગુણુ ગાવે, સો નર નારી અમર પદ પાવે. જ૦૫

## શ્રી આદિ જિનની આરતી,

અપસરા કરતી આરતી જીન આગે,
હાંરે જિન આગેરે જીન આગે;
હાંરે એતો અવિચળ સુખડાં માગે,
હાંરે નાભિ નંદન પાસ. અપસરા૦ ૧

તા થેઇ નાટક નાચતી, પાય ઠમકે,
હાંરે દોય ચરણુાંમાં ઝાંઝર ઝમકે;
હાંરે સોવન ઘુઘરડી ઘમકે,
હાંરે લેતી કુદડી બાલ. અપસરા૦ ૨

તાલ મૃદંગ ને વાંસળી ડફ વીણુા,
હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણુા;
હાંરે મધુર સુરાસુર નયણાં,
હાંરે જોતી મુખડું નિહાળ. અપસરા૦ ૩

ધન્ય મરૂદેવા માતને પુત્ર જાયા,
હાંરે તોરી કંચન વરણી કાયા;

હાંરે મેં તો પૂરવ પુણ્યે પાયા,
હાંરે દેખ્યો તેરો દેદાર. અપસરા૦ ૪
પ્રાણ જીવન પરમેશ્વર પ્રભુ પ્યારો,
હાંરે પ્રભુ સેવક હું છું તારો,
હાંરે ભવો ભવનાં દુઃખડાં વારો,
હાંરે તુમે દીન દયાળ. અપસરા૦ ૫
સેવક જાણી આપનો ચિત્ત ધરજો,
હાંરે મોરી આપદા સઘળી હરજો;
હાંરે મુનિ માણેક સુખીયો કરજો.
હાંરે જાણી પોતાનો બાળ અપસરા૦ ૬

## આરતી.

જયદેવ જયદેવ જય જિનવર દાતા,
પ્રભુ જય જિનવર દાતા, આરતી અરિહા કેરી,
આરતી અરિહા કેરી, કરતા સુખ શાતા. જય૦ ૧
દુસરી આરતી નાથ શેત્રુંજય કરના પ્રભુ૦
પાપ પડલસહુ જાવે, પા૦ ગિરિ ઉપર ચડતાં જય૦ ૨
આરતી કરતા ઇંદ્ર ત્રિભુવનની ત્રીજી, પ્રભુ૦ ત્રી૦
કંચન ગિરિ ઉપર કં૦ મનથી બહુ રીઝી. જય૦ ૩
ચોથી આરતી નાથ ચઉગતી તો જાવે. પ્રભુ૦ ચઉ૦
ભાવે ભક્તિ કરીએ, ભા૦ ભવજલને તરવા. જય૦ ૪
પંચમી આરતી નાથ પવિત્ર થવા કરીએ; પ્ર૦ ના૦
આ ભવજલમાં રહીને આ૦ લાવો શુભ લઇએ. જય૦ ૫
આરતી પંચ ઉતારી જિનવર ગુણ ગાવા; પ્ર૦ જિન૦
પ્રીતમ તુંમ પરતાપે પ્રી૦ કુલ શુદ્ધો થાવા. જય૦ ૬

## અથ મંગલચાર.

ચારૂ મંગળ ચાર આજ મારે ચારૂ મંગળ ચાર.
દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આ૦ ૧
છિનું છિનું છિનું મનમોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આ૦ ૨
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ. આ૦ ૩
ધુપ ઉખેવોને કરો આરતી, મુખ બોલો જયકાર. આ૦ ૪
હર્ષ ધરી આદીશ્વર પુજો, ચૌમુખ પ્રતિમા ચાર. આ૦ ૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવ પાર. આ૦ ૬
સકળચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર. આ૦ ૭

## ઉચ્છવ.

ઓચ્છવ રંગ વધારણાં, પ્રભુ પાસને નામે;
કલ્યાણક ઓચ્છવ કીયો, ચડતે પરિણામે.
શતવર્ષ આયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખું ખામી.
સાચીરે ભક્તિ સાહેબા, રીઝો એક વેળા;
શ્રી શુભવીર હોવે સદા, મન વંછિત મેળા.

## મંગળદીવો

દીવોરે દીવો મંગલિક દીવો, આરતી ઉતારણ બહુ ચિરંજીવો.
સોહામણું ઘેર પર્વ દીવાળી, અમર ખેલે અમરા બાળી.
દીપાળ ભણે એણે કુળ અજુઆળી, ભાવે ભગતે વિઘન નિવારી,
દીપાળ ભણે એણે કળી કાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે.
અમઘેર મંગલિક, તમઘેર મંગલિક મંગલિક ચતુર્વિધ સંઘને હોજો.

# શ્રી ચિદાનંદજી કૃત સંગ્રહ.

## પદ પહેલું.

( રાગ–મારુ )

પિયા પરઘર મત જાવો રે, કરી કરુણા મહારાજ. પિયા૦
કુળ મરજાદા લોપકે રે, જે જન પરઘર જાય;
તિણકું ઉભય લોક સુણ પ્યારે; રંચક શોભા નાંય. ૧
કુમતા સંગે તુમ રહે રે, આગે કાળ અનાદ;
તામે મોહ દીખાવહુ પ્યારે, કહા નીકાલ્યો સ્વાદ. પિ. ૨
લગત પિયા કહ્યો માહરો રે, અશુભ તુમારે ચિત્ત;
પણ મોથી ન રહાય પિયા રે, કહા વિના સુણ મિત્ત. ૩
ઘર અપને વાલમ કહો રે, કોણ વસ્તુકી ખોટ;
ફોગટ તદ કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોટ. ૪
સુની સુમતાકી વિનતિ રે, ચિદાનંદ મહારાજ;
કુમતાનેહ નિવારકે પ્યારે, લીનો શિવપુર રાજ. પિયા. ૫

## પદ બીજું.

( રાગ કાપી અથવા વેલાઉલ. )

અકળ કળા જગજીવન તેરી—( એ આંકણી. )
અંત ઉદધિથી અનંતગણો તુજ;
જ્ઞાન મહા લઘુબુદ્ધિ જ્યું મેરી અકળ૦ ૧
નય અરૂ ભંગ નિખેપ બિચારત, પૂરવધર થાકે ગુણ હેરી;
વિકલ્પ કરત થાગ નવી પામે, નિર્વિકલ્પતેં હોત ભયેરી. ૨

અંતર અનુભવ વિણુ તુજ પદમેં,
યુક્તિ નહિં કોઉ ઘટત અનેરી;
ચિદાનંદ પ્રભુ કરી કીરપા અબ, દીજે તે રસ રીઝ ભલેરી. ૩

## પદ ત્રીજું.

રાગ-વિભાસ.

જુઠી જગ માયા નરકેરી કાયા,
જ્યું બાદરકી છાયા માઇરી;
જ્ઞાનાંજન કર ખોલ નયન મમ,
સદ્ગુરૂ ઇણુવિધ પ્રગટ લખાઇરી. ૧

મૂલ વિગત વિષવેલ પ્રગટી ઇક,
પત્ર રહિત ત્રિભુવનમેં છાઇરી;
તાસ પત્ર ચૂણુ ખાત મિરગલા,
મુખ વિન અચરિજ દેખું હું આઇરી. ૨

પુરૂષ એક નારી નિપજાઇ,
તે તો નપુંસક ઘરમેં સમાઇરી;
પુત્ર જુગલ જાયે તિણુ બાલા,
તે જગ માંહે અધિક દુઃખદાઇરી. ૩

કારણુ બિન કારજકી સિદ્ધિ,
કેમ ભઇ મુખ કહી નવ જાઇરી;
ચિદાનંદ એમ અકળ કળાકી,
અતિ મતિ કોઉ વિરલે જન પાઇરી. ૪

## પદ ચોથું.

### શ્રી નેમિનાથનું સ્તવન.

( રાગ-કેરબો. )

અખિયાં સફળ ભઇ, અલિ ! નિરખત નેમિજિનંદ અ૦ આંકણી.
પદ્માસન આસન પ્રભુ સોહત, મોહત સુર નર ઇંદ;
ઘુઘરબાલા અલખ અનોપમ, મુખ માનું પૂનમચંદ. અ૦ ૧
નયન કમળદલ, શુકમુખ નાસા, અધર બિંબ સુખકંદ;
કુંદકલી જ્યું દંતિપંતિ રસના દલ શોભા અમંદ. અ૦ ૨
કંબુ ગ્રીવ ભુજ કમલનાલ કર, રકતોત્પલ અનુચંદ;
હૃદય વિશાળ થાળ કટિ કેસરી, નાભિ સરોવર ખંદ. ૩
કદલી ખંભ યુગ ચરનસરોજ જસ, નિશદિન ત્રિભુવન વંદ;
ચિદાનંદ આનંદ મૂરતિ, એ શિવાદેવીનંદ. અ૦ ૪

## પદ પાંચમું.

( રાગ-ભૈરવ. )

વિરથા જન્મ ગમાયો મૂરખ ! વિરથા૦ એ આંકણી૦
રંચક સુખરસ વશ હોય ચેતન, અપનો મૂલ નસાયો;
પાંચ મિથ્યાત ધાર તું અજહું, સાચ ભેદ નવિ પાયો. ૧
કનક કામિની અરૂ એહુથી, નેહ નિરંતર લાયો;
તાહુથી તું ફિરત સુરાનો, કનક બીજ માનુ ખાયો. ૨
જનમ જરા મરણાદિક દુઃખમેં, કાળ અનંત ગમાયો;
અરહટ ઘટિકા જિમ કહો યાકો, અંત અજહું નવિ આયો. ૩
લખ ચોરાશી પહેર્યા ચોલના, નવ નવ રૂપ બનાયો;
વિન સમકિત સુધારસ ચાખ્યા, ગિણતી કોઉ ન ગિણાયો. ૪

એતી પર નવિ માનત મૂરખ, એ અચરિજ ચિત આયો;
ચિદાનંદ તે ધન્ય જગતમેં, જિણે પ્રભુશું મન લાયો. ૫

## પદ ૬ ઠું.

( રાગ–ધનાશ્રી. )

સંતો ! અચરિજ રૂપ તમાસા, સંતો૦ એ આંકણી૦
કીડીકે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પીયાસા. સંતો૦ ૧
કરત હલાહલ પાન રુચિધર, તજ અમૃતરસ ખાસા;
ચિંતામણિ તજ ધરત ચિત્તમેં,કાચ શકલકી આશા. સંતો૦૨
બિન બાદર વરસા અતિ બરસત, બિનદિગ બહત બતાસા;
વજ્ર ગલત હમ દેખા જલમેં, કોરા રહત પતાસા.સંતો૦૩
વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત બગાસા;
ચિદાનંદ સોહી જન ઉત્તમ, કાપત યાકા પાસા. સંતો! ૦ ૪

## પદ સાતમું.

( રાગ–ટોડી )

સોહં સોહં સોહં સોહં,
સોહં સોહં રટના લગીરી–સો૦ આંકણી૦
ઇંગલા પિંગલા સુખમના સાધકે, અરૂણ પ્રીતથી પ્રેમ પગીરી;
વંકનાલ ખટચક્ર ભેદકે, દશમદ્વાર શુભ જ્યોતિ જગીરી. સો૦૧
ખુલત કપાટ ઘાટ નિજ પાયો, જનમ જરા ભય ભીતિ ભગીરી;
કાચ શકલ દે ચિંતામણિ લે,કુમતા કુટિલકું સહજ ઠગીરી. સો૦૨
વ્યાપક સકળ સ્વરૂપ લખ્યો ઇમ,
જિમ નભમેં મગ લહત ખગીરી;
ચિદાનંદ આનંદ મૂરતિ, નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી. સો૦ ૩

## પદ આઠમું.

( રાગ–આશાવરી તથા ગોડી )

અબધુ નિરપક્ષ વીરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઈ; અ૦
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેગે નર સોઈ. અ૦ ૧
રાય–રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહીં પરિચય, તો શિવમંદિર દેખે. અ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણુ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણુઠાણે. અ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુરગિરિસમ શુચિધીરા. અ૦ ૪
પંકજ નામ ધરાય પંકશ્યું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઇશ્યા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા. અ૦ ૫

## પદ નવમું.

( રાગ–ટોડી )

કથણી કથે સહુ કોઈ, રહણી અતિ દુર્લભ હોઇ૦ આં૦
શુક રામકો નામ વખાણે, નવિ પરમારથ તસ જાણે;
યા વિધ ભણી વેદ સુણાવે, પણુ અકળ કળા નવિ પાવે૦ ૧
ષટત્રિંશ પ્રકાર રસોઇ, મુખ ગણુતાં તૃપ્તિ ન હોઈ;
શિશુ નામ નહીં તસ લેવે, રસ સ્વાદત સુખ અતિ લેવે. ૨
બંદીજન કડખા ગાવે, સુણી શૂરા શીશ કટાવે;
જબ રૂંડમુંડતા ભાસે, સહુ આગળ ચારણુ નાસે. ૩
કહણી તો જગત મજુરી, રહણી હૈ બંદી હજુરી;
કહણી સાકર સમ મીઠી, રહણી અતિ લાગે અનીકી. ૪

જબ રહણીકા ઘર પાવે, કથણી તબ ગિણતાં આવે;
અબ ચિદાનંદ ઇમ જોઇ, રહણીકી સેજ રહે સોઇ. ૫

## પદ ૧૦ મું.

(રાગ–આશાવરી)

મારગ સાચા કોઉ ન બતાવે, જાકું જાય પૂછીયે તે તો
અપની અપની ગાવે. મારગ૦ આંકણી.
મતવારા મતવાદ વાદધર, થાપત નિજ મત નીકા;
સ્યાદ્વાદ અનુભવવિન તાકા, કથન લગત મોહે ફીકા. મારગ૦ ૧
મત વેદાંત બ્રહ્મપદ ધ્યાવત, નિશ્ચય પખ ઉર ધારી;
મીમાંસક તો કર્મ પદે તે, ઉદય ભાવ અનુસારી. મારગ૦ ૨
કહત બોદ્ધ તે બુદ્ધદેવ મમ, ક્ષણિક રૂપ દરસાવે;
નૈયાયિક નયવાદ ગ્રહી તે, કરતા કોઉ ઠેરાવે. મારગ૦ ૩
ચારવાક નિજ મનઃકલ્પના, શૂન્યવાદ કોઉ ઠાણે;
તિનમેં ભયે અનેક ભેદ તે, અપણી અપણી તાણે. મારગ૦ ૪
નય સરવંગ સાધના જામેં, તે સરવંગ કહાવે;
ચિદાનંદ એસા જિન મારગ, ખોજી હોય સો પાવે. મારગ૦ ૫

## પદ ૧૧ મું.

(રાગ–આશાવરી)

અબધુ ખોલિ નયન અબ જોવો !
દ્રગમુદ્રિત કયા સેવો. અબધુ૦ આંકણી.
મોહ નિંદ સોવત તું ખોયા, સરવસ માલ અપાણા;
પાંચ ચોર અજહુ તોય લુંટત, તાસ મરમ નહિ જાણા. અબધુ૦ ૧
મલી ચાર ચંડાલ ચોકડી, મંત્રી નામ ધરાયા;
પાઇ કેફ પીયાલા તોહે, સકલ મુલક ઠગ ખાયા. અબધુ૦ ૨

શત્રુ રાય મહાબલ જોદ્ધા, નિજ નિજ સેન સજાવે;
ગુણઠાણામેં બાંધ મોરચે. ઘેર્યા તુમ પુર આયે. અબધુ૦ ૩
પરમાદી તું હોય પિયારે, પરવશતા દુઃખ પાવે;
ગયા રાજ પુરસારથસેંતી, ફિર પાછા ઘર આવે. અબધુ૦ ૪
સાંભલી વચન વિવેકમિત્તકા, છિનમેં નિજ બળ જોડયા;
ચિદાનંદ એસી રમત રમંતા. બ્રહ્મ બંકા ગઢ તોડયા, અબધુ૦ ૫

## પદ ૧૨ મું.

( રાગ ભૈરવ )

જાગ રે બટાઉ! અબ ભઈ ભોર વેરા. જાગ રે૦ આંકણી
ભયા રવિકા પ્રકાશ, કુમુદહુ થયે વિકાસ;
ગયા નાશ પ્યારે મિથ્યા–રૈનકા અંધેરા. જાગ રે૦ ૧
સૂતાં કેમ આવે ઘાટ, ચાલવી જરૂર વાટ;
કોઈ નાંહી મિત્ત પરદેશમેં જયું તેરા. જાગ રે૦ ૨
અવસર વીત જાય, પીછે પછતાવો થાય;
ચિદાનંદ નિહચેં એ માન કહા મેરા. જાગ રે૦ ૩

## પદ ૧૩ મું.

( રાગ–જંગલો કાફી )

જગમેં ન તેરા કોઇ, નર દેખહુ નિહચેં જોઈ. આ૦
સુત માત તાત અરૂ નારી, સહુ સ્વારથકે હિતકારી;
બિન સ્વારથ શત્રુ સોઇ, જગમેં ન તેરા કોઈ. ૧
તું ફિરત મહા મદમાતા, વિષયન સંગ મૂરખ રાતા;
નિજ અંગકી સુધબુધ ખોઇ, જગમેં ન તેરા કોઇ. ૨
ઘટ જ્ઞાનકલા નવ જાકું, પર નિજ માનત સુન તાકું;
આખર પછતાવા હોઈ, જગમેં ન તેરા કોઇ. ૩

નવિ અનુપમ નરભવ હારો, નિજ શુદ્ધ સ્વરૂપ નિહારો;
અંતર મમતામલ ધોઈ, જગમેં ન તેરા કોઇ. ૪
પ્રભુ ચિદાનંદકી વાણી, ધાર તું નિશ્ચે જગ પ્રાણી;
જિમ સફલ હોત ભવ દોઇ, જગમેં ન તેરા કોઇ. ૫

## પદ ૧૪ મું.

( રાગ—જંગલો કાફી )

જુઠી જુઠી જગતકી માયા, જિને જાણી ભેદ તિને પાયા.
તન ધન જોબન મુખ જેતા, સહુ જાણુ અથિર સુખ તેતા;
નર જિમ બાદલકી છાયા, જુઠી જુઠી જગતકી માયા. ૧
જિમ અનિત્ય ભાવ ચિત્ત આયા, લખ ગલિત વૃષભકી કાયા;
બૂઝે કરકંડુ રાયા, જુઠી જુઠી જગતકી માયા. ૨
ઈમ ચિદાનંદ મનમાંહી, કછુ કરીએ મમતા નાંહિ;
સદ્‌ગુરૂએ ભેદ લખાયા, જુઠી જુઠી જગતકી માયા. ૩

## પદ ૧૫ મું.

હો પ્રતમજી ! પ્રીતકી રીત અનિત તજી ચિત ધારીયે;
હો વાલમજી ! વચન તણો અતિ ઉંડો મરમ
વિચારીએ૦ એ આંકણી૦
તુમે કુમતિકે ઘર જાવો છો, નિજ કુળમેં ખોટ લગાવો છો;
ધિક ! એઠ જગતની ખાવો છો, હો પ્રીતમજી !૦ ૧
તમે ત્યાગ અમી વિષ પીયો છો, કુગતિનો મારગ લીયો છો,
એ તો કાજ અજુગતો કીયો છો, હો પ્રીતમજી !૦ ૨
એ તો મોહરાયકી ચેટી છે, શિવ સંપત્તિ એહથી છેટી છે;
એ તો સાકર તેગ લપેટી છે. હો પ્રીતમજી !૦ ૩

એક શંકા મેરે મન આવી છે, કિણુ વિધ એ તુમ ચિત્ત ભાવી છે?
એ તો ડાકણુ જગમેં ચાવી છે. હો પ્રીતમજી !૦ ૪
સહુ શુદ્ધિ તમારી ખાઇ છે, કરી કામણ મતિ ભરમાઇ છે,
તુમે પુણ્યયોગે એ પાઈ છે૦ હો પ્રીતમજી !૦ ૫
મત આંબકાજ બાવલ બોવો અનુપમ ભવ વિરથા નવી ખોવો,
અબ ખોલ નયન પરગટ જોવો૦ હો પ્રીતમજી !૦ ૬
ઇણુવિધ સુમતા બહુ સમજાવે, ગુણુ અવગુણુ કરી બહુ દરસાવે,
સુણી ચિદાનંદ નિજ ઘર આવે૦ હો પ્રીતમજી !૦ ૭

## પદ ૧૬ મું.

( રાગ–સોરઠ )

કયા તેરા કયા મેરા. પ્યારે સહુ પડાઇ રહેગા, કયા તેરા૦ આં૦
પંછી આપ ફિરત ચિહું દિશથી, તરૂવર રેન વસેરા;
સહુ આપણે આપણે મારગતેં, હોત ભોરકી વેરા. પ્યારે૦ ૧
ઇંદ્રજાળ ગંધર્વ નગર સમ, ડેઢ દિનકા ઘેરા;
સુપન પદારથ નયન ખુલ્યા જિમ, જરત ન બહુવિધ હેર્યાં પ્યારે૦ ૨
રવિસુત કરત શીશ પર તેરે, નિશદિન છાના ફેરા;
ચેત શકે તો ચેત ચિદાનંદ, સમજ શબ્દ એ મેરા. પ્યારે૦ ૩

## પદ ૧૭ મું.

( રાગ પીલુ–ત્રિતાળ )

મુસાફીર ! રેન રહી અબ થોરી. એ ટેક.
જાગ જાગ તું નિંદ ત્યાગ દે, હોત વસ્તુકી ચોરી. મુસા૦ ૧
મંજીલ દૂર ભર્યો ભવસાગર, માન ઉર, મતિ મોરી. મુસા૦ ૨
ચિદાનંદ ચેતનમય મુરત, દેખ હૃદયદ્રગ જોરી. મુસા૦ ૩